'સસ્તુ' સાહિત્ય એટલે ઊંચામાં ઊંચુ' સાહિત્ય'

# ત્રિપુરારહસ્ય-જ્ઞાનખંડ

★

અનુવાદક :


શ્રી. વિષ્ણુપ્રસાદ અમૃતલાલ ભટ્ટ બી. એ.


★


ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે: ભદ્ર પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઇ-૨


★

સવા રૂપિયો

સંવત ૨૦૧૭ : : આવૃત્તિ બીજી

# અનુક્રમ


| અધ્યાય | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | ભાર્ગવનો પ્રશ્ન | ... | ૯ |
| ૨ | વિચારમાહાત્મ્ય | ... | ૧૩ |
| ૩ | સત્સંગમાહાત્મ્ય | ... | ૧૮ |
| ૪ | સત્સંગફળ | ... | ૨૧ |
| ૫ | બંધવાર્તા | ... | ૨૮ |
| ૬ | શ્રદ્ધાપ્રશંસા | ... | ૩૭ |
| ૭ | ઈશ્વરનું સ્વરૂપ | ... | ૪૨ |
| ૮ | સંસારવિવરણ | ... | ૪૯ |
| ૯ | હેમચૂડની વિશ્રાંતિ | ... | ૫૨ |
| ૧૦ | હેમચૂડ ઉપાખ્યાન | ... | ૬૦ |
| ૧૧ | જગત્તત્ત્વનિરૂપણ | ... | ૬૪ |
| ૧૨ | ગંડપર્વતવર્ણન | ... | ૭૧ |
| ૧૩ | શૈલલોકદર્શન | ... | ૭૮ |
| ૧૪ | શૈલલોક આખ્યાન | ... | ૮૫ |
| ૧૫ | અષ્ટાવક્રઆખ્યાન | ... | ૯૩ |
| ૧૬ | ,, (ચાલુ) | | ૧૦૦ |
| ૧૭ | ,, (ચાલુ) | | ૧૦૭ |
| ૧૮ | ચૈતન્યનું સ્વરૂપ | ... | ૧૧૭ |
| ૧૯ | જ્ઞાનીઓનો સ્થિતિભેદ | | ૧૩૧ |
| ૨૦ | વિદ્યાગીતા | ... | ૧૪૧ |
| ૨૧ | રાક્ષસ ઉપાખ્યાન | ... | ૧૫૧ |
| ૨૨ | જ્ઞાની અને વ્યવહાર | | ૧૬૧ |


1100-2-'61

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ કo ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ : અમદાવાદ

# નિવેદન

આ પુસ્તક સંવત ૧૯૯૮માં ‘જ્ઞાનસાધન આશ્રમ, છોટાઉદેપુર’થી સ્વામી સ્વયંજ્યોતિ તીર્થે પ્રસિદ્ધ કર્યું હતું, તેની આ બીજી આવૃત્તિ આ સંસ્થા તરફથી પ્રકટ થાય છે.

ત્રિપુરારહસ્ય એ તંત્રગ્રંથ છે. તેના માહાત્મ્ય, જ્ઞાન અને ચર્યા એમ ત્રણ વિભાગો છે. તેમાંનો જ્ઞાનખંડ આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે.

આ પછીનાં પાનાંમાં સ્વામીજીના બે બોલ તથા અનુવાદકનું પ્રાક્કથન આપ્યાં છે, તે તરફ વાચક બંધુઓનું ધ્યાન દોરવામાં આવે છે.

આ પુસ્તકને આ સંસ્થા તરફથી પ્રસિદ્ધ કરવાની રજા સ્વામીશ્રી સ્વયંજ્યોતિતીર્થે નિષ્કામભાવે આપી છે, તે બદલ તેમનો અહીં આભાર માનવામાં આવે છે. આશા છે કે જિજ્ઞાસુઓને આ પુસ્તક આધ્યાત્મિક માર્ગે આગળ વધવામાં ઉપયોગી થઈ પડશે.

વલ્લભવિદ્યાનગર,
તા. ૮–૨–’૬૧

સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી
**એચ. એમ. પટેલ** (પ્રમુખ)

# બે બોલ

[આગલી આવૃત્તિમાંથી]

પચીસેક વર્ષો પૂર્વે મોરબીના શીઘ્રકવિ સદ્‌ગત શંકરલાલ માહેશ્વરશાસ્ત્રીનું લખેલું ‘અધ્યાત્મરત્નાવલિ’ નામનું પુસ્તક વાંચવામાં આવ્યું, ત્યારે એ ‘યોગવાસિષ્ઠ રામાયણ’ની પદ્ધતિથી લખાયેલું હોઈ, જિજ્ઞાસુને બહુ જ ઉપયોગી લાગેલું. યોગવાસિષ્ઠમાં જેમ જગતની નિઃસારતાનો વિચાર કરી રામચંદ્રજી વિરક્ત મનોદશામાં કિંકર્તવ્યમૂઢ થઈ બેસી જાય છે, ત્યારે કુલગુરુ વસિષ્ઠ એમને ભિન્ન ભિન્ન આખ્યાનો, દૃષ્ટાન્તો તથા યુક્તિઓ વડે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપી ઉત્તમ જીવ-

ન્મુક્તિની કોટિમાં લાવે છે; તેવો જ પ્રસંગ આ ગ્રંથમાં છે. પરશુરામને વૈરાગ્ય આવે છે, અંતર્મુખ બની એ વિચાર કરે છે અને તત્ત્વજિજ્ઞાસાને તૃપ્ત કરવા ગુરુ દત્તાત્રેય પાસે જાય છે, જ્યાં એમને દૃષ્ટાંતો અને યુક્તિ દ્વારા તત્ત્વજ્ઞાનનો ઉપદેશ મળે છે. યોગવાસિષ્ઠમાં લીલાનું આખ્યાન છે; ચૂડાલા અને શિખિધ્વજનું વૃત્તાંત છે; અને એમાં જેમ જ્ઞાની અને વ્યવહાર સંબંધે અનેક રીતે સ્પષ્ટ સમાધાન કરેલું છે, તેવું જ સુંદર સમાધાન આ ગ્રંથમાં છે.

'અધ્યાત્મરત્નાવલિ' સ્વતંત્ર ગ્રંથ નહીં, પણ 'ત્રિપુરારહસ્ય–જ્ઞાનખંડ'નો અનુવાદ માત્ર છે એવું તો ઈ. સ. ૧૯૨૮માં જાણ્યું. હૃષીકેશના નિવાસ દરમિયાન કાશીથી પ્રસિદ્ધ થતી 'પ્રિન્સેસ ઑફ વેલ્સ, સરસ્વતી ભાવના ટેક્સ્ટ્સ'માં એ પુસ્તક પ્રકટ થતાં મેળવ્યું; વાંચતાંવેંત જ સમજાયું કે વિદ્વાન શાસ્ત્રીજી શંકરલાલ માહેશ્વરજીએ કોણ જાણે શા માટે 'અધ્યાત્મરત્નાવલિ'ની પ્રસ્તાવનામાં મૂલ પુસ્તકનો ઉલ્લેખમાત્ર પણ નહિ કર્યો હોય! અસ્તુ!

ત્યાર પછી આ પુસ્તકનો 'દત્ત–ભાર્ગવ સંવાદ' નામનો મરાઠી અનુવાદ વાંચ્યો. મૂલ સંસ્કૃત પુસ્તક હૃષીકેશના વિદ્વન્મુકુટ સ્વામીશ્રી મંગલનાથજીએ વાંચ્યું ત્યારે એમને ખૂબ પસંદ પડેલું. એમણે એની એટલી બધી પ્રશંસા કરેલી કે એઓશ્રી વિદેહમુક્ત થયા, ત્યારે એમના શિષ્યવર્ગે એમના સ્થાનમાં એ ગ્રંથની એક વિદ્વાન પાસે કથા કરાવેલી. આમ વિદ્વાનોમાં પ્રશંસા પામેલું, સમજવામાં સરળ અને જ્ઞાનીએ કેમ જીવન વિતાડવું એના સ્પષ્ટ ખુલાસાવાળું આ પુસ્તક એટલું બધું ગમી ગયેલું કે ગૂજરાતીમાં ઉતારવાનું એ જ વખતે ઠીક લાગેલું.

સંસ્કૃત ગ્રંથની પ્રસ્તાવનામાં, એના વિદ્વાન તંત્રીશ્રી ગોપીનાથ કવિરાજ એમ. એ. આ ગ્રંથને તંત્ર સાહિત્યનો ગ્રંથ કહે છે; ત્રિપુરાસુંદરીની નિષ્કામ ઉપાસનાનો એમાં ઉલ્લેખ છે, જગત માત્ર ચિતિ–

(ચૈતન્ય)નો વિલાસ છે. દ્રષ્ટા, દર્શન અને દૃશ્યની ત્રિપુટીમાં માત્ર દૃગ્શક્તિ જ સત્ય છે. દર્પણના પ્રતિબિંબની પેઠે નાનાવિધ વિશ્વ કેવળ બુદ્ધિભ્રમ છે. નિયતિ વગેરે શાક્ત વેદાંતના શબ્દો એમાં આવે છે, એથી એ ગ્રંથ તંત્રસાહિત્યનો છે એમ તેઓ કહે છે.

ભગવાન શંકરાચાર્યના સિદ્ધાંતમાં પણ દક્ષિણામૂર્તિસ્તોત્રમાં વિશ્વદર્પણમાં દેખાતા નગર જેવું છે એવું કથન છે; એ જ સિદ્ધાંત આ ગ્રંથમાં વારંવાર દૃષ્ટિએ પડે છે. એક જ પરમ ચૈતન્ય કે જેને નર જાતિનો શબ્દ આત્મા કહો, નારી જાતિનો ચિતિ કહો કે નપુંસકનો ચૈતન્ય કે બ્રહ્મ કહો, પણ એ જ બધે વિલસી રહ્યું છે. એ જ પોતાની અગમ્ય, અનિર્વચનીય અને અલૌકિક શક્તિ અથવા સામર્થ્ય વડે સર્વત્ર પ્રતીત થાય છે; અન્યથા દ્વૈત આભાસમાત્ર મિથ્યા છે; એ સિદ્ધાન્ત શાક્તનો નહિ, પણ ભગવાન શંકરાચાર્યનોયે છે એવું એમના શ્રી દક્ષિણામૂર્તિસ્તોત્ર, એ જ ગ્રંથ ઉપર શ્રી સુરેશ્વરાચાર્યનું વાર્ત્તિક, પ્રપંચસાર, સૌંદર્યલહરી, આનંદલહરી વગેરે ગ્રંથો જોવાથી સમજાશે. વિશેષ ચર્ચા કરવાનો આ પ્રસંગ નથી, અને એથી લાભ પણ નથી, એમ માની જેને વધારે અભ્યાસ કરવો હોય તેમણે 'શાક્તસંપ્રદાય' ગ્રંથ જોવાની વિનંતી છે.

પરંતુ વેદાન્તોમાં સર્વમાન્ય થઈ પડેલો અદ્વિતીય ગ્રંથ યોગવાસિષ્ઠ મહારામાયણ વાંચીએ, તો એમાં પણ લીલાના આખ્યાનમાં સરસ્વતીની ઉપાસનાનો ઉલ્લેખ છે. નિયતિનો, કુંડલિનીયોગનો, વ્યાધિને માટે મંત્રચિકિત્સાનો, સ્પંદન અને સંકલ્પનો, બ્રહ્મ અને શક્તિના અનન્યત્વનો, એમ અનેક રીતે શાક્ત અદ્વૈતના શબ્દોનો ઉપયોગ કરેલો છે. શાક્ત અદ્વૈત અને શાંકર અદ્વૈતના સિદ્ધાન્તમાં સૂક્ષ્મ મતભેદ છે, પણ જે સાધકને પોતાને સાધનામાં જ લાગી જવું છે, અનુભવ જ જેનું લક્ષ્ય છે, એને યોગવાસિષ્ઠના જેટલો જ આ ગ્રંથ ઉપયોગી થઈ પડે એવો છે એમાં શંકા નથી. અનુવાદક કહે છે તેમ સાધક આત્મલાભની સાધનામાં લાગી જાય, મિથ્યા પાંડિત્ય વડે કે

અકુશલ તર્ક વડે પોતાના વિજ્ઞાનને ડોળી નાખ્યા વિના એક જ તત્ત્વનો અભ્યાસ કરવા માંડે, વિશુદ્ધ જીવનશ્રેણી ગોઠવે, પોતાને તો યેન કેન પ્રકારેણ હરિને ઓળખવાના છે, માટે વિધિનિષેધની સારાસારતાનો વિચાર કરી, પોતે જ પોતાના નિરીક્ષક બની, તત્ત્વજ્ઞાનનાં અંતરંગ સાધન, શ્રવણ, મનન અને નિદિધ્યાસનમાં લાગી જાય એ જ ઇષ્ટ છે, એમ આ ગ્રન્થના વાચકને એના અભ્યાસે અવશ્ય સમજાશે. મિથ્યા પાંડિત્યની અને શાસ્ત્રવિરુદ્ધ તર્કની એટલી બધી નિંદા કરી છે કે છેલ્લા અધ્યાયમાં એવા તાર્કિકને બ્રહ્મરાક્ષસ બનાવીને ઉપહાસ કર્યો છે.

અનુવાદની ભાષા સરળ છે. અનુવાદકે કેવળ નિઃસ્વાર્થ ભાવે, પરિશ્રમ લઈને અનુવાદ કરી આપ્યો છે, એ માટે એમને ખરેખર ધન્યવાદ ઘટે છે. શ્લોકના અંકો એટલા માટે આપ્યા છે કે મૂળ ગ્રન્થ સાથે વાચનારને એથી સરલતા થાય.

**સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ**

# પ્રાક્કથન

[ આગલી આવૃત્તિમાંથી ]

'ત્રિપુરારહસ્ય' એ તંત્ર ગ્રન્થ છે, અને તંત્રસાહિત્યમાં મહાવિદ્યા એટલે કે ષોડશી અથવા ત્રિપુરાસુંદરીનું સાહિત્ય પુષ્કળ છે. તંત્ર શબ્દથી જ કેટલીક વાર માણસો ચમકે છે, અને કાઠિયાવાડ, ગુજરાતમાં તો લોકોમાં કંઈક અણગમોયે છે; પણ તંત્રના વ્યવસ્થિત અભ્યાસની એ ઊણપ છે. એના વિપુલ સાહિત્યને બરોબર સમજવામાં અને એનો અભ્યાસ કરવામાં આવે તો તે પણ વિશ્વનું સાચું 'દર્શન' આપે છે, એમ મારી માન્યતા છે.

આ 'ત્રિપુરારહસ્ય'ના મૂળ ત્રણ વિભાગ છે. માહાત્મ્ય, જ્ઞાન અને ચર્યા. તેમાંનો આ ગ્રંથ જ્ઞાનખંડ છે. ચર્યા વિભાગ ખોવાઈ ગયો

છે. તાત્પર્યદીપિકા નામની સંસ્કૃત ટીકા દ્રવિડ શ્રીનિવાસની છે. વૈદ્ય-નાથ દીક્ષિતના પુત્ર અને મહાપુષ્કર ગામના તે રહેવાસી છે. આમાં બાવીસ અધ્યાયો છે. હારિતાયન ઋષિ નારદને ઉપદેશ આપે છે અને દત્ત–ભાર્ગવનો સંવાદ કહી બતાવે છે.

પરશુરામે માહાત્મ્યખંડ સાંભળ્યા પછી બાર વર્ષ દક્ષિણમાં મહેન્દ્ર પર્વત ઉપર તપ કર્યું, પણ તત્ત્વજ્ઞાન નહિ થતાં દત્તગુરુ પાસે ગયા. પહેલાં તેમને અવધૂત સંવર્ત મળ્યા હતા, પણ તે વખતે તેમનો ઉપદેશ સમજાયો નહોતો. પરશુરામ દત્તને સંવર્ત્તે જે કહેલું તેનું રહસ્ય સમજાવવા કહે છે અને દત્તાત્રેય જવાબ આપે છે. પરશુરામ વચ્ચે વચ્ચે પ્રશ્ન પૂછે છે અને આમ આ ‘જ્ઞાનખંડ’ પૂરો થાય છે.

હવે ‘ત્રિપુરા’ એટલે શું એ આપણે જોઈએ.

**त्रिपुरानेकशक्त्यैकरूपिणी सर्वसाक्षिणी ।**
**सा चितिः सर्वतः पूर्णा परिच्छेदविवर्जनात् ॥**

તેમાં પૂર્ણ સ્વાતંત્ર્ય અને સંકલ્પશક્તિ છે. ચૈતન્યનું વિમર્શ અથવા તો ક્રિયા એ પણ એક સ્વરૂપ જ છે. શિવ અને શક્તિ તંત્ર પ્રમાણે એક જ છે, વેદાંતમાં ચૈતન્ય અધિકરણરૂપ હોય છે, અને શક્તિ તેનાથી અભિન્ન છે એટલે કે તેની સાથે લાગેલી છે અને સાપેક્ષભાવે અનુભવમાં આવે છે અને તે જ ક્રિયા કરે છે. આમ માયા એક અપેક્ષાએ બ્રહ્મરૂપ છે, અને બીજી અપેક્ષાએ શક્તિરૂપે જણાય છે તેમ જ બ્રહ્મને અધીન છે.

મૂળ શક્તિનાં બે રૂપો છે: (૧) જ્યારે તે બ્રહ્મનો પક્ષપાત કરે ત્યારે એ ચિત્‌શક્તિ કહેવાય છે. (૨) જ્યારે વિકલ્પ પ્રગટ થાય છે અને તે શક્તિ વિકલ્પનો પક્ષપાત કરે છે ત્યારે તેને અવિદ્યા કહે છે. આ બાબતમાં તંત્રની માન્યતા પહેલી શક્તિ તરફ છે. એ માને છે કે દર્પણમાં પ્રતિબિંબ જેટલું સાચું છે, તેટલું જ જગતનું

અસ્તિત્વ સાચું છે. વેદાંતમાં પણ બિંબપ્રતિબિંબવાદ માનેલો છે અને બ્રહ્મથી અભિન્ન જગતને બ્રહ્મરૂપે માનેલ છે.

હાલના યુગમાં લગભગ ૨૫ વર્ષ થયાં પ્રો. આઇન્સ્ટીન અને તેની સાથેના વૈજ્ઞાનિકોએ વિશ્વનું **Spiritualistic Viewpoint**–અધ્યાત્મદષ્ટિબિંદુ સ્વીકાર્યું છે. સર જેઈમ્સ જીન્સ જેવા વૈજ્ઞાનિક કહે છે કે આ વિશ્વનો દેખાવ દષ્ટાની અપેક્ષા ઉપર રહેલો છે, તેથી આ વિશ્વ જેવું સામાન્ય દષ્ટિથી દેખાય છે તેવું નથી, અને એક પરમ શક્તિ બધા પાછળ રહેલી છે. અસ્તુ! જેને આત્મા જ મેળવવો છે તેને અનુભવ લેવા માટે કોઈ એક વિચારસરણીનો અગર ઉપાસના-પદ્ધતિનો આશ્રય કરવો પડે છે અને અંતઃકરણ શુદ્ધ થતાં અને ચિત્તની એકાગ્રતા મળતાં ઈશ્વરકૃપા ને પરમપદ મેળવે છે. સંવર્ત-ઋષિએ પરશુરામને તત્ત્વનો ઉપદેશ આપ્યો હતો; છતાં ગુરુ દત્તે તેમને ત્રિપુરાની ઉપાસનાપદ્ધતિ બતાવી અને ઈશ્વરનો પ્રસાદ, શક્તિપાત, ભક્તિનું રહસ્ય અને સદાચારની આવશ્યકતા વગેરે બાબતો સમજાવી અને જીવનમાં તેને સ્થાન આપી પરમપદ મેળવવા સૂચવ્યું, ત્યારે જ તેમને તે સાચેસાચું સમજાયું.

આમ દત્તે જે કહ્યું તે આપણને ચાલુ વર્તમાન સમયમાં ઘણું અનુકૂળ થઈ પડે તેવું છે. સમજણ ગમે તે રાખીએ પણ ઈશ્વરને મેળવવા ઈશ્વરમાં જ અનન્ય થઈને, નિરાકાર ઈશ્વરને પહોંચવા કોઈ સાકાર ઇષ્ટનું અવલંબન લઈને, સદાચાર, તપ વગેરે સાધનો કેળવતાં ઈશ્વરાનુગ્રહ અનુભવીને, તે જેમ સૂઝાડે તેમ આચરીને, આપણે ઈશ્વરને મેળવવા યત્ન કરીએ. આમાંથી બને તેટલું આપણે આચરીએ અને બાકીના માટે તેને જ પ્રાર્થીએ.

**વિષ્ણુપ્રસાદ અમૃતલાલ ભટ્ટ**

શ્રી

# ત્રિપુરારહસ્ય

## જ્ઞાનખંડ

### અધ્યાય ૧ લો : ભાર્ગવનો પ્રશ્ન

બ્રહ્માનંદરૂપ, અમર્યાદ શુદ્ધ ચૈતન્યરૂપ અને જગતરૂપી અદ્‌ભુત ચિત્રના દર્પણરૂપ ત્રિપુરાદેવીને નમસ્કાર હો! હારિતાયને કહ્યું, 'હે નારદ! ત્રિપુરાદેવીનું મોક્ષના સાધનરૂપ માહાત્મ્ય તેં એકાગ્રચિત્તથી સાંભળ્યું? હવે હું તને અદ્‌ભુત જ્ઞાનખંડ કહું છું, જેને સાંભળવાથી મનુષ્યને દુઃખ ઉત્પન્ન થતું નથી. વૈદિક, વૈષ્ણવ, શૈવ, શાક્ત અને પાશુપત વગેરે મતોની આલોચના કરીને આ વિજ્ઞાન નિશ્ચિત કરેલું છે. શ્રી દત્તગુરુએ પરશુરામને ઉપદેશેલા આ આત્મતત્ત્વના જ્ઞાન જેવું બુદ્ધિને પ્રકાશ આપે તેવું કોઈ જ્ઞાન નથી. યુક્તિ અને અનુભવથી યુક્ત અને વિવિધ કથાનકોથી ગૂંથાયેલું જ્ઞાન પણ જે ન સમજી શકે, તેને મૂઢબુદ્ધિ પુરુષ સમજવો. સાક્ષાત્ શિવે સમજાવેલું આ જ્ઞાન ન સમજાય તો ઝાડના ઠૂંઠામાં ને તેનામાં તફાવત ન ગણી શકાય! જ્ઞાનખંડમાં કહેલું જ્ઞાન હવે હું કહું છું; અહો! સત્પુરુષોનાં ચરિત્રો સર્વ ગુણોથી શ્રેષ્ઠ હોય છે. આ જ્ઞાનને સ્વરૂપચિંતનમાં જ તત્પર એવા નારદજીએ પણ સાંભળ્યું: સત્ પુરુષોમાં ગુણગ્રાહકપણું કુદરતી રીતે જ રહેલું હોય છે: દાખલા તરીકે કસ્તૂરી સ્વાભાવિક રીતે જ નાકને સંતુષ્ટ કરે છે. દત્તાત્રેયના મુખેથી માહાત્મ્ય સાંભળ્યા પછી બધા લોકોને આનંદ આપનાર જમદગ્નિના પુત્ર પરશુરામ ભક્તિપૂર્ણ

ચિત્તથી થોડીવાર શાંત રહ્યા. પછી બહિર્મુખ થતાં આનંદાશ્રુવાળા અને આત્માનંદથી ભરપૂર તેમનો હર્ષ રોમાંચરૂપે પ્રગટ થયો અને પછી તેમણે દત્તાત્રેયને દંડવત્ પ્રણામ કર્યા. હર્ષથી ઊભરાઈ જઈને ગદ્દગદ સ્વરે તેમણે કહ્યું, 'હે ગુરો! આપની કૃપાથી હું ધન્ય થયો છું કારણ કે કરુણાસાગર સાક્ષાત્ શંકર આજે અનાયાસે મારા ઉપર પ્રસન્ન થયા છે, જેની પ્રસન્નતા આગળ બ્રહ્મપદ પણ તૃણવત્ થઈ જાય છે અને સાક્ષાત્ કાળ પણ આત્મરૂપ બની જાય છે. આપની કૃપાથી બધું મને મળી ગયું એમ માનું છું. ત્રિપુરાદેવીનું માહાત્મ્ય મેં આપની પાસેથી સાંભળ્યું. હવે ત્રિપુરાદેવીની ઉપાસનાવિધિ જાણવાની મને ઇચ્છા છે તો તેનો વિધિ મને કૃપા કરીને કહો. ૧-૧૮

આવી રીતે પ્રાર્થના થતાં દત્તગુરુએ ત્રિપુરાસુંદરીની ઉપાસના-વિધિમાં શ્રદ્ધા અને ભક્તિથી વૃદ્ધિ પામેલી યોગ્યતા પરશુરામમાં જોઈને ત્રિપુરાસુંદરીની ઉપાસનાના હેતુથી પ્રેમપૂર્વક તેને દીક્ષા આપી.

બધી રીતે શ્રેષ્ઠ, પૂર્ણ તત્ત્વના જ્ઞાનવાળો અને મંત્રયંત્ર વગેરે ભાવનાઓથી પૂર્ણ, આવો વિધિ ગુરુના મુખથી પરશુરામે સાંભળ્યો અને રસ પીવાથી ભમરો જેમ તૃપ્ત થાય તેમ અંતઃકરણથી સંતુષ્ટ થયા. પછી દત્તગુરુની અનુજ્ઞાથી ત્રિપુરાદેવીની સાધના કરવાને તૈયાર થયેલા પરશુરામ ગુરુને પ્રણામ કરીને મહેન્દ્ર પર્વત ઉપર ગયા. ત્યાં આગળ સુખકારક અને યોગ્ય રહેઠાણ બનાવીને ઉપાસનામાં તત્પર પરશુરામે બાર વર્ષ ગાળ્યાં. નિત્ય નૈમિત્તિક વિધિમાં તત્પર, પૂજા-જપ વગેરેમાં તલ્લીન અને ત્રિપુરાદેવીની મૂર્તિનું ધ્યાન ધરવામાં તત્પર પરશુરામને બાર વર્ષ ક્ષણની માફક ચાલ્યાં ગયાં, એટલે એક વખત પરશુરામે વિચાર કર્યો, 'પહેલાં મારી જ વિનતિથી સંવર્ત ઋષિએ જે મને કહ્યું હતું તે હું થોડુંઘણું પણ તે વખતે સમજી શક્યો ન હતો, તેથી હું તે ભૂલી ગયો હતો. અને ત્રિપુરાદેવીનું માહાત્મ્ય જે મેં ગુરુમુખથી સાંભળ્યું, તે વખતે મેં ગુરુને પૂછ્યું પણ નહિ. પરંતુ પહેલાં સૃષ્ટિપ્રસંગની વાતમાં મેં જે કાંઈ થોડુંઘણું ગુરુને પૂછ્યું

હતું અને જે સંવર્ત ઋષિએ પહેલાં કહ્યું તે હું પૂરેપૂરું સમજ્યો ન હતો. તે વખતે કટકૃત્‌નું આખ્યાન વર્ણવીને મને એવી સ્થિતિમાં જોઈને કાંઈ બોલ્યા નહિ. લોકોની ગતિ શું છે? આ જગતરૂપી આડંબર કેવી રીતે ઉત્પન્ન થયો છે? આ બધો સંસાર કેમ ચાલે છે અને છેવટે ક્યાં જાય છે? મને તો આ બધું અસ્થિર લાગે છે, છતાં પણ જાણે બધો જગતવ્યવહાર સ્થિર લાગે છે, એમ કેમ બનતું હશે? અહો! વિચાર વગર વિચિત્ર પ્રકારનો જગતનો વ્યવહાર આંધળા પાછળ આંધળો ચાલતો હોય તેવો જોઉં છું; અને લોકોનો વ્યવહાર જાણે કે કોઈ પણ જાતના લક્ષ્ય વગર ચાલતો હોય એમ લાગે છે. બાળપણમાં મારી એક પ્રકારની અવસ્થા હતી. કુમારાવસ્થામાં બીજા પ્રકારની હતી, તરુણાવસ્થામાં ત્રીજા જ પ્રકારની હતી. અને હવે મારો વ્યવહાર તદ્દન જુદો જ દેખાય છે. આમ મારી પોતાની અવસ્થાઓ આમાં દાખલારૂપ બને છે. આ બધાંનું શું ફળ મળ્યું તે હું જાણતો નથી. જે જે વખતે જે જે માણસથી જે જે કાંઈ થાય છે, તે ફળનો વિચાર કરીને, ઘણે ભાગે બરોબર રીતે કરવામાં આવે છે, તો પણ તેનું શું ફળ મળે છે? આત્માનું સુખ કોને મળ્યું? ૧૯–૩૮

લોકોમાં જે ફળ દેખાય છે, એ વિચાર વગર પ્રાપ્ત થયેલું ફળ હોય છે તેથી તેને હું ફળ માનતો નથી; કારણ કે તે ફરીવાર તે જ કામને કરવાને ઇચ્છે છે. ફળની ઇચ્છાવાળો પુરુષ ફળપ્રાપ્તિ થતાં ફરી તે શા માટે કરે? પરંતુ બધા જ માણસો ફળની ઇચ્છાથી એ પ્રમાણે હમેશાં કરે છે. ખરું ફળ એ તો દુઃખની હાનિ અથવા સુખ છે અને કર્તવ્યશેષ ન રહે તો જ તે બની શકે છે. 'કર્તવ્યતા એ જ પરમ દુઃખ છે; તે જ્યાં સુધી છે ત્યાં સુધી પરમ સુખ ક્યાંથી પ્રાપ્ત થાય? જેવી રીતે આખું અંગ બળી ગયેલા માણસને કેવળ પગે જ ચંદન ચોપડતાં સુખ પ્રાપ્ત ન થાય, તેવી રીતે કર્તવ્યશેષવાળા માનવીને સુખ હોતું નથી. જેવી રીતે બાણોથી વીંધાયેલા માણસને અપ્સરા-

ઓનાં આલિંગનોમાં સુખનો અભાવ હોય છે, ને જેવી રીતે ક્ષયરોગથી ઘેરાયેલા માણસને ગાનતાન સુખદાયક નીવડતાં નથી, તેવી જ રીતે કર્તવ્યતા જ્યાં સુધી હોય છે ત્યાં સુધી સુખ મળતું નથી. ખરેખરા સુખી તો તે જ મહાત્માઓ છે કે જેઓ પૂર્ણ તૃપ્ત, આંતર-બાહ્ય બન્ને રીતે શાંત અને કર્તવ્યહીન હોય છે. કર્તવ્યો શેષ રહેવા છતાં જો સુખ પ્રાપ્ત થતું હોત તો શૂળવાળા માણસને પણ ચંદનાદિ સુગંધો સુખ અર્પી શકત. હજારો કર્મોથી ઘેરાયેલો માણસ જે સુખની આશાથી કર્મ કર્યા કરે છે તે સુખ અહીં મળે છે એ માન્યતા જ વિચિત્ર છે! અહો! અનેક કર્તવ્ય કર્મોના બોજાથી દબાયેલા માણસોને સુખ મળે છે તેમ લાગે છે એ જ અવિચાર છે. આ જ સુખને માટે ચક્રવર્તી રાજા હમેશાં યત્ન કરે છે અને આ જ સુખને માટે નિરંતર ભિક્ષાવૃત્તિ કરનારો માણસ પ્રયત્નશીલ બને છે. તેઓને ભિન્ન રીતે સુખ મળે છે અને તેઓ બન્ને પોતાને ધન્ય માને છે.

જેવી રીતે આંધળો આંધળાની પાછળ ચાલે છે, તેવી રીતે ફળનો વિચાર કર્યા સિવાય હું પણ ચાલું છું એમ મને લાગે છે, માટે સર્વજ્ઞ અને નિદાનકુશળ ચિકિત્સક ગુરુની સમીપ જઈને તેમની વાણીરૂપી નૌકાનો આશ્રય શોધીને હું આ સંસાર–સાગરને તરી જઈશ.' ૩૯–૫૨

આ પ્રમાણે નિશ્ચય કરીને પરશુરામ ગુરુદર્શનની ઇચ્છાથી તે પર્વત ઉપરથી ઊપડ્યા. ગંધમાદન પર્વતમાં જઈને તેમણે સૂર્ય સમાન તેજસ્વી અને પદ્માસન વાળીને બેઠેલા ગુરુનું દર્શન કર્યું. ત્યાં પોતાના બન્ને હાથથી ગુરુશ્રીના ચરણ પકડીને દંડવત્ પ્રણામ કર્યા. દત્તાત્રેયે પ્રસન્ન થઈને તેમને આશીર્વાદ આપીને પ્રેમપૂર્વક પોતાની પાસે બેસાડ્યા અને કહ્યું: 'હે વત્સ! મેં તને ઘણા લાંબા સમયે જોયો, તારો પોતાનો અનુભવ મને કહે.' પરશુરામે હાથ જોડીને કહ્યું: 'હે ગુરુદેવ! તમારી કૃપા વડે હું કૃતકૃત્ય છું, તેથી સાંસારિક વ્યાધિઓથી તો હું કેવી રીતે ઘેરાઉં? વ્યાધિ તો મને કેવી રીતે પીડી શકે? વ્યાધિઓ-

રૂપી ઉગ્ર તાપ આપની અમૃતમય છાયામાં કેવી રીતે આવી શકે? આપની કૃપાથી અંદર અને બહાર મને આનંદ વર્તે છે અને આપના વિયોગ સિવાય મને કોઈ પણ રોગ નથી, તે પણ આપના દર્શનથી ટળી ગયો. પરંતુ એક સંશય ઘણા સમયથી મારા હૃદયમાં ઘોળાયા કરે છે, લાંબા સમયનો તે સંશય આપની આજ્ઞા વડે પૂછવાને ઇચ્છું છું.' આમ પરશુરામનું બોલવું સાંભળીને દત્તાત્રેયે પ્રસન્ન થઈને ગમે તે પ્રશ્ન પૂછવાની અનુજ્ઞા આપી. અને પરશુરામને કહ્યું: 'હે રામ! તને જે ઇચ્છા હોય તે પૂછ; તારા પ્રેમથી મને બહુ આનંદ થાય છે, તારો જે સંશય હશે તેનું હું સમાધાન કરીશ.' ૫૩–૬૭

## અધ્યાય ૨ જો: વિચારમાહાત્મ્ય

આજ્ઞા મળ્યા પછી પરશુરામે દત્તાત્રેયને પ્રણામ કરીને વિનયપૂર્વક આ પ્રમાણે પૂછ્યું: 'હે કૃપાળુ સર્વજ્ઞ ગુરો! એકવાર મને આખી ક્ષત્રિય જાતિ ઉપર ક્રોધ થયો હતો, તે વખતે ક્રોધમાં ને ક્રોધમાં મેં મોટા ક્ષત્રિયોને જ નહિ પણ બાળકોને અને ગર્ભિણી સ્ત્રીઓને પણ મારી નાખી અને લોહીનાં તળાવો ભર્યાં. મેં એકવીસ વાર નિઃક્ષત્રિય પૃથ્વી કરી. મારી ભક્તિથી પિતૃઓ તૃપ્ત થયા, મારો ક્રોધ શાંત થયો અને ત્યાર પછી પિતૃઆજ્ઞાથી હું શાંત રહ્યો. સાક્ષાત્ હરિરૂપ રામ જે અયોધ્યામાં છે, તેને જોઈને મારો જૂનો ક્રોધ ફરીથી પ્રજ્વલિત થયો, પણ તેમણે મારો પરાભવ કર્યો અને મને બ્રાહ્મણ જાણીને જતો કર્યો. આથી મને અત્યંત ખેદ થયો. અને મને વિચાર આવ્યો, ત્યાં રસ્તે જતાં અકસ્માત્ મને સંવર્ત નામના અવધૂત મળ્યા, જેમનો પ્રતાપ અગ્નિથી ઢંકાયેલા અગ્નિ જેવો ગૂઢ હતો. આવા સર્વાંગસુંદર અને શાંત, પુણ્યપુરુષને મળવાથી મને શાંતિ થઈ. મેં તેમને જે પૂછ્યું તેમનો તેમણે મધુર અને શાંત ઉત્તર આપ્યો અને સારરૂપ જ્ઞાન આપ્યું. પણ રાંકને

જેમ રાજપદ દુર્લભ હોય છે, તેમ તે ઉપદેશ મને દુર્લભ બન્યો; એટલે મેં ફરીથી વિનતિ કરતાં તેમણે આપનો નિર્દેશ કર્યો. આંધળાને દેખતા માણસનો યોગ થાય તેમ ત્યાર પછી આપનો સુયોગ થયો, પણ ત્રિપુરાદેવીની ભક્તિનું રહસ્ય અને બીજું જે જે કંઈ મને સંવર્ત મુનિએ ઉપદેશ્યું હતું તે મને હજુ પણ સમજાયું નથી અને જ્યાં સુધી એ સમજાયું નથી, ત્યાં સુધી જીવનની ધન્યતા નથી. તેમનું કહેલું સમજ્યા સિવાય જે જે હું કર્મ કરું છું, તે મને બાળકની ક્રીડા જેવું ક્ષુદ્ર લાગે છે. પહેલાં મેં બહુ યજ્ઞોથી, દક્ષિણાઓથી અને અન્નથી દેવોને તથા બીજાઓને તૃપ્ત કર્યા હતા. પણ તે બધું અલ્પ પરિણામવાળું છે, એમ સંવર્ત મુનિ પાસેથી સમજાયું. થોડું સુખ એ પણ દુઃખરૂપ છે, કારણ કે તેની સમાપ્તિ પછી દુઃખ વધારે દુઃખરૂપ લાગે છે. અધિક વૈભવ કે બીજાં કર્મો મૃત્યુના ગ્રાસને અટકાવવામાં સાધનરૂપ થતાં નથી. તેમ જ ત્રિપુરાદેવીની ઉપાસના તેમ જ તેવાં ઉપાસનાનાં કર્મો પણ શું ક્ષુદ્ર નહિ હોય? વિવિધ ભેદો જો કે આમાં હોય છે, પણ તે શું યજ્ઞોની પેઠે અલ્પ ફળવાળા નહિ હોય? જો એ પણ અસત્ય છે તો તે કેવા વિચારભેદથી સત્યરૂપ બને? મને તો એ સંવર્ત ઋષિ કર્મવ્યાપારના ઝેરથી અસ્પૃષ્ટ અને શાંત ચિત્તે નિર્ભય ફરતા લાગ્યા. દાવાનળમાં ઠંડા પાણીમાં ઊભેલા હાથી જેવા તે લોકવ્યવહારને બાળરમતની જેવો ગણતા લાગ્યા. સર્વ કર્તવ્યમુક્તતારૂપી આનંદથી એ પરિપૂર્ણ હતા. એ સ્થિતિ એમને કેવી રીતે પ્રાપ્ત થઈ? આ બધું કૃપા કરીને મને કહો, કારણ કે કર્મની નાગચૂડથી હું સપડાએલો છું.' ૧–૨૮

આ પ્રમાણે કહીને પરશુરામે દત્તાત્રેયને પ્રણામ કર્યા તેથી પરશુરામને જ્ઞાનના અધિકારી જાણીને સ્વભાવથી જ દયાળુ દત્તગુરુ આ પ્રમાણે બોલ્યા: 'હે વત્સ! આવા પ્રકારની તારી બુદ્ધિ જોઈ મને આનંદ થાય છે, કારણ કે આવા પ્રકારની બુદ્ધિ સંસારસાગરમાં

નૌકા સમાન છે. આવી બુદ્ધિ પુણ્યકર્મોના ફળસ્વરૂપ છે. ત્રિપુરાદેવી સર્વના હૃદયાકાશમાં રહેનારી છે અને ઉપાસનાથી જેમ જેમ એ એના અનન્ય ભક્તના હૃદયમાં પ્રગટ થાય છે, તેમ તેમ મૃત્યુની ભયંકર જાળ તૂટતી જાય છે. ભૂતના આવેશવાળા માણુસની માફક કર્તવ્યકર્મની બીકવાળા માણુસને સુખ મળતું નથી. કર્તવ્યકર્મરૂપી કાળસર્પથી ડસાયેલા પુરુષનું કલ્યાણ કેમ થઈ શકે? કર્મવિષના સંપર્કથી મૂચ્છિંત થયેલું જગત પોતાનું કલ્યાણ શામાં છે તે પણ સમજી શકતું નથી. જુદાં જુદાં કર્મો કરતાં મનુષ્યો આત્મહિત સમજ્યા સિવાય ફરી ફરી મોહવશ બને છે. આ પ્રમાણે મૂચ્છિંત લોકો અનાદિકાળથી આ સંસારમાં ભટકયા કરે છે; તેનું એક દૃષ્ટાંત સાંભળ : ૨૯–૩૮

કેટલાક મુસાફરો વિંધ્ય પર્વત પાસે ગયા ત્યારે ભૂખ લાગવાથી તેઓએ વિષમુષ્ટિ ફળોને કાજુ માનીને ખાધાં. અતિ ભૂખથી જીભની પારખશક્તિ નબળી પડેલી હોવાથી તેઓ ફળને ઓળખી શકયા નહિ અને તેના ઝેરથી અંગો બળવા લાગ્યાં. આ કાજુના ફળનું પરિણામ છે એમ માની તેના દાહનો ઉપાય શોધતાં તેમને ધંતૂરાનું ફળ મળ્યું, તેને લીંબુ ધારીને બધા ખાઈ ગયા. આથી તેઓ ગાંડા થઈ ગયા અને માર્ગભૂલેલા અને નીચીઊંચી જમીનોમાં પડતા આખડતા આમતેમ ફરવા લાગ્યા. કાંટાથી અંગો વીંધાઈ ગયાં, ઘણાના હાથપગ ભાંગી ગયા અને એકબીજાનો દોષ કાઢતાં ઝઘડો કરવા લાગ્યા. લાકડાંના ટુકડાઓથી, પથ્થરથી અને મૂઠીઓથી એકબીજાને મારવા લાગ્યા. આમ ભાંગી ગયેલા ગાત્રોવાળા તેઓ કોઈ શહેર પાસે આવી પહોંચ્યા. દૈવયોગે રાત્રે તેઓ શહેરના દરવાજા પાસે આવ્યા. પણ ચોકીદારોએ તેમને અટકાવ્યા. દેશકાળનું ભાન ન હોવાથી ત્યાં પણ તેઓ કલહ કરવા લાગ્યા એટલે ચોકીદારોએ તેમને માર્યા. એટલે ચારે બાજુએ તેઓ નાસવા લાગ્યા અને આમ કેટલાકોએ આસપાસની ખાઈઓમાં પડીને પ્રાણ ગુમાવ્યા,

કેટલાક કૂવામાં પડી જઈને મરી ગયા, જ્યારે કેટલાક માંડમાંડ બચ્યા. અહો! મનુષ્યો મોહથી અંધ થયેલા હોવાથી પોતાનું હિત કરવાને ઇચ્છતાં છતાં પણ વિનાશ પામે છે. ૩૯–૫૦

હે પરશુરામ! આ વિચાર તને ઉત્પન્ન થયો માટે તું ધન્ય છે. વિચાર એ દરેક વસ્તુનું મૂળ છે અને બ્રહ્મપદ મેળવવાનું પહેલું પગથિયું છે. સુવિચાર વગર કોનું કલ્યાણ થાય છે? આ વિચાર જ બીજું મૃત્યુ છે. અવિચારથી જ માણસો મરેલા છે; વિચારવાનને વિજય અને ઇષ્ટ પ્રાપ્તિ થાય છે. અવિચારને લીધે દૈત્યો હણાયા અને વિચારમાં ઉદ્યત રહેવાથી દેવતાઓ સુખી થયા. વિચારબળથી જ દેવોએ વિષ્ણુનો આશ્રય કરીને શત્રુને હરાવ્યા; આમ વિચાર જ સુખરૂપી વૃક્ષનું બીજ છે, જેમાંથી સુખ પરિણમે છે. વિચારથી જ પુરુષ શોભે છે, વિચારબળને લીધે જ વિષ્ણુભગવાન પૂજાય છે અને તેને લીધે જ શિવ મહેશ્વર અને સર્વજ્ઞ ગણાય છે. અવિચારથી જ્યારે રામ મૃગમાં આસક્ત થયા ત્યારે દુઃખી થયા, પણ વિચારથી સમુદ્રમાં પાળ બાંધી ત્યારે રાક્ષસોથી ઘેરાયેલી લંકાને જીતી લીધી. બ્રહ્મદેવે અવિચારથી જ પોતાનું એક મસ્તક ગુમાવ્યું અને અવિચારથી જ મહાદેવજીએ દૈત્યને વરદાન આપ્યું અને પછી પોતાના નાશની બીકથી નાસવું પડયું. અવિચારને લીધે વિષ્ણુએ ભૃગુઋષિની પત્નીનો નાશ કર્યો અને શાપ પામીને દુઃખી થયા. ૫૧–૬૧

આમ દેવો, રાક્ષસો, મનુષ્યો અને પશુઓ પણ અવિચારને લીધે દુઃખ પામે છે. જે મહાપુરુષો વિચારવાન છે તેમને નમસ્કાર હો! અવિચારને લીધે જે કર્તવ્યકર્મને પ્રાપ્ત થઈ મનુષ્યો મોહ પામે છે; તે જ કર્તવ્યકર્મને વિચારપૂર્વક કરવાથી અપાર સંકટોમાંથી તેઓ બચી જાય છે. જ્યાં સુધી અવિચાર છે ત્યાં સુધી વિચાર ક્યાંથી ઉદ્ભવે? સૂર્યના પ્રખર તાપથી તપેલી રેતીમાં ઠંડું પાણી ક્યાંથી મળે? તેવી જ રીતે અવિચારરૂપી અગ્નિથી ઘેરાયેલા મનુષ્યને વિચારનો શીતલ સ્પર્શ સાધન વિના કેવી રીતે સંભવે? અને સર્વના

હૃદયકમળમાં રહેલી દેવીની કૃપા સિવાય બીજું શ્રેષ્ઠ અને પરમ સાધન કયું હોઈ શકે? તેના વગર પરમશ્રેય કેવી રીતે પ્રાપ્ત થાય? અવિચારરૂપી અંધકારનો નાશ કરનાર વિચારરૂપી સૂર્યનો ઉદય, તેની ભક્તિ અને આરાધનાથી થાય છે. તેની જ્યારે બરાબર ભક્તિ કરવામાં આવે છે, ત્યારે ચિત્તાકાશમાં તે વિચારરૂપે પ્રગટ થાય છે. સદ્ગુરુનો આશ્રય કરીને સર્વાન્તર્યામી, ચિન્મય અને આત્મસ્વરૂપ ત્રિપુરાદેવીની અંતઃકરણપૂર્વક ઉપાસના કરવી જોઈએ અને આવી ઉપાસનામાં નિર્મળ શ્રદ્ધા અને પ્રેમ જ કારણરૂપ છે. આ વિચાર ઉત્પન્ન થવા માટે તેનું માહાત્મ્યશ્રવણ જ કારણરૂપ બને છે, માટે હે પરશુરામ! મેં તને પહેલાં દેવીનું માહાત્મ્ય કહ્યું હતું. એ સાંભળવાથી જ મોક્ષના કારણરૂપ આ મંગળ વિચાર ઉત્પન્ન થયો છે, એટલે હવે તને કશો પણ ભય નથી. વિચારનો જ્યાં સુધી ઉદય થયો નથી, ત્યાં સુધી જ મોટો ભય હોય છે; સન્નિપાતવાળા માણસને ઔષધિનું સેવન કરતાં છતાં જ્યાં સુધી ધાતુની અશુદ્ધિ રહે છે, ત્યાં સુધી ભય છે; તેમ જ લોકોને અવિચારરૂપી આત્મદોષ જ્યાં સુધી રહેલો છે, ત્યાં સુધી દરરોજ ભય છે. ૬૨-૭૬

આમ વિચાર ઉત્પન્ન થાય છે, ત્યારે જ મનુષ્યોનું જીવન સફળ થાય છે, બાકી સારો જન્મ થવા છતાં સુવિચાર ઉત્પન્ન ન થાય, તો તે જન્મરૂપી વૃક્ષ નિષ્ફળ ગયું સમજવું. જ્યાં સુવિચાર છે, તે જન્મરૂપી વૃક્ષ જ સફળ થયું સમજવું. વિચારહીન પુરુષો કૂપમંડૂકો છે; જેવી રીતે કૂવામાંનો દેડકો શુભ-અશુભ સમજતો નથી અને કૂવામાં જ મરણ પામે છે, તેવી જ રીતે આ વિશ્વકૂપમાં વિચારહીન પુરુષો વૃથા જ જન્મે છે. તેઓ પોતાના આત્માનું હિત કે અહિત સમજતા નથી અને વારંવાર જન્મમરણ પામ્યા કરે છે. તેઓને દુઃખમાં સુખબુદ્ધિ અવિચારને લીધે જ થાય છે અને સંસારજ્વાળામાં તપ્યા કરે છે. જેમ ગધેડો ઘણી પાટુઓ ખાધા છતાં પણ ગધેડીની પાછળ જાય છે, તેમ દુઃખોથી કલેશ પામવા છતાં

મનુષ્ય સંસાર છોડી શકતો નથી; એટલે હે રામ! વિચારવાન દુઃખનો પાર પામી શકે છે. ૭૭–૮૪

## અધ્યાય ૩ જો : સત્સંગમાહાત્મ્ય

દત્તાત્રેયે કહેલાં વચનો સાંભળીને જિજ્ઞાસુ પરશુરામે વિનયપૂર્વક પૂછ્યું : 'આપે જે કહ્યું તે બરાબર છે. અવિચારથી લોકોનો નાશ થાય છે અને વિચારથી પરમશ્રેય થાય છે, અને તેનું કારણ દેવીના માહાત્મ્યનું શ્રવણ એ છે; આ વાતમાં મને એક સંશય છે. તે શ્રવણ કેવી રીતે પ્રાપ્ત કરવું? જો તે શ્રવણસાધન સ્વાભાવિક જ છે તો બધા જ કેમ તે કરતા નથી? મને પણ આટલા દિવસ શ્રવણની ઇચ્છા કેમ ન થઈ? અગર જો કે લોકોને મારા કરતાં વધારે દુઃખ હોય છે છતાં પણ શ્રવણરૂપી સાધનનો આશ્રય લોકો કેમ કરતા નથી, એ મને કૃપા કરી સમજાવો.' એ સાંભળીને પ્રસન્ન થયેલા દત્તાત્રેયે કહ્યું : 'હે રામ! મોક્ષનું પરમ સાધન કહું છું તે સાંભળ; સત્સંગ જ સર્વ દુઃખોને દૂર કરે છે. પરમશ્રયની પ્રાપ્તિમાં સત્સંગ બીજરૂપ છે. તું પણ મહાત્મા સંવર્તના સત્સંગથી જ આ શ્રેયને પ્રાપ્ત કરાવનારી સ્થિતિને પ્રાપ્ત થયો છે; કારણ કે સત્સંગથી સંતો પરમસુખ આપે છે. સત્સંગ વગર પરમશ્રેય કોણે પ્રાપ્ત કર્યું? આ લોકમાં પણ જે જે માણસને જેવો જેવો સંગ પ્રાપ્ત થાય છે, તેવા તેવા ફળને તે મેળવે છે એ નિશ્ચિત છે; આ બાબતમાં હું એક કથાનક કહું છું તે સાંભળ. ૧–૧૧

પહેલાં દશાર્ણ દેશમાં મુક્તાપીડ નામનો રાજા થઈ ગયો. તેને હેમચૂડ અને મણિચૂડ નામે બે પુત્રો હતા. તેઓ રૂપવાન, ગુણવાન અને બધી વિદ્યાઓમાં કુશળ હતા. તેઓ એક વાર શિકાર કરવા સિંહ, વાઘ વગેરે પ્રાણીઓથી ભયંકર સહ્યાદ્રિના જંગલમાં ધનુષ્યબાણ ધારણ કરીને ગયા. ત્યાં તેઓએ તીક્ષ્ણ બાણોથી હરણો, સિંહો,

ભુંડો, પાડાઓ અને શિયાળોનો શિકાર કર્યો. ૧૨–૧૫

આ પ્રમાણે રાજકુમારો જંગલી પશુઓનો શિકાર કરતા હતા, ત્યારે પથ્થરો ઉડાડતો પ્રચંડ વાયુ વાવા લાગ્યો, આકાશ ધૂળથી છવાઈ ગયું અને અમાસની રાત્રિ જેવો અંધકાર થઈ ગયો. પથ્થર કે પુરુષ કાંઈ પણ દેખાતું નહોતું, એવા અંધકારવાળા પર્વતમાં પછી ઊંચાણ–નીચાણ તો શેનું જ દેખાય? પથ્થરો વાગવાથી સેના તો નાસવા લાગી. કેટલાકે શિલાઓનો, કેટલાકે વૃક્ષોનો અને કેટલાકે ગુફાઓનો આશ્રય લીધો અને ઘોડેસવાર રાજપુત્રો પણ દૂર દૂર નીકળી ગયા. ૧૬–૧૯

હેમચૂડ કોઈ એક તપસ્વીના આશ્રમમાં જઈ ચઢ્યો. તે આશ્રમ કેળ, ખજૂરી વગેરે વૃક્ષોથી ઘણો શોભાયમાન હતો. ત્યાં અગ્નિશિખા જેવી કોઈ તેજસ્વી અને સ્વરૂપવાન કન્યાને તેણે જોઈ. પદ્મિની સ્ત્રીને જોઈ સ્મિત કરીને રાજપુત્રે પૂછ્યું: 'હે સુંદરી! આ ભયાનક અને નિર્જન જંગલમાં તું કોને આશ્રયે અને શા માટે રહી છે?' ૨૦–૨૩

આ સાંભળીને શુદ્ધ અંતઃકરણવાળી તે કન્યા બોલી: 'આપ આ આસન પર બેસો. અતિથિની પૂજા કરવી એ તપસ્વીઓનો ધર્મ છે. તમે પ્રચંડ વાયુથી થાકી ગયેલા લાગો છો, માટે આ ખજૂરીના ઝાડે ઘોડાને બાંધો અને આરામ કરો. પછી હું આપને મારો વૃત્તાંત જણાવીશ.' રાજપુત્રે તેના કહેવા પ્રમાણે કર્યું. ફળોનું ભક્ષણ કર્યું, પાણી પીધું અને આરામ લીધો; પછી વિશ્રાન્ત થયેલા રાજકુમારને મીઠી વાણીથી આ પ્રમાણે કહ્યું, 'વ્યાઘ્રપાદ નામના મુનિ પરમ શિવભક્ત છે. તેમણે પોતાના તપોબળથી પુણ્યલોકોને જીતી લીધા છે અને બ્રહ્મજ્ઞાની હોવાથી બીજા શ્રેષ્ઠ મુનિઓથી પૂજાય છે. તેમની હું હેમલેખા નામની ધર્મપુત્રી છું. વિદ્યુત્પ્રભા નામની એક સુંદર વિદ્યાધરી એક વાર આ વેણા નદીમાં સ્નાન કરવા આવી હતી, તે વખતે વંગ દેશનો રાજા સુષેણ પણ ત્યાં આવ્યો હતો; તેણે તે સુંદરીને નદીમાં સ્નાન કરતી જોઈ, ભીંજાએલી અને વસ્ત્રોમાંથી વ્યક્ત

થતાં સુંદર સ્તનવાળી વિદ્યાધરીને જોઈને રાજા કામથી પીડિત થયો અને તેને સ્ત્રીરૂપે યાચી. તે પણ રાજાના સૌંદર્યથી મોહિત થયેલી હોવાથી યાચના સ્વીકારી; તેનો સહવાસ કરીને રાજા પોતાના શહેરમાં ગયો અને તે વિદ્યાધરીને ગર્ભ રહ્યો; ધણીની બીકને લીધે ગર્ભને અહીં જ છોડી દઈને તે ચાલી ગઈ અને તેની હું કન્યા થઈ. સંધ્યોપાસના માટે આવેલા વ્યાઘ્રપાદ ઋષિએ મને જોઈ અને દયા-પૂર્વક મને આશ્રમમાં લઈ જઈને માતાના વાત્સલ્યથી ઉછેરીને મોટી કરી. ધર્મથી તેમણે મારું પાલનપોષણ કર્યું માટે તે પિતા જ ગણાય, તેથી હું તેમની ધર્મપુત્રી છું અને તેમની સેવા કરું છું. તેમની કૃપાથી મને અહીં ભય નથી અને દુષ્ટબુદ્ધિ દેવ કે અસુરોથી આ આશ્રમમાં પ્રવેશ થઈ શકતો નથી; છતાં પ્રવેશ કરે છે તો નાશ પામે છે, આમ મારો વૃત્તાંત છે. આપ જરા વાર અહીં રોકાઓ. મારા પિતા આવતા જ હશે, તેમને પ્રણામ કરીને તમારો વૃત્તાંત નિવેદન કરો અને ઇચ્છિત મેળવીને પછી ખુશીથી જાઓ.' ૨૪–૪૦

હેમલેખાનાં વાક્યો સાંભળી તેના સૌંદર્યથી મોહિત થયેલો એ કાંઈક કહેવા ઇચ્છતો હતો, પણ બીકને લીધે ન કહી શકવાથી ઉન્મન જેવો લાગવા માંડ્યો. રાજપુત્રને કામપીડિત જાણીને ચતુર કન્યા બોલી: 'હે રાજપુત્ર! ધીરજ રાખો. પિતા આવતા જ હશે. તમે તે પછી ઇચ્છિતને મેળવો.' આમ તે કહેતી હતી ત્યાં જ વ્યાઘ્રપાદ મુનિ જંગલમાંથી પુષ્પો વગેરેનો સંગ્રહ કરીને આવ્યા. મુનિને જોઈને રાજપુત્ર ઊભો થયો, પ્રણામ કર્યા અને પોતાનું નામ જણાવી અનુજ્ઞા મેળવીને બેઠો. પછી રાજપુત્રને કામવિકારવાળો જોઈને અને યોગદૃષ્ટિથી બધું વૃત્તાંત બરોબર લાગતાં તે મુનિએ હેમલેખાને પત્ની તરીકે તેને અર્પણ કરી. ૪૧–૪૬

રાજકુમાર તેનો સ્વીકાર કરીને ખુશી થયો અને પોતાના શહેરમાં ગયો. રાજા મુક્તાચૂડે પણ પ્રસન્ન થઈને મોટી ધામધૂમથી તેનું લગ્ન કર્યું. રાજકુમાર મહેલોમાં, વનરાજીઓમાં, નદીતીરે, એમ

સર્વત્ર તેની સાથે વિહાર કરવા લાગ્યો. પણ હેમલેખાને સુખભોગમાં બહુ સ્પૃહાવાળી ન જોવાથી અને ઉદાસીન જણાવાથી રાજપુત્રે તેને એકાંતમાં પૂછ્યું: 'હે પ્રિયે! હું પ્રેમ કરું છું છતાં તું કેમ પ્રેમ કરતી નથી? તને ભોગોમાં અત્યંત આસક્તિ કેમ નથી? તારું સ્મિત મનોહર છે. શું ભોગો તારા મનને અનુકૂળ નથી? ઉત્તમ ભોગોમાં પણ તું મને અનાસક્ત લાગે છે તેનું કારણ શું? જ્યારે તને જ આસક્તિ નથી ત્યારે તારી સાથેનો વિહાર આનંદરૂપ કેમ બને? હું તારા ઉપર અનુરક્ત છું, ત્યારે તું બીજામાં અનુરક્ત હોય તેમ લાગે છે; કારણ કે ઘણીવાર મારું બોલવું તું બરાબર સાંભળતી નથી. હું તને આલિંગન કરું છું ત્યારે તું પૂછે છે: 'હે નાથ! તમે ક્યારે આવ્યા?'–જાણે કે તને એ ખબર જ પડી ન હોય! દુર્લભ ભોગસાધનોમાં તારું મન આસક્ત થતું નથી અને કોઈ વસ્તુ તને ખુશી કરી શકતી નથી. હું તને છોડીને જાઉં છું કે તરત જ તું આંખો બંધ કરીને બેસી જાય છે અને જ્યારે જ્યારે હું પાછો આવું છું ત્યારે ત્યારે હું તને તે સ્થિતિમાં જોઉં છું. જ્યારે તું વિષયભોગથી વિમુખ છે ત્યારે મને લાકડાની પૂતળીના સમાગમની માફક સુખ ક્યાંથી મળે? જેમ ચંદ્રિકાને કમળ અનુસરે છે, તેમ હું તને અનુસરું છું. તું મને પ્રાણથી અધિક પ્રિય છે, છતાં તારું ચિત્ત ક્યાં ફરે છે? હું તને મારા સોગન આપીને પૂછું છું કે તું મને કાંઈક કહે, જેથી મારા મનનું સમાધાન થાય!' ૪૭–૫૯

## અધ્યાય ૪થો : સત્સંગફળ

આ પ્રમાણે પતિનું ભાષણ સાંભળીને શુદ્ધ અંતઃકરણવાળી તે હેમલેખા કાંઈક સ્મિત કરીને રાજપુત્રને જ્ઞાન થાય તે માટે યુક્તિપૂર્વક બોલી: 'હે રાજપુત્ર! મને કાંઈ તમારી ઉપર વૈરાગ્ય નથી. આ વિશ્વમાં અત્યંત પ્રિય શું અને અપ્રિય શું, એ હૃદ્ગ્રન્થિના

ઉકેલમાં હું ગુંચવાઈ ગઈ છું અને મારી બુદ્ધિ તેનો ઉકેલ કરી શકતી નથી. એ સંબંધી હું હમેશાં સ્ત્રીસ્વભાવ પ્રમાણે વિચાર કરું છું, પણ તેનું રહસ્ય સમજી શકી નથી તો આપ કૃપા કરીને તે જણાવો.' ૧–૪

આ સાંભળી હેમચૂડ હસીને બોલ્યો: 'સ્ત્રીઓ મૂઢબુદ્ધિ છે એ કથન સાચું છે. પશુ, પક્ષી ને જંતુઓ પણ પ્રિય–અપ્રિય સમજે છે, કારણ કે તેઓની પ્રિય વસ્તુમાં પ્રવૃત્તિ અને અપ્રિય વસ્તુમાંથી નિવૃત્તિ દેખાય છે, એટલે એમાં બહુ વિચાર કરવા જેવું શું છે? જેમાંથી સુખ ઉપજે તે પ્રિય અને જેમાંથી દુઃખ ઊપજે તે અપ્રિય માનવું. તો આ બાબતમાં તું હમેશાં વિચાર શા માટે કરે છે?' ૫–૭

આ પ્રમાણે સાંભળીને હેમલેખા ફરીથી બોલી: "ખરેખર! સ્ત્રીઓ મૂઢ છે અને ગંભીર વિચાર કરવામાં અશક્ત છે, એ સાચું છે, પણ આપ તો સમ્યગ્ વિચાર કરી શકો છો તો આપ મને સમજાવો. હું આપની પાસેથી સમજણ મેળવી આ વિચારણા છોડી દઈશ અને હમેશાં આપની સાથે ભોગમાં રમીશ. ૮–૧૦

આપે સૂક્ષ્મ વિચાર કરી એમ જણાવ્યું કે, જેમાંથી સુખ ઊપજે તે પ્રિય અને દુઃખ ઉપજે તે અપ્રિય. પણ એમ જોવામાં આવે છે કે, એક જ પદાર્થ દેશ અને કાળના ભેદ પ્રમાણે સુખ અને દુઃખ આપે છે; તો સુખદુઃખનું સ્થિર સ્થળ કોઈ ન રહ્યું. દાખલા તરીકે અગ્નિ જુદે જુદે વખતે, જુદે જુદે સ્થળે અને જુદા જુદા આકાર મુજબ જુદાં જુદાં પરિણામ ઉત્પન્ન કરે છે. શિયાળામાં અગ્નિ પ્રિય અને ઉનાળામાં અપ્રિય હોય છે; આમ શિયાળો અને ઉનાળો એવા દેશભેદ થવાથી પ્રિયઅપ્રિયપણું બને છે. વળી ઠંડીના જીવોને અગ્નિ પ્રિય બને છે, ગરમીના જીવોને નહિ, તેમ જ અગ્નિ અધિક પ્રમાણમાં હોય તો એક પરિણામ અને થોડા પ્રમાણમાં હોય તો બીજું પરિણામ આવે છે. આ જ પ્રમાણે સંપત્તિ, સ્ત્રી, પુત્રો તથા રાજ્યનું સમજવું. મહારાજ મૂકતાચૂડ સ્ત્રી, પુત્રો, ધન વગેરે સુખસાધનોથી સંપન્ન છે છતાં હમેશાં દુઃખી કેમ રહે છે? સુખ માટે જે ભોગપદાર્થો છે તે

અનંત નથી અને બધા જ ભોગપદાર્થો કોઈ મેળવી શકતું નથી જેથી સુખ થાય; થોડા લાભમાંથી જે સુખ થાય છે તે પણ સુખરૂપ રહેતું નથી કારણ કે તે દુઃખથી મિશ્રિત થયેલું હોય છે અને દુઃખ પણ આંતર અને બાહ્ય એમ બે પ્રકારનું છે. ધાતુદોષ વગેરે કારણોથી ઉત્પન્ન થયેલ શારીરિક દુઃખ તે બાહ્ય અને ઇચ્છાઓમાંથી ઉત્પન્ન થતું માનસિક દુઃખ તે આંતરદુઃખ સમજવું. તેમાં માનસિક દુઃખ મહાન છે; કારણ કે આખું જગત તેનાથી ઘેરાયેલું છે, કામના એ જ દુઃખરૂપી ઝાડનું શક્તિશાળી બીજ છે. ૧૧–૨૧

આ વાસનાએ જ સ્વર્ગમાં વસનારા ઇન્દ્રાદિક દેવોને પણ દાસ જેવા બનાવી મૂકયા છે. વાસનાનું મૂળ રહેતાં છતાં જે સુખ છે તે દુઃખ જ જાણવું અને આવું સુખ તો જંતુઓમાં પણ હોય છે. પશુ, પક્ષી, જંતુઓ વગેરેને કામનાનું મિશ્રણ ઓછું હોવાથી આ સુખ વધારે લાગે છે, જ્યારે મનુષ્ય તો અનેક કામનાઓથી ઘેરાએલો હોઈને આ સુખ પણ મેળવી શકતો નથી. અનેક ઇચ્છાઓથી ઘેરાએલા મનુષ્યને કાંઈક પ્રાપ્તિ થતાં જો સુખ થતું હોત તો આ વિશ્વમાં કોણ સુખી ન થાત? અગ્નિથી આખું શરીર દાઝી ગયું હોય તે વખતે ચંદનના એક જ બિંદુથી જો સુખ થતું હોય તો આમાં પણ સુખ મળત. જે અંગોને સ્ત્રીના આલિંગનથી સુખ થાય છે, તે જ અંગોને કઠણ બંધનથી દુઃખ થાય છે કામના આવેશથી અને ભોગ પછી જે શ્રમ લાગે છે, તેમાં અને ભાર ખેંચનાર પશુના શ્રમમાં ઝાઝો તફાવત નથી. હે નાથ! તેમાં સુખ કેવી રીતે રહેલું છે તે મને સમજાવો. સ્ત્રીસ્પર્શથી જે સુખ થાય છે, તે શું કૂતરાંઓને પણ મળતું નથી? તેમ જ તે સિવાય સૌંદર્યદર્શનથી ઉત્પન્ન થતું સુખ અને સ્વપ્નમાં સ્ત્રીસંગથી ઉત્પન્ન થતું સુખ સરખું છે; કારણ કે પોતાની અમુક પ્રકારની ભાવનામાંથી ઉત્પન્ન થાય છે, આ બાબતમાં હું એક ઉદાહરણ આપું છું. ૨૨–૨૮

'પહેલાં કોઈ એક કામદેવ જેવો સુંદર રાજપુત્ર હતો. તેને સર્વાંગ

સુંદર અને અતિ રૂપવાન સ્ત્રી મળતાં તે તેમાં અત્યંત આસક્ત થઈ ગયો, પણ તે સ્ત્રીનું મન રાજકુમારના કોઈ એક નોકરમાં હતું; એટલે તે નોકરે રાજપુત્રને યુક્તિ કરીને છેતર્યો. તે નોકર રાજકુમારને અત્યંત મદિરા પાઈને ઘેનમાં નાખતો અને પછી કોઈ કુરૂપ દાસીને ત્યાં મોકલી દઈને તેની સુંદર સ્ત્રી સાથે આનંદ કરતો; આમ ઘણો વખત ચાલ્યા કર્યું. આ પ્રમાણે તે મદાંધ રાજકુમાર જો કે હમેશાં દાસીનો ઉપભોગ કરતો હતો, છતાં પણ એમ માનતો હતો કે, આવી સુંદર સ્ત્રીને મેળવીને હું ધન્ય છું. મારા જેવું કૃતકૃત્ય કોણ છે? આમ ઘણો વખત જતાં એક વાર દૈવયોગે તે નોકર રાજકુમારને મદ્ય પીવા માટે મૂકીને જરૂરી કામે ગયો અને યોગાનુયોગે તે રાજકુમારે તે વખતે મદ્યપાન કર્યું નહીં. પછી નિત્યક્રમ મુજબ કામપ્રેરિત રાજકુમાર સર્વ ભોગવિલાસની સામગ્રીવાળા શયનમંદિરમાં ગયો અને પલંગ ઉપર બેઠેલી તે દાસીને કામાવેશથી વિવશ રાજકુમારે ભોગવી. પણ રતિવિલાસ પછી તે કુરૂપ દાસીને જોઈને તેને શંકા થઈ અને પોતે ફસાયો છે એમ લાગ્યું, એટલે તેણે દાસીને પૂછ્યું: 'શું તું મારી પ્રિય સ્ત્રી છે?' આ સાંભળીને તે દાસી અત્યંત ભયભીત થઈ ગઈ, થરથર ધ્રૂજવા લાગી અને કાંઈ પણ બોલી શકી નહિ. ક્રોધથી લાલ નેત્રોવાળા તે રાજપુત્રે પોતાની વિષમતા અને છેતરપિંડીને ઓળખી લીધી અને તે દાસીને શિક્ષા કરવા તરવાર ઉપાડીને તેનો તિરસ્કાર કરીને કહ્યું: 'જે હોય તે મને કહી દે; જો તું સાચી વાત કરીશ નહિ તો તારી જિંદગી ક્ષણભર પણ ટકી શકશે નહિ.' આ સાંભળીને દાસીએ લાંબા વખતથી ચાલતી બીના જણાવી અને તેની સ્ત્રી સાથે નોકરનો સંબંધ બતાવવા લઈ ગઈ. ૨૯–૪૭

ત્યાં જમીન પરની એક શેતરંજી ઉપર મલિન, કુરૂપ નોકરને રતિથી થાકેલી સ્ત્રીને પ્રેમપૂર્વક આલિંગન કરીને બેઠેલો જોયો; આથી તે રાજકુમાર ક્ષણભર અત્યંત ક્ષુબ્ધ થઈ ગયો, પણ છેવટે ધીરજ ધારણ કરીને મનમાં કહેવા લાગ્યો: 'મૂઢ અને અનાર્ય એવા મને

ધિક્કાર હજો; જેઓ સ્ત્રીઓમાં અત્યંત મોહિત થયેલા છે તેમને ધિક્કાર હજો; સ્ત્રીઓ કોઈની થઈ નથી. જેઓ સ્ત્રીઓના પ્રેમમાં વિશ્વાસ કરે છે તેમને વનના ગધેડા જેવા જાણવા. શરદઋતુના વાદળાથી પણ અધિક ચંચળ સ્ત્રીઓની સ્થિતિ હોય છે. અહો ! સ્ત્રીઓનો આવો સ્વભાવ અત્યાર સુધી હું સમજી શકયો નહિ. હું તેના ઉપર અત્યંત પ્રીતિ રાખતો હતો, છતાં પણ તે નોકરમાં પ્રીતિ રાખવા લાગી અને મારા તરફ ખોટો પ્રેમ દેખાડવા લાગી. મદ્યપાનથી મૂઢ થયેલ હોવાથી હું એ વસ્તુસ્થિતિ બિલકુલ સમજી શકયો નહિ. આ પત્ની મને છાયા માફક અનુસરે છે એમ મેં માન્યા જ કર્યું અને આ દાસીથી લાંબા વખત સુધી છેતરાયા કર્યો. અહો ! મારાથી અધિક મૂઢ કોણ હશે ? આનામાં મેં જ્યારે વિશ્વાસ મૂકયો ત્યારે તેણે મને છેતર્યા કર્યો. આ નોકર તો બિલકુલ કુરૂપ છે, છતાં મારી સ્ત્રીએ એનામાં એવું શું સૌંદર્ય જોયું જેથી તે બિલકુલ મને છોડી દઈને આની સોબત કરવા લાગી ?' આમ બહુ ખેદ પ્રગટ કરીને વિરક્ત મનોદશાને પામ્યો અને સર્વ સંગનો ત્યાગ કરીને વનમાં ગયો. હે રાજકુમાર ! સૌંદર્ય એ તો મનની એક કલ્પના છે; અને જેટલું સુખ આપ મારામાં મેળવો છો, તેટલું જ બલકે તેથી પણ વધારે સુખ કુરૂપ સ્ત્રીઓમાં પ્રાપ્ત થાય છે; આ વિષય સ્પષ્ટ રીતે હું સમજાવું છું; આપ એકાગ્રચિત્તે સાંભળો. ૪૮-૬૭

આપણે જે સ્ત્રી જોઈએ છીએ, તે તો બાહ્ય રહી છે; પણ તેનું પ્રતિબિમ્બ ચિત્તનો આશ્રય કરીને રહે છે અને સંકલ્પરૂપે તેના સૌંદર્યનું મનમાં સ્ફુરણ થયા કરે છે. આ સ્ફુરણ વારંવાર થતાં કામના થાય છે, અને કામનાથી ઇંદ્રિય ક્ષુબ્ધ થવાથી પુરુષ સ્ત્રીમાં રતિસુખને મેળવે છે. ઇન્દ્રિય ક્ષુબ્ધ ન થાય તો સુંદરીમાં પણ રતિસુખ મળતું નથી. આ ક્ષુબ્ધતા થવાનું મૂળ કારણ ચિત્તમાં સૌંદર્યનું વારંવાર થતું સ્ફુરણ જ છે, અને આથી જ ક્ષોભ થાય છે. આ કારણના અભાવે બાળકોમાં અને યોગીઓમાં આવો

ક્ષોભ દેખાતો નથી. આમ જે જે માણસને સુંદર સ્ત્રીમાં કે બીજા પ્રકારની સ્ત્રીમાં જે જે રતિસુખ મળે છે, ત્યાં ત્યાં પણ સૌંદર્યનું માનસિક આવર્તન કારણરૂપ છે. વિરૂપ અને સૌંદર્યહીન સ્ત્રીઓ સંતાનની ઇચ્છાથી યુવાન પુરુષો સાથે ભોગ કરે છે. જો આમાં પુરુષોને સુંદરતાનો ભાવ ઉત્પન્ન ન થતો હોય, તો તેમને રતિસુખ કેવી રીતે પ્રાપ્ત થાય? આમાં વિશેષ કાંઈ કહેવા જેવું નથી, કારણ કે ઘૃણા ઉત્પન્ન કરે એવા અવયવોમાં પણ કામી પુરુષોને અધિક સૌંદર્ય ભાસે છે. મળમૂત્રવાળા અવયવમાં જ જ્યાં સૌંદર્ય લાગે છે, ત્યાં બીજા કયા અવયવમાં સૌંદર્ય ન દેખાય? માટે હે રાજપુત્ર! આમાં સૌંદર્ય છે એવી ભાવના સિવાય કોઈને પણ સુખ ઉત્પન્ન થતું નથી. ૬૮–૭૭

મધમાં જેમ સ્વાભાવિક મધુરતા રહેલી છે, એમ જો શરીરમાં સ્વાભાવિક રીતે જ સૌંદર્ય હોત તો તે બાળકોમાં અને કુમારોમાં કેમ ન દેખાત? વળી કેટલાક એક પગ અને આંખવાળા, કેટલાક લાંબા કાનવાળા, કેટલાક ઘોડા જેવા મુખવાળા, કેટલાક બહાર દાઢો નીકળેલા, કેટલાક નાક વગરના, કેટલાક મોટા નાકવાળા, કેટલાક વાળવાળા, કેટલાક વાળ વગરના, કેટલાક પીળા કેશવાળા, કેટલાક સફેદ કેશવાળા, કેટલાક જાડા વાળવાળા, વિચિત્ર શરીરના વર્ણોવાળા, કાળા, પીળા, કે તામ્રવર્ણો–આમ જુદા જુદા દેશોમાં જુદી જુદી આકૃતિવાળા લોકો દેખાય છે અને તે બધાને પોતાની સજાતીય સ્ત્રીઓમાં તમારા જેવું જ રતિસુખ પ્રાપ્ત થાય છે. ૭૮–૮૨

હે રાજપુત્ર! પુરુષોને સ્ત્રીનું શરીર સુખના સાધનરૂપ અને અતિપ્રિય લાગે છે અને સ્ત્રીઓને પુરુષનું શરીર પણ એવું જ લાગે છે, પણ તે કેવું છે તે આપ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારો. એ શરીર માંસલોહીથી ભરેલું, શિરાઓથી બાંધેલું, ચામડીથી ઢંકાયેલું, મળમૂત્રયુક્ત, વીર્ય અને લોહીના સંયોગથી ઉત્પન્ન થયેલું, હાડકાંનાં માળખાંવાળું, વાળથી ઢંકાયેલું અને પિત્તકફ વગેરે દોષોથી

ભરપૂર છે, અને છતાં આવા શરીરમાં પુરુષોને મોહ થાય છે, તો વિષ્ટામાંના જીવડામાં અને મનુષ્યમાં તફાવત શું માનવો ? હે રાજપુત્ર ! આ શરીર કે જેના ઉપર તમે અસંત આસક્તિ રાખો છો, તે જુદી જુદી ધાતુઓના સમૂહ સિવાય બીજું શું છે ? આ જ વિચાર બીજી યોગ્ય વસ્તુઓને લાગુ પડે છે. આપણે ખાટા, ગળ્યા એમ વિવિધ પદાર્થો ખાઈએ છીએ, છતાં સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરતાં બધાનું પરિણામ એક જ દેખાય છે અને તે વિષ્ટા છે. આવો પ્રકાર જગતમાં બધે દેખાય છે, તેમાં પ્રિય શું અને અપ્રિય શું ?" ૮૩–૯૦

હેમલેખાનું આવું અપૂર્વ ભાષણ સાંભળીને હેમચૂડને વિસ્મય થયો. વિચારને અંતે વિષયોમાં વિરસતા દેખાતાં તે પરમ વૈરાગ્યને પામ્યો. પોતાની સ્ત્રી પાસેથી પ્રશ્નો પૂછીને ક્રમપૂર્વક આત્મજ્ઞાન મેળવ્યું અને ચૈતન્ય તેમ જ આત્મસ્વરૂપ એવી ત્રિપુરાદેવીનું જ્ઞાન મેળવીને મુક્ત બન્યો. તેને સર્વત્ર આત્મદર્શન થવા લાગ્યું અને જીવન્મુક્તની સ્થિતિ પ્રાપ્ત થઈ. તેના ભાઈ મણિચૂડને પણ જ્ઞાન થયું, ને તેવી જ રીતે મુક્તાચૂડ રાજાએ પોતાની સ્ત્રી સાથે પોતાની પુત્રવધૂ પાસેથી જ્ઞાન મેળવ્યું. એવી જ રીતે મંત્રીઓ અને પુરવાસીઓને પણ જ્ઞાન મળ્યું. ૯૧–૯૬

આમ ક્રમે ક્રમે તે નગરમાં કોઈ પણ અજ્ઞાની ન રહ્યો, અને કામ, ક્રોધ વગેરે વાસનાઓથી રહિત તે વિશાળ નગર 'બ્રહ્મનગરી' નામે જાણીતું અતિ ઉત્તમ શહેર બન્યું. ત્યાંના પિંજરામાંના પોપટો અને મેનાઓ પણ આવું જ બોલવા લાગ્યાં : 'ચિતિ–જ્ઞાનસ્વરૂપ આત્માને ભજો, ચેત્ય–આત્માથી ઇતર વસ્તુઓ છોડી દો, અને આ ચેત્ય વસ્તુઓ પણ દર્પણના પ્રતિબિંબની માફક ચિતિથી જુદી નથી. પદાર્થો ચૈતન્યસ્વરૂપ છે, હું પણ ચિતિ–ચૈતન્યરૂપ છું, જડ અને ચેતન પણ ચિતિરૂપ છે–આમ બધું ચૈતન્યરૂપ છે અને છતાં પણ તે જ્ઞાનરૂપિણી દેવી આ બધાને પ્રકાશ આપતી સ્વતંત્ર

રીતે રહેલી છે, માટે સર્વ ભ્રમ છોડી દઈને બધાના આશ્રયરૂપ અને બધાને પ્રકાશ આપનાર ચિતિને ભજો અને ચિતિમય જ દૃષ્ટિ બનાવો.' ૯૭–૧૦૧

આવાં ગંભીર અર્થવાળાં વાક્યો પોપટ વગેરે પક્ષીઓ પાસેથી સાંભળીને વામદેવ વગેરે બ્રાહ્મણોએ તે શહેરનું નામ 'વિદ્યા-નગર' પાડ્યું, કારણ પક્ષીઓ પણ ત્યાં વિદ્યાસંપન્ન હતાં. તે નગર હજુ પણ તે નામથી જ પ્રસિદ્ધ છે. હે પરશુરામ! સત્સંગ જ બધા શુભ ઉદયોમાં કારણરૂપ છે. હેમલેખાના સત્સંગથી બધા વિદ્વાન થયા. સત્સંગ જ મોક્ષ પ્રાપ્ત થવામાં મૂળ કારણરૂપ છે. ૧૦૨–૧૦૫

## અધ્યાય ૫મો : બંધવાર્તા

આ પ્રમાણે દત્તાત્રેયે કહેલું સત્સંગનું ફળ સાંભળીને પરશુ-રામને આનંદ થયો અને ફરીથી કહ્યું: 'હે નાથ! કલ્યાણનું સાધન સત્સંગતિ છે એમાં શંકા નથી; કારણ કે આપણે તે પ્રત્યક્ષ જોઈએ છીએ. જેને જેવો સંગ હોય છે તેવો તે બને છે; હેમલેખાના સત્સંગ-થી બધી સ્ત્રીઓ જ્ઞાની થઈ. પણ હે દયાનિધિ! હેમચૂડને હેમલેખાએ શું બોધ કર્યો તે મને વિસ્તારપૂર્વક જણાવો.' ૧–૪

આ સાંભળીને દત્તે કહ્યું: 'આ બાબતમાં એક સુંદર કથા-નક કહું છું તે સાંભળ. વિષયોમાં રસ નથી એમ હેમલેખા પાસે-થી જાણ્યા પછી રાજકુમારને વિરાગ થયો અને તે ખિન્ન રહેવા લાગ્યો. તે વિષયનો ત્યાગ કે એકદમ સ્વીકાર પણ કરી શકતો ન હતો; કારણ કે વિષયવાસનાના સંસ્કારોને તે લાંબા વખતથી વશ હતો. રાજપુત્ર પોતાની સ્ત્રીને શરમને લીધે કાંઈ પણ કહી શકતો ન હતો, અને આમ ચિંતાવશ તેણે ઘણા દિવસો પસાર કર્યા. વિષયોમાં આસક્ત છતાં તેને સ્ત્રીનું કહેવું યાદ આવતાં વિષયોમાં ઘૃણા થતી અને વાસનાને પરવશ હોવાથી વિષયોને પાછા ભોગવતો; તેની સ્ત્રીએ

કહેલા દોષો યાદ આવતાં હૃદય શોકથી ભરાઈ જતું અને આમ તેનું ચિત્ત લોલકની જેમ આમતેમ ડોલવા લાગ્યું. ભોજન, વસ્ત્ર, આભરણો, સ્ત્રીઓ અને વાહનો તેમ જ મિત્રવર્ગ તેને સુખ આપતાં ન હતાં. જાણે સર્વનાશ થયો હોય તેમ તે શોકાતુર રહેવા લાગ્યો; પણ વાસનાવશ તેનો એકદમ ત્યાગ કરવા તે શક્તિમાન થયો નહિ, તેમ જ વિષયોમાં દોષદૃષ્ટિ હોવાથી તેને ભોગવી શકતો પણ નહિ. શોકને લીધે તેનું મુખ મ્લાન થઈ ગયેલું હતું. આમ જોઈને હેમલેખાએ એકવાર તેને એકાંતમાં પૂછ્યું : ૫–૧૫

'હે નાથ! આપ પહેલાંની માફક આનંદી કેમ દેખાતા નથી? આપને હું વિચારગ્રસ્ત જોયા કરું છું. આપની આવી સ્થિતિ શાથી થઈ? શું આપને કાંઈ રોગ થયો છે? મુનિઓ 'ભોગમાં રોગભય રહેલો છે' એમ જણાવે છે. આ દેહમાં વાત, પિત્ત અને કફ–આ ત્રણ દોષોમાં વિષમતા થવાથી વ્યાધિ થાય છે; કારણ કે શરીર એ ત્રણ દોષોનું જ બનેલું છે. આ વ્યાધિઓ ઘણે ભાગે આખા શરીરને વ્યાપીને રહેલા છે અને દોષની વિષમતા અપ્રગટ હોય છે, એટલે ત્યાં સુધી તે ન મટાડી શકાય એમ હોય છે. દોષોની વિષમતા થવામાં ભોજન, ખોરાક, વાણી, દર્શન, સ્પર્શન, દેશ, કાળ અને કર્મ કારણરૂપ બને છે; તેથી તેનો ઉદ્ભવ લગભગ લોકોમાં અલક્ષ્ય રહે છે, અને જ્યારે વિષમતા પ્રગટ થાય છે ત્યારે જ ચિકિત્સા થાય છે. જ્યાં સુધી વૈષમ્ય ઉત્પન્ન થયું નથી, ત્યાં સુધી ચિકિત્સા થઈ શકતી નથી. માટે હે પ્રિય! તમારા શોકનું કારણ જણાવો.' ૧૬–૨૧

આ સાંભળીને રાજકુમારે કહ્યું : 'હે પ્રિય હેમલેખા! મારા શોકનું કારણ સાંભળ. તારા ઉપદેશના પરિણામે જે મને પહેલાં સુખકારક હતું તે સર્વ નાશ પામ્યું છે. રાજાએ આપેલી અનેકવિધ સુખકારક ભોગ્ય વસ્તુઓ જેમ ફાંસીએ ચડનારને સુખ આપતી નથી, તેમ જ તે પદાર્થો મને સુખ આપતા નથી. વેઠે પડેલા માણસની જેમ વાસનાપરવશ હું વિષયોને ભોગવું છું, તો શું કરવાથી હું સુખી

થઈશ તે તું મને કહે.' ૨૧-૨૫

આ પ્રમાણે રાજપુત્રે પૂછતાં હેમલેખાએ વિચાર કર્યો કે, આ રાજપુત્રને મારા ઉપદેશથી વિષયવિરાગ ઉત્પન્ન થયો છે અને આમાં જ મોક્ષનું પરમ બીજ રહેલું છે; કારણ કે જેને મોક્ષનો સંભવ નથી, તેવા પુરુષોને વાક્ચાતુરીવાળા ઉપદેશથી પણ જાગૃતિ આવતી નથી. લાંબા વખતની ઉપાસનાથી હૃદયમાં રહેલી આત્મસ્વરૂપિણી દેવી જ્યારે પ્રસન્ન થાય છે, ત્યારે જ પુરુષની આવી સ્થિતિ થાય છે. આમ વિચાર કરીને ચતુર હેમલેખાએ બીજા બહાના નીચે પોતાનું ડહાપણ ન દેખાડતાં કહ્યું: ૨૬-૩૦

'હે રાજકુમાર! મારો પુરાતન વૃત્તાંત સાંભળો. પહેલાં મારી માતા(શુદ્ધ ચિતિ)એ ક્રીડા માટે મને એક સખી (બુદ્ધિ) આપી હતી, તે સખી સ્વભાવથી શુદ્ધ હતી, પણ પછી તેને અશુદ્ધ સ્ત્રીની સોબત થઈ. તે સ્ત્રી વિચિત્ર પ્રકારની આશ્ચર્યકારક સૃષ્ટિ ઉત્પન્ન કરવામાં શક્તિશાળી હતી. મારી માતાના લક્ષ બહાર આ સ્ત્રીની સાથે મારી સખીને સોબત થઈ. હું (જીવસ્વરૂપ ચૈતન્ય) તેને અનુવર્તી રહેતી; કારણ કે તે મને પ્રાણથી પણ પ્રિય હતી. તેના વગર હું એક ક્ષણભર રહી શકતી ન હતી, કારણ કે તેના નિર્મળ સ્વભાવે મને પરવશ કરી મૂકી હતી. નિરંતરના સહવાસથી મારો અને તેનો સ્વભાવ એક થઈ ગયો હતો. એક વાર વિચિત્ર સ્વભાવની અને દુષ્ટ પેલી સ્ત્રીએ મારી સખીને યુક્તિપૂર્વક પોતાને સ્વાધીન કરી લીધી. તેનો પુત્ર (મોહ) અત્યંત મૂઢ અને મદિરાપાનથી ઘેનવાળી આંખો-વાળો રહેતો. તે બળાત્કારથી મારી સખીને મારી સમક્ષ ભોગવતો. આ ત્રાસથી તેનાં બધાં અંગો પીડિત રહેવા લાગ્યાં, છતાં પણ તેણે મારો ત્યાગ કર્યો નહિ. આમ વખત જતાં તે મૂઢને પોતાના જ આકારવાળો એક પુત્ર (મન) ઉત્પન્ન થયો; તે તરુણ પુત્ર (મન) અતિચંચળ, પિતા(મોહ)ની જડતાવાળો અને પોતાની દાદીમા-(અવિદ્યા)ના ગુણોથી યુક્ત હતો. 'શૂન્ય' નામની તેની દાદીમા

પાસેથી તેમ જ 'મૂઢ' પિતા પાસેથી 'અસ્થિર' પુત્રે શિક્ષણ મેળવ્યું, આથી તે ઘણો કુશળ અને જલદીથી અપ્રતિહત ગતિવાળો થયો. ૩૧–૪૧

આમ મારી સખી સ્વભાવે શુદ્ધ હોવા છતાં અશુદ્ધિનો સંપર્ક થવાથી અશુદ્ધ બની ગઈ. મારી સખીને લાંબા સંગથી પોતાના પ્રિય પતિ ઉપર તેમ જ પુત્ર ઉપર દૃઢ સ્નેહ થયો, અને ધીમે ધીમે મારી ઉપરથી સ્નેહ ઘટી ગયો. પણ હું સરલ સ્વભાવની હોવાથી એકદમ તેનો સંગ છોડી શકી નહીં. હું પહેલાંની જેમ સર્વથા મારી સખીને અનુસરીને રહેતી તેથી તેનો 'મૂઢ' પતિ 'આ મને અનુકૂળ રહેવા માગે છે' એમ ધારી મારી સાથે બળાત્કારથી ભોગ કરવા તત્પર થયો. પણ હું સ્વભાવથી જ શુદ્ધ હોવાથી તેને તાબે થઈ નહિ. છતાં પણ લોકમાં 'આ મૂઢ આ સ્ત્રીને યથેચ્છ ભોગવે છે' એવી મારી મોટી અપકીર્તિ થઈ. મારી સખી 'અસ્થિર' પુત્રને મને સોંપી દઈને પોતાના પતિ સાથે આનંદમાં મગ્ન થઈ ગઈ. 'અસ્થિર'નું મેં લાલનપાલન કર્યું અને તેની દાદીમા (અવિદ્યા)ની અનુજ્ઞા લઈ તેનાં લગ્ન કર્યાં. તે સ્ત્રીનું નામ ચપલા હતું. તે પોતાના પતિને અનુકૂળ જુદાં જુદાં રૂપો અને મનોહર વેશો ધારણ કરતી અને પોતાની અત્યંત નિપુણતાથી તેણે પોતાના પતિને બહુ જ વશ કરી લીધો. 'અસ્થિર' પણ ક્ષણમાત્રમાં હજારો ગાઉ જઈ આવતો અને જરા પણ આરામ લેતો નહિ, તેમ જ ચપલા પણ જ્યારે જ્યારે તે જતો ત્યારે ત્યારે તેને ગમતું સ્વરૂપ ધારણ કરીને તે તે સ્થળે તેની સાથે રહેતી, અને પોતાના પતિ સાથે આનંદ કરતી. આ ચપલાને પાંચ પુત્રો થયા, તે માતાપિતા તરફ ભક્તિ-વાળા હતા અને સમર્થ હતા. એમને પણ મારી સખીએ મને સોંપી દીધા. મારી સખી તરફના સ્નેહને લીધે પોષણ આપી મેં તેમને બળવાન બનાવ્યા. તે પુત્રોએ જુદાં જુદાં, વિચિત્ર અને મોટાં સ્થળો બાંધ્યાં અને પોતાની માતાની મરજીથી પોતાના પિતાને વશ

કરી લીધો. અને પોતાનાં સ્થળોએ ક્ષણે ક્ષણે લઈ જવા લાગ્યાં. એકવાર 'અસ્થિર' પોતાના મોટા પુત્રના ભવનમાં ગયો. મધુર સંગીત, મંગળ વાદ્યો, યજુર્વેદ, સામવેદ ને અથર્વવેદની ઋચાઓ અને મંત્રો, શાસ્ત્ર ને ઇતિહાસ, ભૂષણોનો ઝણકાર, ભમરાઓના સમૂહનું ગીત, કોયલનો પંચમ સ્વર, આમ તેણે સુંદર અને મધુર શબ્દો સાંભળ્યાં, તેથી ઘણો ખુશી થયો અને વધારે ને વધારે પુત્રને વશ થતો ગયો. આવી સ્થિતિ જોતાં પુત્રે તેને બીજા પ્રકારના શબ્દો પણ સંભળાવ્યા. સિંહોની ગર્જના, મેઘ અને વીજળીનો ઘોષ, ગર્ભસ્રાવ કરે અને બ્રહ્માંડને ફાડી નાખે તેવા ભયંકર તેમ જ કાનને ન ગમે તેવા અવાજો તેણે સાંભળ્યા. તે ઉપરાંત રુદન, વિલાપ અને શોકના વિચિત્ર શબ્દો પણ જુદે જુદે સ્થળેથી સાંભળ્યા અને તે ચકિત થઈ ગયો. ૪૨–૬૪

પછી બીજો પુત્ર તેને એકવાર પોતાના ભુવનમાં લઈ ગયો. ત્યાં તેણે કોમળ તેમ જ કઠણ સ્પર્શવાળાં આસનો અને શય્યાઓ જોઈ; ઠંડી અને ગરમ સ્પર્શવાળી વસ્તુઓ, સમધારણ સ્પર્શ થાય તેવી વિચિત્ર વસ્તુઓ તેણે જોઈ અને સુખકારક વસ્તુઓથી આનંદ અને દુઃખકારક વસ્તુઓથી દુઃખ અનુભવ્યું. પછી તે ત્રીજા પુત્રના ભવનમાં ગયો અને વિવિધ રંગો તેમ જ આકારો જોયા. રાતા, ધોળા, ભૂરા, લીલા, ભૂખરા, કાબરચીતરા તેમ જ જાડા, પાતળા, ઝીણા, જાડા, પહોળા ને ગોળ, અર્ધગોળ ને લંબગોળ સુંદર અને ભયંકર, તેજોમય તેમ જ બીભત્સ અને રૌદ્ર આકારોને જોયા. પછી ચોથો પુત્ર તેને પોતાના ભુવનમાં લઈ ગયો, ત્યાં તેને પુષ્પો અને ફળો પ્રાપ્ત થયાં. અમૃત જેવા મીઠા પેય પદાર્થોનું અને બીજા કેટલાક લેહ્ય, ચોષ્ય અને ભક્ષ્ય પદાર્થોનું સેવન કર્યું. કેટલાક પદાર્થો કડવા, તીખા, તૂરા, ખારા, ગળ્યા, ખાટા તેમ જ અનેકવિધ રસોના મિશ્રણવાળા હતા. આ વિચિત્ર રસોવાળા પદાર્થોનું તેણે પોતાના પુત્ર સાથે સેવન કર્યું. ત્યાંથી તેનો છેલ્લો પુત્ર તેને પોતાના વિચિત્ર ભુવનમાં લઈ ગયો, અને ત્યાં તેણે ઘણાં સુવાસિત પુષ્પો

અને ફ્ળો મેળવ્યાં. જુદી જુદી ઔષધિની વાસો, કોઈ ઠેકાણે સુગંધ તો કોઈ ઠેકાણે દુર્ગંધ, કોઈ ઠેકાણે મંદ વાસ તો કોઈ ઠેકાણે ઉગ્ર વાસ, કોઈ ઠેકાણે મોહ ને મૂર્ચ્છા ઉત્પન્ન કરે તેવી, તો કોઈ ઠેકાણે જાગૃતિ આણે તેવી, વિચિત્ર વાસો તેણે અનુભવી. આમ પુત્રોના એક ભુવનમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં તે જતો આવતો, અનુકૂળ પદાર્થો પામીને ખુશી થતો અને પ્રતિકૂળ પદાર્થો પ્રાપ્ત થતાં દુઃખી થતો. આમ તેના પુત્રોને તેનો નિત્ય સહવાસ મળવા લાગ્યો. ૬૫–૭૯

તે 'અસ્થિર' કોઈ કોઈવાર વિષયોનો ઉપભોગ કર્યા પછી છાનોમાનો પોતાને ઘેર લઈ જતો અને પુત્રો વિના એકાંતમાં 'ચપલા' સાથે તેનો ઉપભોગ કરતો. આમ ઘણો વખત ચાલ્યા પછી 'ચપલા'-ની બહેન (આશા) ત્યાં આવી, તેનું નામ 'મહાશના' હતું. તેણે 'અસ્થિર'ને પતિ તરીકે પસંદ કર્યો. પછી તે સ્ત્રીમાં તે અત્યંત આસક્ત થયો અને તેની પ્રીતિ માટે વિવિધ ઉપયોગી સામગ્રી લાવવા લાગ્યો. તે જે કંઈ લાવતો તે બધું ક્ષણમાત્રમાં તે ભક્ષણ કરી જતી. ફ્રી પાછી ભૂખ લાગતાં ભોગપદાર્થો લાવવા માટે તે પોતાના પતિને મોકલતી અને તે પણ લાવવાને માટે તૈયાર રહેતો. પોતાના પાંચ પુત્રો જે જે લાવતા તેમ જ પોતાનો પતિ જે કાંઈ લાવી આપતો, તે ક્ષણમાત્રમાં ખાઈ જવા છતાં ફરીથી તે ક્ષુધાપીડિત થતી. આમ ભોગપદાર્થો માટે પોતાના ધણીને અને પુત્રોને મોકલતાં મોકલતાં ઘણો સમય પસાર થઈ ગયો અને તેને બે પુત્રો થયા. તેમાં મોટાનું નામ જ્વાલામુખ હતું ને બીજાનું નામ નિન્દ્યવૃત્ત હતું; તે બંને પુત્રો તેની માતાને અત્યંત પ્રિય હતા. ૮૦–૮૮

પ્રેમથી એકવાર અસ્થિર 'મહાશના' પાસે બેઠો હતો ત્યારે 'જ્વાલામુખની' જ્વાલાઓને અંગે તેનાં બધાં અંગો દાઝી ગયાં અને 'અસ્થિર' અત્યંત પીડા પામીને મૂર્ચ્છિત થયો. વળી પોતાના પુત્ર નિન્દ્યવૃત્તના સંગથી બધા તરફથી નિંદાતો હતો અને મરી ગયા

જેવો થઈ જતો હતો. આમ જ્યારે 'અસ્થિર' દુઃખથી ઘેરાઈ ગયો, ત્યારે મારી સખી પોતાના પુત્ર ઉપરના સ્નેહને લીધે દુઃખી થઈ. આમ 'નિન્દ્યવૃત્ત' અને પોતાના પૌત્ર 'જ્વાલામુખ'ની સોબતથી તે નિંદા પામી અને તેનાં અંગો દાઝી જવાથી મરી ગયા જેવી થઈ ગઈ. હું પણ તેને સદા અનુસરતી હોવાથી જાણે હયાતી ન ધરાવતી હોઉં તેવી થઈ ગઈ. આમ મારી સખીના દુઃખે મેં ઘણાં વર્ષો દુઃખ ભોગવ્યું અને 'અસ્થિર' 'મહાશના'ને પરવશ હોવાથી પરતંત્ર હતો.

એક દિવસ કર્મયોગે 'અસ્થિર'ને દસ દરવાજાવાળું એક નગર મળ્યું; ત્યાં તે 'મહાશના' તેમ જ પુત્રો અને માતાઓ સાથે સુખની ઇચ્છાથી રહેવા લાગ્યો. પણ તેને ત્યાં દરરોજ દુઃખ પ્રાપ્ત થતું, કારણ કે એક પુત્રથી તેનાં અંગો દાઝી ગયાં હતાં, જ્યારે બીજાથી તે નિંદાતો હતો. તેની સ્ત્રી તેને આમતેમ ખેંચી જતી; પોતે પુત્રોનાં પાંચ ભુવનોમાં આમતેમ રખડ્યા કરતો. બિલકુલ આરામ કે સુખને પામી શકતો નહિ; અને આમ પોતાના પુત્રના દુઃખથી મારી સખી અત્યંત દુઃખી રહેતી હતી. મારી સખી મૂર્ચ્છિત જેવી તે શહેરમાં વસતી હતી. તે 'મહાશના' 'જ્વાલામુખ' અને 'નિન્દ્ય-વૃત્ત'ની સાથે રહેતી હતી. 'શૂન્યાખ્ય' નામની સાસુથી અને 'મૂઢ' નામના સસરાથી એ પોષણ પામેલી હતી. તે 'મહાશના' પોતાની શોકય 'ચપલા'થી અનુમોદન કરાયેલી હતી. તેણે 'અસ્થિર' પતિને વશ કર્યો હતો, અને હું સખી તરફથી પ્રીતિથી બંધાયેલી ત્યાં જ રહેતી હતી. ત્યાં સખીના દુઃખથી હું પણ હારી ગયા જેવી હતી, છતાં પણ બધાનું રક્ષણ કરવાનો યત્ન કરતી હતી. જો હું એક ક્ષણ પણ ત્યાં ન હોઉં તો તેમાંનું કોઈ પણ એક ઘડી પણ ટકી શકે તેમ નહોતું; કારણ કે મારાથી જ બધું રક્ષાયેલું હતું. સખીની સોબતનું એવું પરિણામ આવ્યું કે, 'શૂન્યાખ્ય' પાસેથી શૂન્યતા પ્રાપ્ત થઇ, 'મૂઢ'ની સોબતથી મૂઢતા પ્રાપ્ત થઈ, અસ્થિરની સોબતથી અસ્થિરતા પ્રાપ્ત થઈ, તેમ જ 'ચપલા' પાસેથી ચપલતા, 'જ્વાલામુખ' પાસેથી

જ્વાલામયતા અને 'નિન્દ્યવૃત્ત' પાસેથી નિંદ્યતા પ્રાપ્ત થઈ. જો હું મારી સખીને છોડી દઉં તો તે ક્ષણમાત્રમાં નાશ પામી જાય. ૮૯–૧૦૬

આ લોકોની સોબતથી સાધારણ લોકો મને પણ વ્યભિચારિણી ગણવા લાગ્યા, પણ જ્ઞાની પુરુષો તો મને શુદ્ધ જ માનતા. મારી મા અત્યંત શુદ્ધ આકાશથી પણ વિસ્તીર્ણ અને પરમાણુથી પણ સૂક્ષ્મ હતી, તે બધું જાણતી હતી છતાં પણ કોઈ તેને સમજી શકતું નહિ. તે સર્વ ક્રિયા કરનારી છતાં નિષ્ક્રિય હતી; સર્વને આશ્રય આપનારી છતાં નિરાધાર હતી; અને બધાના આધારરૂપ છતાં આશ્રયહીન હતી. સર્વરૂપિણી હોવા છતાં અરૂપ હતી; સર્વ સંગથી યુક્ત છતાં સંગ વગરની હતી અને સર્વત્ર દશ્યમાન હોવા છતાં કોઈ તેને ઓળખી શકતું નહિ. અત્યંત આનંદી હોવા છતાં આનંદરહિત તથા માતા-પિતાથી રહિત હતી. તેને મારા જેવી અસંખ્ય પુત્રીઓ હતી. સમુદ્રમાં જેમ અનેક તરંગો હોય છે તેમ મારા જેવા આચારવાળી તે બધી છે. એ બધી સખીઓના સહવાસવાળી હોવા છતાં હું મંત્ર( વિચાર )-વાળી છું અને સ્વરૂપે મારી માતાની સમાન છું. આ શહેરમાં મારી સખીનો પુત્ર જ્યારે થાકીને શાંત થાય છે ત્યારે એ 'અસ્થિર' માતાના ખોળામાં માથું મૂકીને નિરાંતે ઊંઘી જાય છે. જ્યારે 'અસ્થિર' ઊંઘી જાય છે ત્યારે તેના પુત્રો પણ ઊંઘી જાય છે, અને કોઈ પણ જાગતું નથી. તે વખતે 'અસ્થિર'નો પ્રિય મિત્ર 'પ્રચાર' ફરતો ફરતો તે શહેરનું રક્ષણ કરે છે. 'અસ્થિર' અને તેની માતા જ્યારે જંપી જાય છે ત્યારે 'અશુદ્ધ' સ્વભાવવાળી તેની વૃદ્ધ સાસુ તે બધાનું આચ્છાદાન કરીને પુત્રની સાથે તેનું રક્ષણ કરે છે. આમ બધાં સૂઈ જતાં હું મારી માતા પાસે જાઉં છું અને માતાને મળીને હું બહુ આનંદિત થાઉં છું. પછી જ્યારે તેઓ જાગ્રત થાય છે, ત્યારે પાછી હું તેમને અનુસરું છું. ૧૦૭–૧૧૯

'અસ્થિર'નો 'પ્રચાર' નામનો મિત્ર તો 'અસ્થિર' સહિત સૌનું પોષણ કરે છે, એટલું જ નહિ પણ એકનો અનેક થઈને શહેર અને

શહેરીઓમાં વ્યાપીને દરરોજ બધાંનું રક્ષણ કરે છે. જેમ દોરા વગરની માળાના પારાઓ જુદા જુદા થઈ જાય છે, તેમ 'પ્રચાર' વગર તે બધા જુદા જુદા થઈ જઈ નાશ પામી જાય છે. મારી શક્તિથી જ તેને સૂત્રધારપણું પ્રાપ્ત થાય છે, અને એક શહેર જીર્ણ થતાં 'પ્રચાર' તરત જ બીજા શહેરમાં ચાલ્યો જાય છે. આમ 'પ્રચાર'ની મદદથી તે જુદા જુદા દેશોના રાજા થાય છે. અસ્થિર સતીનો પુત્ર છે, મહાબળવાન પ્રચારનો આશ્રય મળેલો છે. હું તેને ઉત્સાહ આપું છું છતાં પણ તેના નસીબમાં તો દુઃખ જ લખાયેલું છે; કારણ કે તેને 'ચપલા' અને 'મહાશના' એવી બે સ્ત્રીઓ છે, 'જ્વાલામુખ' અને 'નિંદ્યવૃત્ત' એવા બે પુત્રો છે, તેમ જ બીજા પાંચ પુત્રોથી તે આમતેમ ખેંચાયેલો રહે છે, એટલે તેને મહાન ક્લેશ થાય છે અને લેશ પણ સુખ મળતું નથી. કોઈવાર 'ચપલા'થી પ્રેરિત થાય છે, ત્યારે ખિન્ન થાય છે. કોઈવાર 'મહાશના' માટે ભોગપદાર્થો લાવવામાં દોડાદોડી કરવી પડે છે. કોઈવાર 'જ્વાલામુખ'નો સંગ થતાં પગથી માથા સુધી દાહ થાય છે અને મૂર્ચ્છિત થઈ પડી જાય છે અને તેનો ઉપાય શું કરવો તે તેને સૂઝતું નથી. કોઈવાર 'નિંદ્યવૃત્ત'નો સમાગમ થતાં જગતમાં નિંદા અને ફજેતી પ્રાપ્ત થાય છે અને પોતાને મરી ગયેલા જેવો માનીને અતિ શોક કરે છે. ૧૨૦–૧૩૧

આ પ્રમાણે દુષ્ટ પત્ની અને દુષ્ટ પુત્રવાળો મોહવશ, ખરાબ કુળમાં ઉત્પન્ન થયેલો, પત્ની અને પુત્રોને પરવશ અને તેમનાથી જ હમેશાં દોરાયેલો, વિચિત્ર અને ઊંચાંનીચાં શહેરોમાં 'અસ્થિર' ફરતો રહે છે. કોઈ વાર ભયંકર અરણ્યમાં, કોઈ વાર હિંસક પશુઓથી ભરેલા પ્રદેશોમાં, કોઈવાર અતિ ગરમ પ્રદેશમાં, કોઈ વાર અતિ ઠંડા પ્રદેશોમાં, કોઈવાર અજ્ઞાનથી પૂર્ણ સ્થાનોમાં, કોઈવાર દુર્ગંધી સ્થળોમાં, કોઈવાર ગાઢ અંધકારવાળા પ્રદેશમાં 'અસ્થિર' અતિ દુઃખી થઈને ફર્યા કરે છે, અને આમ તેનો પુત્ર દુઃખી થતાં મારી સખી પણ દુઃખી થાય છે. તેઓની સોબતથી હું પણ અત્યંત આસક્ત હોવાથી સ્વભાવથી

શુદ્ધ હોવા છતાં તેના કુટુંબનું લાલનપાલન કરવામાં તત્પર રહું છું. પરંતુ દુસંગ કરીને કોણ સુખ મેળવી શકે છે? ગરમ ઉનાળામાં મુસાફરી કરતાં તરસની શાંતિ કોને રહે છે? આમ ઘણો કાળ વીતી જતાં એકવાર મારી સખી અત્યંત ખિન્ન થઈને મને એકાંતમાં મળી. મારી પાસેથી તેણે એક યુક્તિ પ્રાપ્ત કરીને સારો એવો પતિ મેળવ્યો. પછી પોતાના પુત્રને જીતી લીધો અને તેના કેટલાક પુત્રોને મારી નાખ્યા, તેમ જ કેટલાકને બાંધી મૂક્યા. પછી મારી સાથે મારી માતાના અંતઃ-પુરમાં આવી અને મારી માતાને મળી. તેથી નિર્મળ સ્વભાવની મારી સખી સહજ અને સ્વાભાવિક આનંદમાં નિમગ્ન થઈ ગઈ. એવી જ રીતે હે નાથ, તમે પણ આપણી સખીના 'દુર્વૃત્ત' પુત્રને સ્વાધીન કરો અને પોતાની માતા સાથે તેનો મેળાપ કરાવો અને નિત્યસુખને મેળવો. હે નાથ! સુખની પ્રાપ્તિરૂપ મેં પોતે અનુભવેલો આ ઉપાય મેં તમને કહ્યો.' ૧૩૨–૧૪૨

## અધ્યાય ૬ ઠ્ઠો–શ્રદ્ધાપ્રશંસા

પોતાની પત્નીનું ભાષણ સાંભળીને હેમચૂડને અત્યંત આશ્ચર્ય થયું અને હસીને એ વિદુષી પત્નીને કહ્યું: 'હે પ્રિયે! જે વાત તેં મને કહી તે મને અશક્ય લાગે છે; કારણ કે તારો જન્મ અપ્સરાથી થયો છે. તું જંગલમાં ઋષિથી ઉછેરવામાં આવી છે અને હજુ સુધી તો તને પૂરેપૂરું તારુણ્ય પણ પ્રાપ્ત થયું નથી, છતાં હજારો વર્ષ પહેલાંની વાત કરે છે. ખરેખર! આ બધું ભૂતના આવેશવાળા માણસના પ્રલાપ જેવું લાગે છે. હું નિઃસંશય રીતે તારું કથન કેવી રીતે માની શકું? તારી તે સખી ક્યાં છે? બંધનમાં રાખેલો તારી સખીનો પુત્ર ક્યાં છે? તે શહેરો કયા પ્રદેશમાં આવેલાં છે? અરે! આ બધા વૃત્તાંતનું શું પ્રયોજન છે? તું મને એટલું જ કહે કે, તારી તે સખી છે ક્યાં? મારી માતાને કોઈ સખી જ નથી. મારી માતા

તો અંતઃપુરમાં છે અને મારા પિતાને બીજી સ્ત્રી જ નથી. શું મારે તારું કથન વંધ્યાપુત્રની કથા જેવું અયથાર્થ સમજવું? એકવાર એક વિદૂષકે નાટકમાં કહ્યું, 'એક હતો વંધ્યાનો પુત્ર. તે એકવાર એક મહારથીના પ્રતિબિંબમાં જઈને રહ્યો. તેણે છીપમાં પ્રતીત થતી ચાંદીનાં ઘરેણાં ઘડાવીને શરીર પર ધારણ કર્યાં. પછી તેણે માણસનાં શિંગડાંનાં આયુધો વડે ગગનરૂપી જંગલમાં યુદ્ધ કર્યું. ત્યાં ભવિષ્યકાળના રાજાને મારી નાખ્યો અને ગંધર્વનગર જીતી લીધું. પછી મૃગજળમાં સ્વપ્નસુંદરી સાથે ક્રીડા કરી.' આ કથનના જેવું તારું કથાનક મને તો લાગે છે.' આ સાંભળી તે ચતુર સ્ત્રી બોલી: ૧-૧૨

'હે નાથ! મેં જે આપને કહ્યું તે અસંગત કેમ બની શકે? મારા જેવી સ્ત્રીનું કહેવું નિરાધાર સંભવી શકે નહીં. સત્યશીલ તપસ્વીઓના કુટુંબમાં તપનો ક્ષય કરનારી જૂઠી વાણી કોઢિયા પુરુષના સૌંદર્યની જેમ હોવી અશક્ય છે. જિજ્ઞાસુને જો કોઈ અસત્ય રીતે ભળતી જ વાણીથી ફોસલાવે છે, તો તેને તે અસત્ય દોષને લીધે ઊંચા કે નીચા લોકોમાં સુખ પ્રાપ્ત થતું નથી. જેને આંખમાં તિમિરરોગ–નેત્રરોગ થયો છે, તેને અંજન નહિ આંજતાં 'અંજન' શબ્દમાત્રથી દૃષ્ટિ પ્રાપ્ત થતી નથી, તેમ જ જિજ્ઞાસુને અર્થશૂન્ય શબ્દોથી સૂઝ પડતી નથી. અજ્ઞાની પુરુષને તો હિતસ્વી પુરુષે કહેલી વાત પણ ખોટી લાગે છે, પણ આપની બાબતમાં તો હું આપની પ્રિય સ્ત્રી છું અને આપ જિજ્ઞાસુ છો તો હું આપને અસત્ય માર્ગે કેમ દોરું? મારું ભાષણ જો અસત્ય લાગતું હોય તો આપ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરો; કારણ કે વ્યવહારકુશળ માણસો અમુક અંશની પરીક્ષા કરી સમગ્ર પ્રકારને જાણી લે છે. તે બાબતમાં આપને આપણું પોતાનું જ પહેલાંનું એક ઉદાહરણ આપું છું. પહેલાં જે વિષયો આપને સુખકારક લાગતા હતા, તે વિષયો મારાં વચનોથી હવે આપને સુખ આપતા નથી; પણ તે બીજા પુરુષોને તો તેવી જ રીતે સુખ આપતા હશે. આ કસોટીથી જ મારા કથનની સત્યાસત્યતા આપ જોઈ

શકશો. મેં જે આપને કહ્યું તે નિર્મળ બુદ્ધિથી ગ્રહણ કરો; સજ્જન પુરુષોના શબ્દોમાં અવિશ્વાસ એ જ મહાન શત્રુ છે. શ્રદ્ધારૂપિણી માતાનો આશ્રય લેવામાં આવે, તો સ્નેહથી તે મહાન ભયોમાંથી આપણું રક્ષણ કરે છે. આપ્ત પુરુષોનાં વચનોમાં શ્રદ્ધા નહિ રાખનાર માણસને લક્ષ્મી, સુખ કે યશ પ્રાપ્ત થતાં નથી. આમ શ્રદ્ધાહીન મનુષ્ય દીનહીન બની જાય છે. શ્રદ્ધા જગતનો આધાર છે, શ્રદ્ધા એ જ સર્વનું જીવન છે; માતા ઉપર શ્રદ્ધા નહિ રાખનાર બાળક કેવી રીતે જીવી શકે? પત્ની તથા છોકરાંઓમાં શ્રદ્ધાવિહીન પુરુષ સુખી કેવી રીતે થઈ શકે? જો ખેડૂત શ્રદ્ધાવિહીન હોય તો જમીનને કેવી રીતે ખેડી શકશે? જો તે શ્રદ્ધારહિત હશે તો ધાન્યનો સંગ્રહ કે ત્યાગ કરવામાં તે પ્રવૃત્તિ કરશે નહિ. શ્રદ્ધા જ જો નષ્ટ થાય તો જગતનો વ્યવહાર નાશ પામે. આપણે કોઈકવાર સાંભળીએ છીએ કે, વિશ્વવ્યવહાર પ્રત્યક્ષ ફલમૂલક છે, કેવળ શ્રદ્ધામૂલક નથી. તેમાં પણ જે ફળ મળવાની વાત છે તે ભવિષ્યને લગતી છે. તરત જ ફળ મળતું નથી, એટલે એવી માન્યતા એટલે જ શ્રદ્ધામાં માન્યતા. શ્રદ્ધાનો નાશ થતાં લોકવ્યવહાર અટકી પડે છે અને શ્રદ્ધાના અભાવે શ્વાસ પણ ટકી શકતો નથી, માટે દૃઢ શ્રદ્ધા રાખો અને પરમ સુખને મેળવો. જો આપ માનતા હો કે બીજે ઠેકાણે શ્રદ્ધા ન રાખવી, તો આ પ્રવૃત્તિ શ્રદ્ધાથી જ થઈ છે. જો શ્રદ્ધા ન હોત તો આ પ્રવૃત્તિ કેવી રીતે બની આવત?' આવું સાંભળીને હેમચૂડે પોતાની સ્ત્રીને કહ્યું: ૧૩–૩૨

'હે પ્રિયે! જો શ્રદ્ધા રાખવી જ હોય તો સજ્જન પુરુષોમાં જ સર્વથા શ્રદ્ધા રાખવી કે જેથી કલ્યાણ થાય. નહિતર બહારથી સરલ દેખાતી છતાં અંદરથી તીક્ષ્ણ ધારવાળા વાંકા આંકડાવાળી જાળમાં જેમ માછલાંઓ નાશ પામે છે, તેમ અયોગ્ય સ્થળે શ્રદ્ધા રાખવાથી નાશનો પ્રસંગ બની આવે છે; માટે સત્પુરુષોમાં જ શ્રદ્ધા રાખવી, અસત્પુરુષોમાં નહિ. દુર્જન ઉપર વિશ્વાસ રાખવાથી જેમનો

નાશ થયો અને સજ્જન ઉપર વિશ્વાસ રાખવાથી કલ્યાણ થયું, તેનો દાખલો આપણી સમક્ષ જ છે. અનુભવ કરીને પછી જ શ્રદ્ધા રાખવી; તે વગર શ્રદ્ધા રાખવી યોગ્ય નથી. આમ હોવાથી તારું વિધાન કેમ સંભવી શકે?' ૩૩–૩૭

આ સાંભળીને હેમલેખાએ ફરીથી પોતાના પતિને કહ્યું: 'હે રાજકુમાર! 'તારું વિધાન કેમ સંભવે' એમ જે આપે કહ્યું તે વિષે સાંભળો. આ સાચું છે કે ખોટું એમ આપણે નિર્ણય કરીએ છીએ તે કયા આધારથી? આપ કહેશો કે શ્રદ્ધા લક્ષણમૂલક છે અને પ્રમાણથી લક્ષણજ્ઞાન થાય છે; પણ જેને શ્રદ્ધા જ નથી તેને કયું પ્રમાણ ઉપયોગી નીવડશે તે મને પહેલાં કહો. બીજાં ગમે તેટલાં પ્રમાણો હોય, પણ મૂળમાં પ્રમાતા (પ્રમાણ કરનાર) નથી એટલે જ શ્રદ્ધાને આશ્રય કરીને આ બધો લોકવ્યવહાર ચાલે છે. આપ દત્તચિત્ત થઈ સાંભળો, અસંભાવ્ય તર્કવાળો કે બિલકુલ તર્ક વગરનો આ લોકમાં કે પરલોકમાં કલ્યાણ પ્રાપ્ત કરી શકતો નથી, પણ તેમાંયે તર્કરહિત મનુષ્યનું તો કોઈ વાર પણ કાળે કરીને કલ્યાણ થાય છે; પણ અસંભાવ્ય તર્કવાળા મનુષ્યનું કલ્યાણ કદાપિ થતું નથી. તેમાં એક ઉદાહરણ કહું છું તે સાંભળો. ૩૮–૪૫

'કોઈ એક કૌશિક નામના ઋષિ સહ્યાદ્રિ પર્વત પાસે ગોદાવરી નદીના કાંઠે રહેતા હતા; તે શાંત અને જગતના તત્ત્વને જાણનારા હતા. તેમના આશ્રયમાં ઘણા શિષ્યો રહેતા હતા. તેઓ એકવાર પોતાના ગુરુની ગેરહાજરીમાં આ વિશ્વના સ્વરૂપનો પોતપોતાની બુદ્ધિ મુજબ નિર્ણય કરવા એકઠા થયા અને પોતપોતાનો મત પ્રતિપાદન કરવા લાગ્યા. તે વખતે શુંગ નામનો મહાબુદ્ધિમાન બ્રાહ્મણ ત્યાં આવી ચડ્યો અને પોતાના બુદ્ધિકૌશલ્યથી તેણે બધાના મતોમાં ભૂલો દેખાડી આપી. તે વિપ્ર શાસ્ત્રશ્રદ્ધારહિત હતો. તેની અધ્યાત્મબુદ્ધિ નહિ જેવી હતી, છતાં પણ તે વાદવિવાદમાં કુશળ હતો એટલે 'પ્રમાણથી જે સિદ્ધ થાય તેજ સત્ય' એમ તેણે બધાને સમજાવ્યું.

જો કે તે શાસ્ત્રવિરુદ્ધ તર્ક કરનારો હતો, છતાં તે વખતે તેણે તર્કવાદથી બધાને નિરુત્તર કર્યા. તેણે વાદવિવાદ દરમિયાન બ્રાહ્મણોને કહ્યું, 'પ્રમાણથી જ જે સિદ્ધ થાય તે સત્ય' એમ જે મેં કહ્યું હતું તે કથન બરોબર નથી; કારણ કે સત્યને સાબિત કરનારાં પ્રમાણો જ દૂષિત હોવાથી અસત્ય ઠરે છે. માટે પ્રથમ તો પ્રમાણો-ની જ શુદ્ધતા સાબિત થવી જોઈએ અને એ પ્રમાણોને સાબિત કરવા માટે બીજાં પ્રમાણોની જરૂર પડશે. ત્યાં પણ એ જ પ્રશ્ન થશે કે, 'આ પ્રમાણો પણ શુદ્ધ છે કે અશુદ્ધ?' આમ પરંપરાએ અન-વસ્થા દોષ પ્રાપ્ત થાય છે અને કાંઈ પણ સત્યરૂપે સિદ્ધ કરી શકાતું નથી. પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય નિશ્ચિત થઈ શકતાં નથી. આ જે સર્વ આભાસ દેખાય છે તે શૂન્યને આશ્રયે રહેલો છે અને તે શૂન્યરૂપે જ રહે છે, કારણ કે તે પ્રમાણોનો વિષય નથી; માટે આ બધું શૂન્યરૂપ છે અને બીજું કાંઈ નથી એમ નિર્ણય થાય છે.' આવાં શુંગનાં વચનો સાંભળીને મંદબુદ્ધિવાળા બ્રાહ્મણો આ દેખીતા નિશ્ચયમાં વિશ્વાસ કરીને શૂન્યવાદી બન્યા અને નાશને પામ્યા; પરંતુ જેઓ વિચારશીલ હતા તેઓએ શુંગનો મત કૌશિક ઋષિને જણાવ્યો અને કૌશિક ઋષિએ સમાધાન કરતાં તેઓ સમાહિત ચિત્ત થયા. માટે હે રાજપુત્ર! અસંભાવ્ય તર્કને છોડી દઈને શાસ્ત્રાનુકૂળ તર્કો કરીને આપનું કલ્યાણ કરો.' ૪૬–૫૮

આવું હેમલેખાનું કહેવું સાંભળીને હેમચૂડ ઘણો વિસ્મિત થયો અને તેને કહેવા લાગ્યો: 'હે સ્ત્રી! આ પ્રકારની તારી વિદ્વત્તા હું પહેલાં ઓળખી શક્યો નહિ! તને પણ ધન્ય છે અને તારો સંગ થવાથી મને પણ ધન્ય છે. તું કહે છે કે, શ્રદ્ધાથી જ શ્રેયની સિદ્ધિ થાય છે; પણ એ શ્રદ્ધા ક્યાં રાખવી અને ક્યાં ન રાખવી? શાસ્ત્રો અનંત છે, તેના અર્થો ઘણીવાર પરસ્પર વિરોધી હોય છે. વળી આચાર્યોના મતો પણ ભિન્ન ભિન્ન હોય છે. ટીકાકારો પણ જુદા જુદા મતો આપે છે અને આપણી બુદ્ધિ તો અસ્થિર હોય છે. આમાં

ગ્રહણ શું કરવું અને શું ન કરવું? જેને જે રુચે છે તેને તે સત્ય તરીકે ઓળખાવે છે અને બીજાને અનિશ્ચિત અને હાનિકારક તરીકે ઓળખાવે છે. આવો પ્રકાર હોવાથી આનો કોઈ પ્રકારનો અંત આવતો નથી. જેઓ શૂન્યવાદી છે તેઓ અશૂન્યવાદીના દોષ શોધી કાઢે છે અને તેઓને પણ શાસ્ત્રનો આધાર હોય છે, તો પછી તે અશ્રદ્ધેય છે એમ પણ કેમ કહેવાય? આનો પણ તેં વિચાર કર્યો નથી એમ નથી, તો મને જે બરોબર હોય તે કહે.' ૫૯-૬૬

## અધ્યાય ૭ મો: ઈશ્વરનું સ્વરૂપ

પોતાના પ્રિય પતિએ એ પ્રમાણે પૂછતાં જગતના મર્મને જાણનારી તે વિદુષી હેમલેખા બોલી: 'હે નાથ! આપ સ્થિરતા અને આદરપૂર્વક સાંભળો. મન વાંદરાની જેમ હમેશાં ચંચળ છે. સર્વ સાધારણ મનુષ્યો એનાથી મહાન અનર્થને પામે છે. ચંચળ મન જ બધાં દુઃખોનું મૂળ છે. ઊંઘમાં મન ગતિહીન બનતાં સુખ પ્રાપ્ત થાય છે, માટે હું કહું છું તે ધ્યાનપૂર્વક સાંભળો. આદર વગર સાંભળેલું નહિ સાંભળ્યા જેવું થાય છે અને ચિત્રમાંના વૃક્ષની પેઠે ફલહીન હોય છે. શાસ્ત્રાધારરહિત તર્કનો વિનાશક માર્ગ છોડી દઈને શાસ્ત્રાનુકૂળ તર્કનો માર્ગ ગ્રહણ કરવાથી શીઘ્ર ફળ મળે છે. સુવિચારનો આશ્રય થવાથી એકનિષ્ઠ સાધન થઈ શકે છે અને સુવિચારથી ઉત્પન્ન થતી શ્રદ્ધાથી મનુષ્ય ફળ મેળવવાને શક્તિમાન બને છે. માટે કુતર્કને છોડી દઈને આપમેળે વિચાર કરો. આખા જગતની પ્રવૃત્તિ શ્રદ્ધાથી જ સફળ બને છે. સુવિચારથી જ યોગ્ય કાળે ખેડૂત જમીન ખેડે છે અને વિચારથી તથા શ્રદ્ધાથી જ સોનું, રૂપું, રત્નો, ઔષધો વગેરેનાં સ્વરૂપો નિશ્ચિત થાય છે; માટે સુવિચાર અને શ્રદ્ધા વડે પોતાના હિતનો નિશ્ચય કરવો. પહેલી કથામાં આવ્યું તેમ શુંગ મુનિની માફક કેવળ તર્ક કરીને પુરુષાર્થમાંથી અટકવું જોઈએ

નહિ. શ્રદ્ધાયુક્ત અને પુરુષાર્થ કરનાર નાશ પામતો નથી. દઢ પુરુષાર્થનો આશ્રય કરનાર ફળને પ્રાપ્ત શા માટે ન કરે? પુરુષાર્થથી જ ખેડૂતો ધાન્યને, વણિકો ધનને, રાજાઓ રાજ્યલક્ષ્મીને, બ્રાહ્મણો સુખ આપનારી વિદ્યાને, શૂદ્રો સેવાને, દેવતાઓ અમૃતને, તપસ્વીઓ ઉત્તમ લોકોને અને બીજાઓ ઇષ્ટ પદાર્થને મેળવે છે. કુતર્ક કરનાર અને શ્રદ્ધારહિત પુરુષને થોડું એવું પણ ફળ ક્યાં અને ક્યારે મળ્યું એ મને વિચાર કરીને કહો. એકવાર ફળ ન મળતાં જેની શ્રદ્ધા ઊડી જાય છે, તેવા પુરુષને જ પોતાનો શત્રુ માનવો. માટે શ્રદ્ધા અને સુવિચારથી પોષણ પામેલ પુરુષાતનનો આશ્રય કરીને મોક્ષનું જે પરમ સાધન છે તેનો આશ્રય કરો. મોક્ષ પ્રાપ્ત કરવાનાં સાધનો અનેક પ્રકારનાં છે. તેમાં જે આચરણ સુલભ હોય તેને જ મુખ્ય માનવું. સુવિચાર અને અનુભવથી સાધનનો નિશ્ચય કરીને આરંભ કરવો. તે વિષે હું જે કહું છું તે સાંભળો. ૧-૧૯

'જેને પ્રાપ્ત કરવાથી દુઃખ કે શોકનો પ્રસંગ આવતો નથી તેને જ પરમ કલ્યાણ ગણવું; અને સૂક્ષ્મ દષ્ટિથી વિચાર કરતાં આ વિશ્વમાં તો બધે દુઃખ જ દેખાય છે. જે દુઃખમિશ્રિત છે તે પરમ શ્રેયરૂપ નથી; ધન, પુત્રો, સ્ત્રી, રાજ્ય, ભંડાર, બળ, યશ, વિદ્યા, બુદ્ધિ, સુંદર દેહ, સૌંદર્ય આ બધું કાળરૂપી સર્પના મુખમાં ગ્રસાયેલું હોવાથી અસ્થિર છે. જ્યાં સુધી સર્વ દુઃખોના અંકુરને ઉત્પન્ન કરનાર સૂક્ષ્મ બીજ રહેલું છે, ત્યાં સુધી આત્યંતિક કલ્યાણ કેવી રીતે પ્રાપ્ત થાય? પરમ કલ્યાણનું મુખ્ય સાધન તો જુદું જ છે. 'ધન વગેરે ભોગપદાર્થો ઉપાદેય છે' એ વિચાર ચોખ્ખો ભ્રમ છે. આ વિચાર મોહથી જ ઉત્પન્ન થાય છે અને જગતને ઉત્પન્ન કરનાર મહેશ્વર જ આ મોહને ઉત્પન્ન કરે છે તેથી બધા મોહિત થયેલા છે. ૨૦-૨૫

'કોઈ માંત્રિક પોતાની થોડી એવી વિદ્યાના બળથી પણ કેટલાકને ભ્રમ ઉત્પન્ન કરી શકે છે, પણ તેની વિદ્યા પરિમિત હોવાથી બધામાં તે ભ્રમ ઉત્પન્ન કરી શકતો નથી, પરંતુ આખા

વિદ્યાવાળો આ જાદુગર પણ લોકોને છેતરે છે, તો મહાદેવ જે મહામાયાવી છે, તેને તો કોણ સમજી શકે? આ જગતમાં પ્રતિવિદ્યાના બળથી જાદુગરની અલ્પ માયાને જે ઓળખી જાય છે, તે મોહ પામતો નથી, સ્વસ્થ રહે છે અને ચિરસુખને મેળવે છે. પણ એટલી એવી પણ પ્રતિવિદ્યા તે જાદુગરનો આશ્રય કર્યા વગર અને કૃપા મેળવ્યા વગર મેળવી શકાતી નથી; તો મહામાયાવી ઈશ્વરને પ્રસન્ન કર્યા સિવાય આ જગતરૂપ મહામોહનું ઉલ્લંઘન કેવી રીતે થઈ શકે? માટે સર્વ ભાવથી તેનું શરણ ગ્રહણ કરો. જે તેને બરોબર પ્રસન્ન કરે છે, તે તેની કૃપાથી મહાવિદ્યા મેળવે છે, અને મહામોહમાંથી પાર તરી જાય છે. ૨૬-૩૧

'બીજા પણ કલ્યાણની પ્રાપ્તિના માર્ગો શાસ્ત્રમાં કહેલા છે, પણ તે બધા મહેશ્વરની કૃપા વગર સફળ નીવડતા નથી; માટે વિશ્વના કારણરૂપ મહેશ્વરની ઉપાસના કરવી અને ઉપાસનાથી જ્યારે તે કૃપા કરશે, ત્યારે તે સર્વ સાધનો પ્રાપ્ત કરાવી દેશે. આ જગતરૂપ કાર્ય પ્રત્યક્ષ દેખાય છે, પણ પૃથ્વી, પાણી, તેજ વગેરે પંચભૂતો પ્રત્યક્ષ દેખાતાં નથી; પરંતુ તે બધા પદાર્થો છે, તો તેનો કોઈ કર્ત્તા હોવો જોઈએ. આમ યુક્તિપૂર્વક પુષ્કળ શાસ્ત્રોએ દૃઢ કર્યું છે. આ જગતનો કોઈ એક કર્તા છે અને તે અસાધારણ કાર્યકર્તા છે એમ નિશ્ચય થઈ શકે છે. કેટલાંએક શાસ્ત્રો 'આ જગત કર્તા વગરનું છે અને આપોઆપ ઉત્પન્ન થયું છે' એમ પ્રતિપાદન કરે છે, તો બીજાં સુવિચારવાળાં અને યુક્તિપ્રધાન શાસ્ત્રો તેમાં વિચારદોષ બતાવે છે. કેવળ પ્રત્યક્ષ પ્રમાણથી વિચાર કરનાર અને 'આત્મા નથી' એમ સિદ્ધ કરનાર શાસ્ત્ર એ સાચું શાસ્ત્ર નથી, પણ આભાસ માત્ર ગણવું. શુષ્ક તર્કોથી ભરેલાં તે શાસ્ત્રોને ત્યાજ્ય ગણવાં. કેટલાએક કહે છે કે, 'આ સનાતન જગત જેણે ઉત્પન્ન કર્યું તેણે જ્ઞાનપૂર્વક ઉત્પન્ન કર્યું નથી, તે જડ તત્ત્વોથી નિયમન કરાયેલું લાગે છે.' આ તેમનું કહેવું વિચારપૂર્વક નથી. ક્રિયા બુદ્ધિપૂર્વક જ હોય છે. જો

પ્રથમ બુદ્ધિ–આયોજન–ન હોય તો કાંઈ પણ ઉત્પન્ન થઈ શકે નહિ. પુષ્કળ શાસ્ત્રોએ આ જગતનો કર્તા બુદ્ધિમાન છે એમ નક્કી કર્યું છે. તેનું કોઈ પણ કાર્ય અપૂર્ણ દેખાતું નથી. આ પ્રમાણે યુક્તિ-પ્રધાન શાસ્ત્રો વડે આ જગતનો કર્તા લૌકિક કર્તાઓ કરતાં જુદો છે, એમ નક્કી થાય છે. તેનાં કાર્યો અચિંત્ય છે એટલે તે પણ અનંત શક્તિવાળો અને અપાર સામર્થ્યવાળો હોવો જોઈએ. પોતાને શરણે આવેલાનો ઉદ્ધાર કરવામાં તે એક જ સમર્થ છે, માટે સર્વ-ભાવથી તેનું શરણ ગ્રહણ કરો. ૩૨–૪૩

'આ બાબતમાં વિશ્વાસ ઉત્પન્ન કરનારું એક દૃષ્ટાંત હું આપને કહું છું. આ દુનિયામાં અલ્પ ઐશ્વર્યવાળો માણસ પણ જ્યારે નિષ્કપટભાવથી સેવા કરતાં પ્રસન્ન થાય છે, ત્યારે પોતાના આશ્રિતનું હિત ઇચ્છીને તેના મનોરથો જલદીથી પૂરા કરે છે, તો પછી ત્રણે લોકના અધિપતિ અને ભક્તવત્સલ ભગવાન જ્યારે ખરેખર પ્રસન્ન થાય છે, ત્યારે તેનું ઇચ્છિત શું નથી મળતું? આ દુનિયામાં ઐશ્વર્ય-વાન પુરુષો તો અનિયમિત, નિષ્ઠુર અને કરેલાં કામની કદર નહિ કરનારા છે, પણ પરમેશ્વર તો દયાના સાગર છે, કરેલા કામને જાણ-નારા છે, નિયમિત છે અને નિશ્ચિતપણે ફળને આપનારા છે. આમ જો ન હોત તો આ જગતમાં તે સર્વવંદ્ય કેવી રીતે બની શકત? અને આ સંસાર વ્યવસ્થિત કેવી રીતે ચલાવી શકત? વ્યવસ્થા વગર-ના રાજાનું રાજ્ય નાશ પામે છે તે આપણે જોઈએ છીએ, તો આ કૃપાળુ ભગવાન વ્યવસ્થિત છે એમાં શંકા નથી. માટે હે રાજકુમાર! સર્વભાવથી ભક્તિપૂર્વક તેનું શરણ ગ્રહણ કરો તો તે આપને જલદી પરમ કલ્યાણ આપશે. ૪૪–૫૦

'આ ઈશ્વરની ઉપાસનાના પુષ્કળ પ્રકારો છે. કાંઈક સંકટનિવા-રણ માટે, કાંઈક લાભ માટે એમ ઉપાસના બહુ રીતે થાય છે, પણ નિષ્કામ ઉપાસના કોઈક જ કરે છે. નિષ્કામ ઉપાસના એ જ સાચી ઉપાસના છે. એ તો આપણે જોઈએ છીએ કે દુઃખી માણસો ઈશ્વર-

ને પૂજે છે અને દયાળુ પ્રભુ કોઈવાર સંકટગ્રસ્ત ભક્તનું રક્ષણ કરે છે. અથવા તો કોઈવાર ઉપાસના અધૂરી રહેતાં કે એવા જ બીજા કોઈ કારણથી ઈશ્વર તેની ઉપેક્ષા કરે છે. તેવી જ રીતે લાભની ઇચ્છા-વાળાને પણ બને છે. આ ઉપાસનાનું ફળ અનિયમિત અને અલ્પ છે; પણ જે નિષ્કામ ઉપાસના કરે છે તેની નિષ્કામતા લાંબે વખતે ઓળખીને સંસારના ઐશ્વર્યવાન લોકો અવ્યવસ્થિત અને અનિયમિત હોવા છતાં પોતાના સેવકને અધીન થઈ જાય છે, પણ તેમને તો સેવકનો શુદ્ધભાવ ઓળખતાં વાર લાગે છે; પરંતુ આ ઈશ્વર બધાનાં હૃદયના સ્વામી હોવાથી તેના અંતઃકરણનો મર્મ જાણી લે છે અને તરત જ ફળ આપે છે. સંકટગ્રસ્ત અને અર્થાર્થી ભક્તને તેનું ઇચ્છિત આપવાને માટે પોતાની નિયતિશક્તિ મુજબ અને તેનાં પૂર્વકર્મને અનુસરીને ફળ આપે છે, પણ નિષ્કામ ઉપાસક અનન્ય ભાવે શરણે આવેલો છે, એમ જાણીને તેના યોગક્ષેમનો ભાર પોતે ઉપાડી લે છે, અને પૂર્વકર્મની અપેક્ષા નહિ રાખતાં, તેમ જ નિયતિશક્તિની પરવા નહિ કરતાં તેને મોક્ષનાં સાધનો જલદીથી મેળવી આપીને શીઘ્ર ફળ આપે છે. આમાં જ તે ઈશ્વરનું ઈશ્વરત્વ અને સ્વાતંત્ર્ય રહેલું છે. પૂર્વકર્મ અથવા નિયતિ ઈશ્વરથી વિમુખ ઉપર પોતાનું બળ અજ-માવી શકે છે; ઈશ્વર પોતાના ભક્તને માટે પૂર્વકર્મ અને નિયતિનું ઉલ્લંઘન કરે છે, એ દૃષ્ટાંત ઈશ્વરભક્ત માર્કંડેયથી પૂરું પડે છે. ૫૧–૬૦

'હે પ્રાણનાથ! આ બાબતમાં હું બીજું થોડુંએક કહું છું તે સાંભળો. જો કે પ્રારબ્ધ અને નિયતિ ઉલ્લંઘન કરી શકાય તેવાં નથી, તોપણ પુરુષાર્થ નહિ કરનારને તો પ્રારબ્ધ અભેદ્ય જ રહે છે. પ્રાણા-યામનો અભ્યાસ કરનારને પ્રારબ્ધ–દુઃખનો સ્પર્શ થતો નથી. જેઓ પ્રયત્ન કરતા નથી તેઓ પ્રારબ્ધરૂપી સર્પના મુખમાં જઈ પડે છે, એવો નિયતિનો સંકલ્પ છે અને અનુભવ પણ એમ જ કહે છે. નિયતિ એ ઈશ્વરની શક્તિ છે અને સંકલ્પ તેનું સ્વરૂપ છે. ઈશ્વર સત્યસંકલ્પ છે એટલે નિયતિ જીવોથી ઉલ્લંઘન કરી શકાતી નથી. જો કે તેની

ગતિ અપ્રતિહત છે તથાપિ ઈશ્વરભક્ત આગળ તેની ગતિ કુંઠિત થઈ જાય છે. માટે કુતર્કોને છોડી દઈને નિષ્કામ ભાવે મહેશ્વરને શરણે જાઓ અને તે આપને કલ્યાણસ્થાને પહોંચાડશે. કલ્યાણના શિખર પર ચઢવા માટે આ પહેલું પગથિયું છે, બીજે માર્ગે જવાથી તો અલ્પ ફળ પણ મળે તેમ નથી.' ૬૧–૬૮

હે પરશુરામ! હેમચૂડ આ સાંભળીને અતિ પ્રસન્ન થયો અને ફરીથી પોતાની સ્ત્રીને પૂછવા લાગ્યો: 'હે પ્રિયે! જે ઈશ્વરને શરણે જવાનું છે તેનું સ્વરૂપ તું મને કહે. તે સર્વકર્તા, સ્વતંત્ર અને પોતાની શક્તિથી આ જગતનું સંચાલન કરનાર છે. કોઈ તેને વિષ્ણુ કહે છે, કોઈ શિવ કહે છે, કોઈ ગણપતિ કહે છે, કોઈ સૂર્ય કહે છે, કોઈ નૃસિંહ, કોઈ બુદ્ધ, કોઈ સુગત, કોઈ અર્હત્, કોઈ વાસુદેવ, કોઈ પ્રાણ, કોઈ ચંદ્ર, કોઈ અગ્નિ, કોઈ કર્મ, કોઈ પ્રધાન, કોઈ અણુ–એમ સૌ તેને જુદે જુદે નામે કહે છે. આમ જગતના કારણ સંબંધમાં વિવિધતા રહેલી છે, તો તેમાં કયે ઠેકાણે ઈશ્વરભાવ રાખવો તે મને કહે. તને અજાણ્યું હોય એવું કાંઈ પણ નથી, કારણ કે ભગવાન વ્યાઘ્રપાદ બ્રહ્મજ્ઞાની હતા; એટલે તું સ્ત્રી હોવા છતાં આ જ્ઞાન તારામાં પ્રગટ થયેલું છે. વળી શ્રદ્ધાળુ હોવાથી તારો ઉપદેશ ગ્રહણ કરવા હું ખુશી છું, કારણ કે તે મને પ્રિય લાગે છે.' ૬૯–૭૫

તેના પતિએ આ પ્રમાણે પૂછ્યું એટલે હેમલેખા ખુશી થઈને બોલી: 'હે નાથ! ઈશ્વરનો સ્વરૂપનિર્ણય સાંભળો: આ જગતરૂપી આડંબરને ઉત્પન્ન કરનાર અને લય કરનાર ઈશ્વર જ છે, અને તે જ વિષ્ણુ, તે જ શિવ, તે જ બ્રહ્મા, તે જ સૂર્ય અને તે જ ચંદ્ર છે. લોકો તેનું અનેક પ્રકારે નિરૂપણ કરે છે, પણ ખરેખર તો તે શિવ પણ નથી, વિષ્ણુ પણ નથી, બ્રહ્મદેવ પણ નથી અને બીજો કોઈ પણ દેવ નથી. આ વિષય આપને સ્પષ્ટતાથી સમજાવું છું તો એકાગ્રતાપૂર્વક સાંભળો. જેઓ શિવભક્ત છે, તેઓ તેમને ત્રિનેત્ર અને પંચમુખવાળા માને છે. ૭૬–૭૯

'આમ જુદા જુદા ધર્મવાળાઓ ઈશ્વરને જુદી જુદી રીતે કલ્પી લે છે, પણ સામાન્ય બુદ્ધિથી વિચાર કરીએ તો ઘડાનો બનાવનાર કુંભાર જેમ ચેતન અને શરીરવાળો છે, તેમ આ જગતનો કર્તા પણ હોવો જોઈએ, અને આ દુનિયાના વ્યવહારમાં પણ કર્તા ચેતન અને શરીરી હોય છે, એમ સામાન્ય અનુભવ છે. શરીર વગરનો અને ચેતનરહિત કર્તા કયાંય પણ જોવામાં આવતો નથી, એટલે લાગે છે કે, ચેતનમાં જ કર્તાપણું મુખ્યપણે રહેલું છે. સ્વપ્નમાં પણ આ જીવ સ્થૂળ શરીરને છોડી દઈને ચૈતન્યમય દેહથી ઇષ્ટ પદાર્થોની સૃષ્ટિ કરે છે એમ બધાનો અનુભવ છે. ત્યાં ચેતન કર્તાને કાર્ય કરવામાં શરીર અને સાધન છે; જીવોને શરીરરૂપી સાધનની અપેક્ષા રહે છે, કારણ કે તેમની સ્વતંત્રતા મર્યાદિત છે. પણ જગત્કર્તા પરમેશ્વર પૂર્ણ સ્વતંત્ર હોવાથી કોઈ પણ સાધનની અપેક્ષા નહિ રાખતાં સંપૂર્ણ વિશ્વને ઉત્પન્ન કરે છે. એટલે તેને શરીર નથી એમ નિશ્ચિત થાય છે. જો એમ હોય તો લૌકિક કર્તા પ્રમાણે તેને પણ સામગ્રીની જરૂર પડે. વળી દેશ, કાળ વગેરે કારણોના સમૂહથી યુક્ત ઈશ્વર જો સૃષ્ટિ ઉત્પન્ન કરતા હોય, તો તે પણ એક જીવ જ નિશ્ચિત થાય! આથી તો તેમના પૂર્ણૈશ્વર્યનો નાશ થાય, કારણ કે જગતની ઉત્પત્તિ પૂર્વે તેમને કાંઈક સાધનની જરૂર પડશે અને એથી તેમનું સર્વકર્તાપણું પણ નાશ પામશે! તે ઈશ્વર દૃશ્યદેહની અપેક્ષા રાખ્યા સિવાય જગતને ઉત્પન્ન કરે છે અને તેથી તેને સ્થૂલદેહ નથી. હે પ્રિય! પરમેશ્વરના દેહશૂન્ય અને પરમરૂપમાં સ્થૂલ બુદ્ધિવાળા લોકોની બુદ્ધિ ચાલતી નથી, એટલે તેઓ ભક્તિપૂર્વક પોતપોતાની બુદ્ધિ પ્રમાણે તેનું ધ્યાન ધરે છે, અને તે ભક્તવત્સલ ઈશ્વર તે તે સ્વરૂપો સ્વયમેવ જ ધારણ કરે છે, તેથી એ નિશ્ચિત થાય છે કે, પરમાત્મા શુદ્ધ ચેતનરૂપ છે અને તેમનો દેહ પણ પરમ ચેતનરૂપ છે—એ જ એમની મહા સત્તા—મહાચિતિ છે, અને તે જ મહાસ્વામિની પરમેશ્વરી દેવી ત્રિપુરા છે. વસ્તુતઃ એકરૂપ ત્રિપુરા જગતરૂપે ભિન્નભિન્ન રૂપે દેખાય છે. આ

જડ અને ચેતન જગત દર્પણમાં દેખાતા નગરની માફક મૂળ તો ચૈતન્ય-રૂપ જ છે, એટલે તેમાં ઊંચાપણાની કે નીચાપણાની ભાવના જ અસ્થાને છે! આ સિવાય ઈશ્વરનાં જે સ્થૂલ રૂપો માનવામાં આવે છે તેમાં કાંઈ મહત્ત્વ નથી, માટે દેહરહિત પરમ ચૈતન્યસ્વરૂપની ઉપાસ-ના કરવી. આ સ્વરૂપનું ધ્યાન કરવાની શક્તિ ન હોય તો પોતાની બુદ્ધિને ગમે એવા સાકાર રૂપનું ધ્યાન કરવું અને તેની જ નિષ્કામ ભક્તિ કરવી. આમ કરવાથી પણ પરમ શ્રેયની પ્રાપ્તિ થાય છે. હે રાજપુત્ર! આમ ભક્તિ–ઉપાસના સિવાય બીજા કોઈ પણ માર્ગે કોટિ-જન્મમાં પણ બંધનમાંથી છુટકારો થતો નથી.' ૮૦–૯૫

# અધ્યાય ૮ મો : સંસારવિવરણ

આ પ્રમાણે પોતાની પ્રિય પત્નીનાં વચનો સાંભળીને હેમચૂડ મહેશ્વરના ચૈતન્યમય સ્વરૂપની પૂર્ણપણે ઓળખ કરી શક્યો. મહે-શ્વરી દેવી ત્રિપુરા સગુણ રૂપવાળી અને ઐશ્વર્યસંપન્ન છે અને તેનું જ ધ્યાન સર્વશ્રેષ્ઠ છે, એવી ભાવના તેના ચિત્તમાં દૃઢ થઈ; અને આમ એકનિષ્ઠાથી તેની ઉપાસના કરતાં ઘણા મહિના પસાર થઈ ગયા. આથી ત્રિપુરાદેવીની કૃપા તેના અંતઃકરણમાં ઊતરી, તેનું ચિત્ત વિષયોથી વિમુખ થયું અને વિચારમાં તલ્લીન ગઈ ગયું. ઈશ્વરની કૃપા સિવાય આવી દુર્લભ સ્થિતિ મળતી નથી, કારણ કે ચિત્તનું વિચારમગ્ન બનવું એ જ મોક્ષના પરમ કારણરૂપ છે. ૧–૫

હે પરશુરામ! જ્યાં સુધી ચિત્ત વિચારતત્પર બનતું નથી, ત્યાં સુધી સેંકડો ઉપાયો કરવા છતાં પરમશ્રેયની પ્રાપ્તિ થતી નથી. આવી રીતે તે અત્યંત વિચારમગ્ન રહેતો હતો, તે સમયે તેનો અને તેની સ્ત્રીનો એકાંતમાં મેળાપ થયો. પોતાના મકાન તરફ પોતાના પ્રિય પતિને આવતા જોઈને હેમલેખા ઊઠી અને તેને સન્માનપૂર્વક લાવીને આસન ઉપર બેસાડ્યા. તેનો યોગ્ય ઉપચારવિધિથી સત્કાર

કરીને પછી તે અમૃત સમાન મીઠાં વચનો બોલી: 'હે પ્રિય! આપને ઘણા વખતે જોયા. આપ કુશળ છો કે નહિ તે મને કહો. પહેલાં તો મને નહિ જોતાં કે મારી સાથે વાત નહિ થતાં એક પણ દિવસ પસાર થતો નહિ, તો હવે એવું શું થયું છે કે આપ મને ઘણા વખત સુધી યાદ પણ કરતા નથી? મારી સંમતિ સિવાય આપ સ્વપ્નમાં પણ કોઈ કામ કરતા નથી, તો આ હવે શું થઈ ગયું છે? આપને તો મારા વગર એક ક્ષણ પણ એક યુગ જેવી થઈ પડતી, તો યુગો સમાન રાત્રિઓ આપ એકલા કેવી રીતે પસાર કરી શકો છો?' આમ કહીને હેમલેખાએ તેને આલિંગન કર્યું અને ક્ષણભર ખેદ પામી. ૯–૧૪

પણ તે હેમચૂડને પ્રિયાના આલિંગનથી વિકાર ન થતાં ઊલટું તેણે કહ્યું: 'હે પ્રિયે! આ પ્રમાણે મને મોહ ઉત્પન્ન કરવો એ તને યોગ્ય નથી. હું દૃઢપણે જાણું છું કે, તારે દુઃખશોકનું કોઈ કારણ નથી; તું તો બ્રહ્મનિષ્ઠ છે, એટલે તારો સ્પર્શ મોહ કેવી રીતે કરી શકે? હું તો તને પ્રશ્નો પૂછવા માટે આવ્યો છું, માટે જે હું પૂછું તે મને તું કહે. પહેલાં જે તારું વૃત્તાંત તેં મને કહ્યું હતું તે મને સ્પષ્ટ રીતે સમજાવી કહે. તારી મા તે કોણ? તારી સખી અને પતિ કોણ? તે પુત્રો વગેરે કોણ હતા તે પણ કહે. તે હું બરોબર સમજી શકયો નથી તેમ જ હું એમ પણ માનતો નથી કે તું જૂઠું બોલી છે, પણ તેં આડકતરી રીતે રૂપકથી બોધ કર્યો છે એમ સમજ્યો છું. તેથી સ્પષ્ટ રીતે તેનું વિવેચન કરીને મને સમજાવ, જેથી હું બરોબર સમજી શકું. હું તારા ઉપર ઘણો પ્રસન્ન છું, ફક્ત મારા મનનો આ એક સંશય છે તે મટાડ.' ૧૫–૨૦

આ સાંભળીને હેમલેખા ઘણી ખુશી થઈ; કારણ કે તેણે વિચાર્યું કે, આ મારા પતિ ઈશ્વરીની કૃપાથી જ નિર્મળ બુદ્ધિવાળા થયા છે. ખરેખર તે વિષયો તરફથી ઘણા વિમુખ થયા છે; અને ઈશ્વરીએ જ પુણ્યોનું ફળ ઉત્પન્ન કર્યું છે. હવે તેમને બોધ આપવાનો સમય

ઉપસ્થિત થયો છે માટે હું તેમને ઉપદેશ કરીશ, આમ વિચાર કરીને બોલી: 'હે નાથ! આપનાં અહોભાગ્ય છે કે, આપના ઉપર ઈશ્વરીની કૃપા ઊતરી. નહિતર વિષયોમાં આવો વૈરાગ્ય જોવામાં આવતો નથી; વિષયોમાં આવો વિરાગ થવો એ ઈશ્વરના અનુગ્રહની નિશાની છે. આપનામાં તો વિષયભોગ તરફ વૈરાગ્ય અને વિચારતત્પર મન–આમ બન્ને લક્ષણો દેખાય છે, એટલે હવે હું આપને મારો વૃત્તાંત સ્પષ્ટ રીતે સમજાવીને કહીશ. પરમ ચિતિશક્તિ–પરમ ચૈતન્ય–એ મારી મા છે અને બુદ્ધિ એ મારી સખી છે. બુદ્ધિને જેની સોબત થઈ તે અસતી અવિદ્યા સમજવી. અવિદ્યાની શક્તિ તો જગતમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે; એ શક્તિથી જ દોરીમાં સર્પ દેખાય છે અને એ જ ભય ઉત્પન્ન કરે છે. તેનો પુત્ર એ મોહ સમજવો. અને તેનો પુત્ર એ મન સમજવું, તેની પત્ની કલ્પના સમજવી અને તેના પાંચ પુત્રો તે પંચજ્ઞાનેન્દ્રિયો સમજવી. તેમનાં સ્થળો એ શરીરમાંનાં તેમનાં ગોલકો-કેન્દ્રો સમજવાં અને વિષયોના સેવનથી મનમાં જે સંસ્કાર થાય છે, તે જ 'પુષ્ટિ' ગણવી. સ્વપ્નમાં જે ભોગ મળે છે તે મને ચોરેલા ભોગ સમજવા. કલ્પનાની અત્યંત ક્ષુધાતુર બહેન તે આશા, તેના બન્ને પુત્રો તે કામ અને ક્રોધ અને તેમનું શહેર તે શરીર સમજવું; મારો મહામંત્ર એટલે સ્વરૂપનું થનારું સ્ફુરણ સમજવું. 'પ્રચાર' તે પ્રાણ અને જંગલ એટલે નરક સમજવું. મારો અને બુદ્ધિનો સમાગમ એટલે સમાધિ–ચૈતન્યમાં બુદ્ધિનો પ્રવેશ સમજવો. અને 'મારું મારી માતાને ઘેર જવું' એટલે મોક્ષ એમ સમજવું. હે પ્રિય! આ પ્રમાણે મેં આપને મારો વૃત્તાંત કહ્યો. મેં જે કહ્યું તે બરોબર સમજીને આપ મોક્ષપદ પ્રાપ્ત કરો.' ૨૧–૩૪

# અધ્યાય ૯ મો : હેમચૂડની વિશ્રાંતિ

આ પ્રમાણે પોતાની સ્ત્રીનું બોલવું સાંભળીને હેમચૂડ અતિ વિસ્મિત થયો અને હર્ષગદ્‌ગદ વાણીથી બોલ્યો : 'હે પ્રિયે ! તું ધન્ય છે, તું નિપુણ છે અને તારો વૈભવ અગાધ છે. તેં આત્મસ્થિતિને આખ્યાયિકારૂપે વર્ણવી બતાવી. તારા જ્ઞાનનું હું શું વર્ણન કરું ? આ આખ્યાનક પહેલાં તો હું બિલકુલ સમજી શક્યો ન હતો, પણ તારા સમજાવવાથી હાથમાંના આમળાની જેમ એ વાત હવે સ્પષ્ટ જોઈ શકું છું. મને હવે સ્મરણ થાય છે–અનુભવ પણ થાય છે; અહા ! લોકવ્યવહાર કેવો અદ્‌ભુત છે ? પણ તે પરમ ચિતિ તે કોણ અને તે તારી માતા કેવી રીતે થાય ? તેમાંથી આપણો જન્મ કેવી રીતે થયો ? આપણું સ્વરૂપ શું તે તું મને કહે.' આ પ્રમાણે પ્રશ્નો સાંભળીને હેમલેખા બોલી : ૧–૫

'હે પ્રાણનાથ ! આનો ગૂઢ અર્થ હું કહું છું તે સાંભળો. અત્યંત વિશુદ્ધ બુદ્ધિથી પોતાના સ્વરૂપનો વિચાર કરો. તે આત્મતત્ત્વ દૃશ્ય પણ નથી તેમ જ વાચ્ય–વાણીનો વિષય પણ નથી, એટલે હું તેનું નિરૂપણ કેવી રીતે કરી શકું ? પોતાના આત્માનું જ્ઞાન થતાં જ તમે માતાને ઓળખી શકશો. તે સ્વરૂપમાં કોઈનો ઉપદેશ ચાલતો નથી, માટે કોઈ પણ ઉપદેશકની અપેક્ષા ન રાખતાં શુદ્ધ બુદ્ધિનો આશ્રય કરીને પોતાના સ્વરૂપને આત્માથી જુઓ. દેવથી માંડીને ક્ષુદ્ર જંતુ પર્યંત દરેક પદાર્થ પોતાના આત્માને લઈને જ ભાસે છે. તે આત્મા પોતે દૃશ્ય નથી; કોઈ પ્રમાણ ત્યાં પહોંચી શકતું નથી; તો તેનું નિરૂપણ કોણ, ક્યાં અને કેવી રીતે અલ્પ પ્રમાણમાંયે કરી શકે ? 'મારી આંખ મને બતાવો' એમ કહેવા બરોબર એ છે. પોતાની આંખનું દર્શન કરવામાં આચાર્યનો ઉપયોગ નથી, કારણ કે ગમે તેવો કુશળ અને મહાન આચાર્ય હોય તે પણ આંખ કેવી

રીતે બતાવી શકે? આત્મપ્રાપ્તિનો ઉપાય બતાવવા પૂરતો ગુરુનો ઉપયોગ છે, તે ઉપાય હું તમને કહું છું તે એકાગ્ર ચિત્તે સાંભળો. જે જે તમે 'મારું' એમ અનુભવ કરો છો, તેથી પર આત્મ-સ્વરૂપ રહેલું છે; આ સંબંધમાં આપ એકાંતમાં જઈને વિચાર કરો. મમત્વથી એટલે મારાપણાની ભાવનાથી જે જે ભાસ થાય છે, તે બધું છોડી દઈને પરમ આત્મસ્વરૂપ તરફ લક્ષ કરો. મમત્વથી–મારાપણા-ના ભાવથી–મારામાં આત્મીયતા પ્રતીત થાય છે. તે આત્મીયતા સંબંધ-માત્રને અંગે છે, ખરેખર સ્વરૂપગત નહીં. માટે જે જે 'મારું' એમ લાગે છે તે તે છોડી દઈને જે તત્ત્વ છોડી શકાતું નથી, તેને જ આત્મા સમજો અને પરમ કલ્યાણ મેળવો.' ૬–૧૬

આમ પોતાની પ્રિયાનું બોલવું સાંભળીને હેમચૂડ એકદમ ઊભો થયો અને ઘોડા ઉપર બેસીને શહેરની બહાર ગયો. નંદનવન જેવા પોતાના બગીચામાં પ્રવેશ કરીને વનની અંદરના સ્ફટિકના મહેલના અતિ ઊંચા ભાગમાં જઈને બધા નોકરોને રજા આપી અને ચોકી-દારોને હુકમ કર્યો કે, 'હું એકાંતમાં વિચાર કરું છું માટે કોઈને પ્રવેશ કરવા દેશો નહિ. ભલે તે રાજા, પ્રધાન કે ગુરુ હોય, પણ હું આજ્ઞા ન આપું ત્યાં સુધી કોઈને પણ પ્રવેશ કરવા દેશો નહિ.' આમ કહીને મહેલને નવમે મજલે તે ચડી ગયો અને જ્યાંથી આસ-પાસ બધે જોઈ શકાય તેવી એક બહુ જ ઊંચી બારી પાસે કોમળ આસન ઉપર બેસીને તેણે શાંત ચિત્તથી વિચાર કરવા માંડ્યો: ૧૭–૨૨

'આ બધા માણસો આટલા બધા મોહિત કેમ થઈ ગયા છે કે જેથી તેમાંનો એક પણ પોતાના આત્માને લેશ પણ જાણી શકતો નથી? દરેક જણ પોતાને માટે વિવિધ પ્રકારની ક્રિયા કરે છે; કેટ-લાક શાસ્ત્રોનું તો કેટલાક વેદવેદાંતોનું પઠનપાઠન કરે છે; કેટલા-એક ધન કમાય છે; કેટલાક રાજ્ય ચલાવે છે; કેટલાક પોતાના શત્રુ સાથે લડે છે અને કેટલાક ભોગોમાં લુબ્ધ થઈ ગયા છે; આમ બધા પોતપોતાના સ્વાર્થમાં તત્પર છે, પણ આપણે પોતે કોણ છીએ તે

કોઈ પણ જાણતું નથી! અહો! કેવી જાતનો આ ભ્રમ છે? મેં પણ આત્માને જાણ્યા સિવાય ઘણા પ્રકારનાં કામો કર્યાં પણ તે બધાં સ્વપ્નની માફક નિષ્ફળ ગયાં; એટલે હવે તો હું આત્માનો જ વિચાર કરીશ. ઘર, ધાન્ય, રાજ્ય, ધન, સ્ત્રીઓ અને પશુઓ એ પણ મારું સ્વરૂપ નથી, કારણ કે મારાપણાની ભાવના એમાં મને રહેલી છે. 'હું' એટલે આ દેહ જ એમ લાગે છે, કારણ કે ક્ષત્રિયકુળમાં જન્મેલ અને ગૌર વર્ણનું શરીર તે હું જ એમાં શંકા નથી; પણ અરે! બીજા લોકોને પણ પોતાના શરીરમાં અહંતા-હુંપણું-હોય છે!!' આમ શંકા થતાં તે રાજકુમારે દેહસંબંધી વિચાર કરવા માંડ્યો. ૨૩-૩૦

દેહ એ આત્મા નથી એમ નિશ્ચય કરવા એ વિચાર કરવા લાગ્યો, 'અરે! આ દેહ તો મમતાના આશ્રયરૂપ છે, લોહી, અસ્થિ વગેરેના સમૂહરૂપ છે. દર ક્ષણે વિકારને વશ છે એટલે દેહ જ જો હું હોઉં તો હું ન્યૂન અને પરિમિત થઈ જાઉં. વળી સ્વપ્નાવસ્થા વગેરે પ્રસંગોમાં આ શરીર લાકડાં કે પથ્થરની માફક જડ પડ્યું રહે છે માટે દેહ એ હું નથી, મારું સ્વરૂપ કાંઈ જુદું જ હોવું જોઈએ; આ જ વિચારશ્રેણી પ્રાણવાયુને પણ લાગુ પડે છે; પ્રાણવાયુને પણ જ્ઞાનશક્તિ નથી, તેમ જ હું મન પણ નથી, કારણ કે તે સ્થિર નથી; તેમ જ બુદ્ધિ-નિશ્ચયશક્તિ-પણ હું નથી, કારણ કે તે નિશ્ચય બદલાયા કરે છે, પણ નિશ્ચયને જાણનાર હું તો એક જ રૂપે રહું છું. વળી દેહ, મન, બુદ્ધિ એ બધાં 'હું' કહેવાતાં નથી, 'મારાં' કહેવાય છે, માટે 'હું' એ બધાથી જુદો છું. 'હું અસ્તિત્વમાં નથી' એમ કદાપિ પણ પ્રતીતિનો અભાવ નથી; 'હું-પણા'નું ભાન તો હમેશ જ રહે છે એમાં કાંઈ શંકા નથી. આમ સર્વદા અસ્તિત્વ ધરાવતો 'હું' કેવી રીતે મને અનુભવી શકું એ હું સમજી શકતો નથી. એને કેવી રીતે જાણી શકું? ઘડો વગેરે પદાર્થો ચક્ષુ વગેરે ઇંદ્રિયો વડે જાણી શકાય છે, પ્રાણ સ્પર્શઇંદ્રિયથી જાણી શકાય છે અને મન એ પદાર્થના થતા જ્ઞાન ઉપરથી ઓળખી

શકાય છે. એવી જ રીતે બુદ્ધિ પણ ઓળખી શકાય છે, પણ મારો અનુભવ હું કેવી રીતે કહી શકું તે હું જાણી શકતો નથી. જો આ બધા પદાર્થોનો ભાસ–જ્ઞાનથી આત્માનો ભાસ અટકી જતો હોય, તો આ બધા વિચારો–વૃત્તિસ્ફુરણો–હું છોડી દઉં એટલે આત્મા જેમ છે તેમ પ્રગટ થશે.' આમ વિચાર કરીને તેણે મનમાં જે જે સ્ફુરણ થતું હતું તેનો ત્યાગ કર્યો. તે વખતે તેને ગાઢ અંધકારનો અનુભવ થયો અને 'આ મારું આત્મસ્વરૂપ છે' એમ તેણે નિશ્ચય કર્યો. આથી તેને ઘણો આનંદ થયો પણ 'સ્વરૂપનો અનુભવ કરવા ફરીથી યત્ન કરું' એવો વિચાર કરી તેણે ચિત્તનો નિરોધ કર્યો. બળથી ચંચળ મન નિરુદ્ધ થતાં એક દિવ્ય અને અદ્ભુત તેજ તેણે જોયું. તે ક્ષણવાર જાગ્રત થઈ ગયો અને 'આ શું થયું' એમ વિસ્મય પામ્યો અને વિચાર કરવા લાગ્યો કે, 'આત્માનાં વિવિધ સ્વરૂપો કેમ દેખાય છે?! હું ફરીથી સ્વરૂપદર્શન કરું' એમ વિચાર કરી તેણે પોતાના મનનો વળી પાછો નિરોધ કર્યો, તો લાંબા વખત સુધી તેનું મન નિદ્રામાં લીન થઈ ગયું. ૩૧–૪૪

આ વખતે તેને વિચિત્ર પ્રકારનું સ્વપ્નદર્શન થયું, એટલે તેમાંથી તે ક્ષણભર જાગૃત થઈ ગયો અને તેને ઘણી ચિંતા થવા લાગી. 'નિદ્રાથી ઘેરાઈ ગયા પછી જેમ મેં પ્રકાશ અને અંધકાર જોયાં, તેમ જ સ્વપ્નોને પણ જોતો તો નથી ને? સ્વપ્ન એ તો મનનો જ વિલાસ છે; માટે એનો નિગ્રહ કેમ ન કરવો? વારુ, એકવાર ફરીથી નિગ્રહ કરી જોઉં'–આમ વારંવાર વિચાર કરીને તેણે બળપૂર્વક ચિત્તનો નિરોધ કર્યો ત્યારે તે સ્થિર થયું, અને પોતે જાણે આનંદના સાગરમાં ડૂબી ગયો. ફરી ચિત્તનું ચલન થતાં તે જાગ્રત થઈ ગયો અને વિચાર કરવા લાગ્યો: 'આ શું મને સ્વપ્ન થયું કે ચિત્તભ્રમ! શું આ બધું ખરું છે? મને આ બધું અદ્ભુત લાગે છે. મેં કોઈ પણ વિષયનો અનુભવ કર્યો નથી છતાં આ સુખ મને કેવી રીતે મળ્યું? આ સુખનો અંશ પણ મેં પહેલાં કદી અનુ-

ભવ્યો ન હતો, હું તો નિદ્રાધીન માણસની જેમ બિલકુલ ભાનરહિત હતો છતાં આ સુખ કેવી રીતે પ્રાપ્ત થયું? આમાં સુખ પ્રાપ્ત થવાનું કારણ કાંઈ પણ દેખાતું નથી, છતાં તે કેવી રીતે પ્રાપ્ત થયું? આત્માની શોધમાં જો કે હું પ્રવૃત્ત થયો છું, છતાં હજી હું તેને જાણી શક્યો નથી. આત્મા સિવાયનું બીજું હું જોઉં છું. આમ કેમ થાય છે? શું અંધકાર એ જ આત્મા છે, અથવા શું સુખ એ જ આત્મા છે કે શું આત્મા બીજું જ કાંઈ છે? શું આ બધું મળીને આત્મસ્વરૂપ બને છે? આનો નિર્ણય થઈ શકતો નથી માટે હું મારી વિદુષી પત્નીને જ પૂછું.' આમ નિશ્ચય કરીને દ્વારપાળને બોલાવી હેમલેખાને પોતાની પાસે તેડી લાવવા આજ્ઞા આપી. તે થોડીવારમાં ત્યાં આવી પહોંચી અને મેરુ પર્વત ઉપર ચંદ્રિકા ચડે તેમ મહેલ ઉપર ચડી. તેણે તે વખતે રાજપુત્રને શાંત ચિત્તવાળો, નિશ્ચલ, નિર્વિકાર અને ઇંદ્રિયોના પ્રત્યાહારવાળો જોયો. આવી સ્થિતિમાં તેને જોઈને તેની પાસે જઈને તે તેના આસન ઉપર વિનાવિલંબે બેસી ગઈ. ૪૫–૫૮

જ્યારે રાજકુમારે આંખો ઉઘાડી ત્યારે તેણે પોતાની પાસે પોતાની પ્રિય પત્નીને બેઠેલી જોઈ. એટલે તરત જ હેમલેખાએ પ્રેમપૂર્વક આલિંગન કરીને મધુરતાથી પૂછ્યું: 'હે નાથ, આપે મને કેમ બોલાવી? આપની પ્રકૃતિ તો સ્વસ્થ છે ને? જેને માટે આપે મને બોલાવી છે તે કારણ કહો.' ૫૯,૬૦

એમ સાંભળતાં હેમચૂડે પોતાની સ્ત્રીને કહ્યું: 'હે પ્રિયે! તારા કહેવા પ્રમાણે આત્મદર્શન માટે વિચારમાં તલ્લીન થઈને અહીં એકાંતમાં બેઠો છું. મેં પ્રથમ એમ વિચાર કર્યો કે, આત્મા તો નિત્યપ્રાપ્ત અને સ્વયંપ્રકાશસ્વરૂપ છે, પણ બીજા પદાર્થોનું ભાન થયા કરતું હોવાથી અનુભવાતો નથી, એટલે મેં બીજાં વૃત્તિસ્ફુરણોનો નિરોધ કર્યો. તેમાં પહેલાં અંધકાર, પછી પ્રકાશ, વળી પાછું મહાન સુખ પ્રાપ્ત થયું. આ શું આત્માનું સ્વરૂપ છે કે, બીજું કોઈ સ્વરૂપ છે તે મને નિશ્ચય

કરીને કહે.' ૬૧–૬૬

બ્રહ્મજ્ઞાની હેમલેખા બોલી: 'આપ સમાહિત ચિત્તથી સાંભળો. આપે બાહ્યવૃત્તિઓનો નિરોધ કરવા પ્રયત્ન કર્યો, તે ઘણું સારું કર્યું; કારણ કે બધા આત્મજ્ઞાનીઓએ તે સાધનને પસંદ કર્યું છે. એ સાધન સિવાય આત્મદર્શન કોઈને થયું નથી એ ખરું છે; પણ આત્મદર્શન થવામાં એ જ મુખ્ય કારણરૂપ છે એમ નથી. અપ્રાપ્ત હોય તેને પ્રાપ્ત કરવું પડે, જે પ્રાપ્ત જ છે તેને પ્રાપ્ત કરવાપણું શું હોય? માટે આત્મા સર્વથા અપ્રાપ્ય છે, તેની પ્રાપ્તિ થઈ શકતી નથી. જેની પ્રાપ્તિ થઈ નથી તે પ્રાપ્ત થઈ શકે છે, પ્રાપ્તની પ્રાપ્તિ કેમ હોઈ શકે? મનનો નિરોધ આત્મપ્રાપ્તિ થવામાં કારણ નથી, તેમાં હું એક ઉદાહરણ આપું છું. એક ચીજ અંધકારને લીધે ન જડતી હોય તો દીપકથી અંધકારનો નાશ કરવાથી તે આપણને જડે છે; અથવા કોઈનું ચિત્ત ઠેકાણે ન રહેતાં પોતાના મૂકેલા સોનાને વીસરી જાય અને પછી ચિત્ત સ્વસ્થ થતાં તે સોનું મળી આવે, તો તેને તો નષ્ટ થયેલ સોનું જાણે નવેસરથી જ મળ્યા બરોબર છે; તેવી જ રીતે નિત્યપ્રાપ્ત આત્માની બાબતમાં સમજવું. આમ આત્મપ્રાપ્તિમાં બાહ્ય વસ્તુઓનો નિરોધ એ કારણ નથી; એટલે આપ આત્માને ઓળખી શકયા નહિ. એનું કારણ એમ નથી કે, આત્મા પ્રાપ્ત નથી; પણ તેનું કારણ એ છે કે, એ અપરિચિત છે. કોઈ માણસ રાત્રે અજવાળાવાળી રાજસભામાં ગયો અને તેણે સભ્યોને તેમ જ દીવાઓને જોયા પણ પ્રકાશનું સ્વરૂપ સમજી શકયો નહિ, તેના જેવી સ્થિતિ અહીં પણ સમજો. હે પ્રિય! આપે નિરોધને અંતે અંધકાર તો જોયો ને? તો અંધકારની પહેલાં અને પછી–મધ્યકાળમાં–જે આપની અવસ્થા હતી તેની જ ભાવના હમેશાં ધારણ કરો; તે જ આપનું સ્વરૂપ છે અને પરમ આનંદને આપનારું છે. આ પદમાં જ લોકો મહામોહને પામી જાય છે. શોધી શોધીને થાકી જાય છે, પણ પોતે તે ભાવના–પદને મેળવી શકતા નથી. દુનિયામાં શાસ્ત્રકારો અને

કુશળ તાર્કિકો છે, પણ આનું અજ્ઞાન હોવાથી રાતદિવસ દુઃખ પામે છે; શબ્દોના અર્થ કરવાના કૌશલથી તે પદ મળતું નથી. જ્યાં સુધી કોઈ પંડિત તેની શોધ કરે છે અથવા વિચાર કરે છે, ત્યાં સુધી તે સ્વરૂપ પ્રાપ્ત થતું નથી; કારણ કે તે એવી રીતે તર્કગ્રાહ્ય-બુદ્ધિગ્રાહ્ય નથી. દૂર જવાથી તે પદ મળતું નથી, સ્થિરતાથી જ એ પદ મળે છે, તે વિચાર કરવાથી પ્રાપ્ત થતું નથી, પણ વિચારના અભાવે તે પ્રગટ થાય છે. દોડનારને જેમ પોતાના માથાનો પડછાયો હાથમાં આવતો નથી, તેમ તે કોઈ અમુક ક્રિયાથી પ્રાપ્ત થતો નથી; જેવી રીતે કોઈ બાળક આરસામાં પડેલાં હજારો પ્રતિબિંબો જુએ છે, પણ આરસાને જોતું નથી; તેવી રીતે મનુષ્યો આત્મસ્વરૂપરૂપી મોટા આરસામાં પ્રતિબિંબિત થયેલ જગતને જુએ છે, પણ આત્માને ઓળખતા નથી. ૬૭-૮૪

જેમ આકાશને નહિ ઓળખનાર માણસ આકાશને આશ્રયે રહેલ પદાર્થને ઓળખી શકે છે, પણ આકાશને ઓળખતો નથી! તેવી જ રીતે આત્મતત્ત્વની બાબતમાં છે. તેથી હે નાથ! આપ સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરશો તો જણાશે કે જગત એ **જ્ઞાન અને જ્ઞેય** એમ બન્ને પ્રકારનું બનેલું છે. તેમાં જ્ઞાન તે સ્વતઃસિદ્ધ છે; કારણ કે તેને અભાવે તો કાંઈ રહેતું જ નથી; તે બધાં પ્રમાણોનું આધારભૂત હોવાથી બીજાં પ્રમાણોની તેને અપેક્ષા નથી; તે તો સર્વાદિસિદ્ધ છે. તેની સિદ્ધિ માટે કોઈ સાધનની અપેક્ષા નથી; એટલે સિદ્ધિ-સાધકભાવ નથી, જ્ઞાન સંબંધી શંકા કરનારનો પ્રશ્ન અસ્થાને છે, કારણ કે જ્ઞાન જ નથી તો આ પ્રશ્ન કે ઉત્તર જ્ઞાનના અભાવે રહેતો નથી; તેનો અભાવ હોવો એ શક્ય નથી, તે એક મોટા આરસાની સપાટી જેવું છે. તેમાં આ આખું જગત આરસામાં પ્રતિબિંબ માફક ભાસે છે અને તેને દેશકાળની મર્યાદા નથી. (દેશકાળમર્યાદા તો ભાસમાં પ્રતીત થતી વસ્તુ છે, મૂળ સ્વરૂપમાં નથી) આકાશ જેમ વસ્તુઓથી વ્યાપક થતાં તેનું મર્યાદિતપણું લાગે છે, તેમ આમાં

મર્યાદિતપણાનો આપણને ભાસ થાય છે, વસ્તુતઃ તે મર્યાદિત નથી. હે રાજપુત્ર, સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરશો તો સમજાશે કે, આ સર્વ-સામાન્ય ચૈતન્યમાં આ જગત ભાસી રહ્યું છે. તેનો જો એકરૂપતાથી અનુભવ થશે તો સર્વકર્તૃત્વ-સર્વકર્તાપણું પ્રાપ્ત થશે. તે પદ મેળવ-વવાનું સાધન હું કહું છું, જેથી આપ તે પદ પ્રાપ્ત કરી શકશો. નિદ્રા અને જાગ્રતિના મધ્યભાગમાં વૃત્તિ એક પદાર્થાકારમાંથી બીજા પદાર્થાકારે થતી હોય, તેની મધ્યમાં હૃદયમાંથી વૃત્તિ પદાર્થને પહોંચે તે પહેલાં જે સ્થિતિ હોય છે તેમાં જે અવસ્થા હોય છે, તે આપ સૂક્ષ્મ બુદ્ધિથી ધ્યાનમાં લ્યો. એ જ આત્મસ્વરૂપ છે જેને મેળવ્યા પછી આપને મોહ થશે નહિ, એના અજ્ઞાનથી જ આ જગત પ્રવૃત્ત થયું છે. તે આત્મસ્વરૂપમાં રૂપ નથી, રસ નથી, ગંધ નથી, સ્પર્શ નથી, શબ્દ નથી, સુખ નથી, દુઃખ નથી તેમ જ ગ્રાહ્યપણું કે ગ્રાહકપણું નથી. તે સર્વના આધારરૂપ છે, તે સર્વરૂપ છે, તે સર્વ સંગરહિત છે, તે જ સર્વેશ્વર છે, તે જ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર છે. સ્થિર ચિત્તથી, બાહ્ય વૃત્તિઓને છોડી દઈને અંતર્મુખ થાઓ અને ‘ આ હું જોઉં છું ’ એવો ભાવ, આંધળાની માફક, છોડી દઈને નિશ્ચલ થાઓ; દર્શન કે અદર્શન એ બન્ને ભાવના છોડી દ્યો, પછી જે આપ રહેશો તે આપ પોતે જ રહેશો. માટે તે સ્થિતિને જલદી પ્રાપ્ત કરો. ’ આમ હેમલેખાનું બોલવું સાંભળીને હેમચૂડે તે આત્મપદમાં લક્ષ્ય કર્યું, એટલે તેને નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત થઈ અને બાહ્ય પરિસ્થિતિનું સંપૂર્ણ વિસ્મરણ થઈ ગયું. ૮૫-૧૦૦

# અધ્યાય ૧૦મો : હેમચૂડ ઉપાખ્યાન

હેમલેખાએ પોતાના પ્રિય પતિને સમાધિની અવસ્થા પ્રાપ્ત થયેલી જોઈ એટલે તેમાંથી વ્યુત્થાન ન કરાવ્યું. રાજપુત્રે થોડીવાર પછી પોતાની આંખો ઉઘાડી અને પોતાની સ્ત્રી સાથે પહેલાંની માફક જગતને જોયું. પછી સમાધિસ્થિતિ ફરીથી પ્રાપ્ત કરવા તેણે પોતાની આંખો એકદમ બંધ કરી દીધી. તે વખતે હેમલેખાએ પોતાના પતિનો હાથ પકડીને મધુરતાથી કહ્યું : 'આપે હવે શું નિશ્ચય કર્યો તે મને કહો ! ચક્ષુઓ બંધ કરવાથી કે ઉઘાડવાથી આપને શું લાભાલાભ થાય છે તે પણ કહો. આંખો ઉઘાડવાથી શું પ્રાપ્ત થતું નથી અને આંખો બંધ કરવાથી શું પ્રાપ્ત થાય છે તે મને કહો. આપની સ્થિતિ હું સમજવા ઇચ્છું છું.' ૧–૫

આવો પ્રશ્ન સાંભળતાં મદથી ઘેરાએલા માણસ જેવા હેમચૂડે જાણે બોલવા પણ ન ઇચ્છતો હોય તેમ કંટાળીને કહ્યું : 'હે પ્રિયે ! ઘણા લાંબા વખત પછી મને વિશ્રાંતિ મળી છે. દુઃખથી ભરપૂર બાહ્ય જગતમાં શાંતિ નથી. આ સાંસારિક વ્યવહાર તો ચર્વિતચર્વણ–ભોગવેલ ને ફરી ભોગવવા જેવો છે, એટલે તેનાથી હવે મને ઉપરામ થયો છે. દુર્ભાગ્યથી આંધળા થયેલા મને અત્યાર સુધી આ આત્મસ્થિતિનું સુખ પ્રાપ્ત થયું નહોતું. જેમ કોઈ ભિક્ષુક પોતાના ઘરમાં રહેલા ગુપ્ત ભંડારને ન જાણતાં ભિક્ષા માટે ભટકયા કરે, તેમ પોતાની જ અંદર રહેલા સુખસાગરને જાણ્યા વિના દુઃખથી ભરપૂર વિષયસુખને જ મેં શ્રેષ્ઠ માન્યા કર્યું અને વીજળીના પ્રકાશ જેવા ક્ષણિક પદાર્થોને મોહવશ સ્થિર માની લીધા. વારંવાર દુઃખ પામ્યા કર્યો અને પરમ વિશ્રાન્તિને મેળવી ન શકયો. અહોહો ! મનુષ્યો ખરેખર દુઃખ અને સુખના વિવેકજ્ઞાન વિનાના છે ! સુખની ઇચ્છાથી મૂર્ખની પેઠે ખરી રીતે જોતાં તેઓ દુઃખસમુદાય જ ભેગો કરે છે. પોતે પ્રયત્નપૂર્વક સંચય કરેલા દુઃખદાયક વિષયોના ભોગોથી મને હવે કંટાળો

આવ્યો છે. હે પ્રિયે! હું તને હાથ જોડીને પ્રાર્થના કરું છું કે, તું એવી કૃપા કર જેથી હું મારા આત્મસ્વરૂપમાં ચિર વિશ્રાન્તિને મેળવી શકું. હે પ્રિયે! તું પણ ભાગ્યશાળી દેખાતી નથી; કારણ કે આ પદને જાણ્યા છતાં તું આત્મવિશ્રાન્તિને છોડી દઈ ને મોહવશ દુઃખદાયક પદાર્થો માટે ચેષ્ટા કરે છે!' ૬-૧૪

આવું સાંભળીને હેમલેખા મંદ હાસ્ય કરીને બોલી: 'હે નાથ! આપે તે પદ હજી પ્રાપ્ત કર્યું નથી, તે પદને મેળવીને તો પવિત્ર જ્ઞાની પુરુષો કદી પણ મોહ પામતા નથી, તે પદ તો પૃથ્વી ઉપર ઊભેલા માણસને આકાશ જેટલું દૂર છે, તેટલું આપનાથી દૂર છે. આપને જે બરાબર જાણ્યું એમ લાગે છે, તે નહિ જાણ્યા બરાબર છે; આંખોને બંધ કરવાથી કે ઉઘાડવાથી તે પદ પ્રાપ્ત થતું નથી. કાંઈ ક્રિયા કરવાથી કે ન કરવાથી તે પદ પ્રાપ્ત થતું નથી; તેમ જ અમુક સ્થળે જવા ન જવાથી પણ તે મળતું નથી. કંઈ ક્રિયા કરવાથી કે કોઈ સ્થળે જવાથી જે પૂર્ણ થાય છે તે કેમ પ્રાપ્ત થાય? જવના દાણા જેવી પાંપણોના ઊઘડવાથી જ જો પૂર્ણ પદ અગોચર થઈ જતું હોય, તો તે મોહની પરાકાષ્ઠા જ છે! કેવડું મોટું તે આશ્ચર્ય છે! જે સ્વરૂપના એક ખૂણામાં કરોડો બ્રહ્માંડો રહેલાં છે, તે સ્વરૂપ ઝીણી પાંપણોના ઊઘડવા સાથે જ લુપ્ત કેમ થઈ જાય? હે રાજકુમાર! આપને આ બાબતમાં એક તાત્ત્વિક બાબત જણાવું છું કે જ્યાં સુધી ગ્રન્થિભેદ થતો નથી, ત્યાં સુધી તે સુખ પ્રાપ્ત થતું નથી. આ હૃદયગ્રંથિઓ હજારો છે; મોહરૂપી દોરીમાં તે ભાસે છે અને સ્વસ્વરૂપનું અજ્ઞાન એ જ મોહરૂપી દોરી સમજવી. તેમાં વિપરીત અભિનિવેશરૂપી પુષ્કળ ગ્રંથિઓ રહેલી છે, એમાં દેહમાં આત્મપણાનો અધ્યાસ મુખ્યગ્રંથિ છે. એ અનાત્મબુદ્ધિથી જ આ સંસાર આટલો બધો વિસ્તૃત અને અનિવાર્ય બની ગયો છે. 'ભાસમાં-જગતમાં આત્મા નથી,' એવો નિશ્ચય એ બીજી ગ્રંથિ છે. તેવી જ રીતે જીવ-ઈશ્વર સંબંધે ભેદબુદ્ધિ, જીવ અને જીવ વચ્ચે ભેદબુદ્ધિ એ પણ ગ્રંથિઓ જ

છે. આ અજ્ઞાન અનાદિકાળનું છે. વૃદ્ધિ પામીને ગ્રંથિરૂપને પ્રાપ્ત થયું છે, અને પુરુષ તે ગ્રંથિપાશના બંધનમાં છે. તે ગ્રંથિ છૂટી જતાં પુરુષ પાશથી બંધનમુક્ત થાય છે. આંખો બંધ કરીને જે પદ પ્રાપ્ત થાય છે તે આપે પુષ્કળ મેળવ્યું. તે પદ તે આપનું નિજ રૂપ-શુદ્ધ ચૈતન્ય છે અને આ સંસારરૂપી ચિત્રને બતાવનાર આરસાની સપાટી જેવું છે, તેનું કયે વખતે કયું રૂપ નથી તે હવે મને કહો. તે આત્મ-ચૈતન્ય અમુક કાળે, અમુક સ્થળે, અમુક રૂપે નથી એમ કહીએ તો તે દેશ ને કાળ જ વંધ્યાપુત્ર જેવાં મિથ્યા ઠરે છે. જેમ અરીસા વગર પ્રતિબિંબ સંભવતું નથી, તેમ જ હે નાથ, આ પણ અસંભવિત છે. તે ચૈતન્યરૂપ પદનો ત્યાગ કરતાં કોઈ વસ્તુ ક્યાંય રહેતી જ નથી! તો આંખો બંધ કરવાથી તે પદ લુપ્ત કેમ થાય? જ્યાં સુધી 'હું જાણું છું' એમ હૃદયગ્રંથિ દૃઢ છે, ત્યાં સુધી તે પદ પ્રાપ્ત થયું નથી; અને પ્રાપ્ત થયું હોય તો તે આ પદ નથી. આંખો બંધ કરવાથી કે ઉઘાડવાથી તે પદ મળી જાય છે તેમ જો આપ માનતા હો, તો તે પૂર્ણ પદ નથી; કારણ કે એવા પદને તો કાળ અને ક્રિયાની સીમા લાગુ પડે છે. હે રાજપુત્ર! કાલાગ્નિ સરખું તેજસ્વી તે ચૈતન્ય-સ્વરૂપ ક્યાં નથી? ક્ષુદ્ર કલ્પનારૂપી ઇંધનોને તો તે અગ્નિની માફક બાળી નાંખે છે, તે પદ પામ્યા પછી આપને કાંઈ પણ કર્તવ્ય શેષ રહેશે નહિ. 'મનનો નિરોધ કરીને હું આત્મદર્શન કરીશ.' એ હૃદયગ્રંથિ છોડી દો; 'આ જગત આત્મારૂપ નથી; કાંઈ બીજું જ છે.' એ ગ્રંથિ પણ નિર્મૂળ કરો અને અખંડ આનંદથી ભરપૂર આત્મસ્વરૂપને બધે જુઓ. આખા જગતને દર્પણમાં પ્રતિબિંબ માફક આત્મામાં ભાસેલું જુઓ અને 'હું બધે આત્મસ્વરૂપનું દર્શન કરું છું' એ ભાવનાને ફરીથી નહિ કરતાં સામાન્ય ચૈતન્યસ્વરૂપ સાથે એક રૂપ થઈ જઈને સ્વસ્થ બનો.' ૧૫-૩૮

આ પ્રમાણે પોતાની સ્ત્રીનું કહેવું સાંભળીને હેમચૂડની સર્વ ભ્રાંતિ દૂર થઈ અને પૂર્ણ સ્વરૂપનું તેને ભાન થયું. તેને ક્રમશઃ પૂર્ણતા

પ્રાપ્ત થઈ અને તેણે સ્થિરતા મેળવી. ત્યાર પછી આ પૃથ્વી ઉપર હેમલેખા વગેરે યુવતી સ્ત્રીઓ સાથે વિહાર કર્યો. વિશાળ રાજ્ય ચલાવ્યું, રણક્ષેત્રમાં પોતાના શત્રુઓને જીત્યા, વિવિધ શાસ્ત્રોનું શ્રવણ કર્યું, પુષ્કળ ધન મેળવ્યું; અશ્વમેધ, રાજસૂય વગેરે યજ્ઞો કર્યા અને બે હજાર વર્ષ સુધી જીવન્મુક્તિનું સુખ ભોગવતાં જીવન વીતાવ્યું. મુક્તાચૂડ રાજાએ પોતાના પુત્રને જીવન્મુક્ત સ્થિતિ પ્રાપ્ત થઈ એમ સાંભળ્યું, ત્યારે તેણે તેમ જ તેના ભાઈ મણિચૂડે વિચાર કર્યો: 'આ કેમ હવે પહેલાંના જેવો દેખાતો નથી? સુખમાં તે અત્યંત હર્ષ પામતો નથી, તેમ જ દુઃખમાં ઉદ્વેગ પામતો નથી! તેને લાભ કે અલાભ, શત્રુ કે મિત્ર સમાન લાગે છે અને નાટકના પાત્રની જેમ પોતાનાં રાજકાર્યો લીલાથી કરે છે. હમેશાં મદમત્ત હોય એમ લાગે છે. તેનું મન બીજે સ્થળે રહેતું હોય એમ લાગે છે. છતાં બધાં કાર્યો બરોબર કરે છે. આમ શાથી થયું હશે?' આવા વિચારથી તેઓ બન્નેએ એક વાર તેનો એકાંતમાં મેળાપ કર્યો અને હેમચૂડને પૂછ્યું, 'હેમચૂડ, તને આ સ્થિતિ કેવી રીતે પ્રાપ્ત થઈ?' હેમચૂડે પોતાની સ્થિતિનું રહસ્ય તેમને ક્રમપૂર્વક સમજાવ્યું. હેમચૂડના ઉપદેશથી તેના પિતા મુક્તાચૂડ અને ભાઈ મણિચૂડ પરમતત્ત્વને પામ્યા અને તેમણે પણ જીવન્મુક્ત સ્થિતિ પ્રાપ્ત કરી. ત્યાર પછી પ્રધાનમંડળે રાજા પાસેથી જગત શું છે તે જાણ્યું અને આત્મસ્વરૂપને ઓળખીને એમણે પણ જ્ઞાન મેળવ્યું. એવી રીતે એ વિશાળ નગરમાં ધીરેધીરે પુરુષો, સ્ત્રીઓ, દાસો, દાસીઓ અને ભરવાડોએ પણ આત્મતત્ત્વ જાણ્યું. જાણવાનું જેમણે જાણ્યું છે, એવા એ બધાને દેહભાવ રહ્યો નહિ અને કામ, ક્રોધ અને લોભ વગેરે વિકારો પણ રહ્યા નહિ. બધા લોકો કામક્રોધને વશ રાખીને વ્યવહાર કરવા લાગ્યા. એ નગરમાં પરમાત્મતત્ત્વની વાર્તાઓ કહીને માતાઓ બાળકોને રમાડતી, દાસદાસીઓ બ્રહ્મવિચાર સંબંધી વાતો કરતા કરતાં સેવા કરતાં અને નટ લોકો તાત્ત્વિક પ્રસંગોથી ગૂંથાયેલાં નાટકો ભજવતા. ગાયક લોકો

વિવેકપ્રધાન ગાયનો ગાઈને અને વિદુષકલોકો વ્યવહારનો ઉપહાસ કરીને આનંદ કરાવવા લાગ્યા. પરમ તત્ત્વના વિચારો અને ઉદાહરણોથી ભરપૂર પ્રસંગોવાળાં શાસ્ત્રો વિદ્વાન લોકો અભ્યાસી લોકોને શીખવવા લાગ્યા. આમ નોકરો, સિપાઈઓ, મંત્રીઓ, કારીગરો, અને બીજા હલકા વર્ગો પણ બ્રહ્મજ્ઞાની થયા અને તેમનો વ્યવહાર પૂર્વસંસ્કાર મુજબ ચાલવા લાગ્યો. શુભ કે અશુભ બનાવોને કોઈ સંભારતું નહિ અને હર્ષશોકને ઉત્પન્ન કરનાર ભવિષ્યકાળ તરફ કોઈ લક્ષ દેતું નહિ. ફક્ત વર્તમાન કાળમાં જ હસતા, ખેદ પામતા કે ક્રોધ કરતા લોકો પોતાનો નિત્યવ્યવહાર કોઈ મધુપાનથી મત્ત થયેલાની જેમ ચલાવતા હતા. એવા તે નગરને જોઈને સનકાદિ ઋષિઓએ તે નગરનું નામ ‘ વિદ્યાનગર ’ રાખ્યું. ત્યાં પાંજરામાં રહેલા પોપટો પણ આ પ્રમાણે આત્મજ્ઞાન સંબંધી જ વાતો કરતા હતા. ‘ચૈતન્યરૂપ આત્માને ભજો, આત્મા સિવાય બીજું કાંઈ છે નહિ.’ ૩૯–૬૩

દત્તાત્રેયે કહ્યું : હે પરશુરામ ! આ પ્રસંગ પહેલાં પણ મેં તને કહ્યો છે. આ પ્રમાણે હેમલેખાના ઉપદેશથી હેમચૂડને જ્ઞાન થયું અને જીવન્મુક્ત બન્યો, એટલું જ નહિ પણ આબાલવૃદ્ધ બધાં બ્રહ્મજ્ઞાની બની ગયાં. હે રામ ! કલ્યાણનું પરમ સાધન તો સત્સંગ છે, માટે કલ્યાણની ઇચ્છા હોય તો સત્પુરુષોનું શરણ લો. ૬૪–૬૯

## અધ્યાય ૧૧ મો : જગત્તત્ત્વનિરૂપણ

આ પ્રમાણે હેમચડની અદ્ભુત કથા સાંભળીને પરશુરામે શંકા ઉત્પન્ન થતાં પૂછવાનું શરૂ કર્યું, ‘ હે ભગવન્ સદ્ગુરો ! આપે જે મહા અદ્ભુત જ્ઞાન કહ્યું, તે મને વિષમ અને અસંભવ લાગે છે. આ દૃશ્ય જગત ચિતિમાત્ર–ચૈતન્યસ્વરૂપ જ છે એમ કેમ માની શકાય ? એ આત્મસ્વરૂપ પ્રત્યક્ષ નથી અને માત્ર શ્રદ્ધાથી જ માનવાનું રહે છે; કારણ કે નિત્ય ( ચૈતન્યમાંથી ઉત્પન્ન થયેલ પદાર્થ ) સિવાય ચૈતન્ય

જુદી રીતે અનુભવાતું નથી; આ જગત ખરેખર નથી એમ ગળે કેમ ઊતરે? કૃપા કરીને મને આપ તે સમજાવો.' આમ પરશુરામે પૂછ્યું એટલે દત્તગુરુએ કહ્યું : ૧–૫

'પરશુરામ! હું તને આ દૃશ્ય વસ્તુનું તત્ત્વ સમજાવું છું. આ દૃશ્ય જગત કેવળ દૃષ્ટિમાત્ર છે, બીજું કાંઈ નથી. આ સંબંધી યુક્તિ તને કહું છું તે એકાગ્ર ચિત્તે સાંભળ. આ દૃશ્ય જગત તો કાર્યરૂપ છે; તેની ઉત્પત્તિ આપણે જોઈએ છીએ; ઉત્પત્તિ એટલે નવીનતાની પ્રતીતિ અને એ રીતે તો આ જગત પ્રત્યેક ક્ષણે નૂતન લાગે છે. કેટલાક (વિજ્ઞાનવાદીઓ) કહે છે કે, જગત દરેક ક્ષણે ઉત્પન્ન થાય છે, પણ નદીના પ્રવાહની પેઠે નિત્ય લાગે છે. બીજા કેટલાક કહે છે કે જગત એ સ્થાવર અને જંગમ પદાર્થોનું બનેલું છે; પણ તો બીજે ઠેકાણે તે પહેલાં ઉત્પન્ન થયેલા હોવા જોઈએ એમ નિશ્ચય થાય છે, આથી પદાર્થો સ્વભાવથી જ ઉત્પન્ન થાય છે, એમ માનવું એ યોગ્ય નથી. માટીમાંથી માટીની ચીજો જ બની શકે છે, લૂગડાં નહિ; એમ જોતાં, તેમ જ કાર્યકારણનો સંબંધ જોતાં, તેમ જ આ વિશ્વની અનેકવિધિ પ્રવૃત્તિઓમાં રહેલી એકરાગતા જોતાં આ જગત આકસ્મિક થયું હોય એમ લાગતું નથી. કોઈ વાર કારણ દેખાતું ન હોય તો કલ્પી લેવું પડે છે; કારણ દેખાતું નથી માટે છે નહિ એમ કહી શકાય નહિ; કારણ કે બધા જ લોકો કાર્ય પાછળ કારણ રહેલું છે એમ માનનારા છે, તેથી કારણ માનવું એ જ ન્યાય છે, તેમ જ જ્યારે કંઈ કાર્ય કરવાનું હોય છે, ત્યારે લોકો કારણ-સમુદાય એકઠો કરે છે. તેથી કારણમાંથી કાર્ય સંભવતું ન હોત તો આ જનસામાન્ય વ્યવહારમાં વિરોધ આવત! એટલે જગત આપોઆપ થાય છે એમ માનવું યોગ્ય નથી. વળી કેટલાક કહે છે કે, આ જગત અવ્યક્ત અને જડ પરમાણુઓનું બનેલું છે. પણ આ જગત તો વ્યક્ત છે અને તેનું રૂપ પરમાણુઓથી અત્યંત ભિન્ન છે, તેથી જ્યારે તે નાશ પામશે, ત્યારે કંઈ જ રહેશે નહિ; આમ અસતરૂપ પરમાણુ-

માંથી સતરૂપ જગતની ઉત્પત્તિ સંભવતી નથી. એક વસ્તુ પીળી છે અને નથી પણ, એમ બનતું નથી; પ્રકાશ પણ છે અને અંધકાર પણ છે એમ વિરુદ્ધ વાત સંભવતી નથી, એટલે આ મત પ્રમાણે ઘણા ધર્મોનું એકમાં આરોપણ કરવાથી 'સંકર'(ગડબડ)રૂપી દોષ ઉત્પન્ન થાય છે. ઈશ્વરની ઇચ્છાને આદિકારણ માનવામાં આવે, તો ઇચ્છારૂપી ક્રિયામાત્રથી જ જડ પરમાણુમાં ગતિ કઈ રીતે ઉત્પન્ન થઈ? ગુણોની સામ્યાવસ્થારૂપ પ્રકૃતિમાંથી આ જગત ઉત્પન્ન થયું છે એમ માનીએ, તોપણ તે અસંભવ છે; કારણ કે તે સામ્યાવસ્થામાં વિષમતા આણનાર કોઈ કારણ શોધીએ તોપણ મળતું નથી; અને વિષમતા થાય તો પાછી સામ્યાવસ્થા લાવનાર કારણ પણ શોધવું પડશે, આવી રીતે કારણ જડતું નથી. વળી ચેતનરૂપી અધિષ્ઠાનના અભાવે, તેમ જ તેવા દૃષ્ટાંતના અભાવે જગતરૂપી કાર્યનું કારણ જડતું નથી માટે આવા અપૂર્વ વિષયમાં તો વેદને જ પ્રમાણભૂત માનવા જોઈએ. પ્રમાતા જીવ સ્વયં અપૂર્ણ છે, એટલે યોગ્ય પ્રમાણ તો ક્યાંથી જ સંભવે? વળી કાર્ય ઉપરથી કર્તા સંબંધી અનુમાન કરાતું આપણે જોઈએ છીએ, અને એ પ્રમાણે જોતાં આ જગતનો કર્તા ચેતન હોવો જોઈએ એમ લાગે છે; કારણ કે આ જગતરૂપી અલૌકિક કાર્યનો કર્તા સાધારણ સંભવતો નથી. તે ચૈતન્ય વિલક્ષણ શક્તિરૂપ છે. આ પૂર્ણસ્વરૂપ ઈશ્વર વિષે સર્વથી વિશેષ પ્રમાણભૂત તો વેદો જ છે. વેદોના કહેવા પ્રમાણે સૃષ્ટિની પહેલાં એક સ્વતંત્ર, પૂર્ણ અને ઉપાદાનરહિત ઈશ્વર છે, અને તે પોતે પોતાના સ્વરૂપભૂત પટ ઉપર જગતરૂપી ચિત્ર લીલા માટે ભાસમાન કરે છે. જેવી રીતે સ્વપ્નસૃષ્ટિમાં પોતે જ કલ્પેલા દેહને પોતે જ અહંભાવથી ધારણ કરે છે, તેવી રીતે તે ઈશ્વર આ જગતને ધારણ કરે છે. ૬-૨૬

હે પરશુરામ! જેવી રીતે સ્વપ્ન થતાં આ તારું રૂપ કે દેહ લુપ્ત થઈ જાય છે, તેવી રીતે પ્રલયકાળ વખતે આ જગતરૂપી દેહ લુપ્ત થઈ જાય છે. તું જેવી રીતે દેહથી ભિન્ન કેવળ ચૈતન્ય માત્ર

છે, એવી જ રીતે આ ઈશ્વર જગતથી રહિત, નિર્વિકાર ચૈતન્યરૂપ છે, તેણે પોતાની અંદર જગતરૂપી ચિત્ર પ્રગટ કર્યું છે. પોતાના સિવાય બીજા કોઈનો અભાવ હોવાથી આ જગતરૂપી ચિત્ર બીજું કોણ ઉત્પન્ન કરી શકે? ચૈતન્ય સિવાય કયાં અને કેવી રીતે શું શકય બને? ચૈતન્યનો અભાવ હોય એવો દેશ સિદ્ધ થતો નથી. ચૈતન્યનો અભાવ કોનાથી સાબિત થઈ શકે? ખરેખર પરમ ચૈતન્ય કે જે આ જગતનો ગ્રાસ કરનારું અને પૂર્ણ છે, તે જ મહા સત્તારૂપ છે. સમુદ્ર વગર જેમ તરંગો અને સૂર્ય વગર જેમ તેનો પ્રકાશ સંભવતો નથી, તેમ ચૈતન્ય વિના આ જગતની સત્તા નથી. સૃષ્ટિના આરંભમાં એક શુદ્ધ ચૈતન્યરૂપ મહાદેવ જ હોય છે, જેમાંથી આ સ્થાવર–જંગમ જગત્ ઉત્પન્ન થાય છે, સ્થિતિ પામે છે અને પાછું વિલીન થઈ જાય છે. આ વેદોએ પ્રતિપાદન કરેલો સિદ્ધાંત છે, તેમાં શંકાને સ્થાન નથી; કારણ કે જે વસ્તુ પ્રત્યક્ષ નથી, તે સંબંધમાં વેદોનું પ્રમાણ જ શ્રેષ્ઠ છે. વેદોમાં કહેલી મણિ–મંત્ર વગેરેથી મળતી સિદ્ધિઓ આ જગતમાં દેખાય છે, અને આ મણિ–મંત્રના મહાફળને અલ્પ બુદ્ધિમાન જાણી શકતો નથી, માટે આ શાસ્ત્ર તો સર્વજ્ઞ અને સર્વદર્શન ઈશ્વરથી કહેવામાં આવ્યાં છે, અને તેમાં જ કહેલું છે કે, આ જગતની પહેલાં એકમાત્ર ઈશ્વર જ હતો; તે ઉપાદાનરહિત છે, છતાં તેણે આ આખું જગત રચ્યું છે. તે મહેશ્વર પૂર્ણ શુદ્ધ અને અત્યંત સ્વતંત્ર છે, અને સ્વાત્મચૈતન્યરૂપી ભીંત ઉપર અખિલ જગતરૂપી ચિત્ર ઉત્પન્ન કર્યું છે. આથી આત્મા સિવાય બીજા કોઈ આધારથી તે રહ્યું છે એમ સંભવતું નથી. ઈશ્વર સર્વત્ર પરિપૂર્ણરૂપે રહેલો છે, એટલે બીજું કોઈ સ્થાન તેના સિવાય વિદ્યમાન નથી, તેથી બીજા કોઈ પણ સ્થાનમાં જગત સ્થિતિ કરી રહ્યું હોય એમ સાબિત થતું નથી. અરીસાના પ્રતિબિંબની માફક આ જગત ઈશ્વરના સ્વરૂપમાં પ્રગટ થયેલું છે. જગતની ઉત્પત્તિના કારણરૂપ આ ઈશ્વર યોગીના સંકલ્પથી રચાયેલા નગર પ્રમાણે જગતરૂપ ક્રિયા પ્રગટ કરે છે, એ જ મત

યોગ્ય છે. હે પરશુરામ! સંકલ્પથી થતી સ્વપ્નસૃષ્ટિમાં અનેક જીવો, જડ પદાર્થો અને બીજી અનેક વસ્તુઓ દેખાય છે. તે અનેક પ્રકારવાળી હોવા છતાં મનથી તે જુદી નથી, કારણ કે તે મનમાં જ લય પામે છે. જેમ તે સૃષ્ટિ મનોરૂપ છે, તેવી જ રીતે તે પરમ શિવમાંથી આ જગત ઉત્પન્ન થયેલું છે અને કેવળ મનોમય છે. તે પરમેશ્વર કેવળ ચૈતન્ય અને અભેદસ્વરૂપ છે. તે ચૈતન્ય તે જ સર્વસાક્ષીરૂપ અને અનંત શક્તિવાળી ત્રિપુરાદેવી સમજવી, અને તે જ ચૈતન્ય સર્વ પ્રકારે પરિપૂર્ણ છે અને મર્યાદાવિહીન છે. આ જગતમાં દેશ અને કાળ એ બે વસ્તુઓ મર્યાદાને કરે છે; તેમાં દેશ એ આકારમય છે અને કાળ એ ક્રિયા-સ્વરૂપ છે. પણ તે બન્ને ચૈતન્યનો આશ્રય કરીને રહેલ છે, તો પછી આ બન્ને ચૈતન્યને કેવી રીતે મર્યાદિત કરી શકે? કયા દેશમાં અથવા કાળમાં ચૈતન્ય નથી અને જ્યાં ચૈતન્ય નથી તે અસ્તિત્વ કેવી રીતે ધરાવી શકે તે મને કહે; કારણ કે પદાર્થોનું અસ્તિત્વ અને તેનાં પ્રકાશ–જ્ઞાન–જુદી વસ્તુ નથી અને તે જ્ઞાન તે જ ચૈતન્ય છે. જડ વસ્તુ તેની સંગતિથી જણાય છે. તે સ્વતઃ પ્રકાશિત નથી. માટે પ્રકાશ જ મુખ્ય વસ્તુ છે અને તે પ્રકાશ એટલે જ્ઞાન સ્વયંસિદ્ધ છે. બીજાની અપેક્ષા કર્યા સિવાય ચૈતન્ય પોતે જ પ્રકાશી રહ્યું છે; જ્યારે જડ પદાર્થો ચૈતન્યનો આશ્રય કરીને જ પ્રકાશ પામે છે; પોતાની મેળે નહિ. જે વસ્તુ પ્રકાશિત નથી તેનું અસ્તિત્વ પણ નથી એમ માનીએ તો આ જગતમાં 'આ છે અને નથી' એવી વ્યવસ્થા રહેશે નહિ. માટે ચૈતન્યનો પ્રકાશ એ જ વસ્તુમાત્રનું અસ્તિત્વ છે. ૨૭–૫૨

જે પ્રમાણે કાચનું અસ્તિત્વ છે તે પ્રતિબિંબનું અસ્તિત્વ છે, તે પ્રમાણે ચૈતન્યને લીધે જ જગતનું અસ્તિત્વ છે. આમ સર્વ જગત ચૈતન્યમય છે. ચૈતન્યની અંગભૂત ઘનતા અને નિર્મલતાને લીધે આકાશમાં વિશિષ્ટતા દેખાય છે, પણ તે આકાશની સ્વતંત્ર સત્તા નથી. કઠિનતા અને નિર્મલતાથી તે પ્રમાણે પ્રતિબિંબ દેખાય છે. તે ધર્મોની અધિકતા અથવા ન્યૂનતા પ્રમાણે પ્રતિબિંબ સ્પષ્ટ અથવા

અસ્પષ્ટ દેખાય છે. આ બાબત અરીસાનું અને જળનું દૃષ્ટાંત લેતાં સ્પષ્ટ સમજાય છે. દર્પણ જડ છે અને સ્વતંત્ર નથી; તેથી પ્રતિબિંબ માટે બાહ્ય કોઈ બિંબની અપેક્ષા રહે છે, પણ ચૈતન્ય તો પૂર્ણ સ્વતંત્ર છે તેથી તેને બીજા કશાની અપેક્ષા નથી. વળી ચૈતન્યમાં કોઈ પણ જાતનો મલ નહિ હોવાથી તેનું નિર્મલપણું સ્વતઃસિદ્ધ છે. મલ અનેક રસથી–બીજા પદાર્થથી–થાય છે, પણ ચૈતન્ય એક અને અખંડિત છે, તેથી ચિત્સ્વરૂપમાં મલ સંભવતો નથી. તેના સર્વવ્યાપકપણાને લીધે તેની શુદ્ધતા સર્વથી વધારે છે. વળી જે પોતે ભાસમાન નથી, તે બીજાની મદદથી ભાસમાન થાય છે અને આને જ–આ ભાસમાનપણાને જ પ્રતિબિંબનું સ્વરૂપ જાણનાર લોકો પ્રતિબિંબરૂપે ઓળખે છે; અને જગત આવું જ છે એમ બધાનો અનુભવ છે. તે સ્વયં ભાસ પામતું નથી. ચૈતન્યના આશ્રયથી ભાસમાન થાય છે, માટે અરીસાના પ્રતિબિંબ જેવું જગતને માનવામાં આવ્યું છે. એવી રીતે ચૈતન્ય પણ અરીસા જેવું છે; કારણ કે તેમાં જ અનેક વિચિત્ર ભાવો ભાસે છે અને તેને ભાસમાન કરનાર અરીસા પ્રમાણે લેશ પણ પોતાના સ્વરૂપમાંથી તે ચ્યુત થતું નથી. અરીસાનું પ્રતિબિંબ જેમ અરીસા સાથે અનન્ય છે, તેવી રીતે ચિદાત્માનું પ્રતિબિંબ ચિદાત્માથી અનન્ય છે. અરીસામાં રહેલું પ્રતિબિંબ બીજા બિંબને લીધે પડે છે, પણ ચૈતન્યમાં જગતરૂપ પ્રતિબિંબ સ્વતંત્ર રીતે બીજાની અપેક્ષા વિના પડે છે. હે પરશુરામ! પોતાના સંકલ્પબળથી પોતાની અંદર જ પ્રતિબિંબિત થતા અને કોઈ પણ જાતના બિંબની કે નિમિત્તની અપેક્ષા વગર જુદા જુદા ભાવો તું પોતે અનુભવે છે કે નહિ? આ સંકલ્પબળ એ જ સ્વાતંત્ર્યનું સ્થૂલ સ્વરૂપ છે. નિર્વિકલ્પ અવસ્થામાં તે ચૈતન્ય શુદ્ધ અને એકરૂપ રહેલું છે. શુદ્ધ સ્વરૂપ, ચૈતન્યનું મહાન સ્વાતંત્ર્ય, પ્રથમ આ જગતની પહેલાં સંકલ્પરૂપ બન્યું. પછી આ પ્રતિબિંબરૂપ જગત ભાસમાન થયું. આમ તે ચૈતન્ય સંકલ્પથી લાંબા કાળથી ભાસમાન થયા કરે છે.

ઈશ્વરનું સ્વાતંત્ર્ય પૂર્ણ છે અને જીવોનું સ્વાતંત્ર્ય અપૂર્ણ છે. જીવોની અપૂર્ણતા અભ્યાસથી મણિ-મંત્ર-ઔષધિ વગેરેના યોગે જેવી રીતે દૂર થતી જાય છે તેમ તેમ સંકલ્પની શક્તિ સ્વતંત્ર થતી જાય છે. હે પરશુરામ ! જાદુ વિદ્યાનો તું વિચાર કરી જો. જાદુમાં કોઈ પણ સામગ્રી ન હોવા છતાં કેવળ સંકલ્પબળથી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે, અને તે બધાને એકસરખી અને સ્થિર પ્રતીત થાય છે અને છેવટે તે જગતનો પોતાની અંદર લય કરે છે. આ જગત તેવી રીતે પ્રતીત થાય છે. બીજું ઉદાહરણ આપું છું. યોગીઓની સૃષ્ટિ જો. સંકલ્પના બળથી બીજાના અનુભવમાં તે સ્પષ્ટપણે આવે છે અને પુષ્કળ વખત સુધી સ્થાયીપણે પણ રહે છે, પણ યોગીઓનું સામર્થ્ય પણ પરિમિત છે અને તેની સૃષ્ટિ બાહ્ય પદાર્થોથી વૃદ્ધિ પામેલી હોય છે. પણ ચૈતન્યનાથ પરમાત્મા તો અપરિમિત શક્તિવાળા છે, એટલે તેમની સૃષ્ટિ તેમની પોતાની અંદર જ પ્રગટ થાય છે. પ્રતિબિંબ જેવી રીતે અરીસાથી સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતું નથી, તે પ્રમાણે ચૈતન્યથી જગતનું અસ્તિત્વ જુદું નથી. આ પ્રમાણે જોતાં જગત મિથ્યા છે એમ નિશ્ચિત થાય છે. જો તે સત્યરૂપ હોત તો પોતાનો સ્વભાવ છોડત નહિ; પણ અસત્ય છે તેથી પોતાના સ્વરૂપનો ત્યાગ કરે છે. હે પરશુરામ ! આ જગત સ્વભાવથી જ અત્યંત ક્ષણિક છે. અરીસા અને તેના પ્રતિબિંબ જેવા આ જગતના સ્વરૂપ વિષે વિચાર કર. અરીસો અચળ હોય છે, પણ પ્રતિબિંબ ચંચળ હોય છે, તેમ જગત ચંચળ છે પણ ચૈતન્ય અચળ છે. કોઈ પણ અવસ્થામાં વિચાર કરો તો તે અવસ્થા કાળગતિથી બદલાઈ જતી દેખાશે. જગતમાં બધા ભાવો અનિશ્ચિત છે. સૂર્યનો પ્રકાશ બધા પદાર્થોને પ્રકાશિત કરે છે. પણ આ તો આપણો-મનુષ્યનો વિચાર થયો. ઘુવડને તો તેથી ઊંધું જ છે, કારણ કે પ્રકાશ કે અંધકાર એ વસ્તુ તેને સ્પષ્ટ નથી. એવી જ રીતે ઝેરની બાબતમાં જાણવું એટલે કે એક વસ્તુ કે જે એકને વિષરૂપ બને છે, તે બીજાને ઝેરરૂપ બનતી નથી. વળી

વિચાર કરો: મનુષ્યો વગેરે પ્રાણીઓનો અટકાવ ભીંત કરી શકે છે, પણ તે જ ભીંત ગુહ્યકોને કે યોગી પુરુષોને અટકાવી શકતી નથી. તેવી જ રીતે કાળ અથવા દેશ મનુષ્યને જેમ વિશાળ લાગે છે, તેમ દેવતાઓને કે યોગી પુરુષોને લાગતા નથી. દર્પણમાં દેખાતા પદાર્થોનું દૂરપણું જેમ વિચાર કરતાં ટકતું નથી, તે પ્રમાણે જગતનું સ્વરૂપ પણ વિચાર કરતાં ટકતું નથી. માટે સર્વના આશ્રયરૂપ ચૈતન્ય સિવાય બીજું કોઈ સત્ય નથી. જે કાંઈ છે અને જે કાંઈ જ્ઞાનરૂપ ભાસે છે, તે સર્વ ચૈતન્યરૂપ છે. આ જગત આત્મસ્વરૂપ જ છે, બીજું કાંઈ નથી, આ વાત મેં તને સ્પષ્ટપણે કહી.' ૫૩–૮૫

## અધ્યાય ૧૨ મો : ગંડપર્વતવર્ણન

આમ દત્તાત્રેયના મુખથી જગત્તત્ત્વ સંબંધી વિવેચન સાંભળીને પરશુરામે અંતઃકરણમાં સંશય થતાં પૂછ્યું: 'આપે જગત સંબંધી કહેલું તત્ત્વ મેં સાંભળ્યું. ખરેખર, આપે જેમ કહ્યું તેમ જ છે, તેમાં અન્યથા કાંઈ જ નથી. છતાં પણ આ જગત સાચું હોય એમ લાગે છે અને બુદ્ધિમાન પુરુષોએ પણ તે સાચું છે એમ નિશ્ચિત કરેલું છે. આપની પાસેથી જગતના મિથ્યાપણા વિષે સાંભળ્યું છતાં પણ સત્ય હોય તેમ જ લાગે છે, તો હે નાથ! મારો આ ભ્રમ નાશ પામે એમ મને બોધ કરો.' ૧–૪

આ પ્રમાણે પરશુરામે પૂછતાં બ્રહ્મનિષ્ઠ દત્તાત્રેય 'જગત સત્ય છે' એ ભ્રમનું કારણ સમજાવવા લાગ્યા: 'હે રામ! આ ભ્રાંતિનું મૂળ કારણ સનાતન છે અને તેનું કારણ વસ્તુમાં અવસ્તુની ભાવના–અજ્ઞાન એ છે. આત્માને નહિ ઓળખતાં પોતાના શરીરમાં આપણને આત્મબુદ્ધિ થયેલી છે, તે તું જો; પણ ક્યાં માંસ, લોહી અને હાડકાના સમૂહરૂપ આ શરીર અને ક્યાં અતિ નિર્મળ ચિદાત્મા! કેવળ ભાવનાની દૃઢતાથી જ તે ચૈતન્ય આત્મા શરીરરૂપ બન્યો છે અને

ચૈતન્યરૂપ આત્મા છે, એમ સમજતાં છતાં ફરીથી શરીરમાં ભ્રાંતિ થાય છે! એ પ્રમાણે ભાવનાથી આ જગત સત્ય દેખાય છે, માટે તેનાથી વિપરીત ભાવના કરીને આ ભ્રાંતિનો દૃઢતાથી નાશ કરો. આ જગતની જે જેવી ભાવના કરે છે તેને તે તેવું દેખાય છે. યોગી પુરુષોને આ જગત ધારણાધ્યાન વગેરેના યોગે તેમની ભાવના પ્રમાણે પ્રતીત થાય છે. આ વિષે એક પહેલાં બનેલું વૃત્તાંત કહું છું તે સાંભળ. ૫–૧૦

'પહેલાં બંગાળમાં પરમપવિત્ર સુંદર નામનું શહેર હતું. તેનો રાજા સુષેણ વિદ્વાન અને ધીર હતો અને તેનો નાનો ભાઈ મહાસેન પ્રિય કર્મો કરનારો હતો. તે રાજા સર્વની સંમતિથી ધર્મપૂર્વક રાજ્ય ચલાવતો હતો. તેણે એક વાર અશ્વમેધ યજ્ઞથી ઈશ્વરનું પૂજન કર્યું. મહાબળવાન રાજકુમારો મોટી સેના સાથે અશ્વમેધના ઘોડા પાછળ જતા હતા. જેઓ ઘોડાને અટકાવતા, તેમને બળપૂર્વક તે જીતી લેતા. આમ ઘોડાની પાછળ પાછળ તે રાજાના પુત્રો ઇરાવતી નદીને કાંઠે આવ્યા. તેઓએ ત્યાં તપોનિધિ રાજર્ષિ તંગણને જોયા, પણ પોતાના બળથી ઉન્મત્ત થયેલા હોવાથી તેમને મળ્યા સિવાય અવજ્ઞાપૂર્વક તેઓ ચાલી નીકળ્યા. તે તંગણના પુત્રને તેથી પોતાના પિતાનું અપમાન થતું હોય એમ લાગ્યું અને ક્રોધ ચઢ્યો, એટલે તેણે અશ્વમેધના ઘોડાને પકડી લીધો અને અવજ્ઞા કરવા માટે તેમનો ખૂબ તિરસ્કાર કર્યો. પેલા રાજકુમારોએ તેને બધી રીતે ઘેરી લીધો. ત્યારે તે તંગણપુત્ર સમીપમાં રહેલી ટેકરીમાં રાજકુમારોના દેખતાં અશ્વ લઈને પેસી ગયો. આમ તેને શિલામાં પ્રવેશ કરી ગયેલો જોઈને તેઓએ નાનાંમોટાં શસ્ત્રોથી તે ટેકરીને ભેદી કાઢી, એટલે તેમાંથી મોટી સેના સાથે તંગણપુત્ર બહાર આવ્યો, અને યુદ્ધમાં તેમને જીત્યા. સેનાનો નાશ કર્યો; રાજકુમારોને બાંધ્યા અને ફરીથી તેમને લઈને તે પર્વતમાં પેસી ગયો. બાકી રહેલા સૈનિકોએ જઈને આ હકીકત રાજાને નિવેદન કરી. આ

પ્રમાણે અશ્વ સહિત રાજપુત્રોનું હરણ થઈ ગયેલું જોઈ તે અત્યંત વિસ્મિત થયો અને પોતાના ભાઈને કહ્યું: 'હે વત્સ! તે તંગણ-મુનિ જ્યાં રહે છે ત્યાં જલદી જા અને તેમને પ્રસન્ન કરીને પુત્રો તેમ જ અશ્વને લઈ આવ. તપસ્વીઓ તો અપાર પરાક્રમવાળા હોય છે અને દેવ અને મનુષ્યો વડે જીતી શકાવા મુશ્કેલ છે, માટે વખત ગુમાવવાની જરૂર નથી. આ વસંતનો સમય યજ્ઞ માટે ઉચિત છે. તપસ્વીઓ પાસે કોઈ વાર અભિમાન કરવું નહિ, કારણ કે તપસ્વીઓ જો ક્રોધ પામે છે તો લોકોનો ક્ષણમાં નાશ કરે છે. માટે તેને પ્રસન્ન કર અને આપણો સ્વાર્થ સિદ્ધ કર.' આમ રાજાની આજ્ઞા થતાં મહાસેન તે દેશમાં શીઘ્ર આવી પહોંચ્યો. ત્યાં તેણે તંગણ મુનિને સમાધિસ્થ જોયા. તેમનું શરીર લાકડાની માફક સ્થિર હતું, ઇંદ્રિયો અને મન અત્યંત શાંત હતાં અને નિર્વિકલ્પ સ્થિતિને પ્રાપ્ત થયેલા હોવાથી આત્મામાં લીન હતા. આવા તંગણમુનિને જોઈને તેણે દંડવત્ પ્રણામ કર્યા અને હાથ જોડીને જુદાં જુદાં સ્તુતિવાક્યો વડે તે મુનીશ્વરની સ્તુતિ કરી; આમ સ્તુતિ કરતાં કરતાં તેને ત્રણ દિવસ વીતી ગયા, પોતાના પિતાની સ્તુતિ સાંભળીને સંતુષ્ટ થયેલ તેમનો પુત્ર ત્યાં આવી પહોંચ્યો અને મહાસેનને કહ્યું: 'હે રાજા! હું તમારી સ્તુતિથી સંતુષ્ટ છું, તમારું ઇચ્છિત હોય તે કહો; હું વિનાવિલંબે તે કરી આપીશ. આ તંગણમુનિનો હું પુત્ર છું. હે રાજા! મારા પિતા સાથે વાત કરવા માટે આ સમય અનુકૂળ નથી; મારા પિતા સમાધિસ્થ છે. તેમનું બાર વર્ષ પછી સમાધિમાંથી વ્યુત્થાન થશે; તેમાંથી હજી તો ફક્ત પાંચ વર્ષ ગયાં છે અને સાત વર્ષ બાકી છે, એટલે હજી વ્યુત્થાન થવાને લાંબો સમય બાકી છે. માટે તારું ઇચ્છિત મને કહે તો હું તે કરી આપીશ. મને બાળક માનીશ નહિ, હું મારા પિતાની માફક તપસ્વી છું; અને તપસ્વીઓને અને યોગીઓને આ લોકમાં અસાધ્ય કાંઈ નથી.' આમ મુનિકુમારનું કહેવું સાંભળીને અતિ બુદ્ધિમાન મહાસેન હાથ જોડીને બોલ્યો, 'હે મુનિપુત્ર! જો આપે મારું પ્રિય કરવા

સત્ય જ કહ્યું હોય તો હું ઇચ્છું છું કે, આપના પિતા સમાધિમાંથી વ્યુત્થાન પામે અને મારી સાથે સંભાષણ કરે, એવી મારી અભિલાષા છે. જો આપ મારા ઉપર કૃપા કરવા ઇચ્છતા હો, તો આપ આ કામ જલદી કરી આપો' આમ રાજાનું કહેવું સાંભળીને તે મુનિપુત્ર ફરીથી બોલ્યો, 'હે રાજા! આ તારી અભિલાષા કદાપિ સાધ્ય ન બની શકત, પણ હું તે તારી ઇચ્છા પૂર્ણ કરીશ, કારણ કે હું તારી સાથે વચનથી બંધાએલો છું. માટે હવે તું થોડીવાર અહીં રહે અને મારું યોગસામર્થ્ય જો. મારા ગુરુ પરમ પવિત્ર શાંતપદમાં સ્થિર થયેલા છે, તેમને બાહ્ય પ્રયત્નોથી જગાડી શકાય તેમ નથી; હું યોગબળથી સૂક્ષ્મ રીતે તેમને જાગ્રત કરું છું.' આમ કહીને તે આસનસ્થ થયો અને ઇંદ્રિયોને વિષયોમાંથી ખેંચી લીધી, પ્રાણમાં અપાનને જોડી દીધો, મુખ્ય પ્રાણથી બહાર ગયો અને તેના પિતાના શરીરમાં પ્રવેશ કરીને તેમના આત્મલીન થઈ ગયેલા મનને આકર્ષણ કરી જાગ્રત કર્યું. પછી બહાર નીકળીને પોતાના દેહમાં પ્રવેશ કર્યો એટલે તે મુનિ જાગ્રત થયા. જાગ્રત થયા પછી તેણે મહાસેનને પ્રણામ કરતો અને સ્તુતિ કરતો જોયો, અને તેમણે યોગદૃષ્ટિથી જોયું એટલે સર્વ વૃત્તાંત તેમને વિદિત થઈ ગયો. ૧૧-૪૬

તે શાંત બુદ્ધિવાળા મુનિએ પોતાના પુત્રને બોલાવીને કહ્યું: 'હે વત્સ! આ પ્રમાણે કદાપિ પણ કરવું નહિ, કારણ કે ક્રોધ એ તપનો શત્રુ છે. રાજા જ્યારે આ લોકનું રક્ષણ કરે છે ત્યારે તપસ્વીઓ નિર્વિઘ્ને તપ આચરી શકે છે; યજ્ઞના કામમાં વિઘ્ન નાખવું એ તો દૈત્યનો સ્વભાવ છે, મુનિનો નહિ. હે પુત્ર! જલદીથી એમને ઘોડો તેમ જ રાજપુત્રો સોંપી દે, જેથી તે જલદી જઈ શકે અને યજ્ઞનો સમય વીતી ન જાય.' પછી તે મુનિકુમારે ક્ષણમાત્રમાં પથ્થરની શિલામાં પ્રવેશ કર્યો અને મહાસેનને રાજપુત્રો તેમ જ ઘોડો લાવી આપ્યાં. તેણે ઘોડા સાથે રાજપુત્રોને રાજધાની તરફ વિદાય કર્યા. અત્યંત વિસ્મય પામેલા તે મહાસેને તંગણ ઋષિને પ્રણામ

કર્યા અને હાથ જોડીને પૂછ્યું: 'હે ભગવન્! અશ્વ સાથે મારા ભત્રીજાઓ કેવી રીતે શિલાના ગર્ભમાં રહી શક્યા તે જાણવાની મને ઇચ્છા છે, તો કૃપા કરીને કહો.' ૪૭–૫૨

રાજાએ આ પ્રમાણે પૂછતાં તે તંગણુ ઋષિ રાજા પ્રત્યે બોલ્યા: 'હે રાજન્! મારો વૃત્તાંત સાંભળ. હું પહેલાં રાજા હતો અને સમુદ્ર પર્યંતની પૃથ્વી ઉપર શાસન ચલાવતો હતો. ઇશ્વરકૃપાથી સર્વના ઇશ્વરસ્વરૂપ ચૈતન્યનું મને જ્ઞાન થયું, પછી સર્વ લોકવ્યવહાર મને નીરસ લાગવા માંડ્યો, તેથી મેં મારું રાજ્ય પુત્રોને સોંપીને વનમાં વાસ કર્યો અને મારી સ્ત્રી પણ મને અનુસરીને સાથે જ આવી. તેની સાથે રહીને તપ કરતાં મને ઘણાં વર્ષો વીતી ગયાં અને મારી સ્ત્રી પણ મારી સેવા કરીને પૂર્ણ સ્થિતિને પામી. પછી કોઈ વાર ભાવીના બળથી મારી સ્ત્રીને કામવેગ ઉત્પન્ન થતાં સમાધિ અવસ્થામાંથી વ્યુત્થાન પામી. તે કામથી વ્યાકુળ થઈને મારી પાસે આવી, પણ હું તો સમાધિમાં હતો એટલે કામવેગ સહન ન થવાથી તેણે મારી સાથે ભોગની દઢભાવના કરી અને તે રીતે મારી સાથે માનસિક ભોગ કરવાથી તેને ગર્ભ રહ્યો એટલે તેણે તારી આગળ ઊભેલા પુત્રને જન્મ આપ્યો. તે પુત્રને મારા ખોળામાં મૂકીને મને સમાધિમાંથી જાગૃત કર્યો; પોતાના દેહને પંચ મહાભૂતોમાં મેળવી દીધો અને પોતે આત્મસ્વરૂપમાં લીન થઈ ગઈ. આ પુત્રને ખોળામાં રહેલો અને તેને મૃત્યુ પામેલી જાણીને મારું મન દયાથી ભરાઈ જતાં મેં આને ઉછેરીને મોટો કર્યો. કોઈ વાર મેં પહેલાં રાજ્ય કર્યું હતું એમ સાંભળીને આ મારા પુત્રને રાજ્ય ચલાવવાની ઇચ્છા થઈ આવી, અને મને વિનતિ કરી. પછી મારા ઉપદેશથી પરમ યોગસિદ્ધિ પ્રાપ્ત થતાં કેવળ ભાવનાબળથી આ પથ્થરમાં તેણે એક સૃષ્ટિ નિર્માણ કરી. આ મારો પુત્ર સમુદ્ર પર્યંતની પૃથ્વીનું હમેશાં શાસન ચલાવે છે અને તે સૃષ્ટિમાં જ તેણે તારા અશ્વને તેમ જ રાજપુત્રોને બંધનમાં રાખ્યા હતા અને ત્યાંથી જ તેમને

મુક્ત કર્યાં છે. આમ મેં તને પથ્થરમાંની સૃષ્ટિમાં તેમને બંધન થયું હતું એ વૃત્તાંત કહ્યો.' આ પ્રમાણે મુનિનાં વચનો સાંભળીને રાજાએ ફરીથી પૂછ્યું: ૫૩–૬૬

'આપે જે કહ્યું તે મેં સાંભળ્યું, પણ એ વાત મહા આશ્ચર્યકારક છે. મને તે સૃષ્ટિ જોવાની ઇચ્છા છે તો કૃપા કરીને મને બતાવો.' આમ રાજાની પ્રાર્થના ઉપરથી તે મુનિએ પોતાના પુત્રને કહ્યું, 'હે વત્સ! આ રાજાને તેમની ઇચ્છા પ્રમાણે આ લોક બતાવ.' આમ કહીને તે તંગણ ઋષિ સમાધિસ્થ થઈ ગયા. અને તે તંગણ મુનિનો પુત્ર રાજાને લઈને શિલા પાસે ગયો; તે મુનિપુત્રે તેમાં પ્રવેશ કર્યો પણ રાજા તેમાં પ્રવેશ કરવા શક્તિમાન થયો નહિ તેથી તેણે મુનિપુત્રને બોલાવ્યો. તેણે પણ શિલામાં રહ્યાં રહ્યાં રાજાને સામેથી બોલાવ્યો; અને પછી ફરીથી બહાર નીકળીને તે મુનિપુત્રે રાજાને કહ્યું: 'હે રાજા! જેઓ યોગી નથી તેમનાથી આ લોકમાં પ્રવેશ થવો મુશ્કેલ છે અને એ યોગબળને અભાવે આ પથ્થર તને સ્થૂલ અને પ્રવેશમાં પ્રતિબંધક થઈ પડ્યો છે, પણ પિતાની આજ્ઞાને માન આપીને હું તને અવશ્ય લઈ જઈશ. માટે તું તારો સ્થૂલદેહ ઘાસના આચ્છાદનવાળા આ ખાડામાં મૂકી દે અને મનોમાત્ર શરીર (સૂક્ષ્મ શરીર) ધારણ કરીને મારી સાથે આ શિલામાં પ્રવેશ કર.' મુનિપુત્રે આ પ્રમાણે કહ્યું પણ તે રાજા પોતાના સ્થૂલ શરીરમાંથી નીકળવાને શક્તિમાન થયો નહિ. રાજાએ કહ્યું, 'હે મુનિ! આ દેહનો હું કેવી રીતે ત્યાગ કરી શકું તે મને કહો, કારણ કે જો હું તેનો બળપૂર્વક ત્યાગ કરું તો હું મરી જઈશ.' ૬૭–૭૫

મુનિપુત્ર હસીને બોલ્યો, 'અહો! તું તો યોગજ્ઞાનથી પરિચિત નથી લાગતો! ઠીક, તું તારાં નેત્રો બંધ કર.' તેણે આંખો બંધ કરી કે તરત જ તે મુનિપુત્ર ક્ષણમાત્રમાં તે રાજાના શરીરમાં પ્રવેશ કરી ગયો અને તેના લિંગ શરીરનું આકર્ષણ કરીને તેના સ્થૂલ શરીરને ખાડામાં મૂકીને યોગશક્તિથી તે રાજા સાથે તે પથ્થરની સૃષ્ટિમાં

પ્રવેશ કર્યો. સ્થૂલદેહ છૂટી જવાથી રાજા તો સુષુપ્તિમાં જ હતો. તેને પોતાના સંકલ્પથી નિર્માણ કરેલા બીજા શરીરમાં મૂકયો અને તે રાજાને જાગ્રત કર્યો. તે વખતે મુનિપુત્રને મહા આકાશમાં પોતાની સાથે ઊભો રહેલો જોયો. તેણે ઊંચે, નીચે, આસપાસ જોયું તો વિસ્તીર્ણ આકાશ માત્ર દેખાયું, તેથી ડરી જઈ ને તેણે મુનિપુત્રને કહ્યું : 'હે મુનિ! મને છોડી જશો નહિ. જો આપ મને છોડી જશો તો આશ્રયહીન હું પડી જઈશ.' આમ રાજાને ગભરાયેલો જોઈ ને મુનિપુત્ર બોલ્યો : 'હે રાજા! તું બીશ નહિ, હું તને છોડી જઈશ નહિ. ધીરજ ધર અને પથ્થરમાં નિર્માણ કરેલી મારી સૃષ્ટિ જો.' આથી રાજાએ ધીરજ ધારણ કરી અને ચારે બાજુ જોયું તો તેણે નીચે અને દૂર દૂર બધું નક્ષત્રોવાળું આકાશ અંધકારથી ઘેરાઈ ગયેલું જોયું. તે દેશોમાં પ્રવેશ કરીને પછી તેણે નીચે જોયું તો તેણે ચંદ્રમંડળને જોયું, પણ ત્યાં આવતાં ઠંડીથી તે અત્યંત જકડાઈ ગયો. તે વખતે તે ચંદ્રમંડળની ઠંડીથી મુનિપુત્રે તેનું રક્ષણ કર્યું. ત્યાર પછી તેઓ સૂર્યલોકમાં ગયા. ત્યાં તેનાં કિરણોથી રાજા દાઝી જવા લાગ્યો. તે વખતે મુનિપુત્રે પોતાની યોગશક્તિથી તેના શરીરને ઠંડું પાડયું. પછી તે બન્ને મેરુના શિખર ઉપર ઊતર્યા અને મુનિપુત્રના કહેવા પ્રમાણે રાજાએ બધું જોયું. મુનિપુત્રે તેને સૂક્ષ્મ અને વ્યાપક દૃષ્ટિ આપી, તેથી લોકાલોક પર્વતને પ્રસરી રહેલો જોયો. તેની બહાર અપાર અંધકાર પ્રસરી રહેલો જોયો. ત્યાર પછી સુવર્ણની જમીન જોઈ. કેટલાક સમુદ્રો, સપ્તદ્વીપો, નદીઓ અને પર્વતોથી ભરેલા પ્રદેશો જોયા, તે ઉપરાંત ઘણાં ભુવનો, દેવતાઓ, દૈત્યો, મનુષ્યો, રાક્ષસો, યક્ષો, કિંપુરુષો વગેરેને જોયા. સત્યલોક, વૈકુંઠ, કૈલાસ વગેરે સ્થાનોમાં જઈ ને જોયું તો મુનિપુત્રને અને પોતાને બ્રહ્મા, વિષ્ણુ અને શિવરૂપે, પૃથક્રૂપ ધારણ કરીને રહેલા જોયા. એવી જ રીતે પોતાનું રૂપ બદલીને, પૃથ્વીનું સાર્વભૌમપણું સ્વીકારીને બધા લોકોનું શાસન કરતો હોય એમ તેને લાગ્યું. મુનિકુમારનું

આવું ઉત્તમ યોગસામર્થ્ય જોઈને મહાસેન ઘણો વિસ્મય પામ્યો. તે વખતે મુનિપુત્રે કહ્યું: 'હે મહાસેન! આ નવો પ્રદેશ જોતાં જોતાં આપણને કેટલાં વર્ષો વીતી ગયાં તેની તને ખબર છે? આપણને બાર અબજ વર્ષો વીતી ગયાં છતાં પણ એક જ દિવસ ગયો હોય તેમ લાગે છે. ચાલ, આપણે આપણા લોકમાં જઈએ કે જ્યાં મારા પિતા રહેલા છે.' આમ કહીને તે રાજા અને મુનિકુમાર બન્ને જણા પર્વતની સૃષ્ટિમાંથી બહાર આવ્યા. ૭૬-૯૬

## અધ્યાય ૧૩ મો : શૈલલોકદર્શન

જ્યારે મહાસેન તે શિલામાંથી બહાર આવ્યો, ત્યારે મુનિપુત્રે સંસ્કારરૂપ તેના લિંગ શરીરને ફરીથી સુષુપ્તિમાં લાવીને પછી તેના મૂળ સ્થૂળ શરીરમાં મૂક્યું અને તેને જાગ્રત કર્યો. મહાસેને આ બાહ્ય સૃષ્ટિને જોઈ અને પુરુષો, ઝાડો, તળાવો વગેરે બધું નવું જોયું. આવું જોઈને તે અત્યંત વિસ્મય પામ્યો અને મુનિપુત્રને પૂછ્યું, 'હે મહામુનિ, આ મને કઈ સૃષ્ટિ આપે બતાવી? પહેલાં જોયેલ સૃષ્ટિથી આ સૃષ્ટિ ભિન્ન છે તો આ અદ્દભુત ફેરફારનું કારણ જણાવો.' આમ પૂછતાં તે મુનિપુત્રે મહાસેનને કહ્યું, 'હે રાજન્! આ તે જ સૃષ્ટિ છે જેમાં આપણે પહેલાં હતા, પણ કાળાન્તરે આમાં ફેરફાર થઈ ગયો છે. શિલાની સૃષ્ટિમાં આપણને જે એક એક દિવસ પસાર થયો તેટલા જ વખતમાં આ સૃષ્ટિમાં બાર અબજ વર્ષો વહી ગયાં છે. આ લોક રૂપાન્તર પામી ગયાં છે, વ્યવહાર અને ભાષા પણ બદલાઈ ગયાં છે; આમ કાળબળે કરીને લોકોની સ્થિતિ બદલાઈ ગઈ છે, આવા પ્રકારની જગતની ભિન્નભિન્ન સ્થિતિ મેં ઘણીવાર જોઈ છે. આ સમાધિસ્થ મારા પિતાને તમે જુઓ. આ તે જ પ્રદેશ છે જ્યાં તમે મારા પિતાને પ્રાર્થના કરી હતી. આ તે જ શિલા છે જેમાં તમે મારી સૃષ્ટિ જોઈ. તમારાં

ભાઈના હજારો વંશજો અત્યાર સુધીમાં થઈ ગયા. પહેલાં બંગાળામાં જે સુંદર નામનું શહેર હતું, તે તો અત્યારે વન બની ગયું છે અને કૂતરાંઓ તેમાં રહે છે. તારા ભાઈનો હાલનો વંશજ 'વીરબાહુ' નામથી જાણીતો છે, અને 'વિશાલ' નગરીમાં ક્ષિપ્રા નદીને કાંઠે માળવાના પ્રદેશના અધિપતિ તરીકે રહે છે. હે રાજા, તારા વંશમાં પણ 'સુશર્મા' નામનો રાજા દ્રવિડ દેશમાં અત્યારે તામ્રપર્ણી નદીને કાંઠે 'વર્દ્ધન' નામના શહેરમાં રાજ્ય કરે છે. આ પ્રમાણે લોકસ્થિતિ હમેશ ફર્યા કરે છે અને અલ્પ કાળમાં પણ આ જગત નવું થઈ ગયું છે તે જો. હવે પછી પણ લાંબા કાળે પર્વતો, નદીઓ, સરોવરો, પૃથ્વી વગેરે બીજાં રૂપને પામશે. આવી જગતની સ્થિતિ છે. કાળબળે પર્વતો નીચા પ્રદેશો બને છે અને નીચા પ્રદેશો ઊંચા પ્રદેશો બને છે, સૂકા પ્રદેશો સજળ બની જાય છે અને પર્વતમય પ્રદેશો રેતાળ બની જાય છે. પથ્થર જેવી કઠણ જમીન અત્યંત પોચી બની જાય છે અને પોચી જમીન ઘણી કઠણ બની જાય છે. ઉજજડ જમીન ફળદ્રુપ બને છે અને ફળદ્રુપ જમીન ઉજ્જડ બને છે; રત્નો પથ્થર બને છે અને પથ્થરો રત્ન બની જાય છે. ખારું પાણી મીઠું બને છે અને મીઠું પાણી ખારું બની જાય છે, કોઈ વાર મનુષ્યો વધારે હોય છે, કોઈ વાર ઢોરો વધારે હોય છે, તો કોઈ વાર જંતુઓ વધી પડતાં દેખાય છે. આમ આ જગત કાળક્રમે રૂપાંતર પામતું જાય છે તેથી આપણી પહેલાંની સૃષ્ટિ જ અત્યારે આ રૂપે દેખાય છે.' ૧–૧૧

આવાં મુનિપુત્રનાં વચન સાંભળીને મહાસેન રાજા શોકાકુલ થઈ મૂર્છિત થઈ ગયો, ત્યારે મુનિપુત્રે તેને શુદ્ધિમાં આણ્યો અને આશ્વાસન આપ્યું. પછી તે રાજાએ અતિશોકને લીધે દીન માણસની માફક ભાઈ, ભત્રીજા અને સ્ત્રીઓ વગેરેને સંભારીને વિલાપ કર્યો. પુત્રોને પણ સંભારી સંભારીને શોક કરવા લાગ્યો; આમ મોહપૂર્વક સગાંઓનો અને ભત્રીજાઓનો શોક કરતો જોઈને તે મુનિપુત્રે રાજાને

બોધ આપવાની ઇચ્છાથી કીધું : 'હે રાજન્ ! તું બુદ્ધિમાન છે તેથી શા માટે શોક કરે છે ? બુદ્ધિમાન પુરુષો વિફળ કર્મો કરતા નથી અને ફળનો વિચાર કર્યા સિવાય જે કર્મ કરવામાં આવે છે તે બાલિશ છે, તો તું કોનો શોક કરે છે અને શા માટે શોક કરે છે, તે કહે.' ૧૨–૨૭

આ સાંભળીને અત્યંત દુઃખી થયેલો તે મહાસેન રાજા બોલ્યો : 'હે મહામુનિ ! શું આપ મારા શોકનું કારણ જોઈ શકતા નથી ? જેનું સર્વ હરાઈ ગયું છે તેને આપ કારણ કેમ પૂછો છો ? એક આપ્તજનનો નાશ થતાં પણ મનુષ્યને શોક થાય છે, તો મારે તો સર્વનાશ ઉત્પન્ન થયો છે છતાં આપ મને કેમ પૂછો છો ?' ૨૮–૩૦

આ સાંભળીને મુનિકુમાર હસતા હોય તેમ બોલ્યા : 'હે રાજન્ ! આ શું તારો કુલધર્મ છે ? અથવા શોક નહિ કરવાથી શું કાંઈ પ્રત્યવાય ઊભો થાય છે ? અથવા શું શોક કરવાથી નષ્ટ થયેલી વસ્તુ પાછી આવે છે, એ તું મને કહે. હે રાજન્ ! તું ધૈર્યપૂર્વક વિચાર કર, શોક કરવાથી શું ફળ મળે ? છતાં પણ તારે નાશ પામેલા ભાઈઓનો શોક કરવો જ હોય તો સાંભળ. ભૂતકાળમાં તારા પિતામહ વગેરે જેટલાં સ્વજનો થઈ ગયાં છે, તેનો શોક તું કેમ કરતો નથી ? શોક કરવો હોય તો બધાંનો જ શોક શા માટે કરતો નથી ? તે કોના ભાઈઓ હતા ? તું કોનો ભાઈ છે ? પોતાના શરીરમાંથી જ ઉત્પન્ન થયેલાં અને શરીર સાથે સંબંધ ધરાવતાં જે હજારો કૃમિ વગેરે જંતુઓ છે, તે બધાંને પણ સ્વજન શા માટે ન ગણવાં ? અને તેમનો શોક પણ શા માટે ન કરવો ? હે રાજન્ ! તું વિચાર કર કે તું કોણ છે અને નાશ પામેલાં કયાં સગાંઓનો તું શોક કરે છે ? શું તું દેહ છે ? શું તું દેહભિન્ન છે ? ફક્ત દેહ તો જડ પદાર્થોના સમૂહરૂપ જ છે ને ! સમૂહના એક અંગનો નાશ થાય તો તે તેનો નાશ જ ગણાય છે, અને આમ તો દેહના અંગેઅંગનો નાશ પ્રત્યેક ક્ષણે થઈ રહ્યો છે. મૂત્ર, વિષ્ટા, નખ, કેશ વગેરેના સમૂહરૂપ શરીરનો

મૂળસ્વરૂપે તો નાશ થઈ શકે તેમ નથી; (કારણ કે તે પંચમહાભૂતનો બનેલો છે.) તારા ભાઈઓના દેહો પૃથ્વી આદિ ભૂતોના બનેલા છે અને તેમનો પણ જ્યારે નાશ થાય છે, ત્યારે અવિનાશી આકાશ જ રહે છે. પણ તું દેહ નથી પણ દેહી છે અને જેવી રીતે આ મારું વસ્ત્ર છે, એમ આપણે બોલીએ છીએ તેમ 'આ મારો દેહ છે' એમ તું બોલે છે; તો તું દેહ કેવી રીતે હોઈ શકે તે કહે. જો તું દેહથી ભિન્ન છે, તો પછી બીજા દેહો સાથે તારો સંબંધ કેવી રીતે હોઈ શકે? વસ્ત્રની માફક તારા ભાઈઓ સાથે તારો કંઈજ સંબંધ નથી. હવે જ્યારે તેમનાં શરીરોનો નાશ થઈ ગયો છે ત્યારે શોક કરવો વૃથા છે. આ મારું શરીર છે, આ મારી આંખો છે, આ મારો પ્રાણ છે, આ મારું મન છે, એમ તું બોલે છે તો તેમાં તારું સ્વરૂપ કયું છે તે હું તને પૂછું છું, તો તે મને કહે.' ૩૧–૪૪

આમ મુનિપુત્રે પૂછતાં મહાસેને થોડી વાર વિચાર કર્યો અને તે મુનિના પ્રશ્નનો ગૂઢાર્થ ન સમજાતાં નમ્ર થઈને બોલ્યો, 'હે ભગવન્! હું કોણ છું તે હું જાણતો નથી; અને વિચાર કરતાં પણ જાણી શકતો નથી. હું તો સ્વભાવને વશ થઈને મારા સંબંધીઓનો શોક કરું છું અને તેનું કારણ મને સમજાતું નથી. હું આપને શરણે આવેલો છું, તો આ બધું શાથી થાય છે તે મને કૃપા કરીને કહો. જ્યારે કોઈ પણ બંધુ વગેરે મરી જાય છે, ત્યારે બધા જ શોક કરે છે, પણ આપણે કોણ અને બીજા કોણ એ જાણતા નથી છતાં શોક કર્યા કરે છે. હે ભગવન્! હું આપનો શિષ્ય છું તો કૃપા કરીને તે મને સ્પષ્ટ સમજાવો.' આમ પૂછતાં મુનિપુત્રે કહ્યું: ૪૫–૪૮

'હે રાજા! મહાદેવીની માયાથી મોહિત થયેલા બધા લોકો પોતાના સ્વરૂપને ઓળખતા નથી અને વૃથા શોક કર્યા કરે છે, જ્યાં સુધી તત્ત્વ સહિત આત્માનું સ્વરૂપ સમજાયું નથી, ત્યાં સુધી મનુષ્યોને શોક થાય છે; પણ એક વાર તત્ત્વ જાણ્યા પછી કદી પણ શોક

કરતા નથી. જેમ નિદ્રાથી મોહિત થયેલો માણુસ પોતાને ન જાણુતાં શોક કરે છે અને જેમ જાદુગરના મંત્રથી ઉત્પન્ન થયેલી માયાના પ્રભાવથી મોહિત થયેલો માણુસ માયાથી ઉત્પન્ન કરેલા સર્પ વગેરેથી ડરે છે ને શોક કરે છે, તેમ માયાથી મુગ્ધ થયેલાં મનુષ્યો પોતાને નહિ જાણીને શોક કરે છે. પણ સ્વપ્નથી જાગેલો માણુસ અથવા જાદુગરની માયાથી જાણીતો માણુસ કદાપિ શોક કરતો નથી, પણ શોક કરનારને હસે છે, તેમ માયાથી મુક્ત થયેલા આત્મજ્ઞાનીઓ કદી પણ શોક કરતા નથી, પણ તારા જેવા માયાથી મૂઢ થયેલા લોકોને હસે છે. માટે તું આત્મતત્ત્વને જાણી લે અને દુર્ગમ માયાને તરી જા. હે મહાબાહુ! સદ્વિચારના બળથી મોહને લીધે ઉત્પન્ન થયેલો શોક તું છોડી દે.' ૪૯–૫૫

આમ કહેતાં ફરીથી મહાસેને મુનિપુત્રને પૂછ્યું: 'હે ભગવન્! આપે જે દૃષ્ટાંત આપ્યું તે બરોબર નથી એમ મને લાગે છે. સ્વપ્નની કે જાદુગરની સૃષ્ટિ તો માયિક છે, જ્યારે આ અનુભવાતી સૃષ્ટિ તો સત્ય અને સ્થિર છે, કારણ કે સ્વપ્નની માફક તેનો લોપ ન થતાં બધાના સામાન્ય અનુભવમાં આવે છે માટે તેને સ્વપ્ન જેવી ગણી શકાય નહિ.' આ સાંભળીને મહાબુદ્ધિમાન મુનિપુત્રે તેને કહ્યું: 'હે રાજન્! સાંભળ! તેં જે કહ્યું કે આપનું દૃષ્ટાંત બરોબર નથી એ જ એક પ્રકારનો તારો મોહ છે. જેવી રીતે સ્વપ્નસ્થ પુરુષને દોરી સર્પ-રૂપે ભાસે છે તેવો આ તારો ભ્રમ છે. સ્વપ્નની અવસ્થામાં સ્વપ્નનું વૃક્ષ તે વખત પૂરતું હિત કરતું નથી? શું તે મુસાફરોને છાયા આપીને તાપને હરણ કરતું નથી? શું સ્વપ્નનાં મનુષ્યોને ફળ વગેરેથી સંતોષ આપી શકતું નથી? અને સ્વપ્ન વખતે સ્વપ્નસૃષ્ટિ શું ખોટી ઠરે છે? તે કાયમી નથી પણ ક્ષણિક છે એમ તે વખતે કોણ સમજે છે? જો તું કહેશે કે જાગ્રત દશામાં સ્વપ્નનો બાધ થઈ જાય છે, તો શું સ્વપ્ન અવસ્થામાં જાગ્રતનો બાધ થઈ જતો નથી? જો તું એમ કહે કે, ફરીથી બીજે દિવસે તો એનો અનુભવ થાય છે, માટે તે નષ્ટ થતું નથી, એમ

કહેવાય નહિ; કારણ કે તેવી જ રીતે સ્વપ્ન પણ તેના પદાર્થો સાથે બીજે દિવસે અનુભવાય છે, તેનું શું ? અથવા તે ફરીથી અનુભવાતું જ નથી, એમ જો કહીએ તો જાગ્રત અવસ્થામાં પણ તે જ પદાર્થ ફરીથી ક્યાં અનુભવાય છે ? ક્યાંય પણ અનુભવાતો નથી; તદ્દન નવીન જ પ્રકાર હોય છે. એમ કહીએ કે પદાર્થો નવીન ભાસે છે, પણ પૃથ્વી આદિ વસ્તુઓ તેમની તેમ લાગે છે તો સ્વપ્નમાં પણ તેનાં તે પુત્ર, સ્ત્રી વગેરે વારંવાર અનુભવાય છે. જો અનુભવ જ ખોટો ગણીએ, તો જાગ્રતમાં થતો અનુભવ ખોટો કાં નહિ ? કારણ કે જાગ્રત અવસ્થામાં જે દેહ, વૃક્ષ, નદીઓ વગેરે અનુભવમાં આવે છે, તે પ્રત્યેક ક્ષણે પરિવર્તન પામતાં હોય છે, છતાં પણ તે પદાર્થો હતા તેમ જ અનુભવાય છે પર્વત જેવા પદાર્થોનું સ્વરૂપ પણ બીજી ક્ષણે તેનું તે જ હોતું નથી અને ઝરણાંઓથી તે ભેદાયા કરે છે. ઉંદરો, ડુક્કર, વન, હાથી, ઝરણાં વગેરેથી પર્વતો હમેશાં સર્વ પ્રકારે ભેદાયા કરે છે. આ પ્રમાણે સમુદ્ર, જમીન વગેરે ક્ષણે ક્ષણે બદલાયા કરે છે, છતાં પણ તેનાં તે જ અનુભવાય છે. હે રાજન્ ! આ વિષે હું જે કહું છું તે સાંભળ અને સૂક્ષ્મબુદ્ધિથી વિચાર કરી જો ! વિશિષ્ટ દેશ અને વિશિષ્ટ કાળમાત્રમાં પદાર્થોનો અનુભવ આ જ પ્રમાણે સ્વપ્નમાં કે જાગ્રતમાં એકસરખો જ હોય છે. સર્વદેશી કે સર્વકાલીન પદાર્થોનો અનુભવ અત્યંત દુર્લભ છે ( તે બંને પ્રકારો સંભવિત નથી ). પદાર્થોનો પદાર્થરૂપે નહિ પણ કારણરૂપે અનુભવ થાય છે એમ માનીએ, તો કારણરૂપ તો પૃથ્વી વગેરે ભૂતો ગણાય અને તેનો અનુભવ તો સ્વપ્નમાં થાય છે, તો તફાવત શું રહ્યો ? સ્વપ્નનો બાધ જાગ્રત અવસ્થામાં અનુભવાય છે, પણ જાગ્રત અવસ્થાનો બાધ કોઈને ક્યારે પણ થતો નથી એમ કહીએ તો તે બાબતમાં હું કહું છું તે સાંભળ. **પદાર્થોનો ભાસ ન થવો તેનું નામ બાધ.** નિદ્રામાં પદાર્થોનો ભાસ થતો નથી એમ સમસ્ત જગતનો અનુભવ છે. 'આ મિથ્યા છે' એવી ઓળખ કે જ્ઞાન એ જ બાધ એમ માનીએ, તો તારા જેવા ભ્રાંત

પુરુષોને આત્મતત્ત્વ ઓળખવાની શુદ્ધ દૃષ્ટિ કયાંથી હોઈ શકે? જેણે જાણવાનું તત્ત્વ જાણી લીધું છે, તેમને જ એવી શુદ્ધ દૃષ્ટિ હોઈ શકે. આ દૃશ્ય જગતની સ્થિતિ સ્વપ્નના દૃશ્ય જેવી છે; જાગ્રત અવસ્થાની માફક જ સ્વપ્નમાં પણ દીર્ઘકાળ અનુભવાય છે. સ્વપ્નસૃષ્ટિ પણ તે વખતે બાધ નહિ પામનારી, સર્વ વ્યવહાર સંપાદન કરનારી અને સ્થિર લાગે છે અને આમ સ્વપ્નનો ભાવ જાગ્રત અવસ્થાના ભાવની જેવો જ છે. જેવી રીતે જાગ્રત અવસ્થામાં જાગ્રત ભાવ અનુભવાય છે, તેવી જ રીતે સ્વપ્ન અવસ્થામાં પણ આપણે જાગ્રત છીએ, એ જ ભાવ અનુભવાય છે. આવી પરિસ્થિતિ છે, તો હે રાજન્! સ્વપ્નમાં અને જાગ્રતમાં શું ફેર છે? સ્વપ્નમાંનાં તારાં આપ્તજનો માટે તું કાં શોક કરતો નથી? કેવળ ભાવનાબળથી જ આ જગતની સત્યતા પ્રતીત થાય છે. જે ક્ષણે શૂન્યપણાની ભાવના કરી તે ક્ષણે બધું શૂન્યરૂપ અને આકાશ માફક ખુલ્લું થઈ જશે. જેમ જેમ 'આ બધું મિથ્યા છે' એ ભાવના દૃઢ થશે, તેમ તેમ સર્વત્ર આત્મભાવ અનુભવાતો જશે. તેનો દાખલો અહીં જ પ્રત્યક્ષરૂપે તેં જોયો. તને આ શિલામાં સૃષ્ટિ પ્રતીત થઈ. આ શિલાની પ્રદક્ષિણા કરીને આપણે હવે જઈએ.

આમ કહી રાજાનો હાથ પકડીને તેણે તે શિલાનું પરિક્રમણ કર્યું અને મુનિપુત્ર મહાસેન રાજાને કહ્યું, 'જોયું! આ શિલા તો માત્ર પોણો માઇલ પરિઘવાળી છે, છતાં પણ તેં આ શિલાની અંદર વિશાળ પ્રદેશનો અનુભવ કર્યો; હવે તેને જાગ્રત ગણવું કે સ્વપ્ન? તેને સત્ય ગણવું કે મિથ્યા? તે શિલાના એક દિવસ જેટલા સમયમાં અહીં બાર અબજ વર્ષો થઈ ગયાં, તો હવે તું તારી મેળે જ સત્યાસત્યનો નિર્ણય કર. બે જુદાં જુદાં સ્વપ્નો જેમ અનુભવાય તેવી આ સ્થિતિ થઈ. આ જગતનો સાર ભાવનામાત્ર છે એમ સમજજે. આ જગતની ભાવના છૂટી જતાં તે ક્ષણમાત્રમાં લીન થઈ જાય છે, માટે હે રાજન્! આ જગતને સ્વપ્ન માફક ગણીને શોક છોડી દે. દર્પણની માફક સ્વપ્નરૂપી ચિત્રના આધારભૂત જ્ઞાનરૂપ આત્માને સમજ,

ને જેવો તું છે તેવો થઈને રહે. આ જાગ્રત અવસ્થારૂપી ચિત્રનો અરીસો જ્ઞાનરૂપ આત્મા છે, એમ સમજ અને પરમાનંદથી તારા ચિત્તને એકદમ ભરી દે. ૮૪-૯૧

## અધ્યાય ૧૪ મો: શૈલલોકઆખ્યાન

આ પ્રમાણે મુનિપુત્રની વાત સાંભળીને મહાસેને શુદ્ધ બુદ્ધિથી વિચાર કર્યો અને જગતની સ્થિતિ સ્વપ્ન સરખી લાગતાં તરત જ શોક કરવો છોડી દીધો. તેણે ધીરજ ધારણ કરી અને શોકરહિત થઈને ફરીથી મુનિપુત્રને પૂછ્યું : 'હે મુનિપુત્ર! તમે બ્રહ્મનિષ્ઠ છો, આપને કાંઈ પણ અવિદિત હોય એમ લાગતું નથી, માટે જે હું આપને પૂછું તે કૃપા કરીને મને કહો. આપ કહો છો કે આ બધું ભાવનાથી ઉત્પન્ન થયેલું છે, પણ હું જે રીતે ભાવના કરું છું, તેવો મને બહાર અનુભવ થતો નથી; જ્યારે તમે તો ભાવનાસિદ્ધિથી પથ્થરમાં આખી સૃષ્ટિ ઉત્પન્ન કરી છે, તેમ જ એક જ કાળ અને એક જ પ્રદેશ એમ બન્ને એકરૂપે કેવી રીતે અનુભવમાં આવ્યાં, તેમાં ખોટું શું અને સાચું શું, તે આપ મને સમજાવીને કહો.' આ પ્રમાણે મહાસેને પૂછતાં મુનિપુત્રે કહ્યું : ૧-૬

'ભાવના એટલે સંકલ્પ; તે ભાવના બે પ્રકારની છે: એક સિદ્ધ અને બીજી અસિદ્ધ. જે ભાવનામાં વિરુદ્ધ વિકલ્પથી ભેદ થતો નથી એટલે કે મન પોતાના ધ્યેયથી જ્યાં ચલિત થતું નથી તે સિદ્ધ ભાવના સમજવી. બ્રહ્મદેવની ભાવનાથી આ જગત ઉત્પન્ન થયું છે એટલે બધાને તે દઢરૂપે સત્ય લાગે છે. બ્રહ્મદેવની પેઠે પોતાના જ સંકલ્પથી ઉત્પન્ન થયેલી વસ્તુમાં કોઈને પણ સત્યત્વની ભાવના હોતી નથી; વિકલ્પ થતાં ભાવનાની અસિદ્ધિ રહે છે. ભાવનાજન્ય સિદ્ધિ ઘણા પ્રકારની હોય છે; કોઈને જન્મથી, કોઈને મણિથી, કોઈને ઔષધિથી અને કોઈને યોગબળથી; તેમ જ કોઈને તપથી, કોઈને મંત્ર-

સિદ્ધિથી અને કોઈને મળેલા વરદાનથી હોય છે. આ ભાવનાસિદ્ધિ બ્રહ્મદેવને જન્મથી અને યક્ષરાક્ષસોને મણિથી હોય છે. દેવતાઓને ઔષધથી, યોગીપુરુષોને યોગથી, તપસ્વીઓને તપથી અને માંત્રિકોને મંત્રથી ભાવનાસિદ્ધિ હોય છે. વિશ્વકર્મા વગેરે દેવોને વરદાનથી સિદ્ધિ પ્રાપ્ત થયેલી છે, માટે જેને જે અનુભવવાની હોય તેનો સંકલ્પ કરવો જોઈએ. સંકલ્પ કરતાં 'હું સંકલ્પ કરું છું' એ ભાવનું પણ પૂર્ણપણે વિસ્મરણ થાય, ત્યારે જ તે સંકલ્પ સિદ્ધ થાય છે. એ પ્રમાણે અન્ય ભાવોનું સ્મરણ છોડતાં છોડતાં નિર્વિકલ્પભાવના જેમ જેમ સિદ્ધ થાય છે અને દૃઢ પ્રયત્નથી અન્ય વિકલ્પો બંધ થતા જાય છે, તેમ તેમ ભાવના સિદ્ધ થાય છે, અને તે સિદ્ધ ભાવના મહાન કાર્યોને સાધી આપે છે. અન્ય વિકલ્પો વડે ભેદ થતાં તારી ભાવના સિદ્ધ થતી નથી; જો મારી પેઠે તું અનુભવ મેળવવા ઇચ્છતો હોય તો જલદી ભાવનાસિદ્ધિ પ્રાપ્ત કર. ૭–૧૬

હવે હે રાજન્! બીજી સમજવા જેવી મહત્ત્વની બાબત તે દેશકાળની દ્વિવિધતા છે. લોકવ્યવહારનું સ્વરૂપ બરોબર તને સમજાયેલું નથી, એટલે આ બધું તને વિચિત્ર લાગે છે; આનું કારણ હું તને કહું છું તે સાંભળ: અનેકરૂપે ભાસમાન થવું એ તો જગતનો સ્વભાવ છે. સૂર્યનો પ્રકાશ એક છે, પણ તેનો અનુભવ બે પ્રકારે થાય છે. (ઘુવડ જેવાં) દિવસે ન જોઈ શકનારાં પ્રાણીઓને તે અંધકારરૂપ છે, બીજાને તે પ્રકાશરૂપ છે. જલ મનુષ્યો અને પશુ વગેરેને શ્વાસનું રોધક બને છે, પણ માછલાંઓને તો બહાર શ્વાસનો રોધ થાય છે, જલ શ્વાસનું રોધક બનતું નથી. અગ્નિ મનુષ્યો વગેરેને બાળે છે, પણ તિત્તિરિ તેને ખાઈ જાય છે. અગ્નિ જળથી નાશ પામે છે, તે જ અગ્નિ જળમાં કોઈ વાર સંચાર કરતો હોય છે. આમ જાગ્રત અવસ્થાના બધા ભાવો દ્વિવિધરૂપે રહેલા છે; આ તો પ્રત્યક્ષ અનુભવાતા પદાર્થોનો પ્રકાર થયો, પણ ઇન્દ્રિયગોચર નહિ થનાર છતાં વિરુદ્ધરૂપે પ્રતીત થતા પદાર્થોના પ્રકારો સેંકડો નહિ બલકે

હજારો છે. આ વાત ઉદાહરણ સાથે કહું છું તે સાંભળ. ૧૭–૨૩

આ બધો અનુભવ ચક્ષુઇન્દ્રિયને આધારે રહેલ છે. ચક્ષુની વિકૃતિ એ એનું સ્વરૂપ છે, નેત્રની બહાર આ દશ્યનો એક અંશ પણ વિદ્યમાન નથી. પિત્તથી દૂષિત થયેલી આંખોવાળો માણસ બહાર પીળું જ જુએ છે અને નેત્રરોગી જેવા દૃષ્ટિદોષવાળા એકને બે રૂપે જુએ છે. એમ વિચિત્ર અને દૂષિત દૃષ્ટિવાળા લોકો જગતને વિવિધ રીતે જુએ છે; પૂર્વસમુદ્રમાં કરંડક નામનો ટાપુ છે, ત્યાંના લોકો બધા પદાર્થોને રાતા જ જુએ છે; તેની જ રીતે રમણીકદ્વીપમાં રહેલા લોકો દરેક પદાર્થને ઊંધો જુએ છે. આમ બીજા ટાપુઓમાં લોકો જુદા જુદા નેત્રસ્વભાવને લીધે પદાર્થોને પણ જુદી જુદી રીતે જુએ છે; તેમાં તેઓને કદી કોઈ વાર હોય તેથી બીજી રીતે પદાર્થ પ્રતીત થાય છે, તો તેઓ ઔષધિ વગેરેથી પોતાના નેત્રને શુદ્ધ કરે છે અને પહેલાંની માફક પદાર્થને જુએ છે, ત્યારે તેમને શાંતિ થાય છે; માટે જગતમાં ચક્ષુ વડે જે જે દેખાય છે તેમાં ચક્ષુનો અંશ, પીળા ચક્ષુ-વાળાની પીળાશ માફક, તેમાં રહેલો છે; એવી જ રીતે નાસિકા વગેરે ઇન્દ્રિયનો પ્રકાર છે; ગંધ વગેરે પદાર્થો ઘ્રાણમાત્ર જ છે, ઘ્રાણેન્દ્રિય-થી જુદું તેનું અસ્તિત્વ નથી. તેમ જ માનસિક ભાવો એ પણ મનો-માત્ર છે, તેમ જ જાગ્રત અવસ્થાના પદાર્થો પણ મનોમાત્ર છે; વ્યવ-હારમાં પણ પદાર્થોમાં જે પરસ્પર સંબંધ દેખાય છે તે પણ ઇંદ્રિયોથી જ ઉત્પન્ન થયેલો છે, બહાર કાંઈ નથી. ૨૪–૩૨

હે રાજન્! આ લોકમાં 'બહાર' એમ જે કાંઈ ભાસમાન થાય છે, તે જ આ જગતનું મૂળ–જગતરૂપી ચિત્રના આધારભૂત ભીંત જેવું છે. તે 'બહાર'નો નિશ્ચિત થયેલ આધાર કાંઈ નથી; તે 'બહાર'નું મૂળ કારણ શોધી કાઢવા પ્રયત્ન કરીએ, તો શરીર કદાચ સંભવી શકે, બીજો કોઈ પદાર્થ સંભવે નહિ. પણ વસ્તુતઃ શરીર પણ 'બહાર' હોય એમ લાગે છે, તો તે જગતનો મૂળ આધાર કેમ સંભવી શકે? 'પર્વતની બહાર' એમ કહેતાં પર્વત કાંઈ

'બહાર' બની જતો નથી; તેથી ઘડાની માફક શરીર પણ બહાર જ ભાસે છે, તેથી 'જે ભાસક છે તેની બહાર' એમ માનીએ તોપણ સંભવી શકે નહિ. દીપક કે સૂર્યના પ્રકાશની બહાર રહેલ કોઈ પણ વસ્તુનો ભાસ થતો નથી, એટલે ભાસ્યમાન આ જગત તે ભાસકની અંતર્ગત છે એમ માનવું યોગ્ય કહેવાશે. હવે શરીર વગેરે તો ભાસક નથી, કારણ કે પર્વત વગેરે પદાર્થોની માફક તે પણ ભાસ્ય વસ્તુ-ભાસમાન થતો પદાર્થ છે, અને 'જે ભાસ્ય છે તેજ ભાસક છે' એમ કહેવું પણ યોગ્ય નથી; ભાસકને પણ ભાસ્ય માનીએ તો ભાસકની અનવસ્થિતિ થશે, એટલે કે ભાસકનું ભાસકપણું નહિ રહે; અને ભાસકની પરંપરા માનતાં છેલ્લો ભાસક નિશ્ચિત થઈ શકશે નહિ; વળી પોતેજ ભાસક અને પોતેજ ભાસ્ય એમ માનવું પણ યોગ્ય નથી; (કારણ કે તેમાં સ્વવિરોધ-કર્તૃકર્મવિરોધ-રહેલ છે.) તેથી ભાસક તત્ત્વ તો અત્યંત શુદ્ધ, કેવળ ભાસકરૂપ ને એકરૂપ, ફક્ત પ્રકાશરૂપ, પરિપૂર્ણ અને એકરસરૂપ છે એમ લાગે છે. તે તત્ત્વ સર્વત્ર ભાસમાન થતું હોવાથી દેશકાળ પણ તેનાથી વ્યાપ્ત-ભાસમાન છે, અને આમ હોવાથી તે તત્ત્વ પરિપૂર્ણ છે. જે વસ્તુ ભાસકતત્ત્વ સાથે તાદાત્મ્ય સંબંધ ધરાવે નહિ, તે ભાસમાન થાય નહિ, તેમ જ તે ભાસકતત્ત્વ અદ્વિતીય હોવાથી કેવળ પ્રકાશક ને એકરસરૂપ છે; અંદર કે બહાર જે જે કાંઈ પ્રતીત થાય છે તે તે તેના ઉદરમાં રહેલું છે; પર્વતનું શિખર પર્વતની બહાર છે, એમ કહેવાય નહિ, તેમ આ જગત જે બહાર ભાસમાન થાય છે, તે ભાસકતત્ત્વની બહાર છે એમ કહેવાય નહિ. આ પ્રમાણે આ પ્રકાશરૂપ ભાસકતત્ત્વે સર્વ પ્રપંચનો-જગતનો ગ્રાસ કરેલો છે અને તેજ આત્મસ્વરૂપ હોવાથી પોતાના સ્વરૂપમાંજ સ્વતંત્રરૂપે સર્વ કાળે અને સર્વ સ્થળે પ્રતીત થાય છે. એજ પરાસ્વરૂપ ત્રિપુરાદેવી કહેવાય છે. વેદાંતીઓ તેને બ્રહ્મ કહે છે, વૈષ્ણવો તેને વિષ્ણુ કહે છે, શૈવો તેને શિવ કહે છે અને શાક્ત લોકો તેને શક્તિરૂપે ઓળખે છે; એ ચિદ્રૂપ-જ્ઞાનરૂપ,

તત્ત્વ સિવાય જે કાંઈ કહેવામાં આવે તે અપૂર્ણ થશે. અરીસો જેમ બધાં પ્રતિબિંબોમાં વ્યાપ્ત રહે છે, તેમ આ જ્ઞાનરૂપ શક્તિથી બધું વ્યાપ્ત છે; તેનું ભાસકપણું ભાસ્યમાન પદાર્થોની અપેક્ષાએ પ્રતીત થાય છે; તે ભાસકત્વ વસ્તુતઃ તેના સ્વરૂપમાં રહેલું નથી. અરીસામાં દેખાતા નગર પ્રમાણે સર્વ ભાસ્ય પદાર્થ ભાનરૂપમાં મગ્ન થઈ ગયેલા હોય છે; અરીસામાં દેખાતું શહેર જે પ્રમાણે અરીસાથી જુદું નથી, તે પ્રમાણે પૂર્ણ ઘનરૂપ અને એકરૂપ ચૈતન્યમાં જે જગત ભાસમાન થાય છે તે તેનાથી જુદું નથી. અરીસામાં પ્રતીત થતું નગર જેમ તેનાથી તદ્દન જુદું સિદ્ધ કરી શકાતું નથી, તેમ ઘનરૂપ, એકરૂપ અને પૂર્ણ ચિદાત્માથી તદ્દન જુદું જગત સિદ્ધ થઈ શકતું નથી; આકાશ એ તો અવકાશરૂપ અને શૂન્યરૂપ છે, તેથી દ્વૈત જગત તેનામાં સમાઈ શકે, પણ ચિતિશક્તિ તો અશૂન્યરૂપ અને એકરૂપ હોવાથી સર્વત્ર અને સર્વદા દ્વૈતનો લવલેશ પણ સહન કરી શકતી નથી; શુદ્ધ સંવિદ્ અરીસાની માફક સ્વચ્છ છે અને પોતાના અદ્વિતીય સ્વરૂપમાં પોતાના સ્વાતંત્ર્યથી સર્વ ચરાચર વિશ્વને ઉત્પન્ન કરે છે; આમ નિમિત્ત કારણ અને ઉપાદાન કારણ સિવાય અતિ અદ્દભુત દ્વૈતને તે ઉત્પન્ન કરે છે. જેવી રીતે અરીસામાં અનેક રૂપો ભાસમાન થાય છે, પણ અરીસાનું એકપણું સ્પષ્ટપણે અનુભવાય છે, તેમ વિચિત્ર જગત અનેકરૂપે ભાસ્યમાન થાય છે; છતાં પણ તે તત્ત્વ અબાધિત અને નિર્દોષ છે. ૩૩–૫૫

હે રાજન્ ! તું તારી પોતાની મનોરાજ્યદશાનો વિચાર કરી જો ! ત્યાં આગળ કેવળ ચૈતન્ય જ વિચિત્ર પ્રકટીકરણો ધારણ કરે છે. પ્રતિબિંબ હોય કે ન હોય પણ જેમ દર્પણ શુદ્ધ જ હોય તેમ તે ચિદ્રૂપશક્તિ સૃષ્ટિ અથવા પ્રલય વખતે ખરેખર નિર્વિકલ્પ જ હોય છે. એ પ્રમાણે તે એકરસ ચૈતન્ય જ સ્વતઃસિદ્ધ સ્વાતંત્ર્યયોગે, દર્પણમાં ભાસતા નગર પ્રમાણે પોતાના સ્વરૂપને બહાર પ્રકટ કરી બતાવે છે. એ જ 'પ્રથમ સૃષ્ટિ' કહેવાય છે, અથવા 'અવિદ્યા'

કે 'તમ' એમ પણ કહેવાય છે; પૂર્ણસ્વરૂપ ચૈતન્યનું અંશરૂપે ભાન થવું, એ જ તેનો બાહ્ય ભાસ ગણાય છે. પૂર્ણરૂપ આત્મચૈતન્યમાં 'હું છું' એવું જે સ્ફુરણ થાય છે, તેનો છેદ-અભાવ થાય છે, ત્યારે અનહંભાવ-અહંભાવનો અભાવ એટલે જડશક્તિ ઉત્પન્ન થાય છે અને તેને જ કેટલાક 'અવ્યક્ત' કહે છે. અમર્યાદ શુદ્ધ ચૈતન્યમાં પરિચ્છિન્નરૂપે પોતાના સ્વરૂપને બહાર પ્રકટ કરતું જે ચૈતન્ય તે 'શિવતત્ત્વ' કહેવાય છે, અને તેનો જે 'ભાસ' થાય છે તે જ 'શક્તિ' છે, 'હું છું' એમ જે ચૈતન્યનું સવિકલ્પરૂપ બને છે, તે જ 'શક્તિતત્ત્વ' છે-(તે જ જીવતત્ત્વ બને છે). બાહ્યરૂપ અને શૂન્યરૂપ આકાશમાં જે પદાર્થો કલ્પાય છે, તેમાં 'હું છું' એવો ભાવ ધારણ કરીને જે તત્ત્વ રહે છે, તે 'સદાશિવ' કહેવાય છે-આ ત્રીજું તત્ત્વ છે. જડતા વધારે થતાં-'હું છું'ને બદલે 'છે' ભાવ જ રહેતાં તે જ તત્ત્વ 'ઇશ્વર'ને નામે ઓળખાય છે-આ ચોથું તત્ત્વ છે; આ 'સદાશિવ' અને 'ઇશ્વર' એ બે તત્ત્વોનું ભેદાભેદપૂર્વક જે સંવેદન-બંનેમાં અનુગત થઈ રહેલ સામાન્ય તત્ત્વ-તે 'શુદ્ધ વિદ્યા'ના નામથી ઓળખાય છે-આ પાંચમું તત્ત્વ છે; આ પાંચ તત્ત્વો સુધી જડ શક્તિનો વિકાસ નહિ થયેલ હોવાથી આ પાંચ તત્ત્વો 'શુદ્ધ તત્ત્વ-પંચક' મનાય છે. પછી તો ચૈતન્યના સ્વાતંત્ર્યયોગે કરીને ભેદસંકલ્પ જેમ જેમ વૃદ્ધિ પામે છે, તેમ તેમ ચૈતન્ય 'જડશક્તિ'નો ધર્મ બને છે અને 'જડશક્તિ' ધર્મી બની જાય છે. તે વખતે તે 'જડશક્તિ' 'માયા' કહેવાય છે. ભેદસંકલ્પોની બહુલતા થતાં, 'ભેદ'નો નિર્ણય કરનારી બુદ્ધિ તે માયા કહેવાય છે. આ ભેદભાવને જે ક્ષણે ચૈતન્ય પ્રાપ્ત થાય છે, તે ક્ષણે તે સંકોચ પામીને 'પંચકંચુક'થી યુક્ત થઈને પુરુષરૂપને પ્રાપ્ત થાય છે. કલા, વિદ્યા, રાગ, કાલ અને નિયતિ-એ પાંચ કંચુક છે. આમાં કલા એટલે અમુક મર્યાદા પર્યંત કર્મ કરવાં, વિદ્યા એટલે અમુક મર્યાદામાં જાણવું, રાગ એટલે તૃષ્ણા, કાલ એટલે આયુષ્યનું અમુક પ્રમાણ અને નિયતિ એટલે પરતંત્રતા-એ પાંચ

કંચુકોથી પુરુષ (જીવ) યુક્ત છે. વિચિત્ર અને અનાદિ કર્મોનો મનુષ્યોનો જે સંસ્કારસમૂહ ચિતિશક્તિનો આશ્રય કરીને રહેલો છે, તે 'પ્રકૃતિ' કહેવાય છે. કર્મોનાં ફળ ત્રિવિધ હોય છે, એટલે 'પ્રકૃતિ' પણ ત્રિવિધ છે. તેની એક અવસ્થાવિશેષનું નામ જ ચિત્ત છે. સુષુપ્ત અવસ્થામાં તે 'પ્રકૃતિ' કહેવાય છે, અને તેનો અંત થતાં જ તે તે 'ચિત્ત' કહેવાય છે–આમ સંસ્કારસમૂહ સાથે રહેલું ચૈતન્ય જ ચિત્ત કહેવાય છે. તેને જ 'અવ્યક્ત' કહે છે. અનેક પુરુષો–જીવો–થતાં ચિત્ત પણ નાનાવિધ છે. બધા જીવો મૂળરૂપે એક હોવાથી સુષુપ્તિમાં તેનો એકરૂપે અનુભવ કરે છે, અને તે વખતે તે 'પ્રકૃતિ' બને છે અને સુષુપ્તિ અવસ્થા અંતે 'ચિત્ત' બને છે. ચૈતન્યના પ્રાધાન્યને લીધે તે 'પુરુષ' બને છે, અને 'અવ્યક્ત'ના પ્રાધાન્યને લીધે તે 'પ્રકૃતિ' બને છે. ૫૬–૭૬

હે રાજન્! આ અંતઃકરણ ક્રિયાભેદને લીધે ત્રણ પ્રકારનું છે. અહંકાર, બુદ્ધિ અને મન. ત્યાર પછી પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો ઉત્પન્ન થાય છે, અને પછી શબ્દ વગેરે પંચ વિષયો અને આકાશ વગેરે સ્થૂલસૂક્ષ્મ પંચ મહાભૂતો ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે તે શુદ્ધ અને સર્વસાક્ષીરૂપ પરમ સંવિદ્ બહાર આભાસને પ્રકટ કરીને ક્રીડા કરે છે. સર્વનાં મૂળરૂપ ત્રિપુરાશક્તિએ સૃષ્ટિકાળમાં જે બ્રહ્મદેવને ઉત્પન્ન કર્યા, તેમણે આ સૃષ્ટિ નિર્માણ કરી છે. 'હું–તું' રૂપે ભાસતી જે ચૈતન્યશક્તિ–જે સંવિદ–તે જ પરમ ચૈતન્યશક્તિ છે. ત્યાં મૂળસ્વરૂપમાં કશો જ ભેદ નથી. ભેદમાત્ર ઉપાધિને લઈને પ્રતીત થાય છે, અને તે ઉપાધિ બ્રહ્મદેવની ભાવનામાંથી ઉદય પામેલી છે, એટલે તે ભાવનાનો ઉપસંહાર કરતાં ભેદનો ભાસ રહેતો નથી. ચૈતન્યનું જે ભાવનાસામર્થ્ય છે, તે માયાથી ઢંકાઈ ગયેલ છે–('હું જીવ છું' એવી જે હૃદ્ગ્રંથિ છે, તે જ માયાનું સ્વરૂપ છે) તે આવરણ નષ્ટ થતાં જ, હે રાજન્! તારી તે ભાવનાસિદ્ધિ સ્વતઃ જ પ્રગટ થશે. દેશ, કાળ કે કોઈ પણ પદાર્થની જે કોઈ જેવી રીતે ભાવના કરે છે, તેને તેને તે તે પદાર્થ દીર્ઘ

કે સૂક્ષ્મરૂપે પ્રતીત થાય છે. મેં એક દિવસની ભાવના કરી હતી એટલે તેની એક દિવસરૂપે પ્રતીતિ થઈ. પણ તે જ વખતમાં બ્રહ્મદેવે બારસો કરોડ વર્ષની ભાવના કરી હતી; એટલે આ પ્રમાણે જ નાના મોટા-પણાની પ્રતીતિ થાય છે. બ્રહ્મદેવે નિર્માણ કરેલ ત્રણ-ચાર માઈલના પર્વતમાં મેં અનંત પ્રદેશની ભાવના કરી, એટલે અનંતતાની પ્રતીતિ થઈ; આવી રીતે આ બધો પ્રકાર ખરો પણ છે અને ખોટો પણ છે. હવે તું પણ એક બે માઈલના પ્રદેશમાં અને થોડા એવા કાળમાં અનંત યોજન લાંબા પ્રદેશની અને દીર્ઘકાળની ભાવના કર, અને તે ભાવના સિદ્ધ થતાં જ તેની પ્રતીતિ તને થશે; આ બાહ્ય જગત ભાવના-માત્ર છે. આ ચિત્રમય જગત, હે રાજન્! 'અવ્યક્ત' નામની ભીંત-આધાર-ઉપર 'અવ્યક્ત' સાથે અભેદરૂપ છે; છતાં ભાસમાન થાય છે. એ પરમચૈતન્યને જ તે 'અવ્યક્ત' ભીંત સમજવી. એટલા માટે જ લાંબે વખતે પહોંચી શકાય એવા દૂર દેશમાં યોગી પુરુષ ક્ષણવારમાં પહોંચી જાય છે, અને હાથમાંના આમળાની જેમ દરેક વસ્તુ સ્પષ્ટપણે જોઈ શકે છે;-એટલા માટે દૂરપણું કે નજીકપણું, વિલંબ કે શીઘ્રતા, ભાવના-ને અધીન છે અને ચૈતન્યરૂપ દર્પણ તેનો આધાર છે; આમ નિશ્ચય કરી શુદ્ધ આત્મભાવનાના બળથી ભ્રાંતિ છોડી દે, તો તું પણ મારી માફક સ્વતંત્ર બનીશ.' આમ મુનિકુમારનાં વચનો સાંભળીને મહાસેન રાજાનો સર્વ ભ્રમ દૂર થયો અને જાણવાનું જાણ્યા પછી તેનું અંતઃકરણ અત્યંત શુદ્ધ થઈ ગયું, એટલે સમાધિનો અભ્યાસ કરીને તેણે ભાવના-સામર્થ્ય પ્રાપ્ત કરી લીધું. સર્વસમર્થ થઈ ને આ પૃથ્વી ઉપર લાંબા વખત સુધી વિહાર કર્યો; પછી દેહના અહંભાવને સદંતર દૂર કરીને શુદ્ધ ચૈતન્યરૂપ આકાશનો આશ્રય કરીને પરમ નિર્વાણપદને પ્રાપ્ત થયો.'

દત્તાત્રેય બોલ્યા: 'હે પરશુરામ! આ જગત કેવળ સત્યપણાની ભાવનાથી જ સત્યરૂપે પ્રતીત થાય છે; તું આત્મરૂપથી તેનો વિચાર કર, એટલે તારા ચિત્તમાં રહેલો બધો ભ્રમ આ વિચારબળથી શાંત થઈ જશે.' ૭૭-૯૭

# અધ્યાય ૧૫ મો : અષ્ટાવક્રઆખ્યાન

અતિ અદ્‌ભુત શૈલાખ્યાન સાંભળીને ભૃગુકુલોત્પન્ન પરશુરામને ઘણું આશ્ચર્ય થયું. ગુરુએ કથન કરેલ હકીકતનો શુદ્ધબુદ્ધિથી તેમણે વિચાર કર્યો, અને ફરીથી દત્તાત્રેય પાસે જઈને આદરપૂર્વક પ્રણામ સાથે તેમને પૂછ્યું: 'હે ભગવન્! આપે વિવિધ આખ્યાનો વડે જે કહ્યું, તે ઉપર મેં ઘણો જ વિચાર કર્યો છે, અને તેનો સાર મને આમ લાગ્યો છે: 'સંવેદન-ચૈતન્ય-સત્ય તત્ત્વ છે અને જે સંવેદ્ય જ્ઞેય છે તે કલ્પિત છે, તથા અરીસામાં પ્રતીત થતા નગરની માફક ખોટી કલ્પના છે. તે ચિતિશક્તિ પરમ શક્તિરૂપ અને સંવિદ્રૂપ પરમેશ્વર છે, તે આત્મસ્વરૂપ આધાર પર 'અવ્યક્ત' વગેરે ભેદોવાળા જગત-રૂપી ચિત્રનો ભાસ કરે છે, અને તે જગતને સ્વતઃસિદ્ધ સ્વાતંત્ર્ય-યોગે કોઈ પણ ઉપાદાન કે નિમિત્ત વગર પ્રગટ કરે છે; સૂક્ષ્મ વિચારને અંતે મને આટલું સમજાયું છે. પણ આ સંવિત્તિ-ચૈતન્ય, વેદ્યરહિત-નિર્વિકલ્પરૂપ જાણવાને અશક્ય છે, કારણ કે સર્વ સંવેદ્ય ભાવોમાં તે રહેલું જ હોય છે, એટલે તે સંવિત્તિ-જ્ઞાનરૂપ ચૈતન્ય-કેવી રીતે પ્રાપ્ત કરી શકાય? તેને જાણ્યા સિવાય પરમ પુરુષાર્થરૂપ મોક્ષ કેમ મળે? અને મુક્ત થયા વગર વ્યવહાર કેમ સંભવે? જ્ઞાની પુરુષો સુદ્ધાં વ્યવહાર કરતા દેખાય છે, તો તેમની નિર્વિકલ્પ સ્થિતિ કેમ સંભવી શકે? શુદ્ધ નિર્વિકલ્પ અવસ્થા પ્રાપ્ત થતાં વ્યવહાર કેમ થાય તે સમજી શકાતું નથી! વિજ્ઞાન એકરૂપ છે, એટલે મોક્ષરૂપ ફળ પણ એક જ સંભવે! જ્ઞાન જ્ઞાનમાં ફરક નથી, છતાં પણ આ લોકમાં જ્ઞાનીઓમાં તફાવત દેખાય છે; કેટલાક યથાયોગ્ય સમયે શાસ્ત્રવિહિત કર્મો કરે છે. કેટલાક વિવિધ પ્રકારે દેવતાઓની આરાધના કરે છે. કેટલાક ઇંદ્રિયોનો પ્રત્યાહાર કરીને સમાધિ કરે છે. દેહ ને ઇંદ્રિયોનું શોષણ કરનારું તપ કેટલાક કરે છે અને કેટલાક પોતાના શિષ્યોને સ્પષ્ટ બોધ આપે છે, કેટલાક દંડનીતિ મુજબ રાજ્ય ચલાવે છે,

અને કેટલાક સભાઓમાં પ્રતિપક્ષીઓ સાથે વિવાદ કરે છે. કેટલાક વિવિધ પ્રકારનાં શાસ્ત્રો રચે છે અને કેટલાક ફક્ત મુગ્ધપણાનો આશ્રય કરીને જ રહે છે. કેટલાક લોકનિંદિત વૃત્તિનો આશ્રય કરે છે; સંસારમાં આ બધા જ્ઞાની તરીકે જાણીતા છે; તો સાધન અને ફળમાં ભેદ નહીં છતાં તેમની સ્થિતિમાં ભેદ કેમ છે? તેઓનું જ્ઞાન સમાન છે કે કાંઈ ઓછુંવત્તું છે? એ બધું મને વિસ્તારથી સમજાવો; અન્યશરણવાળા શિષ્ય ઉપર આપનું અંતઃકરણ સ્વભાવથી જ દયાળુ છે.' આ પ્રમાણે પરશુરામે પૂછતાં દત્તાત્રેય પ્રસન્ન થયા, અને તેનો પ્રશ્ન યોગ્ય લાગવાથી તેનો ઉત્તર આપવો શરૂ કર્યો. ૧-૨૦

'હે પરશુરામ! તું બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ છે, કારણ કે તે પદનો તું સ્પર્શ કરી શકે છે! તું સદ્વિચારમાં તત્પર હોવાથી તત્ત્વ જાણવાને યોગ્ય થયેલ છે. સદ્વિચારમાં તત્પરતા એ જ શક્તિપાત-ઈશ્વરાનુગ્રહ સમજવો અને ઈશ્વરના અનુગ્રહ વગર કોનું કલ્યાણ થાય છે? આ આત્મદેવતાનું જ કામ-કૃપાનું ફળ-છે એમ જાણ; કારણ કે તેની પ્રસન્નતાથી સદ્વિચારમાં હમેશાં વધારો થયા કરે છે. તે તત્ત્વ તેં જે રીતે જાણ્યું તેમ જ છે, બીજી રીતે નથી. તું કહે છે તેવું તે સ્વરૂપ હોવા છતાં, હે રામ! તું બરાબર તે સ્વરૂપને ઓળખી શક્યો નથી, માટે જ તું એ પ્રમાણે બોલે છે; કારણ કે તેને જે તટસ્થ રહીને જાણે છે, તેણે તે તત્ત્વ જાણ્યું નથી. તે તત્ત્વનું નિશ્ચિત જ્ઞાન થતાં તટસ્થતા શાંત થઈ જાય છે; કારણકે તટસ્થ રહીને બ્રહ્મને જાણીએ તે સ્વપ્નના જ્ઞાન માફક ક્ષણિક છે, નિત્ય નહિ; (એટલે કે ઉત્થાન થતાં તે જ્ઞાન નષ્ટ થઈ જાય છે) જેવી રીતે સ્વપ્નમાં પ્રાપ્ત થયેલ ખજાનો પુરુષને નકામો છે, તેવી જ રીતે આ તટસ્થજ્ઞાન મોક્ષરૂપ મુખ્ય ફળ આપવામાં નકામું છે. આ બાબતમાં અતિ સુંદર એક પુરાતન વૃત્તાંત કહું છું તે સાંભળ. ૨૧-૨૭

'પૂર્વકાળમાં વિદેહદેશમાં એક ધાર્મિક રાજા હતો. તેનું નામ જનક હતું અને તે ઘણો બુદ્ધિમાન અને સ્વરૂપના જ્ઞાનવાળો હતો.

તેણે એકવાર પોતાની કુળદેવીનું વિવિધ યજ્ઞોથી વિધિપૂર્વક પૂજન કર્યું. ત્યાં વિદ્વાનો, તપસ્વીઓ, કલાભિજ્ઞો, વૈદિક લોકો, યાજ્ઞિકો અને બીજા કેટલાએક લોકો આવ્યા હતા. તે વખતે બીજા કોઈએ વરુણયજ્ઞ કરવાની શરૂઆત કરી અને તેણે પણ બ્રાહ્મણોને બોલાવ્યા; પણ જનકથી સંતોષાએલા અને તેના પર પ્રીતિવાળા બ્રાહ્મણો ત્યાં ગયા નહિ. તેથી વરુણનો એક તીક્ષ્ણ બુદ્ધિસંપન્ન પુત્ર બ્રાહ્મણનો વેષ ધારણ કરીને, કપટથી બ્રાહ્મણને લઈ જવાને તે યજ્ઞમંડપમાં આવ્યો અને રાજાને આશીર્વાદ આપ્યો. રાજાના દેખતાં જ સભામાં પંડિતોનો તિરસ્કાર કર્યો અને કહ્યું, 'હે રાજન્! આ તારો યજ્ઞમંડપ જેવો શોભવો જોઈએ તેવો શોભતો નથી. સમુદ્રને કાંઠે કાગડાઓનું ટોળું જેમ મળે, તેમ આ પ્રકાર છે. શરદઋતુ વખતે કમળનું સરોવર જેમ હંસોથી શોભે છે, તેમ સભા વિદ્વાનોના સમુદાયથી જ શોભે છે, પણ અહીં તો હું કોઈને વિદ્યામાં કુશળ જોતો નથી. તારું કલ્યાણ થાઓ: હું હવે અહીં રહીશ નહિ; આ મૂર્ખોથી પૂર્ણ સભામાં હું કેવી રીતે રહી શકું?' આ પ્રમાણે તે વરુણના પુત્રે કહેતાં જ સભાસદો ક્રોધ પામ્યા અને બોલ્યા, 'રે બ્રહ્મબન્ધુ! તું બીજાને કાં નિંદે છે? એવી તારી શી વિદ્યા છે કે જેથી તું અમારો પરાજય કરીશ! હે દુર્બુદ્ધિ! તું નકામો જ બડબડાટ કરે છે! હવે તો તું અમને જીતીને જ જા. અહીં આ ભૂલોકના લગભગ બધા જ વિદ્વાનો એકઠા થયા છે અને હવે તું આવીને અમને જીતવાની ઇચ્છા રાખે છે! એવી તારી શી વિદ્યા છે જેનાથી તું અમને જીતી લેવાને ઇચ્છે છે?' આ પ્રમાણે જ્યારે સભાસદોએ કહ્યું ત્યારે વરુણપુત્ર બોલ્યો: ૨૮–૪૧

'હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે આપ સર્વને હું ક્ષણમાત્રમાં જીતી લઈશ; પણ જો એમ ન બને અને આપ મને જીતી લો, તો તમારે મને સમુદ્રમાં ડુબાડી દેવો; અથવા આપને જેમ જેમ હું જીતતો જઈશ તેમ તેમ સમુદ્રમાં ડુબાડતો જઈશ! આ પ્રતિજ્ઞા લક્ષમાં રાખીને મારી સાથે વિવાદ શરૂ કરો.' ત્યાર પછી સભ્યોએ તેની સાથે વાદ

કરવા સંમતિ બતાવી અને બ્રાહ્મણોએ તે વરુણપુત્ર સાથે મહાન વિવાદ ચલાવ્યો. તેમાં વિતંડાવાદ ચલાવીને તે વરુણપુત્રે બ્રાહ્મણોને જીતી લીધા અને મોટી સંખ્યામાં સમુદ્રમાં ફેંકી દીધા. ડૂબાડી દીધેલા તે બ્રાહ્મણોને વરુણના દૂતો વરુણના યજ્ઞમાં લઈ ગયા અને ત્યાં સન્માન પામતાં તેઓ ઘણા ખુશી થયા. પોતાના 'કહોલ' પિતાને ડુબાડી દીધેલા જાણીને તેના પુત્ર 'અષ્ટાવક્રે' જ્ઞાન અને વિતંડાવાદમાં કુશળ હોઈને, તે વરુણપુત્રને જીતી લીધો અને તેને દરિયામાં ડૂબી મરવાનું કહ્યું; પછી તે વરુણપુત્ર મૂળરૂપે પ્રગટ થયો અને પોતાના લોકમાં રહેલા મુખ્ય બ્રાહ્મણોને પાછા આણી આપ્યા. જ્યારે બ્રાહ્મણો પાછા આવ્યા, ત્યારે કહોલપુત્ર અષ્ટાવક્રે તે બ્રાહ્મણોનો ગર્વને લીધે તિરસ્કાર કર્યો, અને આમ અષ્ટાવક્રે અપમાન કરતાં તે બ્રાહ્મણો ખેદ પામ્યા. તે વખતે કોઈ અકસ્માત્ આવી ચડેલ તાપસીને શરણે તેઓ ગયા. તે તાપસી ભગવાં વસ્ત્ર અને જટા ધારણ કરનારી, યોગાભ્યાસથી યુવાન અને સુંદર શરીરવાળી હતી. તેણે બ્રાહ્મણોને આશ્વાસન આપ્યું અને સભામાં આવી. તે વખતે રાજાએ તેનું આદરપૂર્વક પૂજન કર્યું. પછી તે બોલી: 'હે કહોલના પુત્ર! તું અત્યંત બુદ્ધિમાન છે, કારણ કે તેં વરુણપુત્રને વાદમાં હરાવીને સર્વ બ્રાહ્મણોને છોડાવ્યા છે. હું તને થોડુંએક પૂછું છું, તે તું સરલતાથી–વિતંડાવાદ છોડી દઈને–મને કહે. શું તેં તે પદ પ્રાપ્ત કર્યું છે કે જે સર્વ સ્થળે અમૃતત્વ રહેલ છે, એમ સિદ્ધ કરી આપે છે? જે પદ સમજ્યા પછી સર્વ સંદેહ નષ્ટ થઈ જાય છે, જાણવા જેવું કશું રહેતું નથી અને કંઈ ઇચ્છા પણ રહેતી નથી; અને જે અવેદ્ય છે તે પદ શું તું જાણે છે? જો તું જાણતો હોય તો મને સત્વર કહે.' તાપસીએ આ પ્રમાણે પૂછતાં અષ્ટાવક્રે કહ્યું: 'તે પદ હું જાણું છું, તો હે તાપસી! તું સાંભળ: આ લોકમાં મને અવિદિત હોય એવું કશું નથી, તો આ તારો પ્રશ્ન તો શું હિસાબમાં? મેં બધાં શાસ્ત્રોનું સંપૂર્ણ અવલોકન કર્યું છે, તો જે તું પૂછે તે તત્ત્વ નિર્ણય સાથે તને કહું છું. તે પદ તો સર્વ જગતનું મૂળ,

આદિ, મધ્ય અને અંત વગરનું, દેશકાળ વગેરે મર્યાદા વગરનું, શુદ્ધ અખંડ ચૈતન્યરૂપ છે. તે પદનો આશ્રય કરીને આ જગત, દર્પણમાં રહેલા નગરની માફક, પ્રકાશ પામી રહ્યું છે, એ આ પરમ પદ છે. તે પદ જાણીને સનાતન અમૃતત્વ પ્રાપ્ત થાય છે. અરીસો જાણવામાં આવ્યા પછી તેનાં અનંત પ્રતિબિંબો જેમ અવિજ્ઞાત રહેતાં નથી, તેમાં કંઈ સંદેહ રહેતો નથી અને કશી પણ આશા રહેતી નથી, તેવી જ રીતે આ પદને જાણ્યા પછી પુરુષની સ્થિતિ થાય છે. બીજો કોઈ તેને જાણનાર ન હોવાથી વસ્તુતઃ તે અવેદ્ય છે. હે તાપસી! તે તત્ત્વનો શાસ્ત્રોએ એ પ્રમાણે નિશ્ચય કરેલો છે.' અષ્ટાવક્રનું ભાષણ સાંભળીને તે તાપસી બોલી, 'હે ઋષિપુત્ર! જે તેં કહ્યું તે સર્વસંમત છે. પરંતુ તેં કહ્યું કે, 'જાણનારના અભાવે તે તત્ત્વ અવેદ્ય છે અને સાથે જ કહ્યું કે, તે પદ જાણીને સનાતન અમૃતત્વ પ્રાપ્ત થાય છે.' આ બે કથનોમાં તને સુસંગતતા લાગે છે? જો તે અવેદ્ય છે તો 'હું જાણતો નથી' કે 'તે છે જ નહિ–' એ બેમાંથી એક કહે. 'તે નથી'ની અપેક્ષાએ 'તે છે' અને 'તું જાણે છે' એમ જો ગણીએ તો પછી 'તે અવેદ્ય' છે, એમ તું કહે નહિ; પણ હે અષ્ટાવક્ર! આ બધો શાસ્ત્રોનો નિર્ણય તું કહે છે. તને પોતાને તેનો અનુભવ નથી અને તેથી તે પદ તને પ્રત્યક્ષ નથી એમ લાગે છે, પણ યથા-સ્થિત રીતે સર્વે પ્રતિબિંબોને પ્રત્યક્ષ જાણતાં છતાં, તું અરીસાને પ્રત્યક્ષ જાણતો નથી એમ કેમ બને? આ સભામાં અને જનકની હાજરીમાં આ પ્રમાણે તું બોલે છે, છતાં તું પોતાને મોટો કેમ માને છે અને પરાજિત કેમ માનતો નથી તે તું મને કહે.' ૪૨–૬૯

તાપસીએ આ પ્રમાણે કહ્યું એટલે અષ્ટાવક્ર કાંઈ પણ બોલી શકયા નહિ. તે વિમનસ્ક જેવા થઈ ગયા, શરમાઈ ગયા અને ઉન્મુખ થઈને થોડીવાર બેસી રહ્યા; પછી થોડીવાર વિચાર કરીને તે તાપસીના પ્રશ્નનો ઉત્તર નહિ જાણતાં, તે મુનિશ્રેષ્ઠ અષ્ટાવક્ર બોલ્યા, 'હે તાપસી! તમારા પ્રશ્નનો ઉત્તર હું જાણતો નથી; હું તમારો શિષ્ય છું. શાસ્ત્રોએ

તે તત્ત્વનું નિરૂપણ એમ વિરોધી રીતે કેમ કર્યું છે તે મને સમજાવો. હું જૂઠું બોલતો નથી, કારણ કે જૂઠું બોલવું એ તપોબળને હરનારું અને અનર્થને ઉત્પન્ન કરનારું છે.' આ પ્રમાણે અષ્ટાવક્રે કહેતાં તે તાપસી તેના સત્ય વચનથી પ્રસન્ન થઈ અને સભાસદોના સાંભળતાં બોલી, 'હે વત્સ! એ તત્ત્વ ન સમજવાથી પુષ્કળ લોકો મોહ પામેલા છે, શુષ્ક તર્કથી તે તત્ત્વ પ્રાપ્ત થતું નથી. અને સર્વ શાસ્ત્રોમાં તે તત્ત્વ ગોપ્ય રાખવામાં આવેલ છે. આટલા બધા સભાસદોમાં કોઈ તે મર્મ જાણતો નથી. આ રાજા અને હું ફક્ત જાણીએ છીએ, બીજો કોઈ નહિ. સર્વ ઠેકાણે વિવાદો ચાલ્યા કરે છે, પણ વિદ્વાનો તર્ક-માત્રનો આશ્રય કરીને તેને પ્રાપ્ત કરી શકતા નથી. સૂક્ષ્મ બુદ્ધિથી કે તર્કથી તે જ્ઞેય થતું નથી, સદ્ગુરુની સેવા કે ઈશ્વરની કૃપા સિવાય કેવળ સૂક્ષ્મબુદ્ધિથી તે તત્ત્વ પ્રાપ્ત થઈ શકતું નથી. હે અષ્ટાવક્ર! હું તને સમજાવું છું, તે સૂક્ષ્મબુદ્ધિથી વિચાર. વિચાર નહિ કરતાં જો તું બુદ્ધિને તટસ્થ રાખીશ તો હું જે કહું છું તે સમજી નહિ શકે. જ્યાં સુધી આ વિજ્ઞાન તું અંતર્મુખવૃત્તિ કરી સમજીશ નહિ, ત્યાં સુધી હજારવાર સાંભળીશ તોપણ નકામું છે. જેવી રીતે કોઈ પોતાના કંઠમાં રહેલ હારને ભૂલી જાય, અને ચોરથી તે ચોરાઈ ગયો છે એમ માની લે તેના જેવી આ વાત પણ છે. જ્યારે બીજો કોઈ તેને 'તે હાર તારા કંઠમાં છે' એમ કહે છે, ત્યારે તે ગમે તેવો સૂક્ષ્મ બુદ્ધિવાળો હોય, તોપણ પાછો વળીને જ્યાં સુધી પોતાની જાત તરફ પોતાના કંઠને જોતો નથી, ત્યાં સુધી તે કંઠમાં રહેલા હારને પ્રાપ્ત કરી શકતો નથી. હે મુનિસુત! આત્માને તેમ જ પોતાના સ્વભાવને જાણ્યા પછી માણસ ગમે તેટલો નિપુણ હોય, પણ આત્મા તરફ અંતર્મુખ થતો નથી ત્યાં સુધી તે બહિર્મુખ જ છે, અને એમ તો એ તત્ત્વ કેમ પ્રાપ્ત થાય? જેવી રીતે દીપક અન્ય પદાર્થોને પ્રકાશિત કરે છે, પણ પોતે બીજા કોઈ દીપકથી કોઈ વાર પણ પ્રકાશિત થતો નથી-બીજા દીપકની અપેક્ષા નહિ રાખતાં સ્વયંપ્રકાશિત જ છે-તેમ વળી એ જ વાત

સૂર્યોદયને લાગુ પડે છે. આ પ્રમાણે પ્રકાશ કરનારા બીજા ઘણા પદાર્થો છે. પણ આથી દીપક વગેરે પ્રકાશ કરનારી વસ્તુઓ ‘ છે જ નહિ ’ અથવા ‘ પ્રકાશ આપતી નથી ’ એમ કહેવું શું યોગ્ય થશે ? તેવી જ રીતે દીપક વગેરે પદાર્થો જેનાથી પ્રકાશિત થાય છે અને જે પોતે અત્યંત અપ્રકાસ્ય રૂપ છે, તે અવેદ્ય ચિત્તત્ત્વ પ્રકાશ આપે છે, તેમાં તને શું સંશય છે ? માટે તું અંતર્મુખ દૃષ્ટિથી બરોબર વિચાર કરી જો. આ ચિત્શક્તિ પરમશ્રેષ્ઠ સર્વના આધારરૂપ ત્રિપુરા છે. તે સર્વ પદાર્થોનો ભાસ કરાવે છે, માટે ક્યાં અને ક્યારે પ્રકાશ કરતી નથી ? જો તે પ્રકાશ ન આપે તો કોઈ પણ પદાર્થ કેમ પ્રકાશ પામી શકે ? તે ચિત્શક્તિ પ્રકાસ્ય નહિ હોવા છતાં, તે સ્વયમેવ જ પ્રકાશિત છે. પ્રકાશનો અભાવ પણ જેનાથી પ્રકાશિત થાય છે, તે પોતે ભાસતી નથી એમ કેમ બને ? જો તે ભાસે છે તો કેવી રીતે ભાસે છે તે ઉપર સૂક્ષ્મ વિચાર કરી જો. આમાં કુશળ એવા પંડિતો પણ જોઈ શકતા નથી; કારણ કે અંતર્દૃષ્ટિવાળા ન રહેવાથી તેઓ મોહિત રહે છે અને સંસારમાં આવાગમન કર્યા કરે છે. જ્યાં સુધી દૃષ્ટિ બાહ્ય પ્રવૃત્તિનો ત્યાગ કરીને શાંત થતી નથી, ત્યાં સુધી અંતર્દૃષ્ટિ પ્રાપ્ત થતી નથી, જેને અંતર્દૃષ્ટિ નથી, તેને સ્વસ્વરૂપનું જ્ઞાન થતું નથી. અંતર્દૃષ્ટિ એટલે મનની નિઃસંકલ્પતા અને મનમાં જ જો સંકલ્પો થયા કરે તો તે અંતર્દૃષ્ટિ કેમ પ્રાપ્ત થાય ? માટે સંકલ્પોનો ત્યાગ કરીને તું સ્વસ્વરૂપનો આશ્રય કર, થોડીવાર સ્થિતિ કર અને પછી તે વિચારને પણ છોડી દે. ફક્ત તારે એ અવસ્થાનું સ્મરણ કરવું, એટલે તે તત્ત્વ વેદ્ય કેમ છે અને અવેદ્ય કેમ છે, તે બધું સમજાઈ જશે. તે જ તત્ત્વ કહેવાય છે. એ અવેદ્ય તત્ત્વને જાણીને તું અમૃતમય સ્થિતિ પ્રાપ્ત કરીશ. હે મુનિપુત્ર ! મારે જે બધું તને કહેવાનું હતું તે મેં કહ્યું : તને નમસ્કાર હો ! હવે હું જાઉં છું. એકવાર સાંભળવાથી જો તને આ બધું બરોબર ન સમજાયું હોય, તો આ અતિ બુદ્ધિમાન રાજા તને તે સમજાવશે, તું તેને પૂછીશ

એટલે આ રાજા તારા બધા સંશયને કાપી નાખશે.' આટલું તે તાપસીએ કહ્યું એટલે રાજાએ તેની પૂજા કરી અને સભાસદોએ તેને પ્રણામ કર્યા પછી તે તાપસી વાયુથી પ્રેરાએલ વાદળીની માફક એક ક્ષણમાં અદૃશ્ય થઈ ગઈ. દત્તાત્રેય બોલ્યા : 'હે પરશુરામ! આત્માને જાણવાનો પ્રકાર મેં તને સમજાવી દીધો, જેનાથી તું સ્વસ્વરૂપને પ્રાપ્ત થઈ શકીશ.' ૭૦–૧૦૧

## અધ્યાય ૧૬ : અષ્ટાવક્રઆખ્યાન (ચાલુ)

આ કથાનક સાંભળીને પરશુરામ વિસ્મય પામ્યા અને કથા-શ્રવણની તૃપ્તિ ન થવાથી તેમણે દત્તાત્રેયને પૂછ્યું : 'હે ભગવન્! આ પુરાતન ઇતિહાસ મેં સાંભળ્યો, પણ અષ્ટાવક્ર મુનિએ રાજાને જે પૂછ્યું અને રાજાએ તેમને શું કહ્યું, તે મને બધું કહો. અહો! આવું અદ્દ્ભુત કથાનક મેં સાંભળ્યું ન હતું. હે ગુરુ! આપ કૃપા કરીને જ્ઞાનરૂપી પરમ પુરુષાર્થને પ્રતિપાદન કરનારું એ કથાનક મને કહો.' એ પ્રમાણે પરશુરામે કહ્યું એટલે દત્તાત્રેયે પરમ પવિત્ર આ કથાનક પરશુરામને વિસ્તારથી કહ્યું : 'હે રામ! મહાત્મા જનકે જે કહ્યું તે સાંભળ. જ્યારે તે તાપસી ગઈ ત્યારે મુનિપુત્ર અષ્ટાવક્રે અનેક બ્રાહ્મણો સાથે રાજા પાસે જઈને પૂછ્યું : 'હે રાજન્! તાપસીએ જે કહ્યું તે મહાન અર્થવાળું પણ સંક્ષિપ્ત રૂપમાં હતું, એટલે હું તે બરોબર સમજી શક્યો નથી; તે અવેદ્ય તત્ત્વને હું કેમ જાણી શકું તે કૃપા કરીને મને કહો.' આ પ્રમાણે અષ્ટાવક્રે પૂછ્યું એટલે જનક-રાજા વિસ્મય પામતો હોય તેમ બોલ્યો. ૧–૯

'હે મુનિપુત્ર! હું જે કહું છું તે હવે સાંભળો, તે સત્તત્ત્વ સર્વથા અવેદ્ય પણ નથી, તેમ જ સર્વથા અવેદ્ય જ હોય, તો ગુરુશ્રી તેનું નિરૂપણ કેમ કરી શકત? ગુરુશ્રી જ તત્ત્વનું નિવેદન કરે છે, માટે પ્રથમ ગુરુશ્રીનો આશ્રય કરવો જોઈએ. તે પરમતત્ત્વની ઓળખ અત્યંત

સુલભ છે, તેમ જ અત્યંત દુર્લભ પણ છે. જેની દૃષ્ટિ બાહ્ય પદાર્થો-માંથી પાછી વળી ગયેલી છે, તેને તે સુલભ છે. પણ જેની દૃષ્ટિ બાહ્ય છે–જે બહિર્મુખ છે–તેને તે દુર્લભ છે. ખરી રીતે કહીએ તો તે તત્ત્વ જો કે સર્વથા નિરૂપણ થઈ શકે તેવું નથી, તેમ જ સર્વથા અવેદ્ય છે છતાં પણ તે બીજી કોઈ રીતે–લક્ષ્ય રીતે–નિરૂપણ કરી શકાય છે; જે જે દૃશ્યમાત્ર તું જુએ છે, તે તે દૃશ્યની દૃષ્ટિએ તે 'વેદ્ય' છે એમ કહેવાય છે. જે જે વસ્તુનો તને ભાસ થાય તેનો તું સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરી જો. ભાનશક્તિ–જ્ઞાનશક્તિ ભાસ્યમાન થતા જુદા જુદા પદાર્થોથી જુદી છે અને સર્વ ભાનોના–સાકાર ભાસ્યમાન પદાર્થોના–આશ્રયરૂપ છે તે જ પરમતત્ત્વ છે એમ તું જાણ. હે અષ્ટા-વક્ર! જે વેદ્ય–જ્ઞેય–છે તે વૃત્તિ–જ્ઞાન નથી, કારણ કે તે સ્વતઃ પ્રકાશમાન નથી. જેના વડે સર્વ વેદ્ય પદાર્થો જાણી શકાય છે, તે વિત્તિ–સંવિત્-પોતે વેદ્ય–જ્ઞેયરૂપ–નથી; તે તો જુદી જ છે; જ્ઞેય પદાર્થો ભિન્ન ભિન્ન છે અને સંવિત્–જ્ઞાન વડે જ તે જાણી શકાય છે. માટે જ્ઞેયનાં ભિન્ન ભિન્ન સ્વરૂપોથી વિત્તિમાં–જ્ઞાનમાં–કાંઈ ભેદ થતો નથી. ભેદ પોતે જ જ્ઞેયનો ધર્મ છે, તેથી તે ધર્મ સંવિતને સ્પર્શ કરી શકતો નથી. જ્ઞેય પદાર્થોમાં અનેક આકારો ભાસમાન થાય છે, તેમાં વિવેકદૃષ્ટિથી વેદ્ય પદાર્થોથી જુદી કરીને આકારરહિત એવી સંવિત્‌ને તું શોધી કાઢ. જે પ્રમાણે અરીસો બિંબનો આકાર ધારણ કરી લે છે; તે જ પ્રમાણે આ ચિતિ–ચૈતન્યરૂપી શક્તિ–દૃશ્યરૂપે વિવિધ આકારોને ધારણ કરે છે. સંવિત્–જ્ઞાન–પોતે જ જ્ઞાતાઓનું મૂળરૂપ હોવાથી જ્ઞેયરૂપ હોતું નથી–જાણી શકાતું નથી એ જ મુશ્કેલી છે; કારણ કે તે જ્ઞાન તો આખા વિશ્વનું પણ મૂળ છે. ૧૦–૨૧

હે અષ્ટાવક્ર! તું આવી રીતે તારા સ્વરૂપનો સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરી જો! તું શરીર નથી, પ્રાણ નથી અને મન પણ નથી; કારણ કે તે અસ્થિર–અનિત્ય–છે. શરીર તો ધાતુઓના સમુદાયરૂપ છે, તે તારું રૂપ કેમ હોઈ શકે? જ્યારે અન્ય વિષયનો ભાસ થાય છે ત્યારે

'હું' એવો ભાવ તે શરીર છોડી જાય છે, તેવી જ રીતે પ્રાણ, મન વગેરે વિષે પણ સમજવું. પરંતુ પરમ ચૈતન્ય-જ્ઞપ્તિ માત્ર-તત્ત્વ 'અહં' બુદ્ધિને છોડીને ક્ષણ પણ રહેતું નથી અને તત્ત્વદૃષ્ટિથી તે ચિતિરૂપ અને સર્વજ્ઞ છે. હે અષ્ટાવક્ર! દૃષ્ટિ અંતર્મુખ કરી તત્ત્વતઃ કેવળ ચિતિરૂપ આત્માને તું જો; જે ઉત્તમ બુદ્ધિવાળા છે તેઓ તો ઉપદેશ થતાં જ આત્માને જુએ છે. આ આંખનું બાહ્ય ગોલક એ ખરેખર ચક્ષુ નથી, પણ મન એ જ ખરેખર ચક્ષુ છે; જે ચક્ષુથી-દૃષ્ટિથી-સ્વપ્નમાં પણ જોઈ શકાય છે તે જ ખરેખર ચક્ષુ છે એમ તેઓ કહે છે. ૨૨-૨૭

હે બ્રાહ્મણશ્રેષ્ઠ! હવે અન્તર્મુખ વૃત્તિ કોને કહેવાય છે તે હું કહું છું. જે કોઈ (બીજેથી) દૃષ્ટિ વાળી લેતો નથી, તે અપેક્ષિત પદાર્થને જોઈ શકતો નથી. ચક્ષુથી જોવા ઇચ્છનારો માણસ ચક્ષુ ઈંદ્રિયને બીજા પદાર્થોમાંથી પાછી ખેંચી લે છે અને અપેક્ષિત પદાર્થ ઉપર તેને દઢપણે લગાડે છે, ત્યારે જ તે પદાર્થ સ્પષ્ટપણે જોઈ શકે છે, નહિ તો તે પદાર્થ સામે હોવા છતાં પણ દેખાતો નથી, અને દેખતાં છતાં દૃષ્ટિ-ચક્ષુ ઇન્દ્રિય-તે તરફ ગયેલી ન હોવાથી, તે પદાર્થ ન જોયા જેવો રહે છે. આ જ નિયમ કાન, ત્વચા વગેરે ઇન્દ્રિયોને પણ લાગુ પડે છે. મન વડે અનુભવાતાં સુખદુઃખ વિષે પણ આમ જ સમજવું. મન તેમાં લાગેલું ન હોય, તો તે અનુભવાતાં નથી; જે અનુભવાય છે તે મનના તે તરફના લક્ષને લઈને અનુભવાય છે, અને તે જ દૃષ્ટિની અંતર્મુખતા છે. આ પ્રમાણે શુદ્ધ અને અંતર્મુખ થયેલું મન જ પોતાના સ્વરૂપને પ્રગટ કરે છે. આ વિષય હું તને સ્પષ્ટ રીતે સમજાવું છું; તું એકાગ્રચિત્તથી સાંભળ. હે અષ્ટાવક્ર! 'આ આત્મા મનથી અગોચર પણ છે અને ગોચર પણ છે.' આ સંબંધમાં વેદ અને શાસ્ત્રોનું વિવેચન કરનારા પંડિતો પણ ગૂંચવાઈ જાય છે. કોઈ પણ બાહ્ય પદાર્થ મનોગોચર થતાં જ-મન આગળ આવતાં જ-બે જાતની ક્રિયા થાય છે. પહેલું બીજા પદાર્થોમાંથી મનનું પાછા વળવું; અને બીજું

તે પદાર્થ ઉપર લાગવું–એકાગ્ર થવું. મન જો કે બીજા પદાર્થોમાંથી પાછું ફરેલું હોય છે, છતાં પણ તટસ્થ અવસ્થામાં તેને બીજી કોઈ વસ્તુનો ભાસ થતો નથી, તેથી તે પદાર્થ માટે તત્પરતા–એકલક્ષ થવું–એ પણ બીજી જરૂરી માનસિક ક્રિયા છે. આ પ્રમાણે સમર્યાદ પદાર્થો આ બે ક્રિયાના વ્યાપારને લીધે પ્રતીત થાય છે, પણ ચિતિ–ચૈતન્ય–તો અમર્યાદ છે, તેથી તેના અનુભવની રીત એ પ્રમાણે નથી. બીજા પદાર્થો કે ભાવોમાંથી મનને પાછું વાળતાં જ તે પ્રતીત થાય છે. દાખલા તરીકે દર્પણમાં અમુક વિશિષ્ટ પ્રતિબિંબને જોવા ઇચ્છનાર માણસને બે વસ્તુઓ જરૂરી છે : (૧) અન્ય પદાર્થોમાંથી દૃષ્ટિની પ્રત્યાવૃત્તિ અને (૨) તે જ પ્રતિબિંબ ઉપર એકાગ્રતા. પણ તે જ માણસ જો દર્પણમાંના આકાશ( ખાલી જગ્યા )ને જ જોવા ઇચ્છતો હોય તો તેની દૃષ્ટિ બીજા પદાર્થોમાંથી પરાવૃત્ત થતાં જ તેનું કામ પતી જશે–તેને આકાશની પ્રતીતિ થશે; કારણ કે આકાશ તો હમેશાં અને બધે જ દર્પણમાં પહેલેથી જ વ્યાપી રહેલું છે, પણ બીજાં પ્રતિબિંબથી ઢંકાઈ ગયેલું હોઈ તે ફક્ત પ્રતીત થતું નહોતું. તે આકાશ સર્વમાં અનુસ્યુત અને સર્વના આધારરૂપ હોવાથી અન્ય પદાર્થો દૂર થતાં તરત જ અનુભવાય છે. તે પ્રમાણે ચિતિ–ચૈતન્ય–સર્વમાં અનુસ્યુત, સર્વના આધારરૂપ અને બધો વખત એકરૂપ અને અરીસામાંના આકાશની માફક મનમાં પરિપૂર્ણ ભરેલ છે; માટે તેના અનુભવ માટે મનની અન્ય પદાર્થોમાંથી વ્યાવૃત્તિ જ ફક્ત અપેક્ષિત છે; હે મુનિપુત્ર! તે જ્ઞાનરૂપ તત્ત્વ ક્યાં અને ક્યારે ભાસતું નથી તે મને કહે. તે જ્યાં અને જેવી રીતે નથી–તે ચિદાત્માનો અનુભવ લેવાને મનને અન્ય વૃત્તિમાંથી નિવૃત્ત કરવું એ જ કેવળ અપેક્ષિત છે, નવું કાંઈ મન આગળ આણવાનું નથી. મનને બીજી કોઈ વસ્તુ ઉપર એકાગ્ર કરવાનું નથી; મનને અભિમુખ કરવાની–અમુક આકાર આપવાની જરૂર ન હોવાથી તે અર્થમાં જ તે તત્ત્વ ‘અવેદ્ય’ છે. પણ શુદ્ધ મન વડે સ્વભાવથી જ તે જણાય છે તેથી તે તત્ત્વ ‘વેદ્ય’ કહેવાય

છે. આમ અન્ય પદાર્થોમાંથી મનની પરાવૃત્તિ એ જ મનની શુદ્ધિ છે. તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવામાં મનની શુદ્ધિ જ મુખ્ય સાધનરૂપ છે; જ્યાં સુધી મન શુદ્ધ થતું નથી ત્યાં સુધી જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થાય ? પણ જો મન શુદ્ધ હોય તો ચોક્કસ રીતે જ્ઞાન કેમ ઉત્પન્ન ન થાય ? થાય જ. તત્ત્વશોધનમાં બીજા બધા ઉપાયો આની આગળ ફિક્કા સમજવા. કર્મ, ઉપાસના, વૈરાગ્ય વગેરેનો ઉપયોગ ચિત્તશુદ્ધિ માટે છે, બીજો નથી. માટે શુદ્ધ ચિત્તથી જ તે પરમપદ અનુભવાય છે.' ૨૮–૫૧

જ્યારે રાજા જનકે આવી રીતે કહ્યું ત્યારે મુનિ અષ્ટાવક્રે ફરીથી પૂછ્યું : 'હે મહારાજ ! આપે કહ્યું કે અન્ય પદાર્થોમાંથી ચિત્તની પ્રત્યાવૃત્તિ થતાં જ તે પરમ ચૈતન્ય પ્રગટ થાય છે, તો સુષુપ્તિકાળમાં મન વ્યાવૃત્ત થયેલું હોય જ છે, તો પછી બીજાં સાધનોની શું જરૂર છે ? સુષુપ્તિ અવસ્થામાં જ પુરુષ કૃતાર્થ જઈ જશે !' આ પ્રમાણે અષ્ટાવક્રે પૂછતાં રાજા જનકે કહ્યું કે, 'હે બ્રાહ્મણ ! આપ એકાગ્ર ચિત્તથી સાંભળો. આપની શંકાનું સમાધાન કરું છું. એ સાચું છે કે, મન સુષુપ્તિકાળમાં સર્વથા બાહ્ય પદાર્થોથી વ્યાવૃત્ત થયેલું હોય છે અને મનનું મનપણું સર્વથા લીન થયેલું હોય છે, તો તે પરમ ચિતિ-સ્વરૂપને કેમ પ્રગટ કરી શકે ? કાજળથી લેપાએલા દર્પણમાં અન્ય પદાર્થોમાંથી ચિત્તની વ્યાવૃત્તિમાત્રથી જ આકાશની પ્રતીતિ થતી નથી. એમ જ્યારે મન લીન થઈ ગયેલું હોય છે અને નિદ્રા વડે બાહ્ય પદાર્થોથી પાછું વળી ગયેલું હોય છે, તો મન અયોગ્યતાને લીધે પરમ ચૈતન્યનો પ્રકાશ કરી શકતું નથી. તારી માન્યતા પ્રમાણે તો પરમ ચૈતન્ય જ નહિ–બલકે લાકડાં વગેરે પદાર્થો પણ શા માટે પ્રતીત ન થવા જોઈએ ? માટે યોગ્ય તેમ જ શુદ્ધ મન વડે જ પરમચૈતન્યનો પ્રકાશ થઈ શકે છે. તરતના જન્મેલા બાળકને કાંઈ પણ ( મનની અયોગ્યતાને લીધે ) દેખાતું નથી. એક બીજું દૃષ્ટાંત આપું છું. કાજળ ચોપડેલા અરીસામાં કાજળનું પ્રતિબિંબ હોય છે જ, ફક્ત તે કોઈને દેખાતું નથી, પણ તે નથી એમ કહેવાય નહિ. દર્પણનો એ સ્વભાવ

જ છે કે, સન્મુખ રહેલ પદાર્થનું પ્રતિબિંબ પાડવું, પણ ઉપર કાજળનું પડ ચોંટેલું હોવાથી તે ઓળખાતું નથી. તેજ પ્રમાણે સુષુપ્તિમાં રહેલું મન નિદ્રાથી વ્યાપ્ત હોય છે, એટલે ખરેખર તો અન્ય પદાર્થોથી ચિત્તની વ્યાવૃત્તિ થયેલી હોતી નથી; તેથી તે મન ચૈતન્યનો પ્રકાશ કરી શકતું નથી. જાગેલા માણસને જ નિદ્રાનું સ્મરણ થાય છે અને તે અવસ્થામાં અજ્ઞાનનો અનુભવ થાય છે, તે હું તને બરોબર સમજાવું છું, તો ધ્યાન દઈને સાંભળ. પર–૬૩

મનની બે અવસ્થા છે : (૧) પ્રકાશાવસ્થા, (૨) વિમર્શાવસ્થા. બાહ્ય પદાર્થોના સંબંધ પછી મનની જે વિશ્રાંતિ–સંકલ્પરહિતતા થાય છે, તે તેની પ્રકાશાવસ્થા છે અને તે સંબંધી જે સંકલ્પો ચાલુ થાય છે તે તેની વિમર્શાવસ્થા છે. પ્રકાશાવસ્થામાં પદાર્થોનો ભેદ હોતો નથી, માટે 'પ્રકાશ' નિર્વિકલ્પ છે અને વિમર્શાવસ્થામાં પદાર્થોનો વિમર્શ-વિચાર–હોવાથી 'વિમર્શ' સવિકલ્પ છે. 'આ અમુક' એવા શબ્દના ભેદ વગરનો અને ચિદ્‌વસ્તુના દર્શનરૂપ 'પ્રકાશ' નિર્વિકલ્પ છે. 'આ અમુક' એવા શબ્દના ભેદવાળો, વસ્તુદર્શનના આધારરૂપ આ 'વિમર્શ'-સવિકલ્પ છે ને આન્તર–માનસપ્રતિબિંબનું અવલંબન કરી રહેનાર છે. એ 'વિમર્શ' બે પ્રકારનો છે : (૧) અભિનવ આભાસ અને (૨) સ્મૃતિરૂપ. નવીન નવીન અનુભવ એ 'અભિનવ આભાસ'નું સ્વરૂપ છે. બીજો જે સ્મૃતિરૂપ પ્રકાર છે, તે પૂર્વઅનુસંધાનરૂપ છે અને પૂર્વ-સંસ્કાર પ્રમાણે મન જે રૂપ ધારણ કરે છે, તે તેનું સ્વરૂપ છે. એ પ્રમાણે મન હમેશાં બે પ્રકારની શક્તિથી યુક્ત છે. નિદ્રા પ્રકાશરૂપ છે. નિદ્રાકાળે થનારું નિર્વિકલ્પ જ્ઞાન તે સુષુપ્તિ છે, એ દીર્ઘકાળ સુધી રહે છે અને 'મૂઢ દશા' કહેવાય છે. જ્યારે જાગ્રત અવસ્થામાં અનેક સંકલ્પો ઉત્પન્ન થાય છે ત્યારે તે અમૂઢ દશા કહેવાય છે. સુષુપ્તિ-અવસ્થા કેવળ પ્રકાશરૂપ–અત્યંત વિમર્શહીન–હોવાથી મૂઢદશા કહેવાય છે; જેમ કે દીપક અત્યંત પ્રકાશરૂપ હોવાથી–પ્રકાશથી સંપૂર્ણ ભરેલ હોઈ વિદ્વાનોએ તેની મૂઢતા–વિમર્શહીનતા–નક્કી કરેલી છે. શુદ્ધ

ચૈતન્યમાંથી સર્વપ્રથમ જે ભાસ પ્રગટ થયો, તે 'મહાશૂન્ય' કહેવાય છે; અને તે જ નિદ્રાનું સ્વરૂપ છે. કાંઈ છે નહિ એવી જે સામાન્ય ભાવના–દશ્યાભાવનો અભાવ–તે જ સુષુપ્તિ છે અને તે નિર્વિકલ્પ હોય છે. જાગ્રતઅવસ્થામાં પદાર્થદર્શન થાય, તે વખત પૂરતું મન નિર્વિકલ્પ હોય છે. પણ બીજી જ ક્ષણે જે વિકલ્પ પ્રગટ થાય છે તેથી તેની તે અવસ્થા નષ્ટ થાય છે; સુષુપ્તિમાં 'અવ્યક્ત' નામે શક્તિ–નિર્વિકલ્પતા–ઠસોઠસ હોવાથી 'મન લીન થયું છે' એમ વિવેચકો કહે છે; વસ્તુદર્શનકાળમાં પણ તે વખત પૂરતું મન લીન જ હોય છે. ૬૪–૭૬

હે બ્રાહ્મણપુત્ર! મારા અનુભવનું એક રહસ્ય હું તને કહું છું તે સાંભળ! અતિ સૂક્ષ્મ વિવેચન કરનારા વિદ્વાન પુરુષો આ બાબતમાં મોહ પામી જાય છે. નિર્વિકલ્પ સમાધિ, સુષુપ્તિ અને વસ્તુદર્શન એ ત્રણે નિર્વિકલ્પ દૃષ્ટિએ એક પ્રકારનાં છે; કારણ કે 'પ્રકાશ'–નિર્વિકલ્પતા–તે ત્રણેયમાં ઘન છે; સ્વરૂપતઃ એક હોવા છતાં, આ ત્રણે પ્રકારોમાં ભેદ છે અને આ ભેદમાં હેતુ વિષયભેદ છે. સમાધિમાં કેવળ ચૈતન્ય અનુભવાય છે. સુષુપ્તિમાં 'અવ્યક્ત' અનુભવાય છે અને પદાર્થદર્શનમાં 'મર્યાદિત આકારનો પ્રત્યય' હોય છે, આમ ભાસ્ય ત્રણ પ્રકારનું છે. પણ ભાસ્યનો ભેદ હોવા છતાં, તેમાં અનુસ્યુત ભાન–તેની પાછળ રહેલું જ્ઞાન–કેવળ શુદ્ધ ચૈતન્ય નિર્વિકલ્પ છે, અને તેથી જ તે 'પ્રકાશઘન' પણ કહેવાય છે; એટલે કે 'નિર્વિકલ્પતાથી સઘન વ્યાપ્ત છે' એમ કહેવાય છે. સમાધિ અને સુષુપ્તિ એ લાંબો કાળ ચાલે છે એટલે દરેકને સ્પષ્ટપણે સમજાય છે. પણ પદાર્થદર્શન ક્ષણિક હોવાથી સ્પષ્ટપણે સમજાતું નથી, એવી જ રીતે સમાધિ અને સુષુપ્તિ ક્ષણિક હોત, તો સમજી શકાત નહિ. પણ ખરેખર સુષુપ્તિ પણ ક્ષણિક વિદ્યમાન હોય છે અને સમાધિ પણ વિદ્યમાન હોય છે, પણ સૂક્ષ્મ દૃષ્ટિવાળા પુરુષો જ તે સમજી શકે છે અને અનુભવથી તે ઓળખી શકાય છે. સમાધિ સૂક્ષ્મરૂપ છે અને અનુભવ વગર સમજી શકાતી

નથી; હે મુનિપુત્ર! વ્યવહારદશામાં પણ સર્વ પ્રાણીઓને અલ્પકાલીન સમાધિ પ્રાપ્ત થાય છે, પણ તેનો પરિચય નહિ હોવાથી તે કળી શકાતી નથી. જાગ્રત અવસ્થામાં વિમર્શશૂન્ય–સંકલ્પશૂન્ય–અવસ્થા તે જ સમાધિ કહેવાય છે. વિમર્શનો અભાવ તે જ સમાધિ છે. સુષુપ્તિમાં અથવા પદાર્થદર્શન વખતે સમાધિ–સ્થિતિ હોય છે. પરંતુ તે મુખ્ય સમાધિ કહેવાતી નથી, કારણ કે ભેદનો અનુભવ કરાવનાર વિમર્શના સંસ્કારો તે વખતે ગર્ભિત રીતે હોય છે અને પછી સંસ્કાર-રૂપે ઉદય પામે છે, તેથી તેને મુખ્ય સમાધિ ગણી શકાય નહિ. હે મુનિપુત્ર! જાગ્રત અવસ્થામાં થનારું ભાન પણ અવિમર્શ સ્વરૂપ–નિર્વિકલ્પ–છે, તે હું તને સ્પષ્ટપણે સમજાવું છું તો આદરપૂર્વક સાંભળ. પ્રથમ પ્રગટ થયેલું જે અવ્યક્ત તત્ત્વ, જેનું સામાન્ય સ્વરૂપ ‘કાંઈ નહિ’ એવું છે તેનું ભાન અત્યંત અભાવરૂપ નાસ્તિતા છે. તે જ ચૈતન્યની જડ શક્તિ છે અને તે જ સુષુપ્તિ અવસ્થા છે. આ સુષુપ્તિ અવસ્થામાં ‘કાંઈ નથી’ એમ સ્થિતિ ભાસતી હોવાથી જો કે સુષુપ્તિમાં નિર્વિકલ્પ જ્ઞાન છે, છતાં પણ તે જડ છે એમ સિદ્ધ થાય છે. પણ સમાધિમાં પ્રગટ થતું ચૈતન્ય બ્રહ્મસ્વરૂપ છે. સર્વ દેશકાળને ભક્ષણ કરી જનાર ‘કાંઈ નથી’ એવા ભાસનો નાશ કરનાર અને સર્વથા અસ્તિરૂપ–સદ્રૂપ–તે તત્ત્વ છે, તો પછી હે અષ્ટાવક્ર! નિદ્રા એટલે જ બ્રહ્મ એમ કેમ કહેવાય? સુષુપ્તિ અવસ્થાથી કલ્પાંતે પણ કૃતાર્થતા થતી નથી.’ આ પ્રમાણે જનકે અષ્ટાવક્રને બોધ આપ્યો. ૭૭–૯૪

## અધ્યાય ૧૭ મો : અષ્ટાવક્ર આખ્યાન (ચાલુ)

દત્તાત્રેય કહે છે: આ પ્રમાણે જનકરાજાએ અષ્ટાવક્રને બોધ કર્યો. તે સાંભળીને અષ્ટાવક્રે રાજાને ફરીથી પૂછ્યું: ‘હે પરશુરામ! તેમણે જે કહ્યું તે તું ધ્યાનપૂર્વક સાંભળ; હું તને કહું છું. અષ્ટાવક્રે કહ્યું: ‘હે રાજન્! આપે જે કહ્યું કે વ્યવહારદશામાં પણ સૂક્ષ્મ સમાધિઓ થાય છે, તો તે કયે કયે પ્રસંગે થાય છે તે મને સ્પષ્ટ રીતે કહો.’

આ પ્રમાણે અષ્ટાવક્રે પૂછતાં મહાત્મા જનકે કહ્યું : ૧-૩

'હે બ્રહ્મન્! વ્યવહારમાં સમાધિના પ્રકારો કેવા હોય છે તે હું કહું છું. દાખલા તરીકે જ્યારે માણસ પોતાની નવીન પત્નીને પ્રથમ જ આલિંગન કરે છે, ત્યારે તેને એક ક્ષણ માટે બાહ્ય અથવા આંતર એવો ભેદ ભાસમાન થતો નથી અને નિદ્રાના જેવી વિકલ્પ-હીન સ્થિતિ પ્રવર્તે છે. એ સ્થિતિ સમાધિ કહેવાય છે. 'હે મુનિ! ઘણા દિવસોથી કોઈ ઇષ્ટ પદાર્થની ઇચ્છા હોય, તે પદાર્થ અલભ્ય જેવો હોય અને તેની પ્રાપ્તિ અકસ્માત્ થઈ જાય તે વખતે માણસને એક ક્ષણ માટે બાહ્ય અથવા આંતર એવો ભેદ રહેતો નથી, અને ઊંઘથી ઘેરાયેલા માણસના જેવી-વિકલ્પહીન સ્થિતિ પ્રવર્તે છે. આ પણ એક સમાધિનો જ પ્રકાર છે. કોઈવાર પ્રસન્ન ચિત્તવાળો માણસ નિર્ભય રીતે મુસાફરી કરતો હોય અને અણધાર્યા કાળ જેવાં ભયંકર વાઘ વગેરે હિંસક પશુ દેખાય ત્યારે માણસને એક ક્ષણ માટે બાહ્ય અથવા આંતર એવો ભેદ રહેતો નથી, અને મૂઢ સ્થિતિ-વિકલ્પહીન સ્થિતિ પ્રવર્તે છે. ચિત્તની આ જે સ્થિતિ તે પણ સમાધિનો જ પ્રકાર છે. વળી એક વિશેષ દૃષ્ટાંત કહું છું. અત્યંત પ્રિય અને ગૃહકાર્ય ચલાવનાર પુત્ર વગેરે કોઈ રોગી હોય અને જ્યારે એકદમ કોઈ તેને મરી ગયેલો સાંભળે છે, ત્યારે તે માણસને એક ક્ષણ માટે બાહ્ય અથવા આંતર એવો ભેદ રહેતો નથી. અને મૂઢ જેવો-સંકલ્પ-હીન-રહે છે. આ પણ એક સમાધિનો જ પ્રકાર છે. 'હે મુનિપુત્ર! બીજી રીતે પણ સમાધિનો સંભવ છે. તે હું તને કહું છું, તે સાંભળ. આ સમાધિઓ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિના સંધિકાળમાં પ્રાપ્ત થાય છે. હે મુનિ! ઝીણી નજરથી એકાગ્રચિત્તે જ્યારે આપણે દૂર કાંઈ જોઈએ છીએ ત્યારે ઘાસ ઉપર ચાલતી વખતે તીડ જેમ પગ લાંબા કરીને ચાલે છે તેમ તે વખતે મન દીર્ઘ બને છે. મન દેહને પ્રાપ્ત થતાં દેહાકાર અને પદાર્થને પ્રાપ્ત થતાં પદાર્થાકાર બને છે, પરંતુ એ બન્ને ભાવની વચમાં તે નિર્વિકલ્પ ભાવને પામે છે, તેને તું બરાબર

ધ્યાનમાં રાખજે. હે અષ્ટાવક્ર! વિશેષ કહેવાથી શું? એક સૂક્ષ્મ વિચાર કહું છું તે સાંભળ; વ્યવહારમાં કોઈ ને કોઈ પણ પદાર્થનું ભાન થાય છે ત્યારે તેનું મન અખંડ અને એકાકાર હોતું નથી બલકે અનેક જુદાં જુદાં ખંડિત ભાનો-જ્ઞાનો-નો સમૂહ હોય છે અને તેથી વ્યવહાર ચાલે છે. આવા પ્રકારના મતો-એટલે કે આત્મા અથવા બુદ્ધિ ક્ષણે ક્ષણે ભિન્ન હોય છે-કણાદ વગેરે ઋષિઓના છે. ક્ષણિક અથવા ખંડ જ્ઞાનની મધ્યમાં ( ચિત્ત એક પદાર્થમાં જાય અને બીજી ચિત્તવૃત્તિ ઉદ્‌ભવ ન પામી હોય તે વખતે ) જે એક ક્ષણ સાંપડે છે તે જ નિર્વિકલ્પ અવસ્થા એમ અનુભવાય છે. હે કહોલપુત્ર! વિચારપૂર્વક જાણનારને તો દરેક ક્ષણે સમાધિ છે. બાકી બીજાને તો સસલાના શિંગડાંની જેમ તે કોઈ પણ ઠેકાણે મળતી નથી. વિશેષ શું? ૪-૧૮

આ પ્રમાણે જનકે કહ્યું ત્યારે અષ્ટાવક્રે ફરીથી પૂછ્યું, 'હે રાજન્! આમ જો વ્યવહારની અંદર બધાંને નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત થાય છે, તો પછી આ સંસાર કેવી રીતે ચાલે છે? તેનો લોપ કેમ થયો નથી? સુષુપ્તિમાં અનુભવાતા નિર્વિકલ્પ જ્ઞાનમાં અવ્યક્ત-નું ભાન હોય છે, પણ તેથી મોક્ષ પ્રાપ્ત થતો નથી એવું આપે મને પહેલાં કહ્યું છે; પણ નિર્વિકલ્પ જ્ઞાન એટલે શુદ્ધ ચૈતન્યનો અનુભવ; તે પ્રાપ્ત થતાં સંસાર કેમ ટકી શકે? નિર્વિકલ્પ સમાધિ એ તો મોક્ષનું મૂળ અને સર્વ અજ્ઞાનનો નાશ કરનાર શુદ્ધ જ્ઞાન છે, તો પછી મારે આમાં શું સમજવું? મારો સંશય તમે દૂર કરો.' એમ પૂછતાં રાજાએ તે મુનિપુત્રને કહ્યું, 'હે બ્રહ્મપુત્ર! આમાં એક પરમ રહસ્ય છે. આ સંસાર અનાદિ કાળથી ચાલ્યા આવતા અજ્ઞાનમાંથી પ્રવૃત્ત થયેલ છે, અને સુખદુઃખોનો અનુભવ પ્રવાહની માફક ચાલ્યા કરે છે. સર્વ જીવોને સ્વપ્નની માફક તેનો નિત્ય અનુભવ થાય છે, તેનો નાશ જ્ઞાનથી જ થાય છે. પરંતુ હે અષ્ટાવક્ર! અજ્ઞાનનો નાશ કરનારું જે જ્ઞાન તે સવિકલ્પ છે. નિર્વિકલ્પ જ્ઞાનના યોગે અજ્ઞાનની નિવૃત્તિ થતી

નથી; કારણ કે નિર્વિકલ્પ જ્ઞાન પોતે કોઈ પણ વસ્તુનું વિરોધી નથી. તે નિર્વિકલ્પ જ્ઞાન સવિકલ્પ જ્ઞાનના આશ્રયરૂપ છે. અને ચિત્રવિચિત્ર ભાસોનું પોતે કેવળ ચિત્રોને જે પ્રમાણે ભીંત છે, તે પ્રમાણે અધિષ્ઠાન છે. ૧૯–૨૮

નિર્વિકલ્પ જ્ઞાન એટલે કેવલ જ્ઞાન. તેમાં જ્યારે વિકલ્પ ઉદ્ભવે, ત્યારે તે સવિકલ્પ જ્ઞાન થાય છે. અજ્ઞાન પણ સવિકલ્પ જ્ઞાન જ છે; બીજું કાંઈ નથી, તે જ અજ્ઞાન કાર્યકારણ વગેરે રૂપે અનેક પ્રકારે વ્યાપી રહેલ છે. ૨૯,૩૦

આત્મસ્વરૂપનું વિસ્મરણ થવાના કારણરૂપ તે અજ્ઞાન છે. ચિદાત્મા-જ્ઞાનરૂપ આત્મા પરિપૂર્ણ ભરેલો છે, તેને કાંઈ પણ મર્યાદા નથી. મર્યાદા કરનાર દેશકાળની સિદ્ધતા જ ચિદાત્માને લીધે છે. આવા પ્રકારના ચિદાત્માને અપૂર્ણત્વનું જે ભાન થાય છે એટલે 'હું છું ને આ આમ છે,' એમ જે સ્ફુરણ થાય છે, તે જ અજ્ઞાન છે. પછી દેહ વગેરેનો પોતાપણાથી ભાસ થવો એ તેને ફૂટેલાં પાંદડાં છે એમ સમજવું. અજ્ઞાનની જ્યાં સુધી નિવૃત્તિ થતી નથી, ત્યાં સુધી સંસાર લય પામતો નથી. પૂર્ણાત્માના જ્ઞાન સિવાય અજ્ઞાનની નિવૃત્તિ થતી નથી. તે પૂર્ણાત્માનું જ્ઞાન બે રીતે થાય છે: એક પરોક્ષ રીતે અને બીજું અપરોક્ષ-પ્રત્યક્ષ રીતે. પરોક્ષજ્ઞાન ગુરુ અને શાસ્ત્ર દ્વારા થાય છે. તે પરોક્ષજ્ઞાન મોક્ષરૂપ પરમ પુરુષાર્થ પ્રાપ્ત થવાના સાક્ષાત્ કારણરૂપ નથી; કારણ કે જે જ્ઞાન પ્રાપ્ત થયું છે, તે શાસ્ત્ર દ્વારા અને કેવળ શ્રદ્ધાબળને આધારે નિશ્ચિત થયેલું છે; એટલા માટે તે ફળ આપનાર બનતું નથી; પણ બીજું જે અપરોક્ષ-સાક્ષાત્ જ્ઞાન છે, તે સમાધિના પરિપાકમાંથી ઉત્પન્ન થાય છે. તે જ જ્ઞાન સંસાર અને અજ્ઞાનનો નાશ કરવામાં સમર્થ અને શુભ ફળને આપનાર છે. જે જ્ઞાનપૂર્વક સમાધિ થાય છે તે સમાધિમાંથી જ આવું વિજ્ઞાનરૂપ ફળ ઉત્પન્ન થઈ શકે છે. અજ્ઞાની પુરુષોને સમાધિ થાય તોપણ તેમનો કાંઈ અર્થ સરતો નથી. દાખલા તરીકે કોઈ રત્નને નહિ ઓળખનાર માણસ ભંડારમાં

જાય અને રત્નને જુએ પણ ઓળખી શકે નહિ, પણ જે રત્નને ઓળખે છે, તે લક્ષ દઈને જોતાં રત્નને તરત ઓળખી લે છે. રત્નની માહિતી હોય અને પોતે ગમે તેટલો હોશિયાર હોય, તોપણ જો તે તત્પર ન હોય તો સામે રત્ન હોવા છતાં પણ ઓળખી શકતો નથી, તે પ્રમાણે હે અષ્ટાવક્ર! મૂર્ખ લોકોને અજ્ઞાનને લીધે અજ્ઞાનરૂપ મહાફળ મળતું નથી, અને પંડિતોને પણ વાંચેલું કે સાંભળેલું પુષ્કળ જ્ઞાન હોય છે, છતાં પણ તેઓ તેને જાણી શકતા નથી; કારણ કે તેનું પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત કરવામાં તેઓ સાધનતત્પર નથી; માહિતીવાળો કે માહિતી વગરનો માણસ જોતાં છતાં તત્પરતાહીન હોવાથી તે તે પદાર્થને જાણી શકતો નથી. દાખલા તરીકે, દિશા, આકાર વગેરે લક્ષણો સાથે જેને શુક્રના તારાની માહિતી છે અને જે બુદ્ધિમાન માણસ 'મારે તેને સર્વથા ઓળખવો છે' એવો નિશ્ચય કરી તત્પર થઈ એકાગ્ર મનથી જો તે શુક્ર તારાને જુએ છે, તો તેને સ્પષ્ટપણે જાણી શકે છે; આ જ પ્રમાણે અજ્ઞાનવશ મૂઢ પુરુષો તત્પરતાહીન હોવાથી સમાધિ થયા છતાં પણ આત્માને ઓળખી શકતા નથી. જેમ કોઈ માણસ દુર્દૈવથી પોતાના ભંડારને ભૂલી જઈ ભિક્ષા માગતો રખડયા કરે, તેના જેવો આ સર્વ પ્રકાર હાસ્યાસ્પદ છે! વ્યવહારકાળમાં અનુભવાતી આ ક્ષણિક સમાધિની અવસ્થાઓ સંસારની નિવૃત્તિ કરવામાં ઉપયોગી નીવડતી નથી; આમ જુઓ તો બાળકને હમેશાં નિર્વિકલ્પ અવસ્થા હોય છે, પણ તે અજ્ઞાનની નિવૃત્તિ કરવામાં અસમર્થ છે. હે બ્રહ્મન્! અજ્ઞાનની નિવૃત્તિપૂર્વક આત્માનું જ્ઞાન કરાવી દેનારું જ્ઞાન સવિકલ્પક હોય એમ લાગે છે. તે જ સંસારના મૂળરૂપ અજ્ઞાનની નિવૃત્તિ કરી શકે છે. અનેક જન્મોનાં પુણ્યોથી જ્યારે આત્મદેવતા સંતુષ્ટ થાય છે, ત્યારે મુમુક્ષા–સંસારબંધનમાંથી છૂટવાની ઇચ્છા–ઉત્પન્ન થાય છે; નહિતર કરોડો યુગો એમના એમ ચાલ્યા જાય છે. પ્રથમ પ્રાણીમાં જન્મ થવો એ જ દુર્લભ છે, તેમાં પણ મનુષ્યજન્મ વધારે દુર્લભ છે; તેમાં સૂક્ષ્મબુદ્ધિની પ્રાપ્તિ થવી એ અત્યંત

દુર્લભ છે. ૩૧-૫૨

હે બ્રહ્મપુત્ર! સ્થાવર પદાર્થોનો એક શતાંશ ભાગ પણ ચેતન હોય તેમ લાગતું નથી, તેમાં પણ પ્રાણી વર્ગ શતાંશ હોય એમ જણાતું નથી. અને તેમાં એક શતાંશ ભાગ મનુષ્ય હોય એમ દેખાતું નથી; તેમાં વળી પશુ તુલ્ય મનુષ્યો ઘણાં હોય છે, જેઓ સારું-નરસું કે પાપપુણ્ય જાણતા નથી. કેટલાક પુરુષો વિષયસુખના માર્ગમાં લાગેલા છે; કેટલાએક પંડિતાઈના ભ્રમથી ગર્વિત થયેલા લોકોને સ્વર્ગ વગેરે ફળોની ઇચ્છા રહે છે એટલે સંસારમાં તેમને આવાગમન થયા કરે છે; આવા પ્રકારના પુરુષોમાં કેટલાએક વિવેકજ્ઞાનવાળા હોય છે; પણ તેમના ચિત્તની શુદ્ધિ પૂર્ણ થયેલ નહિ હોવાથી અદ્વૈતપદ એટલે 'કાંઈ નહિ' એમ માનીને નાસ્તિક થઈ ગયેલા હોય છે અને તે એક રીતે બરોબર છે; કારણ કે તે પરમ અદ્વૈત પદ ભગવાનની માયાથી ઢંકાએલું છે. એટલે માયાથી અંધ થયેલા મંદ ભાગ્યવાળા મનુષ્યો તે પદને કેમ પ્રાપ્ત કરી શકે? માયાથી અંધ થયેલા પુરુષોની બુદ્ધિમાં તે પરમ તત્ત્વ ઊતરી શકતું નથી. કેટલાક એવા દુર્ભાગી હોય છે કે, બુદ્ધિથી આ તત્ત્વ સમજી શકતા હોવા છતાં મિથ્યા રીતે બીજા મતને પકડી રાખે છે અને કુતર્ક ચલાવે છે! અહો! ભગવાનની માયા કેવી વિલક્ષણ છે કે, તેઓ પરમ પદને જોયા છતાં, પ્રાપ્ત થયેલા ચિંતામણિને પોતાની કુકલ્પનાઓથી ફેંકી દે છે. પણ જેમની આરાધનાથી આત્મદેવતા પ્રસન્ન થાય છે, તેઓ જ માયાથી મુક્ત થાય છે, સદ્વિચાર અને શ્રદ્ધાથી યુક્ત થઈને પરમપદમાં નિષ્ઠા પ્રાપ્ત કરે છે અને પરમ પદે પહોંચી જાય છે. હે અષ્ટાવક્ર! તે તત્ત્વને પ્રાપ્ત કરવાનો ક્રમ હું તને કહું છું તો એકાગ્ર મનથી સાંભળ. ૫૩-૬૨

અનંત જન્મનાં પુણ્યો પછી દેવતાની ભક્તિ પ્રાપ્ત થાય છે અને તે દેવતાની દીર્ઘકાળ સુધી આરાધના કરતાં તેની કૃપા પ્રાપ્ત થાય છે, એટલે વિષયભોગોમાં વૈરાગ્ય ઉત્પન્ન થઈને તે પદ

પ્રાપ્ત કરવા સંબંધી ઉત્કંઠા પ્રાપ્ત થાય છે. વૈરાગ્ય અને તત્પરતા સાથે શ્રદ્ધા જોડાઈ જાય છે. પછી પ્રસંગવશાત્ સદ્દગુરુની ભેટ થાય છે, તેમના ઉપદેશથી અદ્વૈતપદનું જ્ઞાન થાય છે. તે જ્ઞાન પરોક્ષ કહેવાય છે, કારણ કે અદ્વૈતપદ 'છે' એટલો જ ભાવ તે વખતે હોય છે. પછી સાધક અદ્વૈત આત્મસ્વરૂપનો સારી રીતે વિચાર કરવા માંડે છે અને વિચારને અંતે તે તત્ત્વનો નિશ્ચય થતાં સર્વ સંશયો નીકળી જાય છે. ત્યાર બાદ નિશ્ચિત કરેલા અદ્વૈત આત્મ-તત્ત્વનું આદરપૂર્વક નિદિધ્યાસન ચાલે છે. સાધકે તે વખતે બળા-ત્કારથી ચિત્તને તદાકાર બનાવવું જોઈએ, અને 'તે તત્ત્વ હું છું' એવા પ્રકારના સવિકલ્પ ધ્યાનને અંતે નિદિધ્યાસન પૂર્ણ થતાં સંસારના મૂળરૂપ અજ્ઞાનનો નાશ થાય છે, તેમાં શંકા નથી. વિકલ્પરહિત ધ્યાનનો પરિપાક અને સમાધિ પ્રાપ્ત થતાં તે પરમ પદ પ્રાપ્ત થાય છે અને પછી તો ફક્ત સ્મરણ થતાં જ તે પદનું પ્રત્યક્ષ જ્ઞાન થવા માંડે છે. 'તે અદ્વૈત પરમાત્મા હું છું' એવા સવિકલ્પ જ્ઞાનનો પ્રત્યક્ષ અનુભવ થતાં સંસારના મૂળરૂપ અજ્ઞાનનો તેનાં અંગો સાથે જલદીથી તે નાશ કરે છે. વિકલ્પનો ત્યાગ એ જ ધ્યાનની પરિપકવ અવસ્થા છે. વિકલ્પ અનેક આકારવાળો છે અને નિર્વિકલ્પ સ્થિતિ એકાકાર હોય છે. અન્ય ભાવનાના ઉદ્દભવનો ત્યાગ એટલે જ સંકલ્પનો ત્યાગ એમ સમજવું. આમ વિકલ્પ-નો ત્યાગ થતાં જ નિર્વિકલ્પ અવસ્થા સ્વતઃસિદ્ધ છે. ચિત્રને ભૂંસી નાખતાં જેમ ફક્ત શુદ્ધ ભીંત જ બાકી રહે છે, એટલે શુદ્ધ ભીંતનું સંપાદન કરવું હોય તો કરવાનું એટલું જ છે કે, ચિત્ર-ને ભૂંસી નાખવું. એ પ્રમાણે વિકલ્પ દૂર થતાં મન આપોઆપ જ નિર્વિકલ્પ થાય છે. નિર્વિકલ્પ શુદ્ધ આત્મસ્વરૂપની સંપ્રાપ્તિ એટલે વિકલ્પનો ત્યાગ. આનાથી અધિક કાંઈ મેળવવાપણું નથી. આ સંબંધમાં માયામાં મોહ પામેલા વિદ્વાન પુરુષો મૂંઝાઈ જાય છે. અત્યંત બુદ્ધિમાન પુરુષોને તે પદ ક્ષણમાં જ સમજાય છે.

હે અષ્ટાવક્ર! અધિકારી પુરુષો ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમ ત્રણ પ્રકારના હોય છે. ઉત્તમ પુરુષો ઉપદેશકાળમાં જ તે પદને એકદમ ઓળખી લે છે, તેમને વિચાર અને ધ્યાન શ્રવણની સાથે સાથે જ પ્રાપ્ત થઈ જાય છે. ઉત્તમ પુરુષોને તે પદની પ્રાપ્તિ કરવામાં કાંઈ વિશેષ તકલીફ પડતી નથી, આ બાબતમાં મારું દૃષ્ટાંત આપું છું. ઉનાળાની એક રાત્રિએ ચાંદનીથી સર્વ પૃથ્વીમંડળ શોભાયમાન થયેલું હતું, તે વખતે સુગંધથી મઘમઘતા સુંદર બગીચામાં એક સુંદર પલંગ ઉપર મદિરાના મદવાળો હું મારી સ્ત્રીને સંપર્કમાં લઈને બેઠેલો હતો. તે વખતે મેં સિદ્ધ પુરુષોની અદ્વૈતતત્ત્વ સંબંધી મધુર વાતચીત સાંભળી. હે અષ્ટાવક્ર! તે વખતે જ પરમ પદ મારા ધ્યાનમાં આવી ગયું. પછી તે જ પદ વિચાર અને ધ્યાનને અંતે પણ પ્રાપ્ત થયું. એમ અર્ધ મુહૂર્તમાં જ તે પરમ પવિત્ર પદને જાણીને એક મુહૂર્ત પર્યંત મેં મારા મનને તે તત્ત્વમાં એકાગ્ર કર્યું અને મને નિર્વિકલ્પ સમાધિ થઈ તે વખતે સંપૂર્ણ રીતે પરમાનંદ સમુદ્રમાં હું ડૂબી ગયો હોઉં એવી મારી અવસ્થા થઈ. સ્મૃતિ પ્રાપ્ત થતાં હું વિચાર કરવા લાગ્યો: 'અહાહા! તે અદ્ભુત પદ કેવા પરમાનંદથી ભરેલું છે! તે અપૂર્વ પદ મેં પ્રાપ્ત કર્યું છે અને તેમાં જ હું ફરીથી પ્રવેશ કરીશ. ઈંદ્ર વગેરે દેવતાઓનું સુખ આનો અંશ માત્ર પણ નથી. બ્રહ્મલોક પર્યંત જે સુખ છે, તે આનો લેશ માત્ર પણ ભાગ નથી. અત્યાર સુધી મેં મારો સમય નકામો જ ગુમાવ્યો. ચિંતામણિથી ભરેલા પોતાના ભંડારને ભૂલી જઈને જેમ કોઈ મૂઢ લોટની ઇચ્છાથી ભિક્ષા માગતો ભટકયા કરે, તે પ્રમાણે આ લોકો પોતપોતાના પરમાનંદ સ્વરૂપના અજ્ઞાનવાળા હોઈને, ભ્રાંતિમાં પુષ્કળ શ્રમ કરે છે અને અંતે તો નામ માત્ર વિષયસુખને સંપાદન કરે છે. આજ સુધી બાહ્ય સુખને મેળવવામાં મેં જે પરિશ્રમ ઉઠાવ્યો, તે ઘણો થયો! હું તો હવે મર્યાદા વગરના પરમાનંદનું યથેચ્છ સેવન કરીશ અને

તેમાં જ રહીશ. આ બાહ્ય વ્યવહાર હવે બહુ થયો! આ બાહ્ય વ્યવહાર એટલે પિષ્ટપેષણ-કરેલું કામ ફરીથી કર્યા કરવું-અને કેવળ નિંદા અને કષ્ટ. ફરી ફરીથી તેનું તે જ અન્ન, તેની તે જ પુષ્પ-માલાઓ, તેનાં તે જ બિછાનાંઓ! તેમાં નવીન શું છે? તેના તે જ અલંકારો છે અને સ્ત્રીભોગો પણ તેના તે જ છે. પહેલાં પણ તેનું જ સેવન કર્યું હતું અને હમણાં પણ તે જ ચાલી રહ્યું છે. આનો અર્થ શું! સર્વ લોકોની જેમ મેં પણ તે જ પ્રમાણે ચાલ્યા કર્યું! અરેરે! આ કેટલો બધો મોહ ઊભો થયો! ૬૩-૯૧

હે અષ્ટાવક્ર! આ પ્રમાણે વિચાર કરીને જેવો હું અંતર્મુખ થવાની તૈયારી કરતો હતો, તે જ વખતે મને એક જુદો જ શુભ વિચાર ઉત્પન્ન થયો. અરે! મારા ચિત્તમાં આ શું મોહ ઉત્પન્ન થયો? હું તો આનંદથી પરિપૂર્ણ આત્મા છું; છતાં પણ હું કાંઈક કરવાની ઇચ્છા શા માટે રાખું છું? મારે પ્રાપ્ત કરવા જેવું શું છે? મારે અપ્રાપ્ત જેવું શું છે? ક્યાં, કેમ અને ક્યારે તે પ્રાપ્ત કરવું? આ પ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિ થઈ તોપણ તેથી વધારે શું? શું તે કાયમ રહેવાની છે? અહો! અનંત જ્ઞાન અને આનંદ-રૂપ આત્મામાં-મારામાં કોઈ પણ ક્રિયા કેમ સંભવી શકે? દેહ, ઇંદ્રિયો અને મન સ્વપ્ન પ્રમાણે મિથ્યા છે. હું અખંડ જ્ઞાનરૂપ આત્મા છું, તેથી તે બધાં મારાં છે, તેમાંથી એક અંતઃકરણને એકાગ્ર કરવાથી-સંયમિત કરવાથી શું વળ્યું? બીજાં અનિરુદ્ધ-અસંયમિત મનો પણ મારાં જ છે ને! માટે એક મનનો નિરોધ કરવાથી મારું શું વળે? નિરુદ્ધ અને અનિરુદ્ધ બધાં જ મનો મને મારાં જ સ્વરૂપમાં ભાસમાન થાય છે! સર્વ મનોનો નિરોધ કરવા છતાં મારો નિરોધ થાય તેમ નથી! મહાકાશના જેવા વિશાળ મારા સ્વરૂપમાં નિરોધ કેવી રીતે સંભવે? આ પ્રમાણે પૂર્ણ આનંદ-સ્વરૂપ મારામાં-આત્મામાં સમાધિ પણ કેમ સંભવે? આનંદથી પૂર્ણ, આકાશથી પણ પૂર્ણ એવા મારામાં-આત્મામાં શુભ અથવા

અશુભ એવી કઈ ક્રિયા હોઈ શકે? અને તે થાય પણ કઈ રીતે? મારી જ શક્તિથી હજારો દેહાત્મા ભાસે છે, તો તેમાં કોઈ-માં આભાસાત્મક ક્રિયા દેખાઈ તોપણ શું અને ન દેખાઈ તોપણ શું? મારે તો કર્તવ્ય અથવા અકર્તવ્ય કાંઈ જ નથી. સત્ય અને પૂર્ણ સ્વભાવવાળા મારા સ્વરૂપમાં તેના નિરોધનો શું અર્થ છે! સમાધિ અવસ્થામાં અથવા વ્યુત્થાન અવસ્થામાં હું તો હમેશાં આનંદથી સંપૂર્ણ ભરેલો છું. 'માટે જે ક્રિયામાં આ શરીર પ્રવૃત્ત છે તે જ ભલે થાઓ.' આ પ્રમાણે સ્વરૂપનું અનુસંધાન પ્રાપ્ત થયા પછી હું સર્વથા સ્વસ્થ અને મહા આનંદનું સ્થળ બન્યો. મારા પ્રકાશનો ક્યાંય અસ્ત થતો ન હોવાથી હું પૂર્ણરૂપ સંગ્ર-હિત છું, આમ મારી-ઉત્તમ અધિકારીની અવસ્થાનું મેં વર્ણન કર્યું. મધ્ય અધિકારીઓને ક્રમપૂર્વક શ્રવણ, મનન અને નિદિ-ધ્યાસન-અનુધ્યાન કરવું પડે છે અને પછી જ તેમને જ્ઞાન પ્રાપ્ત થાય છે; કારણ કે અનેક જન્મને અંતે જ્ઞાનરૂપી ફળ પ્રાપ્ત થાય છે. આમાં પણ જ્ઞાનયુક્ત સમાધિ દુર્લભ છે. વિજ્ઞાન વગરની હજારો સમાધિઓથી શું વળે? માટે વિજ્ઞાન વગરની સમાધિઓથી ફળ પ્રાપ્ત થતું નથી. વ્યવહારમાં પણ માર્ગે જતાં મન કોઈ કોઈ વાર નિર્વિકલ્પ હોય છે અને તે વખતે પુષ્કળ પદાર્થો પ્રાપ્ત થાય છે, પરંતુ મનની ભાવના ન હોવાથી તે મળ્યા છતાં, તે સંબંધી અજ્ઞાન કાયમ રહે છે. વિકલ્પરહિત કેવળ નિર્વિકલ્પ જ્ઞાન તે જ આત્મરૂપ છે એમ સમજવું; તે સર્વ મર્યાદિત ભાનોના આશ્રયરૂપ છે અને હમેશાં ભાસમાન છે, છતાં વિકલ્પોથી ઢંકાઈ જવાથી ન દેખાયા બરોબર તે હોય છે; વિકલ્પોનું નિવારણ થતાં જ સદોદિત ભાસમાન તે તત્ત્વ ફરીથી પ્રગટ થયા સરખું લાગે છે. શુદ્ધ નિરાકાર જ્ઞાન અને ભાસમાન થનારો સાકાર જ્ઞેય, એ બન્ને વચ્ચે રહેલો ભેદ ન ઓળ-ખાવાથી જે આત્મસ્વરૂપ અજ્ઞાત જેવું રહે છે, તે જ પાછળથી જ્ઞાત થયું એમ કહેવાય છે. આ પ્રમાણે આત્મજ્ઞાનનો ક્રમ છે. હે અષ્ટા-

વક્ર! સાંભળેલું વિચારી જો. વિચારને અંતે આત્મતત્ત્વને તું જાણી શકીશ અને કૃતાર્થ થઈ શકીશ. આ પ્રમાણે જનકથી આદેશ પામેલા અષ્ટાવક્ર મુનિ પૂજન થયા પછી અનુજ્ઞા મળતાં, પોતાના સ્થાન તરફ ગયા. વિચાર અને ધ્યાનને અંતે પરમ પદને જાણ્યું. સર્વ સંદેહોને છોડી દઈને જીવન્મુક્ત થયા.' ૯૨–૧૧૫

## અધ્યાય ૧૮ મો : ચૈતન્યનું સ્વરૂપ

દત્તાત્રેય બોલ્યા : 'હે પરશુરામ! 'વેદ્યવન્ધ્યા' એટલે વેદ્ય પદાર્થરહિત શુદ્ધ સંવિત્ કેવી રીતે અનુભવાય છે, તે હું તને કહું છું. તે શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત થવાના પ્રસંગો વ્યવહારમાં ઘણા હોય છે; પરંતુ માયાથી મોહિત થયેલા લોકોને તેની ઓળખાણ ન હોવાથી તેનું સ્પષ્ટ જ્ઞાન થતું નથી. સૂક્ષ્મદૃષ્ટિવાળા પુરુષો તે સ્થિતિને સમજી શકે છે, બીજા કોઈ સમજી શકતા નથી. હે પરશુરામ! વિશેષ કહેવાથી શું? હું તને સારરૂપ હકીકત કહું છું. મન વડે સર્વ વેદ્ય વસ્તુ જાણી શકાય છે, તેથી મન પોતે કોઈ પણ રીતે વેદ્ય નથી, વેદ્ય પદાર્થનું ભાન નહિ હોવા છતાં મન અસ્તિત્વ ધરાવે છે એ તારા ધ્યાનમાં લાવ. આવી રીતનું વેદ્યરહિત મન શુદ્ધ જ્ઞાનરૂપ આત્મા છે એમ કહી શકાય. પ્રકાશ અથવા જ્ઞાન તેનું સ્વરૂપ હોવાથી તે ચૈતન્ય સદા જ્ઞાત છે જ; તેને મેળવવા માટે બીજાની અપેક્ષા છે એમ માનીએ તો તે મેળવેલાને મેળવવા માટે પણ બીજાની અપેક્ષા રહેશે અને તેથી અનવસ્થા દોષ પ્રાપ્ત થશે. ૧–૫

હે પરશુરામ! બીજી દૃષ્ટિથી વિચાર કરતાં એમ માનીએ કે કોઈ પણ પદાર્થનો ભાસ થતાં તું પોતે ભાસમાન નથી થતો એમ કેમ બને? કારણ કે તું ભાસમાન ન થાય તો પછી તું પોતે જ રહેતો નથી અને આ પ્રશ્ન પણ પછી ઉપસ્થિત થતો નથી. અરે! આકાશના ફૂલની માફક અભાવરૂપ જો તારું સ્વરૂપ હોય, તો તું

પોતે પરમ પદની ઇચ્છા કેમ કરી શકે? અને એવા અભાવરૂપ આત્માનો અનુભવ હું તને કેવી રીતે આપી શકું તે તું કહે. 'સામાન્યપણે પ્રકાશતા પોતાને 'હું' વિશેષે કરીને ઓળખતો નથી' એમ તું કહે, તો હે પરશુરામ! સામાન્યપણે પ્રકાશનારું જે સ્વરૂપ છે, તે જ તારું શાશ્વત આત્મસ્વરૂપ છે. તારા સ્વરૂપમાં વિશેષ ભાવોનું લેશ માત્ર અસ્તિત્વ નથી. એ તારા ધ્યાનમાં કેમ આવતું નથી? અરે! તું જાણતાં છતાં પણ વ્યર્થ ભ્રમમાં પડે છે. પદાર્થોને પ્રકાશ કરનારું જ્ઞાન તે તે આકારરૂપ બને છે; પરંતુ તું પોતે તો સામાન્ય રૂપ જ છે અને આપોઆપ પ્રકાશી રહ્યો છે. તું શરીર વગેરેના સંબંધથી પ્રકાશી રહ્યો છે એમ માનીએ તો તે બાબતમાં હું જે કહું છું તે સાંભળ. દેહ વગેરેના યોગે તું પ્રકાશતો હોય, તો દેહ વગેરેનો સંકલ્પ ચિત્તમાં ઉદ્ભવ થતાં તેવો જ તું બની જાય. સૂક્ષ્મ વિચાર વડે તું તારો અનુભવ કરી જો; દેહ સિવાય બીજા સંકલ્પનો થાય છે તે વખતે તને દેહપણું ભાસે છે? જે સંકલ્પનો વિષય બની શકે એવું નથી તે જ ભાસે છે; પછી તે જ તારો દેહ બને છે. જે જે સંકલ્પ ઉત્પન્ન થાય છે તે તે તારું સ્વરૂપ છે એવો અર્થ થશે. આમ થતાં તું સર્વરૂપ બની જઈશ. એક દેહ માત્ર જ કેવી રીતે રહીશ? માટે જે દૃશ્ય છે તે તારું સ્વરૂપ નથી, તું તેનો જાણનાર છે. તું માત્ર પ્રકાશરૂપ છે. આ આત્મસ્વરૂપ પ્રકાશ દૃશ્યરૂપ કદી પણ હોતો નથી. તે સ્વયંપ્રકાશરૂપ આત્મા શરીર, દેશ, કાળ વગેરે ભેદરૂપી ચિત્રોના ચમત્કારથી ચિતરાયેલ હોવા છતાં તેના મૂળ સ્વરૂપમાં દૃશ્યભાવ લવલેશ પણ હોતો નથી. તેથી સંકલ્પમાત્રનો ત્યાગ કરવાથી પરમ સ્થિતિ પ્રાપ્ત થાય છે. સંકલ્પત્યાગને અંતે જે શેષ રહે છે, તે શુદ્ધ ચૈતન્યરૂપ આત્મા છે એમ નિશ્ચય કર. એક વાર દર્શન થતાં અને તેને આધારે રહેલા દેહાદિક ભાવો બંધ થતાં સમસ્ત સંસારના કારણરૂપ અજ્ઞાન લય પામી જાય છે. મોક્ષ આકાશમાં, પાતાળમાં કે પૃથ્વી પર નથી. સંકલ્પનો ત્યાગ કરતાં જે શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે

તે જ મોક્ષ છે. ૬–૧૮

તે જીવોનું મૂળ સ્વરૂપ છે, માટે તે અપ્રાપ્ત હોય એમ કદી પણ બનતું નથી. કેવળ મોહમાત્રનો નિરાસ થતાં કૃતાર્થતા અનુભવાય છે. બીજા કોઈ પણ પ્રકારનો મોક્ષ સંભવતો નથી; કારણ કે જો કોઈ કર્મ કરવાથી તે મળતો હોય તો તે વિનાશી બનશે. સ્વરૂપથી જો જુદો જ મોક્ષ હોય, તો સસલાના શિંગડા જેવો જૂઠો સમજવો. સ્વસ્વરૂપ બધે જ ભરેલું હોવાથી બીજા પ્રકારનો મોક્ષ કયાં અને કેમ હોઈ શકે? તે સ્વરૂપમાં જ મોક્ષ સંભવે એમ માનીએ તો અરીસાના પ્રતિબિંબની પેઠે તે તેરૂપ જ બનશે. વ્યવહારમાં પણ બંધમાત્રના નાશ વિના મોક્ષનો બીજો કાંઈ પણ અર્થ નથી. નાશ એ અભાવાત્મક વસ્તુ છે, તેને સત્યરૂપ–ભાવરૂપ કેમ માની શકાય? ભાવાભાવાત્મક–સત્યાસત્યરૂપ માનીએ તો એવી કોઈ વસ્તુ સંભવિત નથી. કદાચ તું કહે કે, સ્વપ્ન અવસ્થાના ભાવો ભાવાભાવાત્મક–સત્યાસત્યરૂપ છે; કારણ કે તે અનુભવાય છે ત્યારે સાચા લાગે છે, પણ જાગ્રત અવસ્થામાં તેનો બાધ થઈ જતાં તે અસત્ય લાગે છે, તો તેનું સમાધાન એવું છે કે, પદાર્થોનો અનુભવ ન થતાં તેના અભાવનો અનુભવ થાય તેનું જ નામ બાધ. આમ જેનો બાધ થાય તે અસત્ય અને જેનો બાધ ન થાય તે સત્ય છે; પરંતુ સ્વપ્ન વગેરે દશ્યોનો અનુભવ નહિ જેવો હોઈને તેનો બાધ થઈ જાય; સ્વપ્ન જેવી ભાવાભાવાત્મક વસ્તુ ખરી રીતે તો અસત્ય જ છે. એમ સહજ રીતે સિદ્ધ થાય છે. જેને અભાવનો લેશ કયારે અને કોઈ પણ સ્થળે સ્પર્શ કરતો નથી એવા પ્રકારનું એક ચિત્તત્વ માત્ર સત્ય છે. તેનાથી–સ્વરૂપથી ભિન્ન પ્રકારનો મોક્ષ હોય તો કયાંય સત્યરૂપ બની શકે એમ નથી. પૂર્ણ સ્વરૂપનું જે કેવળ સ્ફુરણ તે જ મોક્ષ કહેવાય છે. ચેત્ય–જ્ઞેય પદાર્થોનો ત્યાગ કરતાં જ ચિતિ ચૈતન્યરૂપ આત્મા પરિપૂર્ણ છે. ચેત્ય–દશ્યનો આભાસ એ જ ચિતિનું સંકોચન છે. તેનો અભાવ થતાં–જ્ઞાનસ્વરૂપ આત્મા મર્યાદાશૂન્ય થતાં પરિપૂર્ણ બને છે. તેનો કાળ વગેરેથી

પરિચ્છેદ-મર્યાદા થાય છે એમ જો કહીએ, તો તે મર્યાદા ચેતન છે કે જડ તે તું કહે. તે જડ છે એમ કહીએ તો તેનું અસ્તિત્વ જ નહિ રહે, કારણ કે જે પોતે જ જડ છે, તે ચૈતન્યની મર્યાદા કેમ કરી શકે? જો, તે ચેતન છે એમ માનીએ, તો ચિતિસ્વરૂપ પોતે જ સર્વત્ર વ્યાપેલું છે; તે સિવાય બીજું કાંઈ કોઈ પણ ઠેકાણે નથી. વ્યવહારમાં કોઈક ભાવ કાળ વગેરેથી પરિચ્છિન્ન-મર્યાદિત થાય છે, તો ભાવ અને કાળ પરિચ્છેદકરૂપ બને છે, ત્યાં ચૈતન્યની પ્રાપ્તિ થઈ નથી તેથી તે મર્યાદા છે એમ સિદ્ધ કેવી રીતે થઈ શકે? કારણ કે તેનો જાણનાર કોણ થશે! ચૈતન્યથી ચેત્ય-જ્ઞેય પદાર્થો જો જુદા જ સંભવે, તો તેનાથી કદાચિત્ ચૈતન્યની મર્યાદા બંધાઈ શકે; પરંતુ ચૈતન્યથી જુદા કોઈ પણ પદાર્થની સાબિતી કરી શકાતી નથી. ચૈતન્ય એટલે જ્ઞાન. માટે જે જ્ઞાનની બહાર છે, તેને તેનું અસ્તિત્વ કેવી રીતે સાબિત કરી શકે? કાળ વગેરેનો ચૈતન્યની સાથે પૂર્ણ રીતે સંબંધ નથી, પણ એક અંશ પૂરતો પણ સંબંધ છે અને બીજા અંશોની તે મર્યાદા કરી શકે છે માનીએ, તોપણ તે સિદ્ધ થતું નથી; કારણ કે એકાદ અંશનો ચૈતન્યની સાથે સંબંધ છે એમ કહેતાં જ ચૈતન્યની સાથે સંબંધ નહિ ધરાવનાર બીજા અંશોની સ્થિતિ સંભવી શકતી નથી, કારણ કે ચૈતન્ય વગર તેનો ભાસ કેવી રીતે થાય? બાહ્ય પદાર્થ પણ ચૈતન્યરૂપી સાગરમાં ડૂબેલા છે. આ પ્રમાણે સર્વ પદાર્થો ચૈતન્યનાં પ્રતિબિંબો જ છે. તેનો પરિચ્છેદ કરનાર કોણ હોય? હે પરશુરામ! આ પ્રમાણે પદાર્થ-માત્રનું સ્વરૂપ મિથ્યા છે એમ તું વિચાર કરીને જો. ૧૯-૩૭

જે ચૈતન્યની અંદર ભાસમાન થાય છે તે પ્રતિબિંબનું સ્વરૂપ છે, કારણ કે એક પદાર્થમાં બીજા પદાર્થનો પ્રવેશ થઈ શકતો નથી એ વાત વ્યવહારમાં પણ સ્પષ્ટ છે. એકબીજાની અંદર સર્વ પદાર્થો મિશ્ર છે એમ કહીએ, તો ઘડો, લૂગડું વગેરે પદાર્થો જુદા જુદા કેમ ઓળખી શકાય? એટલે કે આ માન્યતામાં સંકરતાનો

દોષ આવે છે. હે પરશુરામ! આ બાહ્ય ભાસ ભ્રમમૂલક છે એમ મેં તને પહેલાં જ કહ્યું છે, તો પછી ચૈતન્યના આશ્રયથી પ્રકાશ પામતા નાના નાના ભાવો સ્વતઃ સત્ય કેવી રીતે હોઈ શકે? આ ચૈતન્યસ્વરૂપ આત્મા જ આપોઆપ પોતાની સ્વતંત્ર શક્તિથી પદાર્થોને આકારે દેખાય છે, બીજું કાંઈ નથી.' ૩૮-૪૦

આ પ્રમાણે દત્તાત્રેયનું ભાષણ સાંભળીને પરશુરામે ફરીથી પૂછ્યું. 'હે ભગવન્! આપે જે બધું કહ્યું તે મને તો બનવું જ અશક્ય લાગે છે. શુદ્ધ સંવિત્-આત્મા એક હોઈને જુદા જુદા આકારે ભાસે છે એ સંભવિત નથી. સંવિત્-જ્ઞાન અને વેદ્ય-જ્ઞેય પદાર્થો-બે વસ્તુ છે એમ બધાને અનુભવાય છે. ચિતિ પોતે જ સ્વતઃ પ્રકાશરૂપ છે, અને ચેત્ય ચૈતન્યના યોગે પ્રકાશી રહેલ છે એમ આપનું માનવું છે; પણ જે પ્રમાણે વ્યવહારમાં અમુક પ્રકાશના યોગે ભાસમાન થનારી વસ્તુ પ્રકાશથી જુદી હોય છે, તે પ્રમાણે ચૈતન્યથી પ્રકાશ પામતી ચેત્ય વસ્તુઓ જુદી જ છે એવો સંભવ લાગે છે. આપના મત પ્રમાણે ચેત્ય છે તે જ ચૈતન્યરૂપ છે એમ અનુભવમાં આવતું નથી. બીજું જનકે પહેલાં મને કહ્યું હતું કે 'સંકલ્પનો ત્યાગ કરવાથી જ મન નિર્વિકલ્પ બને છે, તે નિર્વિકલ્પ જ્ઞાન સંસારનો નાશ કરે છે અને તે જ આત્માનું સ્વરૂપ છે.' પણ એ કેવી રીતે બની શકે? કારણ કે જ્ઞાન ઉત્પન્ન થવાનું સાધન ફક્ત મન જ છે. મન જો આત્માનું નથી તો જડથી જુદું છે એમ કહેવાય? આત્માનું મન છે અને જડની અપેક્ષાએ કાંઈક વિશિષ્ટતા ધરાવે છે એમ માનીએ, તો હે ભગવન્! મનથી જ બંધન થાય છે અને મોક્ષ થાય છે એ સ્પષ્ટ છે. સંકલ્પયુક્ત મન તે જ બંધન છે અને નિઃસંકલ્પ મન તે જ મોક્ષ છે. એટલે મન જ આત્મા છે એમ કેમ બને! મન તો ફક્ત સાધનરૂપ છે, એટલે નિર્વિકલ્પ અવસ્થા પ્રાપ્ત થતાં છતાં પણ મનના યોગે કરીને દ્વૈત તો રહેવાનું જ. વળી લોક-વ્યવહારમાં પણ એમ દેખાય છે કે જેની ભ્રાન્તિ હોય છે તે અસત્-

મિથ્યા હોય છે; પણ તે ભ્રાન્તિ પોતે અસત્ય નથી; તો પછી અદ્વૈત ક્યાં રહ્યું ? વળી અસત્ય વસ્તુથી વ્યવહાર ચાલ્યા કરે એમ અત્યાર સુધી ક્યાંય જોયું નથી; અને જગતની વસ્તુઓ તો સ્થિર છે તથા પ્રત્યક્ષ રીતે કામ આપે છે; તો તે અસત્ય છે એમ કેમ કહેવાય ? અને 'અદ્વૈત જ છે' એમ પણ કેમ કહેવાય ? જો બધું જ ભ્રાંતિરૂપ છે તો ભ્રાન્તિ અને અભ્રાન્તિ એવો ભેદ કેમ ઓળખી શકાય છે ? અને સર્વને સમાનરૂપે ભ્રાન્તિ કેમ હોય તે મને કહો. હે ગુરુ ! આ સંદેહ લાંબા વખતથી મારા ચિત્તમાં પ્રવર્તી રહેલો છે.' ૪૧–૫૪

આવો સારો પ્રશ્ન સાંભળીને સર્વજ્ઞ દત્તાત્રેય પ્રસન્ન થયા અને બોલવા માંડ્યા, 'હે પરશુરામ ! તેં બહુ સારો પ્રશ્ન કર્યો; આ વાત જો કે ઘણીવાર કહેવાઈ ગઈ છે, છતાં પણ જ્યાં સુધી ચિત્તને સંતોષ ન થાય ત્યાં સુધી તે સંબંધી વારંવાર વિચાર કરવો જોઈએ. પ્રશ્ન જ જો કરવામાં ન આવે તો ગુરુ તેના મનની વાત જાણીને કેમ કહી શકે ? પ્રત્યેક પ્રાણીમાત્રમાં જુદા જુદા પ્રકારની બુદ્ધિ હોવાથી તર્ક પણ જુદા જુદા પ્રકારના હોય છે; પોતાનો મત બોલી બતાવી પૂછ્યા સિવાય સંદેહમાંથી કોણ મુક્ત થાય છે ? પ્રશ્ન કરનારને જ વિદ્યા દૃઢપણે પ્રાપ્ત થાય છે; પ્રશ્ન જ નિરૂપણનું બીજ છે. જે પૂછતો નથી તેને વિદ્યા પ્રાપ્ત થતી નથી; ગુરુને પૂછીને વિદ્યા પ્રાપ્ત કરવી જોઈએ. હવે તારા પ્રશ્નોનો ક્રમવાર ઉત્તર આપું છું તે સાંભળ. પહેલું તો એક જ અરીસો જેમ વિવિધ પ્રતિબિંબ પ્રમાણે જુદા જુદા આકાર ધારણ કરે છે, તે જ પ્રમાણે એક શુદ્ધ ચૈતન્ય જુદા જુદા આકારે ભાસી રહ્યું છે એમ સંભવે છે. સ્વપ્ન વગેરે વિકલ્પોમાં જો કે મન એક જ હોય છે, છતાં તે મન દ્રષ્ટા, દર્શન, અને દૃશ્ય વગેરે વિચિત્ર પ્રકારે અનુભવવામાં આવે છે, તે જ પ્રમાણે તે શુદ્ધ ચૈતન્ય જુદા જુદા આકારે ભાસે છે, એમ માનવામાં શું વાંધો છે ? એક ચિતિ અને બીજો ચેત્ય એમ બે પ્રકાર સ્વપ્નમાં પણ દેખાય છે; તેવું જ આ જાગ્રત અવસ્થામાં છે એમ માનવામાં શું વાંધો છે ? વ્યવહારમાં પ્રકાશ અને

અને પ્રકાશિત વસ્તુ ભિન્ન ભિન્ન હોય છે એ સાચું છે, પણ એમાં પદાર્થનો અનુભવ પ્રકાશ વગર પણ શકય છે; જેમ કે આંધળો માણસ બીજી રીતે પદાર્થોને અનુભવી શકે છે. વળી રૂપ પણ પ્રકાશને અધીન છે એવું કાંઈ નથી. આંધળો માણસ અપ્રકાશિત રૂપ સ્મૃતિમાં પણ અનુભવી શકે છે. ચૈતન્યનો પ્રકાશ એકદેશીય નથી. ચૈતન્યના ભાન વગર કયાંય પણ કોઈ પણ પદાર્થનો ભાસ થતો નથી. જે પ્રમાણે અરીસા વગર જરા પણ પ્રતિબિંબ પડતું નથી, તેમ જ અરીસાથી પ્રતિબિંબ ભિન્ન નથી, એવી જ રીતે ચૈતન્ય સિવાય બીજું કાંઈ પણ નથી. હવે તારા બીજા પ્રશ્ન સંબંધી ઉત્તર આપું છું. હે પરશુરામ! મન પણ ચૈતન્યથી સર્વથા નિરાળું નથી. ૫૫–૬૫

જે પ્રમાણે સ્વપ્નનું મન સ્વપ્નના ભાસથી જુદી વસ્તુ નથી, તે પ્રમાણે જાગ્રત અવસ્થામાં પણ મન કાંઈ જુદી વસ્તુ નથી. કાર્યની સિદ્ધિ માટે મન તો એક સાધન તરીકે માની લેવામાં આવ્યું છે. સ્વપ્નનું ઝાડ કાપવા માટે જેમ સ્વપ્નનો કુહાડો જ કામમાં આવે છે; તેમાં તે મિથ્યા છે, માટે જેમ ક્રિયા અસત્ય છે તેમ સાધન પણ અસત્ય સમજવું. માણસનાં મિથ્યા શિંગડાં વડે કોઈ એ કોઈ પણ પદાર્થને કદી પણ વીંધ્યો છે? માટે જ્યાં કાર્ય જ નથી ત્યાં તેનું સાધન મન કેમ હોઈ શકે? સ્વપ્નમાં જે પ્રમાણે સ્વપ્નના–જોવાની ક્રિયાના કારણ રૂપ મન ગણાય છે તે પ્રમાણે જાગ્રત અવસ્થામાં તે જ મન છે. દગ્ શક્તિ–ચૈતન્ય–ને છોડીને મન કેવી રીતે ક્રિયા કરી શકે? ચિદાત્મક કેવળ અને સ્વચ્છ છે અને પોતાની સ્વાતંત્ર્ય શક્તિના યોગે દૃશ્ય, દ્રષ્ટા વગેરેના ભેદ સાથે મનને કલ્પીને વ્યવહાર ચલાવે છે. કોઈ કોઈવાર તે કેવળ નિર્વિકલ્પ અવસ્થામાં સ્થિત થાય છે. હે પરશુરામ! સાંભળ; આ ચિત્તત્ત્વ–જ્ઞાનતત્ત્વ પોતે સ્વભાવથી જ પરિપૂર્ણ છે અને ચૈતન્યરૂપ હોવાથી સ્વયંપ્રકાશ છે; માટે તેની તુલના જડ આકાશની સાથે કરી શકાય નહિ. બાકી આકાશ અને ચૈતન્યમાં બીજો કાંઈ તફાવત નથી. આકાશ પ્રમાણે આત્મા પૂર્ણ, સૂક્ષ્મ, નિર્મળ અનાદિ

અને અનંત છે. વળી તે નિરાકાર સર્વના આશ્રયરૂપ હોવા છતાં સંગ-રહિત, સર્વ સ્થાવરજંગમની અંદર અને બહાર વ્યાપી રહેનાર છે. ફક્ત આત્મા ચૈતન્ય છે, ત્યારે આકાશ તેવું નથી, એટલે ખરી રીતે તો ચૈતન્યપૂર્ણ આકાશને આત્મા કહી શકાય. આ સિવાય આકાશમાં અને આત્મામાં લેશ પણ ભેદ નથી. જે આકાશ છે તે જ આત્મા છે અને જે આત્મા છે તે જ આકાશ છે. જેવી રીતે ઘુવડ સૂર્યના પ્રકાશને અંધારું સમજે છે, તેમ અજ્ઞાની માણસો જડ આકાશને જ આત્મા સમજે છે. જ્ઞાની પુરુષ આકાશને આત્મારૂપે જુએ છે એટલે કે 'આત્મા–ચૈતન્ય આકાશ જેવું છે' એ વાકયોનો મર્મ જાણે છે. જેવી રીતે આપણે પોતે પોતાના આત્માને સ્વપ્નમાં અનેક પ્રકારે પ્રગટ થતો જોઈએ છીએ, તે પ્રમાણે પરમચૈતન્યરૂપ પરાશક્તિ પોતાના અમર્યાદ સ્વાતંત્ર્ય બળથી પોતાની જાતને જ મર્યાદિતરૂપે પ્રગટ કરે છે. મર્યાદિત દૃષ્ટિને લીધે આ અનેક પ્રકારનો ભાસ લાગે છે. ચૈતન્યરૂપ દૃષ્ટિથી જોતાં તે પરિપૂર્ણ આત્મસ્વરૂપ લાગે છે. જે પ્રમાણે કોઈ જાદુગર પોતાની જાતને–પોતાના જાદુના ખેલને પ્રેક્ષકોને અનેકરૂપે કરી બતાવે છે, પણ પોતાને તો એકરૂપે જ દેખાય છે, તે પ્રમાણે આ પરમ શુદ્ધ જ્ઞાનરૂપ આત્મા એક જ છે. તેનું સ્વરૂપ અખંડ એકરસ છે, પણ પોતાના સ્વરૂપનો જ સંકોચ કરીને મર્યાદિતરૂપે માયા-બળથી અનેક ભાસે છે. ૬૬–૮૨

આ માયારૂપી આવરણ પણ લોકોની મર્યાદિત દૃષ્ટિનું પરિ-ણામ છે; કારણ કે જાદુગરની માયા પણ બીજી દૃષ્ટિવાળાને જ દેખાય છે. (પોતાને તો તે શૂન્યરૂપ હોય છે.) યોગી પુરુષો, યાંત્રિક પુરુષો વગેરે અમુક કુશળતાથી પોતાની ઢંકાઈ રહેલી સ્વાતંત્ર્ય શક્તિને પ્રાપ્ત કરીને અસંભવ એવાં કામો પણ કરી શકે છે, તેમાં કાંઈ નવાઈ નથી તો પછી ચૈતન્યને પોતાને તો આ કાર્ય કેવી રીતે અશકય હોઈ શકે? હે પરશુરામ! પરમ ચિતિશક્તિએ પોતાના મૂળ સ્વરૂપને પોતાના બળથી અનેકરૂપે ભાસમાન કર્યું છે એમાં

કાંઈ પણ શંકા નથી. પદાર્થોમાં 'હું આવો છું' એવું અભિમાન ધારણ કરવું એ જ ચૈતન્યની મર્યાદા છે અને આમ થવાથી પૂર્ણત્વ નહિ રહેતાં તેને જ 'અવિદ્યા' એમ નામ આપવામાં આવે છે. આ બાબતમાં પુષ્કળ તાર્કિક લોકો અને પંડિતો મોહ પામે છે; કારણ કે તેઓ બહિર્મુખ હોવાથી તેમની દૃષ્ટિ સ્વરૂપ સુધી પહોંચતી નથી. ગુરુએ કહેલી વાત સાચી છે કે ખોટી એ જ્યાં સુધી અંતર્મુખ થઈને ચકાસવામાં આવતી નથી, ત્યાં સુધી કેવળ શબ્દજ્ઞાન મેળવીને કાંઈ ફળ પ્રાપ્ત થતું નથી. માટે હું તને કહું છું કે, તું સૂક્ષ્મ દૃષ્ટિ કરીને તારા પોતાના સ્વરૂપને અંદર શોધી કાઢ. જે સર્વ પદાર્થોનો ભાસ કરાવનારી અને પદાર્થોનો વિશિષ્ટ આકાર છોડી સામાન્યપણે ભાસમાન થનારી પરમ દેવતા ચિતિશક્તિ જડથી ભિન્ન—પ્રકાશરૂપ છે, અને તેમાં જ 'હું' એવું સ્ફુરણ થાય છે. જડ પદાર્થો ચૈતન્યથી જ ભાસે છે, સ્વતઃ નહિ. તેથી તેમાં સ્વરૂપવિશ્રાંતિ રૂપ 'હું' એ સ્ફૂર્તિ નથી. ચૈતન્ય કેવળ પોતે જ સ્વયંપ્રકાશરૂપ હોવાથી આત્મવિશ્રાંતિરૂપ અહંતા—હુંપણા—ને યોગ્ય છે. ત્યાં ભેદનો સ્પર્શ તેમ જ મર્યાદા નહિ હોવાથી અરીસામાંના નગર પ્રમાણે બધું જ દૃશ્ય તેની અંદર રહેલું છે; તેમાં ભેદ ભાવના કેવી રીતે સંભવે? આ પ્રમાણે પૂર્ણ—સ્વરૂપ ચૈતન્યનું પૂર્ણ રૂપ સ્ફુરણ તે જ આત્મવિશ્રાંતિ અને તે જ પૂર્ણ અહંતા છે. હે પરશુરામ! એ બધું અખંડ એકરસ અને ચૈતન્યમાત્ર છે. નિરૂપણને વખતે જે અનેક પ્રકારે ભાસે છે તે તો તેની શક્તિ છે. અને તે શક્તિ પણ ચૈતન્યની સાથે અભેદરૂપ—તન્મય છે. ૮૩–૯૮

જેમ અગ્નિમાં પ્રકાશ અને ઉષ્ણતા બન્ને સાથે રહેલાં છે, તે પ્રમાણે સ્વાતંત્ર્ય શક્તિ અને અહંતાનું સ્ફુરણ, એ બન્ને ભાવો આત્મામાં એકીસાથે રહેલા છે. આમ અઘટિત ઘટનાને બનાવનારી માયા નામની જે પરમ દુર્ઘટ શક્તિ કહેવાય છે, તેનું સ્વરૂપ આ જ છે. ચૈતન્યરૂપ સ્વરૂપમાં અનેક વિચિત્ર ભાસો પ્રગટ થાય છે

અને તે ભાસો ભાસતાં છતાં પણ ચૈતન્યરૂપ આત્માથી ચ્યુત થતા નથી! મર્યાદિત ભાસ તે જ 'અનાત્મ ભાસ,' 'અવિદ્યા,' 'જડ શક્તિ,' 'પ્રકૃતિ,' 'મહાશૂન્ય' 'અત્યંતાભાવ,' 'આકાશ,' 'તમ,' અને 'પ્રથમ સર્ગ' વગેરે નામોથી ઓળખાય છે. હે પરશુરામ! જે પરિપૂર્ણ આત્મા છે તેનું 'હું' એવું જે સ્ફુરણ છે, તે જ ભ્રાંતિને લીધે એકદેશી બની જતાં જડરૂપ ભાસે છે અને તે જ આકાશ કહેવાય છે. તેથી 'હું આત્મા છું' એ ભાવનો બાધ કરીને જે આત્મપ્રદેશ છે, તે જ આકાશ કહેવાય છે અને તે જ આ સંસારનું કારણ છે. લોકોને અનુભવમાં આવનાર ભેદનો આભાસ તે આ જ છે. હે પરશુરામ! તું સૂક્ષ્મ દૃષ્ટિથી જો કે જે આકાશ તું જુએ છે, તે તારા જીવનો આત્મા, ચૈતન્ય છે. બીજાના શરીરમાં જે આકાશ તને દેખાય છે, તે તેઓના ચિદાનંદરૂપ આત્મા છે, અને તે જ તારો પણ આત્મા છે. આ પ્રમાણે પોતે જ કલ્પેલા આકાશમાં જે ચૈતન્ય વ્યાપ્ત થાય છે તે જ મન કહેવાય છે, બાકી તે આત્મસ્વરૂપ જ છે, બીજું કાંઈ નથી. આવરણ કરનાર જડ તત્ત્વની દૃષ્ટિથી તે 'મન' એમ કહેવાય છે અને આવરણ થયેલા ચૈતન્યના અંશની દૃષ્ટિથી તે પ્રમાતા–જીવ કહેવાય છે. આ પ્રમાણે ચૈતન્યનો અંશ આકાશરૂપ જડ તત્ત્વથી ઢંકાઈ જતાં ફરીથી તે આકાશમાં જ કોમળ, મૃદુ અને નિર્મળ ભાવોની તેમ જ કઠણ, ઘટ્ટ, અને મલિન એવી અવસ્થાઓની કલ્પના કરે છે. આ આકાશ આમ પંચભૂતરૂપે પ્રગટ થાય છે, અને તે ચૈતન્યનો અંશ પોતે ભૂતોના યોગથી બનેલા દેહનો યોગ કરે છે અને દેહાત્મા બને છે. ઘડાની અંદર રહેલો દીવો જેવી રીતે તેની અંદરના ભાગને વ્યાપીને પ્રકાશિત કરે છે, તે પ્રમાણે દેહમાં રહેલો આ ચૈતન્યનો અંશ દેહને પ્રકાશિત કરે છે અને પોતે તેની અંદર ગુપ્ત દીપકની માફક રહે છે. ૯૯–૧૧૩

દીવાનો પ્રકાશ જેવી રીતે ઘડાનાં છિદ્રો વાટે બહાર આવે

છે, તે પ્રમાણે આ ચૈતન્યરૂપી દીવો ઇંદ્રિયો મારફત પોતાનો પ્રકાશ પ્રગટ કરે છે. વસ્તુતઃ ક્રિયા વગરના પૂર્ણ ચૈતન્યરૂપ આત્માને બહાર અથવા અંદર એવું કશું નથી; પરંતુ ચૈતન્યની જ્ઞાનશક્તિ પોતાને આવૃત્ત કરનાર જડ આકાશને જ્યાં દૂર કરે છે ત્યાં તે બહાર આવતી હોય તેમ ભાસે છે. જ્ઞાનશક્તિનું આવરણ દૂર કરવું એ મનનો વ્યાપાર છે, માટે આત્મા એ જ મન છે. ચંચળ ચિતિ-શક્તિ એટલે મન અને નિશ્ચલ ચિતિશક્તિ એટલે આત્મા. આવ-રણ દૂર કરવું એ જ ચિત્–શક્તિનું ચલન છે, તે જ વિકલ્પ કહેવાય છે અને તે જ મનનું સ્વરૂપ છે. તે વિકલ્પનો ત્યાગ કરતાં જે પૂર્ણ નિર્વિકલ્પ આત્મસ્વરૂપ વિજ્ઞાન રહે છે, તે જ મોક્ષ આપે છે. હે પરશુરામ! 'વિકલ્પનું નિરસન કર્યા પછી આવરણ દોષ રહી જશે' એવો સંશય તું કરીશ નહિ, કારણ કે આવરણ પોતે કેવળ કલ્પિત વસ્તુ છે. મનોરાજ્યમાં જે પ્રમાણે કોઈ શત્રુથી આપણે બંધાઈ જઈએ, માર ખાઈએ, તિરસ્કાર પામીએ, તે બધું મનોરાજ્ય બંધ થતાં અદૃશ્ય થઈ જાય છે, તે જ પ્રમાણે આ બંધનનું પણ સમજવાનું છે. અનાદિકાળથી કોઈને કાંઈ પણ બંધન નથી, આત્મભ્રાંતિને છોડીને આ બંધન શું છે, તેનો તું વિચાર કર. 'આ બંધ સાચો છે' એ નિશ્ચય એ જ મહાબંધન છે અને ખોટા ભયથી ઘેરાઈ ગયેલા બાળકની જેમ ઘાતક છે. જ્યાં સુધી બુદ્ધિમાન પુરુષ આ બંધનની ભ્રાંતિને છોડી દેતો નથી, ત્યાં સુધી ગમે તેટલો પુરુષાર્થ કરે તોપણ સંસારમાંથી મુક્તિ પામતો નથી. નિર્મળ અને ચૈતન્યરૂપ આત્મામાં આ બંધ ક્યાં અને કેમ હોઈ શકે? આત્મારૂપી અરીસામાં ભાસનાર પ્રતિબિંબ-રૂપ દૃશ્ય પદાર્થોથી આત્માને જો બંધન થતું હોય, તો કાચમાંના પ્રતિબિંબરૂપ અગ્નિથી કોઈ પદાર્થ બળી જવો જોઈએ! આ બંધ ખરેખર જ છે અને મન ખરેખર અસ્તિત્વ ધરાવે છે; એવો જે નિશ્ચય, તે સિવાય બીજો કોઈ બંધ નથી, અને તે કોઈ ઠેકાણે પણ

નથી. જ્યાં સુધી સદ્વિચારરૂપી જળથી આ દ્વૈતરૂપ મળ ધોવાઈ ગ
નથી, ત્યાં સુધી સંસારનો નાશ કરવાને હું, બ્રહ્મા, વિષ્ણુ, શં
અથવા મૂર્તિમંત વિદ્યાદેવી પણ શક્તિમાન નથી, માટે હે પરશુ
રામ! આ દ્વૈત છોડી દઈને સુખી થા. નિર્વિકલ્પ અવસ્થામાં મ
સ્થિર થાય છે, ત્યારે તે આત્મમાત્ર બની રહે છે અને તેનું દ્વૈત
પણું રહેતું નથી. 'આ, તે' એવા રૂપે થતા ભાસથી મન કોઈ નિરાળ
વસ્તુ નથી, એટલે 'આ' વગેરે ભાસો-ભાવ-નો ત્યાગ કરવાથી મન
જ-ભાવ જ કેવળ આત્મરૂપ બની રહે છે. ૧૧૪-૧૩૨

(હવે ત્રીજી શંકાનું સમાધાન કહું છું.) સત્ય મનાએલી વસ્તુમાં-દોરીમાં સર્પની ભ્રાંતિ થાય છે અને દોરીમાં સર્પનો ભાસ કરાવવો એ તો ભ્રાંતિનું સ્વરૂપ છે. સર્પનો બાધ થતાં દોરીનો બાધ થતો નથી, એટલે ભ્રાંતિ સત્ય છે એમ લાગે છે; પણ આ દોરીને સ્વપ્નાવસ્થાની દોરીની પેઠે માની લઈએ, તો દોરી સુદ્ધાં સ્વપ્નના બીજા પદાર્થોની પેઠે સ્વપ્નને અંતે બાધિત થઈ જશે, એટલે તે ભ્રાંતિ પણ સત્ય છે, એમ કહી શકાય નહિ. દોરીનો બાધ થતાં તે જ્ઞાન કોને આશ્રયે રહેશે? દૃશ્યનો બાધ થતાં તેનું જ્ઞાન કેવળ દૃષ્ટિરૂપ છે અને તે દૃષ્ટિ જ્ઞાનતત્ત્વથી મૂળમાં ભિન્ન નથી, એટલે દ્વૈત બનતું નથી. સ્વપ્નાવસ્થામાં બધો વ્યવહાર સ્થિર હોય એમ લાગે છે અને સ્વપ્નના પદાર્થો સ્વપ્નાવસ્થા પૂરતા સ્થિર હોય છે, એમ બધા લોકોનો અનુભવ છે. જાગ્રત અને સ્વપ્નાવસ્થામાં આટલો જ ભેદ છે કે જાગ્રત અવસ્થામાં 'સ્વપ્ન મિથ્યા છે' એવો નિશ્ચય થઈ જાય, પણ સ્વપ્ન અવસ્થામાં 'જાગ્રત અવસ્થા મિથ્યા છે' એવો નિશ્ચય થતો નથી; પણ આથી કાંઈ જાગ્રત અવસ્થાનો વ્યવહાર સાચો છે, એમ સાબિત થતું નથી. જાગ્રત અવસ્થામાં પદાર્થો સ્થિર અને વ્યવહાર્ય લાગે છે, તેવી જ રીતે સ્વપ્નમાં શું સ્વપ્નના પદાર્થો સ્થિર અને વ્યવહાર્ય લાગતા નથી, તે તું કહે. સ્વપ્ન અવસ્થામાં જાગ્રત અવસ્થાના ભાવો અથવા જાગ્રત અવસ્થામાં સ્વપ્નના ભાવો સ્થિર લાગતા નથી, પણ

બન્ને ભાવો પોતપોતાની અવસ્થામાં સરખી રીતે કાર્યસાધક અને સ્થિર હોય છે. ભૂતકાળ અને સ્વપ્નમાં શું ભેદ છે, તે સૂક્ષ્મદષ્ટિથી વિચારી જો. સર્વ અતીત–ભૂતકાળના બનાવો અને સ્વપ્ન અવસ્થા સરખાં લાગે છે. જાદુગરે જાદુથી નિર્માણ કરેલી સ્થિરતા અને વ્યવહારક્ષમતા શું સાચાં છે? જાગ્રત અવસ્થાનો વ્યવહાર પણ તેવો જ છે, માટે શું સત્ય ગણી શકાય? સત્ય અને અસત્યના સ્વરૂપનો ભેદ પ્રાકૃત લોકો બરોબર રીતે પારખી શકતા નથી. પ્રાકૃત લોકો મૂઢ હોવાથી જગત સત્ય છે એમ કહે છે, પણ કોઈ દિવસ જેને અભાવનો સ્પર્શ પણ થતો નથી તે જ સત્ય છે. ૧૩૩–૧૪૪

દુનિયાના પદાર્થોનું ભાન ન થવું એ જ તેનો અભાવ છે; પણ ચૈતન્યનું ભાન હોતું નથી એમ કદી પણ કોઈને બનતું નથી, પરંતુ દુનિયાના બધા પદાર્થો છે, એમ કહીએ તો તે એક પછી એક ભાસમાન થાય છે, કારણ કે તે અનેક છે. એટલે આમ તો ક્રમપૂર્વક બધનું અભાન થાય છે, પણ ચૈતન્યનું ભાન થતું નથી એમ કોણ કહી શકે? આ વસ્તુ ઉપર, હે પરશુરામ! તું વિચાર કરી જો. 'ચૈતન્ય ભાસતું નથી' એમ ચૈતન્ય વગર કોણ કહી શકે? પણ 'ત્યાં' કાળ,–'ભાસતું નથી' એવી અવસ્થા–આમ બન્નેનું જ્યારે ભાન હોતું નથી, ત્યારે ફક્ત એક ચૈતન્ય જ ભાસમાન હોય છે; તેથી તે ચિદ્રૂપ–જ્ઞાનરૂપ આત્મા–સત્ય છે. હે પરશુરામ, સત્ય અને અસત્યનો ભેદ ટૂંકાણમાં હું તને કહું છું. અન્યની અપેક્ષા વગર કેવળ સ્વયમેવ જ ભાસે છે તે સત્ય, અને એવું જે નથી તે અસત્ય, આ વ્યાખ્યા યોગ્ય છે. આ વ્યાખ્યા છોડીને જો આમ વ્યાખ્યા બાંધીએ કે 'જે બાધિત થતું નથી તે સત્ય અને જે બાધિત થાય છે તે અસત્ય' તે યોગ્ય નથી. ચૈતન્ય નથી તો બીજું કાંઈ નથી. 'કાંઈ નથી' એવું સુદ્ધાંત નથી. 'ચૈતન્ય નથી' એમ કોઈ અણસમજુ તાર્કિક કહે તો 'હું પોતે જ નથી' એમ કહ્યા બરોબર છે, તો પછી શાસ્ત્રકાર થયો તેથી શું? આત્માના અસ્તિત્વમાં જ જેને શંકા છે, તે

ઉત્તમ તર્કપ્રધાન બનીને બીજાનો મોહ હોશિયાર દલીલોથી તોડી શકે, તો પછી આ મોટો પથ્થર પણ બીજાના મોહનો નાશ કરી શકે. તેથી ખરી રીતે ક્રિયા ચાલે છે એમ ભાસે, તેથી તે સત્ય બની જતું નથી. બલકે જાણવાનો આ સર્વ પ્રકાર ભ્રાંતિરૂપ છે, એમાં શંકા નથી. તે ભ્રાંતિને સત્ય સમજવી તે એક મહાભ્રાંતિ છે, અને હે પરશુરામ! આ બધા પદાર્થો અસત્યરૂપ છે, એમ નિશ્ચિત ન થાય, ત્યાં સુધી આવી જ ભ્રાંતિ હોય છે. સર્વ દૃશ્ય પદાર્થોનો ભાસ અભ્રાંતિરૂપ-સત્યરૂપ લાગે છે. જેમ છીપનું જ્ઞાન થતાં તેમાં ભાસતું રૂપાનું જ્ઞાન ભ્રમરૂપ ઠરે છે, તેમ ચિદાત્મા-જ્ઞાનરૂપ આત્મા-નું જ્ઞાન થતાં સર્વ દૃશ્ય પદાર્થોનું જ્ઞાન ભ્રમરૂપ ઠરે છે. જેમ 'આકાશ ભૂરું છે' એ ભ્રમ સર્વ લોકોને સરખી રીતે થાય છે, તેમ સર્વ લોકોને અજ્ઞાનરૂપ દોષની સમાનતાને લીધે આ જગતનો ભ્રમ સરખી રીતે થાય છે; બાકી ચિદાત્માનું-જ્ઞાનરૂપ આત્માનું શુદ્ધ વિજ્ઞાન એ જ સત્ય છે. ૧૪૫-૧૫૯

હે પરશુરામ! જેમ તેં બુદ્ધિપૂર્વક મને પૂછ્યું હતું તેમ મેં તને કહ્યું. આ બાબતમાં સંદેહને છોડી દઈ ને મેં કહ્યું તે મુજબ નિશ્ચય કરી જો. તેં જે પહેલાં પૂછ્યું હતું કે, 'મુક્ત પુરુષ કેમ વ્યવ-હાર કરી શકે?' તો તે બાબતમાં હું જે કહું છું તે ધ્યાનપૂર્વક સાંભળ. આ લોકમાં જ્ઞાની અને મુક્ત પુરુષો ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમ ત્રણ પ્રકારના હોય છે; જે જ્ઞાની પુરુષો પ્રારબ્ધથી આવી મળેલા ભોગો ભોગવતાં ક્ષણેક્ષણે ખિન્ન થયા કરે છે તે કનિષ્ઠ પ્રકારના છે; જે જ્ઞાની પુરુષો પ્રારબ્ધે આણેલા ભોગો ભોગવે છે, પણ મધમાખીની જેમ રસ લેતાં લેતાં પદાર્થમાં લક્ષ આપતા નથી, તે મધ્યમ પ્રકારના છે. જે જ્ઞાની પુરુષો પ્રારબ્ધે આણેલા વિચિત્ર ભોગોથી સ્વરૂપસ્થિતિમાંથી ચ્યુત થતા નથી, મુશ્કેલીઓથી ઉદ્વેગ પામતા નથી, આશ્ચર્યકારક પદાર્થોથી આશ્ચર્ય પામતા નથી, મહા-સુખોથી હર્ષ પામતા નથી, અંદરથી શાંત અને બહારથી સામાન્ય

લોકો જેવો વ્યવહાર ચલાવતા હોય છે તેઓ ઉત્તમ છે. આમ બુદ્ધિ-ભેદથી, જ્ઞાનના પરિપાકના ભેદથી તેમ જ શેષ રહેલ પ્રારબ્ધના પ્રકાર પ્રમાણે જ્ઞાની પુરુષોનો વ્યવહાર પણ જુદો જુદો હોઈ શકે છે અને મધમાખીની માફક, તેમને પણ વ્યવહાર સંભવે છે. ૧૬૦–૧૬૭

## અધ્યાય ૧૯ મો : જ્ઞાનીઓનો સ્થિતિભેદ

આટલો ઉપદેશ દત્તાત્રેય ગુરુ પાસેથી પરશુરામે સાંભળ્યા પછી મુક્ત પુરુષોનો વ્યવહારક્રમ શું છે તે ક્રમપૂર્વક પૂછવા લાગ્યા, 'હે ભગવન્! બુદ્ધિભેદ પ્રમાણે જ્ઞાનનો પરિપાક પણ ભિન્નભિન્ન હોય છે એ વાત મને સમજાવો. આત્મસ્વરૂપનું ભાન એટલે જ્ઞાન અને તે જ્ઞાન તો એક પ્રકારનું જ હોય છે. અને મોક્ષનું સ્વરૂપ પણ તેવું જ હોઈ તે એક જ પ્રકારના મોક્ષનું સંપાદન કરાવે છે. તો પછી બુદ્ધિના ભેદ વડે જ્ઞાનના પરિપાકમાં ભેદ કેવી રીતે પડી શકે? શું સાધનોમાં વિવિધ ભેદ રહેલા છે? આ બધું મને સમજાવો.' ૧–૪

આ પ્રમાણે પૂછતાં દયાળુ દત્તાત્રેય ફરીથી વિસ્તારપૂર્વક કહેવા લાગ્યા, 'હે પરશુરામ! હું તને એક પરમ રહસ્ય કહું છું તે સાંભળ. આમાં સાધનોનો કાંઈ ભેદ નથી, તેમ જ જ્ઞાનપ્રાપ્તિમાં જુદાં જુદાં સાધનોની જરૂર નથી. સાધનોના બળાબળને લીધે–નહિ કે બીજા કોઈ કારણને લીધે–જ્ઞાનપ્રાપ્તિમાં ફેર પડી જાય છે. સાધનપૂર્ણ થતાં જ્ઞાન તો અનાયાસે જ સિદ્ધ થાય છે. પણ સાધનો અપૂર્ણ હોય છે, એટલે કે સાધનોમાં જેવી અને જેટલી અપૂર્ણતા હોય છે તેવી અને તેટલી વિશેષ મહેનત લેવી પડે છે; બાકી ખરું જોતાં જ્ઞાન-પ્રાપ્તિમાં સાધનોનો કાંઈ ઉપયોગ નથી. જ્ઞાન એ કોઈ પણ સાધનથી સાધ્ય થતું નથી; એ તો સ્વતઃસિદ્ધ ચૈતન્ય એટલે જ્ઞાન, અને તે પોતે હંમેશાં સ્વયંપ્રકાશરૂપ છે. જેનું ભાન નિત્ય નિરંતર હોય તેનો ઉપાય કરવાની શું જરૂર? અતિનિર્મળ ચિત્તરૂપી કરંડિયામાં

તે ચૈતન્યરત્ન રહેલું છે. તે અનંત વાસનાના કાદવમાં ડૂબી ગયેલ હોવાથી તે ચૈતન્યરત્ન કોઈથી ઓળખી શકાતું નથી. એ તો જ્યારે નિરોધરૂપ જળથી વાસનારૂપ કાદવ ધોવાઈને વિચારરૂપ તીક્ષ્ણ યંત્રથી ચિત્તરૂપ કરંડિયો યત્નથી ચિરાઈ જાય અને આમ બુદ્ધિપૂર્વક જ્યારે તેને ઉઘાડો કરી નાખવામાં આવે, ત્યારે જ રત્ન જેવું ઉજ્જ્વળ ચૈતન્ય મળી આવે છે. માટે હે પરશુરામ! સાધનમાત્રનો ઉપયોગ વાસનાનો નિરાસ કરવામાં છે. વાસનાની ન્યૂનાધિકતાને લીધે બુદ્ધિની શુદ્ધિમાં પણ ન્યૂનાધિકતા હોય છે. જેનો જે પ્રકારનો વાસનામળ બુદ્ધિને આચ્છાદન કરીને રહેલો હોય છે, તેને તે પ્રકારના સાધનની અપેક્ષા હોય છે; બાકી વાસનાઓના પ્રકાર ઘણા છે. તેમાંના મુખ્ય પ્રકાર કહું છું: પહેલી અપરાધવાસના, બીજી કર્મવાસના અને ત્રીજી કામવાસના. આમ વાસનાના ત્રણ પ્રકાર છે. તેમાં આત્મનાશ કરનાર અશ્રદ્ધા એ મુખ્ય અપરાધ છે. વિપરીત માન્યતા એ પુરુષનો બીજો અપરાધ છે. આથી ઘણું કરીને અનેક કળાકુશળ લોકો એક યા બીજા પ્રકારના અપરાધદોષથી સત્સંગ અને શાસ્ત્રનો યોગ થતાં છતાં પણ પરમતત્ત્વને જાણી શકતા નથી. વળી 'નિર્વિશેષ એવું પરમતત્ત્વ નથી, તેમ જ સંભવિત પણ નથી; જો હોય તોપણ તેનું જ્ઞાન કોને કેવી રીતે થઈ શકે? એ પરમતત્ત્વનું જ્ઞાન થતાં જ એ પરમતત્ત્વ રહે નહિ, એ જ્ઞાનથી મોક્ષ કેવી રીતે પ્રાપ્ત થઈ શકે?'–આમ અનેક પ્રકારની વિપરીત ભાવના હોય છે અને તે જ 'સંશય' નામથી ઓળખાય છે. આ 'અશ્રદ્ધા' નામનો અપરાધ પુરુષના વિકાસને અટકાવનાર મુખ્ય વાસના છે. હજારો અને સેંકડો શાસ્ત્રવિદ્યામાં કુશળ પુરુષો આ વાસનાથી ઘેરાઈ જઈને સંસારમાં આવાગમન કર્યા કરે છે. ૫–૨૨

આ ઉપરાંત, કોઈની બુદ્ધિમાં પૂર્વના ખરાબ સંસ્કારથી મલિનતા હોય, તો તે મલિનતાના દોષને લીધે તે પ્રદેશને ગ્રહણ કરી શકતો નથી. આ અશુદ્ધિ પ્રતિબંધકરૂપ બને છે, જેને લીધે આચા-

અને કાંઈ આવી કળાઓથી પરમપદ પ્રાપ્ત થતું નથી. મુમુક્ષુત્વ સિવાય જે જે સાંભળવામાં કે વાંચવામાં આવે છે, તેમ જ સારી રીતે વિચારવામાં આવે છે તે બધું મડદાના અલંકારની માફક વ્યર્થ છે. તેમાં પણ હે પરશુરામ! મુમુક્ષુતા જો મંદ હોય તોપણ તે વ્યર્થ છે; જેવી રીતે પુણ્યપ્રાપ્તિની ઇચ્છા સામાન્ય છે, કારણ કે પુણ્ય મેળવવાની ઇચ્છાથી થનારાં કર્મ મોક્ષરૂપી ફળને આપી શકતાં નથી. આ સુખની ઇચ્છા કયા જીવને હોતી નથી? માટે ઉપલક મુમુક્ષુવૃત્તિથી કાંઈ વળતું નથી. મુમુક્ષુતા જો તીવ્ર હોય તો જ મોક્ષરૂપી ફળ પ્રાપ્ત થાય છે. માટે તીવ્ર મુમુક્ષુતા એ સર્વ સાધનોમાં મુખ્ય છે; કારણ કે તે જ પુરુષને બીજી બધી બાબતોમાં અને સાધનોમાં પ્રવૃત્તિ કરાવે છે; અને આ પ્રવૃત્તિ જ 'તત્પરતા' કહેવાય છે. જેવી રીતે આખા શરીરે દાઝેલા માણસને ઠંડક સિવાય બીજી કોઈ વસ્તુની અપેક્ષા હોતી નથી, તેમ જેને મુક્તિ સિવાય બીજી કોઈ વસ્તુની અપેક્ષા હોતી નથી, તે જ તીવ્ર મુમુક્ષુતા ગણાય છે અને મોક્ષરૂપી ફળ આપવામાં તે જ સમર્થ છે; આ ઉગ્ર મુમુક્ષુતા મોક્ષ સિવાય બીજા સર્વ વિષયોમાં દોષદૃષ્ટિ કરવાથી પ્રાપ્ત થાય છે.' વિષયની પ્રીતિનો નાશ કરનાર વૈરાગ્ય દોષદૃષ્ટિથી જ પ્રાપ્ત થાય છે. વૈરાગ્યથી તીવ્ર મુમુક્ષુતાનો અને તત્પરતાનો ઉદય થાય છે. સાધનોમાં અત્યંત તીવ્રતાપૂર્વક પ્રવૃત્તિ કરવી તેનું જ નામ તત્પરતા. આવી અતિ તીવ્ર પ્રવૃત્તિથી જ એકદમ ફળ પ્રાપ્ત થાય છે. ૨૩–૪૫

આ પ્રમાણે દત્તાત્રેયનાં વચનો સાંભળીને પરશુરામે ફરીથી પૂછ્યું; તેમનું મન સંદિગ્ધ હતું તેથી પોતાનો મોટો સંશય પૂછ્યો, 'હે ભગવન્! આપે કહ્યું કે સત્સંગ જ મોક્ષપ્રાપ્તિમાં મૂળ કારણ છે, તેમ જ એમ પણ કહ્યું કે, ઈશ્વરની કૃપા અને દોષદૃષ્ટિ એ પણ કારણરૂપ છે, તો મુખ્ય કારણ કયું? અને મોક્ષપ્રાપ્તિ કેવી રીતે થાય? આપોઆપ કશું થતું નથી એ નિશ્ચિત છે, માટે તે કેમ બને એ મને વિસ્તારપૂર્વક સમજાવો. ૪૬–૪૯

આમ પરશુરામે પૂછતાં દયાળુ દત્તાત્રેય બોલ્યા: 'હે પરશુ-રામ! મોક્ષનું પરમ કારણ હું કહું છું તે સાંભળ. પરમ ચૈતન્ય દેવતા પોતાના સામર્થ્યથી પોતાના સ્વરૂપમાં જ અરીસામાંના પ્રતિ-બિંબ પ્રમાણે જગતરૂપી ચિત્રને પ્રગટ કરે છે. તે જ ચિતિશક્તિ હિરણ્યગર્ભ નામનું શરીર ધારણ કરે છે અને અનાદિ અવિદ્યાથી આવરણ પામી ગયેલા જીવોના ભલાને માટે સર્વ મનોરથને પૂર્ણ કરનાર વેદરૂપ જ્ઞાનસાગરને પ્રગટ કરે છે. જીવોમાં સ્વભાવથી જ વિચિત્ર ઇચ્છાઓ અને વાસનાઓ રહેલી હોય છે. તેઓનું ભલું કેવી રીતે થાય એમ વિચાર કરીને જુદાં જુદાં ફળને આપનારાં કામ્યકર્મો તેણે નિર્માણ કર્યાં. માણસ સ્વભાવથી જ સારું કે નરસું કર્મ કરતો હોય છે, તો પછી કયાં કર્મો કરવાથી વિવિધ પ્રકારના જન્મો ધારણ કરતાં કરતાં મનુષ્યજન્મ પ્રાપ્ત થાય અને કામનાને વશ થઈને આ કામ્યકર્મો તરફ વળે એ તેનો હેતુ છે. તે કામના પૂર્ણપણે સફળ કરવાની ઇચ્છાથી ઈશ્વર સંબંધી શાસ્ત્રોનું અવ-લોકન કરે છે. કામ્યકર્મનાં વખાણ સાંભળીને તે કામ્યકર્મમાં પ્રવૃત્ત થયેલ હોય છે, પણ કોઈ એકાદ સૂક્ષ્મ દોષને લીધે અંતરાય ઉત્પન્ન થતાં ફળની પ્રાપ્તિ થતી નથી. આમ આઘાત લાગતાં હવે શું કરવું એવી ઇચ્છાથી અમુક સત્પુરુષની પાસે જાય છે અને તેમનો પ્રસંગ પ્રાપ્ત થતાં પ્રસંગવશાત્ ઈશ્વરનું માહાત્મ્ય તે સાંભળે છે. પછી પૂર્વજન્મનાં પુણ્યોનો ઉદય થતાં ઈશ્વરનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે અને તેથી મોક્ષ મેળવવાની પ્રવૃત્તિ શરૂ થાય છે. પૂર્વ પુણ્યબળના યોગે સત્સંગ પ્રાપ્ત કરીને પુરુષ અત્યંત દુર્લભ મોક્ષમાર્ગની પગ-દંડી પર ચડે છે. તેથી મોક્ષપ્રાપ્તિમાં સત્સંગ જ મૂળ છે એમ નક્કી થાય છે. કોઈ કોઈ ઠેકાણે અતિ ઉગ્ર પુણ્યબળથી અથવા અતિ ઉગ્ર તપથી આકાશમાંથી ઓચિંતું ફળ પડે તેમ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આમ કારણની વિચિત્રતાને લીધે મોક્ષપ્રાપ્તિમાં પણ વિચિત્રતા રહેલી છે. આ પ્રમાણે બુદ્ધિના ભેદોને લીધે, વાસનાઓના બળા-

બળને લીધે અને સાધનોના વત્તાઓછાપણાને લીધે જ્ઞાની પુરુષોની સ્થિતિ વિવિધ પ્રકારની સંભવે છે. સ્વભાવથી જ જેની બુદ્ધિમાં વાસનાનું પડ આછું છે, તેને અલ્પ સાધનથી પણ પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય છે. જેને સ્વભાવથી જ શુદ્ધિ છે અને વાસનાનો લેશ પણ નથી, તેને અલ્પ નિમિત્તથી પણ સંપૂર્ણ જ્ઞાન મળે છે. સ્વભાવથી જ જેનું મન અસંખ્ય વાસનાઓથી ભરેલું છે, તેને જ્ઞાન ઢંકાઈ ગયેલી જેવી સ્થિતિમાં હોય છે. લાંબા કાળના અભ્યાસથી સાધનને અંતે તે જ્ઞાન પરિપક્વ થતાં પૂર્ણતાને પામે છે. આમ જ્ઞાની પુરુષોની વિવિધ સ્થિતિ દેખાય છે. ૫૦–૬૮

હે પરશુરામ! ચિત્તની પરિપક્વ અવસ્થાના ભેદ પ્રમાણે જ્ઞાનીની સ્થિતિમાં ભેદ હોય છે; માટે બુદ્ધિમાં વાસનાઓથી થતા આવરણના બળાબળ પ્રમાણે જ્ઞાન પણ ભિન્ન ભિન્ન દેખાય છે અને સ્થિતિભેદ પણ દેખાય છે. જ્ઞાનીઓની સ્થિતિમાં પરસ્પર ભેદ કેમ હોય છે તે હું તને કહું છું. બ્રહ્મા, વિષ્ણુ અને શંકર જન્મથી જ–સ્વભાવથી જ જ્ઞાની છે, પણ તેઓના સ્વભાવમાંથી ઉત્પન્ન થયેલા ગુણો પ્રમાણે તેઓનાં કાર્યો અને સ્થિતિ જુદાં જુદાં છે. પણ તેઓના જ્ઞાનમાં મલિનતા છે એમ કહેવું કોઈ પણ પ્રકારે શક્ય નથી. પ્રકૃતિના ગુણોનું સ્વરૂપ જુદું જુદું છે. પુરુષનું શરીર ધોળું હોય તો જ્ઞાની થઈ ગયા પછી કાળું થઈ જતું નથી, તે પ્રમાણે ચિત્તનો સ્વભાવ પણ અન્ય ભાવને પ્રાપ્ત કરતો નથી. ૬૯–૭૩

હે પરશુરામ! તું મારી તરફ જો. અત્રિના ત્રણે પુત્રો–દુર્વાસા, ચંદ્રમા અને હું–ભિન્ન ભિન્ન છીએ. દુર્વાસા ક્રોધી છે, ચંદ્રમા વિલાસી છે અને હું ત્યાગી અને સર્વપરિગ્રહહીન છું. એ જ પ્રમાણે કર્મનિષ્ઠ વસિષ્ઠ અને સંન્યાસી એવા સનક, સનંદન વગેરે ઋષિઓ તરફ જો. નારદ ભક્તિમાં જ મગ્ન છે, શુક્રાચાર્ય કવિ છે અને દૈત્યનું રક્ષણ કરે છે, ગુરુ દેવપક્ષનો આશ્રય કરીને રહેલા છે, વ્યાસ વાદ કરવામાં કુશળ અને શાસ્ત્ર નિર્માણ કરવામાં તત્પર છે, જનક રાજ્ય

કરે છે અને ભરત ત્યાગી છે. આમ બીજા કેટલાએક જ્ઞાની પુરુષો સ્વભાવ પ્રમાણે જુદી જુદી સ્થિતિમાં રહે છે. આમાં પણ એક રહસ્ય છે તે હે પરશુરામ! હું તને કહું છું તે તું સાંભળ. પહેલાં મેં જે તને ત્રણ પ્રકારની વાસનાઓ કહી તેમાં બીજી જે કર્મ-વાસના-બુદ્ધિની મંદતારૂપી લક્ષણવાળી-છે તે બધામાં બળવાન છે. તેનો જેને લેશમાત્ર પણ સ્પર્શ નથી, તેઓ ખરેખરા બુદ્ધિમાન છે. તેઓની અપરાધ વાસના-અશ્રદ્ધા, સંશય વગેરે-સહજ રીતે નાશ પામી જાય છે. અપરાધ-દોષ વગરના તે પુરુષોની કામવાસના અભ્યાસ-બળથી લીન થઈ જાય છે, અને જ્ઞાનમાં પ્રતિબંધરૂપ થતી નથી, તેથી તેમને વૈરાગ્ય વગેરેની પણ ખાસ જરૂર નથી. તે જ પ્રમાણે મનન, સમાધિ-ધ્યાન-ની ખાસ જરૂર છે. એક વાર તત્ત્વને સાંભળતાં જ તેનું મનન, ધ્યાન વગેરે તત્કાળ પ્રાપ્ત થઈને સર્વ સંશય નષ્ટ થઈ જાય છે અને જનક વગેરેની માફક જીવન્મુક્ત થઈને રહે છે. તેઓની બુદ્ધિ સૂક્ષ્મ અને નિર્મળ હોઈને કામવાસના વગેરેનો નાશ કરવા માટે વિપરીત અભ્યાસ કરવો પડતો નથી. તે વાસના તેઓના જ્ઞાનનો પ્રતિબંધ કરી શકતી નહિ હોવાથી, ત્યાં ને ત્યાં જ નિવૃત્ત થયા સરખી પડી રહે છે. તેથી તેઓને પરમપદનું જ્ઞાન થયેલું હોવા; છતાં પણ પહેલાંની વિદ્યમાન વાસના પ્રમાણે નિરંતર પ્રવૃત્ત રહે છે, પણ તેથી તેમની શુદ્ધ બુદ્ધિ મલિન થતી નથી. આવા જ્ઞાની પુરુષોનું 'બહુમાનસ' એવું નામ પણ છે. (૭૪-૮૬)

હે રામ! જેનું ચિત્ત કર્મવાસનાથી અત્યંત મૂઢ થયેલું છે, તેને પરમ પદનું જ્ઞાન પ્રત્યક્ષ મહાદેવના ઉપદેશથી પણ થતું નથી. જેઓની અપરાધવાસના દઢ હોય છે, તેઓને પણ જ્ઞાન પ્રાપ્ત થતું નથી; પરંતુ જેઓની અપરાધવાસના અને કર્મવાસના અલ્પ છે, પણ કામવાસના દીર્ઘ છે, તેઓને પુષ્કળ શ્રવણ, મનન અને ધ્યાનનો ખૂબ અભ્યાસ કર્યા પછી લાંબા વખતે જ્ઞાન ઉત્પન્ન થાય છે. આવો અભ્યાસ લાંબા વખત સુધી કરેલો હોવા છતાં તેનું પ્રમાણ થોડું

હોય છે. તેનું મન વાસનાના ક્ષયને લીધે નષ્ટ થયા જેવું હોય છે. આવા જ્ઞાની પુરુષો મધ્યમ જ્ઞાની ગણાય છે અને એનું 'નષ્ટ માનસ' એવું નામ પણ છે. તેમાંથી કેટલાએકનો અભ્યાસ એટલો બધો પરિપક્વ હોતો નથી, એટલે વાસનાઓ હોય છે અને મન નષ્ટ થયેલું હોતું નથી. એવા પ્રકારના મંદ જ્ઞાનીઓને 'સમનસ્ક' એમ કહેવામાં આવે છે; આવા પુરુષો કેવળ જ્ઞાની હોય છે, જ્યારે પહેલા બે પ્રકારના જ્ઞાની અને જીવન્મુક્ત હોય છે. કેવળ જ્ઞાની હોય છે તે પ્રાપ્ત થયેલાં દુઃખો ભોગવે છે અને હમેશાં પ્રારબ્ધાધીન હોય છે. દેહનો નાશ થતાં તેમને મોક્ષ પ્રાપ્ત થાય છે. જેઓ નષ્ટમાનસ કહેવાય છે, તેઓએ પ્રારબ્ધને જીતેલું હોય છે. જીવની મનરૂપી ભૂમિકામાં પ્રારબ્ધરૂપી બીજ ભોગરૂપી અંકુરને ઉત્પન્ન કરે છે. પણ તે નષ્ટમાનસ જ્ઞાની પુરુષોને તો મનોભૂમિ જ નહિ હોવાથી કળથીના બીજની પેઠે પ્રારબ્ધની સર્વ શક્તિ નાશ પામેલી હોઈને પોતે પણ નાશ પામે છે. ૮૭-૯૬

હવે બહુમાનસ જ્ઞાની પુરુષો વિષે કહું છું. જેમ કોઈ અતિ બુદ્ધિમાન માણસ એકસાથે પાંચ દશ કાર્યો કરે છે અને ક્યાંય પણ સ્ખલન પામતો નથી, એવો જ આ જ્ઞાનીનો પ્રકાર છે. સાધારણ માણસ જેમ એકીસાથે ચાલતો હોય છે, બોલતો હોય છે અને ક્રિયા કરતો હોય છે; છતાં પણ એ ત્રણે ક્રિયા જેવી રીતે એકમનથી જ કરતો હોય છે, તે પ્રમાણે ઉત્તમ જ્ઞાની પુરુષ સ્વસ્વરૂપનું અનુસંધાન નહિ ભૂલતાં વ્યવહારમાં નિર્ભયપણે ફરે છે; પુષ્કળ વિદ્યાર્થીઓને ભણાવતા ગુરુ વિદ્યાર્થીઓમાં કોણ અશુદ્ધ બોલે છે, કોણ ઉચ્ચાર કરતો નથી અને કોણ બરાબર બોલે છે એ બધું એકદમ જાણી શકે છે, એ જેમ બધાના અનુભવની વાત છે અને હે પરશુરામ! તેં માર્યો હતો તે હૈહયાધિપતિ સહસ્રાર્જુન હજાર હાથવાળો હતો અને એકીસાથે જુદાં જુદાં આયુધોથી તારી સાથે લડતો હતો, છતાં પણ તે સ્ખલન પામતો ન હતો, એ તો તેં જાતે

અનુભવ્યું છે. ૯૭–૧૦૧

એ જ પ્રમાણે વ્યવહાર કરનાર પુરુષનું મન બહુવિધ બનીને ક્રમપૂર્વક અનેક કાર્યો કરે છે. ઉત્તમ જ્ઞાનીની આવી સ્થિતિ છે. આત્માકાર થયેલું મન બાહ્ય વિષયોનો આકાર ધારણ કરે તોપણ તેઓની સ્વસ્થિતિમાં કાંઈ પણ વિરોધ આવતો નથી, માટે જ તેઓ 'બહુમાનસ' કહેવાય છે. તેઓનાં પ્રારબ્ધ મનોભૂમિમાં અંકુરિત થાય છે કે તરત જ જ્ઞાનરૂપી અગ્નિથી બળી જાય છે; વળી પાછાં અંકુરિત થાય છે અને વળી પાછાં પુનઃપુનઃ દગ્ધ થાય છે. પ્રારબ્ધ-બીજનો અંકુર એટલે સુખદુઃખનો સમાગમ, તે સંબંધી વિચાર ચાલવા એ તેનું ફળ; પણ અંકુર દગ્ધ થતાં ફળ કેવી રીતે પ્રાપ્ત થાય? જ્ઞાનીઓનો જે વ્યવહાર ચાલે છે, તે તો દૃઢ પરિચિત એવા અનુસંધાન વડે અથવા સંસ્કારબળથી ચાલે છે; જે પ્રમાણે કોઈ પ્રૌઢ માણસ બાળક સાથે ખેલતો હોય ત્યારે હર્ષ પામે છે અને રમકડાના હાથી વગેરેનો નાશ થતાં ખિન્ન બને છે, એ જ પ્રમાણે 'બહુમાનસ' જ્ઞાની પુરુષો વ્યવહારનાં કાર્યોમાં હર્ષ પામે છે અને ખેદ કરે છે; પરંતુ અંતઃકરણપૂર્વક નહિ. આવા પ્રકારનો વ્યવહાર કરતી વખતે તેઓના હૃદયમાં હમેશાં સ્વસ્થતા જ હોય છે. ૧૦૨–૧૦૮

આ બુદ્ધિમાન જ્ઞાની પુરુષે વાસનાઓનો નાશ કરવા માટે વિરુદ્ધ ભાવનાઓનો અભ્યાસ અથવા મનનો નિરોધ વગેરે કાંઈ પણ કરેલું હોતું નથી, તેથી તે વાસના જ્ઞાન પછીના સમયમાં પ્રગટ થાય છે, તેથી કેટલાક કર્મનિષ્ઠ, કેટલાક કામી, કેટલાક ક્રોધી અને કેટલાક ઉત્તમ જ્ઞાની બને છે. આ બધા વિવિધ પ્રકારનો આચાર કરવામાં તત્પર હોય છે. આમાં સમનસ્ક નામનો જે મંદ જ્ઞાની કહ્યો તેને પણ 'અખિલ દશ્ય પદાર્થો અસત્ય છે' એવો નિશ્ચય હોય છે અને સમાધિમાં અથવા સ્વરૂપાનુસંધાનમાં તેને બીજું કાંઈ ભાસમાન થતું નથી; પરંતુ સમાધિમાંથી ઉત્થાન થતાં અનુસંધાનનો ભંગ થાય છે. સ્વરૂપનું અખંડ અનુસંધાન એ જ ખરી સમાધિ છે; કારણ કે જે

નિર્વિકલ્પ સ્વરૂપ છે, તે બધાના આધારરૂપ છે. તે જ નિરંતર બધામાં સ્ફુરે છે; તેના સિવાય બીજું કાંઈ નથી. પહેલાં કહેલી વ્યવહારની કેટલીએક અવસ્થાઓમાં નિર્વિકલ્પપણાનો અનુભવ થાય છે, પણ તે મોક્ષદાયક બનતી નથી. જેને સ્વરૂપનું અનુસંધાન અખંડ રહે છે તેની સમાધિ ખરી સમજવી. વ્યવહારમાં પણ શુદ્ધ ચિદ્રૂપ-જ્ઞાનરૂપ આત્મા-વેદ્ય પદાર્થોથી વર્જિત છે એવો અનુભવ ઉત્તમ જ્ઞાની પુરુષોને રહે છે. આકાશનો ભૂરો રંગ વસ્તુતઃ નથી એવું જ્ઞાન થયા પછી પણ તે દેખાયા કરે છે; પણ તે અસત્ય છે એમ જાણ્યા પછી હૃદયનો અનુભવ માત્ર બદલાઈ જાય છે. એ પ્રમાણે તત્ત્વ ઓળખ્યા પહેલાંનો ભાસ અને પછીનો ભાસ તેમાં એક અંતરંગ સિવાય બીજો કાંઈ ભેદ નથી. આ પ્રમાણે દશ્ય પદાર્થો-વેદ્ય પદાર્થો-ને અસત્ય જાણ્યા વગર વેદન-શુદ્ધ જ્ઞાનરૂપ આત્માનો સંબંધ કેવી રીતે બને? ઉત્તમ જ્ઞાની પુરુષોની સંવિત્-ચિત્કલા-વ્યવહારકાલમાં પણ વેદ્ય-સંબંધ વગરની હોય છે. નષ્ટમાનસ જ્ઞાની પુરુષ હમેશાં ઉન્મની અવસ્થામાં રહે છે. મનનું નિઃસંકલ્પપણું તે જ ઉન્મની અવસ્થા છે. વેદ્ય પદાર્થોનું સત્યરૂપે ગ્રહણ કરવું તે જ મનનું ચલન કિંવા સંકલ્પ છે. ઉત્તમ જ્ઞાની પુરુષને આ બંને અવસ્થાઓ એકીસાથે હોય છે, એટલે કે બાહ્ય દષ્ટિએ તે ઉત્થાન પામેલો હોય છે-વ્યવહાર કરતો હોય છે-અને આંતર દષ્ટિથી તે સમાધિમાં પડેલો હોય છે. સંવિત્ જ્ઞાનરૂપ આત્મા-હમેશાં વેદ્યરહિત-નિઃસંગ છે; આમ તેં જે મને પૂછ્યું હતું તેના ઉત્તરરૂપે આ બધું કહ્યું. ૧૦૯-૧૨૨

# અધ્યાય ૨૦ મો : વિદ્યાગીતા

દત્તાત્રેય બોલ્યા: 'હે પરશુરામ! તને એક પુરાતન ઇતિહાસ આ બાબતમાં કહું છું તે સાંભળ. એકવાર અતિપવિત્ર સત્યલોકની બ્રહ્મસભામાં જ્ઞાનનો પ્રસંગ ઉપસ્થિત થયો અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિચારણા આવી. ત્યાં સનક વગેરે ઋષિઓ, વસિષ્ઠ, પુલસ્ત્ય, પૂલઃ, ક્રતુ, ભૃગુ, અત્રિ, અંગિરા, પ્રચેતા, નારદ, ચ્યવન. વામદેવ, વિશ્વામિત્ર અને ગૌતમ હતા. તે ઉપરાંત શુક્ર, પરાશર, વ્યાસ, કણ્વ, કાશ્યપ, દક્ષ, સુમંતુ, શંખ, લિખિત અને દેવલ વગેરે બીજા પણ ઋષિમુનિઓ, તેમ જ કેટલાએક રાજર્ષિઓ, બ્રહ્મદેવતાઓ એ મહાન જ્ઞાનસંઘમાં એકઠા થયા હતા. અતિ ગંભીર અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ નિરૂપણો વડે તેઓએ અંદરો અંદર મીમાંસા ચલાવી; ત્યાર પછી બધા ઋષિઓએ બ્રહ્મદેવને પૂછ્યું: 'હે ભગવન્! અમે બધા–જ્ઞાની, પરમ તત્ત્વને જાણનારા છીએ, પણ પ્રકૃતિભેદને અંગે અમારાં આચરણ જુદાં જુદાં છે. કેટલાએક સમાધિસ્થ જ રહે છે, કેટલાક મીમાંસા કરવામાં જ નિમગ્ન રહે છે, વળી કેટલાએક ભક્તિમાં નિમગ્ન થયેલા છે અને કેટલાએક કર્મનિષ્ઠ છે. કેટલાએક બહિર્મુખ માણસની પ્રમાણે વ્યવહાર ચલાવે છે. એ બધામાં કોણ શ્રેષ્ઠ છે તે અમને કહો. હે બ્રહ્મદેવ! અમારામાંનો દરેક જણ પોતપોતાનો પક્ષ શ્રેષ્ઠ છે એમ માને છે.' આ પ્રમાણે પૂછતા તેઓને શ્રદ્ધાહીન ચિત્તવાળા જોઈને બ્રહ્માએ કહ્યું: ૧–૧૦

'હે મુનીન્દ્રો! એ તો હું પણ બરાબર જાણતો નથી. આ અર્થને તો સર્વજ્ઞ પરમેશ્વર મહાદેવ જ સર્વ રીતે જાણે છે, માટે અર્થ પૂછવા માટે ચાલો આપણે ત્યાં જઈએ.' એમ કહીને બ્રહ્મદેવ ઋષિઓ સાથે પરમેશ્વર પાસે ગયા. તે વખતે વિષ્ણુ પણ ત્યાં આવેલા હતા. બ્રહ્મદેવે ઋષિઓનો તે પ્રશ્ન પૂછ્યો; ને વિષ્ણુ એ પ્રશ્નને સાંભળીને બ્રહ્મદેવનો આશય સમજી ગયા. ઋષિઓને શ્રદ્ધા-

હીન જોઈને પરમેશ્વરે વિચાર કર્યો કે 'હું જે કાંઈ કહીશ તે વ્યર્થ જશે અને આ મારો મત છે એમ માની લેશે.' આમ માનીને મહેશ્વરે કહ્યું: 'હે મુનિઓ, સાંભળો; હું પણ તે પ્રશ્નોનો ઉત્તર સ્પષ્ટ રીતે જાણતો નથી માટે આપણે ભગવતી વિદ્યાદેવીનું ધ્યાન ધરીએ; તેની કૃપાથી આપણને ગૂઢાર્થ પણ સમજાઈ જશે.' એમ કહીને બધા મુનિઓએ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર સાથે દેવીનું ધ્યાન ધર્યું. ચૈતન્યરૂપિણી તે ત્રિપુરાદેવી ધ્યાન ધરતાં ધરતાં જ મેઘગર્જના જેવા ગંભીર ગડગડાટ સાથે ગગનમંડળમાં શબ્દરૂપે પ્રગટ થઈ, કારણ કે દેવી પોતે ચિદાકારરૂપિણી છે. દેવીએ કહ્યું, 'હે ઋષિગણો, તમે મારું ધ્યાન શા માટે ધર્યું? તમારો મનોરથ મને કહો; મારા ભક્તની કોઈ પણ ઇચ્છા કોઈ પણ વખત નિષ્ફળ જતી નથી.' આ પ્રમાણે પરાવાણી સાંભળીને મુનિઓએ પ્રણામ કર્યા અને બ્રહ્મા વગેરેએ પણ જુદાં જુદાં સ્તવનોથી તે દેવીની સ્તુતિ કરી. પછી ઋષિમુનિઓએ તે વિદ્યાદેવી ત્રિપુરાને કહ્યું, 'હે દેવી! શ્રીવિદ્યા! તને અમારા નમસ્કાર હો! તું સર્વને ઉત્પન્ન કરનારી, આશ્રય દેનારી અને લય કરનારી છે. હે પરમેશ્વરી! તને અમારા નમસ્કાર હો! તારો જન્મ નથી માટે તું હમેશાં પુરાતન છે અને તને જરા ન હોવાથી તું નિત્ય નૂતન છે. તું સર્વ છે, સર્વના સારરૂપ છે, સર્વજ્ઞ છે અને સર્વના આનંદરૂપ છે; છતાં પણ તું સર્વશૂન્ય ક્યાંય પણ ન હોનારી, સારરહિત, કાંઈ પણ નહિ જાણનારી અને આનંદરહિત છે. હે દેવી! આગળથી, પાછળથી, નીચેથી, ઉપરથી, આજુબાજુથી અને બધી બાજુથી તને નમસ્કાર હો! તારું (अ) પર અને (ब) અપરરૂપ શું છે તે કહે. તેવી જ રીતે તારું (क) ઐશ્વર્ય, (ड) જ્ઞાન, (इ) તેનું ફળ અને તે મેળવવાનું (फ) સાધન શું છે તે કહે. વળી (ग) મુખ્ય સાધક કોણ, (ह) સિદ્ધિની પૂર્ણાવસ્થા કઈ, (ई) સિદ્ધ પુરુષોમાં શ્રેષ્ઠ કોણ તે બધું અમને ક્રમપૂર્વક કહે. અમારા તને વારંવાર નમસ્કાર છે. આ પ્રમાણે પૂછતાં મહાવિદ્યા-

દેવીએ ઋષિઓ ઉપર દયા લાવીને ઉત્તમ અને સ્પષ્ટ અર્થવાળાં પોતાનાં વચનો કહેવાનું શરૂ કર્યું. ૧૧–૨૯

હે ઋષિઓ! હું ક્રમપૂર્વક તમને બધું કહું છું તે સાંભળો. આજે વેદસાગરમાંથી મંથન કરીને હું તમોને અમૃત આપું છું. (અ) પહેલાં હું મારા પર રૂપ વિષે કહીશ. જે સ્વરૂપમાં સર્વ જગત દર્પણમાંના પ્રતિબિંબની માફક ઉત્પન્ન થાય છે, સ્થિત થાય છે અને લય પામે છે. જેઓએ આત્માને ઓળખ્યો નથી, તેઓને જે સ્વરૂપ જગતરૂપે ભાસે છે; યોગી પુરુષોને જે સ્વરૂપ આત્મામાં કેવળરૂપ અને નિર્વિકલ્પ અનુભવાય છે; શાંત, ગંભીર સાગર પ્રમાણે જે સ્વરૂપ નિશ્ચલ લાગે છે; જે સ્વરૂપનું એકનિષ્ઠ ભક્ત કંઈ પણ કામના નહિ રાખતાં પ્રેમપૂર્વક નિત્ય સેવન કરે છે; અદ્વૈતપદનું જ્ઞાન થતાં—મનનો સ્વાભાવિક ઓટ થતાં અત્યંત તત્પરતાપૂર્વક દેવ અને ભક્ત એવો ભેદભાવ જેમાંથી ઉત્પન્ન થાય છે; ઇંદ્રિય, મન, બુદ્ધિ વગેરેનું જે અંતઃસૂત્ર છે; જેનું અભાન થતાં કાંઈ પણ રહેતું નથી અને શાસ્ત્રોથી જેનું સ્વરૂપ લક્ષ્યરૂપે જ સમજાવી શકાય છે, તે જ મારી શ્રેષ્ઠ મૂર્તિ અને મારું પરરૂપ છે. (બ) અનેક બ્રહ્માંડોરૂપી પરપોટાવાળા અમૃત સમુદ્રમાં જે રત્નનો દ્વીપ છે, તેમાં એક કદંબ ઉપવનમાં ચિંતામણિથી બનેલું એક સુમનોહર મંદિર છે, ત્યાં બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર અને ઈશ્વર એમ ચાર પાયાવાળા અને સદાશિવરૂપ પૃષ્ઠ ભાગવાળા મંચ ઉપર વિરાજમાન થયેલી અનાદિ મિથુનાત્મક જે ત્રિપુરસુંદર મૂર્તિ છે, તે મારું અપર રૂપ છે. ઋષિ, સદાશિવ, ઈશાન, બ્રહ્મદેવ, વિષ્ણુ, શંકર, ગણપતિ, કાર્તિકેય, દિગ્પાળો, શક્તિઓ, ગણદેવતાઓ, રાક્ષસો, દેવો, નાગો, યક્ષો, કિંપુરુષો અને બીજાં જે જે પૂજ્ય રૂપો છે, તે બધાં મારાં અપર રૂપો છે. મારી માયાથી મૂઢ થયેલા લોકો મને પૂર્ણ રીતે જાણી શકતા નથી; પણ જે મારી સેવા કરે છે, તેને હું અભીષ્ટ ફળ આપું છું. મારા સિવાય બીજું કોઈ પૂજનીય કે ફળદાયી નથી. જે જેવી

રીતે મારું સેવન કરે છે, તેને તેવી રીતે મારી પાસેથી ફળ મળે છે. (क) મારું ઐશ્વર્ય હે ઋષિગણો! અમર્યાદ છે. કોઈ પણ વસ્તુની અપેક્ષા વિના એકાકી અને ચૈતન્યરૂપ એવી હું અનંત જગતના આકારે ભાસ પામું છું, અને એમ ભાસ પામતાં છતાં મારા અદ્વૈતરૂપ અને ચિન્મય સ્વરૂપથી જરા પણ ચ્યુત થતી નથી. આવા દુર્ઘટ કાર્યને સાધ્ય કરવું એ જ મારું મુખ્ય ઐશ્વર્ય છે. હે ઋષિઓ, મારા ઐશ્વર્યને તમે સૂક્ષ્મ દૃષ્ટિ વડે જુઓ. હું સર્વમાં આશ્રયરૂપ અને સર્વની અંતર્યામી હોવા છતાં કેવળ સંગરહિત છું. હું નિત્ય-મુક્ત હોવા છતાં પુનઃ પુનઃ મુક્ત થાઉં છું. સદ્‌ગુરુ પાસે જઈને તેનું શિષ્યપણું ગ્રહણ કરીને ફરીથી આત્મસ્વરૂપને જાણું છું. વળી આત્મસ્વરૂપને ભૂલી જઈને ઘણા લાંબા સમય પર્યંત સંસારમાં ગુંથાયેલ રહું છું. કોઈ પણ જાતની સાધનસામગ્રી વિના આ વિશાળ જગતને ઉત્પન્ન કરું છું. આમ મારી ઐશ્વર્યની પરંપરા છે. શેષનાગ પણ તેની ગણના કરવાને શક્તિમાન નથી. હું ટૂંકાણમાં તમને કહું છું કે, મારા ઐશ્વર્યના અંશમાત્રથી આ અદ્‌ભુત જગત ચારે બાજુ પ્રસરી રહેલું છે. ૩૦-૪૯

(ड) મારું જ્ઞાન દ્વૈત, અદ્વૈત, વગેરે અનેક પ્રકારનું છે, અને તે પ્રમાણે શ્રેષ્ઠ, કનિષ્ઠ એમ ફળ પણ અનેક પ્રકારનું છે. દ્વૈતજ્ઞાન પણ વિવિધ પ્રકારનું છે; કારણ કે તેનું અવલંબન જુદી જુદી ઉપાસ્ય મૂર્તિઓ છે, તેને જ ધ્યાન કહે છે અને તે સ્વપ્ન અથવા મનોરાજ્ય પ્રમાણે ક્ષણિક અનુભવમાં આવનારાં છે. તે પણ સફળ થાય છે. કારણ કે નિયતિની યોજના જ એવી છે. આ અનેક પ્રકારોમાં મારી અપર મૂર્તિનું ધ્યાન મુખ્ય છે, કારણ ક્રમપૂર્વક તે ધ્યાન કરતાં મોક્ષ-રૂપ મુખ્ય ફળને તે ઉત્પન્ન કરે છે; અદ્વૈતજ્ઞાન જ શ્રેષ્ઠજ્ઞાન છે. પરમ શ્રી વિદ્યાદેવીની–મારી આરાધના કર્યા સિવાય અદ્વૈતસંજ્ઞક પરમા વિદ્યા–મહાવિદ્યા કેવી રીતે પ્રાપ્ત થઈ શકે? જે પરમ કેવળ ચૈતન્ય છે, તે જ અદ્વૈતવિજ્ઞાન છે. તેની શુદ્ધ અવસ્થાનું જ્ઞાન થતાં

જ દ્વૈતજ્ઞાનની નિવૃત્તિ થાય છે. જ્યાં ચિત્ત આત્મા તરફ અભિમુખ થયું કે તરત જ આ વિજ્ઞાન અનુભવવામાં આવે છે. કેવળ આત્માનો ભાસ થવો અને 'દેહ હું છું' એવા ભાવનો નાશ થવો, એ જ સાચું જ્ઞાન છે એમ વેદ તેમ જ વિચારથી સિદ્ધ થયેલું છે. તે જ ખરું જ્ઞાન છે કે જે જ્ઞાનથી ભાસમાન થતું આ દૃશ્ય કોઈ પણ ઠેકાણે ભાસતું નથી. તે જ ખરું અદ્વૈતવિજ્ઞાન છે કે જે જ્ઞાનથી કોઈ પણ વસ્તુ લેશ પણ અવિદિત રહી જતી નથી. જે જ્ઞાનથી સર્વ પદાર્થો આત્મારૂપે અનુભવાય છે, તે જ ખરું અદ્વૈતજ્ઞાન છે. જે જ્ઞાન પ્રાપ્ત થતાં લાંબા વખતના સંશયો પણ વાયુથી વાદળાંઓ દૂર થઈ જાય એમ દૂર થઈ જાય છે, તે જ ખરું જ્ઞાન છે. જેમાં કામ વગેરે વાસનાઓ જરા પણ નથી અને દાઢ પાડી નાખેલા સર્પની જેમ નિર્બળ થઈ જાય છે, તે જ વિજ્ઞાન શ્રેષ્ઠ છે. ૫૦-૬૨

(ઈ) સર્વ દુઃખોનો નાશ એ વિજ્ઞાનનું ફળ છે અને અત્યંત નિર્ભયતાની પ્રાપ્તિરૂપ મોક્ષ એ તેનું ફળ છે. દ્વૈતભાવનામાંથી ભય ઉત્પન્ન થાય છે, પણ અદ્વૈતતત્ત્વ પૂર્ણપણે જણાતાં સૂર્યોદય થતાં જેમ અંધકાર રહેતો નથી તેમ દ્વૈતભાવના ક્યાં ગઈ તે પણ જાણી શકાતું નથી! દ્વૈત સંકલ્પનો ત્યાગ થતાં જ ભય ક્યાંય પણ રહેતો નથી; આનાથી જૂનું-અદ્વૈતથી જુદું જે કાંઈ ફળ પ્રાપ્ત થાય છે તે ભયરૂપ છે; કારણ કે સ્વરૂપ સિવાય અન્ય જે કાંઈ છે તે હમેશાં નાશવંત છે, એ પ્રત્યક્ષ અનુભવની વાત છે. નાશહીન પદાર્થોમાં ભય રહેલો જ છે; તેમાંથી અભય કેવી રીતે પ્રાપ્ત થાય? સર્વ સંયોગનું ફળ વિયોગ છે એ સાર્વજનિક અનુભવ છે, તેમ જ ફળનો યોગ પણ નષ્ટ થનાર છે એ નિશ્ચિત છે. તેથી જે ફળ આત્મરૂપ ન હોતાં અન્યરૂપ હોય છે તેમાં ભય હોય છે, જે પોતાના સ્વરૂપથી વેગળું નથી ને નિર્ભય ફળ હોય છે, આને જ મોક્ષ કહે છે. જ્યારે જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન સર્વ એકરૂપ થાય છે, ત્યારે સર્વ ભયરહિત મોક્ષ નામનું સર્વોત્તમ ફળ મળે છે. સંકલ્પ-વિકલ્પહીન અને મૂઢતારહિત જ્ઞાતાનું જે શુદ્ધ

આત્મસ્વરૂપ તે જ જ્ઞાન. તે સ્વરૂપ પ્રથમથી ઓળખાતું નથી. ગુરુ અને શાસ્ત્ર તેની ઓળખ કરાવી આપે છે. જે વિજ્ઞેય તત્ત્વ કહેવાય છે તે આ જ છે. જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય જ્યાં સુધી જુદાં જુદાં ભાસમાન થાય છે ત્યાં સુધી તે વ્યર્થ છે; પણ તે ત્રિપુટીનો ભેદ જેવો નષ્ટ થાય છે, તેવું જ તે જ્ઞાતા, તે જ્ઞેય અને તે જ્ઞાન થાય છે. આ જ જ્ઞાનનું ફળ છે; ખરી રીતે જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય–એ ફળોમાં ભેદ નથી. વ્યવહારની સિદ્ધિ માટે તે ભેદ કલ્પી લેવામાં આવ્યો છે. આનાથી બીજું નૂતન એવું કાંઈ ફળ મેળવવાનું નથી. જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયરૂપ ફળના સ્વરૂપવાળી માયાથી જ્યાં સુધી આત્મા ભાસે છે, ત્યાં સુધી આ સંસાર પર્વત જેવો કઠણ અને નિશ્ચલ લાગે છે. પણ જેવું કોઈ પણ કારણથી પ્રસંગવશાત્ ભેદશૂન્ય, સ્વરૂપ ભાસમાન થાય છે, તેવો જ વાયુથી છૂટા પડેલા વાદળાની માફક આ સંસાર લય પામી જાય છે. ૬૩–૭૭

(ફ) આ પ્રમાણે ખરો મોક્ષ પ્રાપ્ત થવામાં 'તત્પરતા' એ મુખ્ય સાધન છે, તીવ્ર તત્પરતા સંપૂર્ણ થતાં બીજા કોઈ પણ સાધનની જરૂર રહેતી નથી. તત્પરતા જો અપૂર્ણ હોય તો બીજાં હજારો સારાં સાધનોથી પણ શું વળે? માટે તત્પરતા એ જ મોક્ષનું પરમ સાધન છે. 'હરકોઈ રીતે પણ આ તો હું સાધ્ય કરીશ જ' એવું જે નિરંતર ચિંતવન તેનું જ નામ તત્પરતા. જેને આ તત્પરતા પ્રાપ્ત થઈ છે તે મુક્ત જ છે. કાં તો અમુક દિવસોમાં અથવા માસોમાં અથવા વર્ષોમાં અથવા બીજા જન્મમાં તે મુક્ત થશે જ, કારણ કે તે યોગ્ય માર્ગે આગળ વધી રહેલ છે. બુદ્ધિની નિર્મળ-તામાં જેટલે અંશે ભેદ છે, તેટલે અંશે થોડા અથવા લાંબા કાળ-માં તે પરમ સ્થિતિ પ્રાપ્ત કરશે. સર્વ અર્થનો નાશ કરનારા આ બુદ્ધિના દોષો ઘણા પ્રકારના છે. તે દોષોથી લોકો આ ભયં-કર સંસારાગ્નિમાં શેકાયા કરે છે. તેમાં પહેલો દોષ અવિશ્વાસ, બીજો દોષ કામવાસના અને ત્રીજો દોષ જડતા છે. અવિશ્વાસમાં

બે પ્રકાર છે: એક સંશય અને બીજો વિપર્યય. 'મોક્ષ છે કે નહિ' એવી ભાવના સંશય કહેવાય છે. 'મોક્ષ છે જ નહિ' એવી ભાવના વિપર્યય કહેવાય છે. તત્પરતામાં આ બન્ને વિઘ્નરૂપ છે. ઊલટો નિશ્ચય કરવાથી આ બન્ને દોષો ક્રમથી નાશ પામે છે, પણ તેનો મુખ્ય ઉપાય તો મૂળનું ઉચ્છેદન કરવામાં જ રહેલો છે. ૭૮–૮૬

અવિશ્વાસનું મૂળ કારણ વિરુદ્ધ પ્રકારના તર્કનું ચિંતન છે. તેને છોડી દઈ ને સાચા વિચારોની પરંપરા સિદ્ધ થતાં વિપરીત નિશ્ચય પ્રાપ્ત થાય છે, અને તે મૂળનો જ ઉચ્છેદ કરી નાખે છે; આવી રીતે શ્રદ્ધાનો ઉદય થતાં અવિશ્વાસ નાશ પામે છે. બુદ્ધિમાં રહેલી કામાદિ વાસના શ્રવણમાં પ્રતિબંધ કરનાર નીવડે છે અને કામાદિ વાસનાથી ઘેરાયેલી બુદ્ધિ જ્ઞાનવિષયમાં ઘણું કરીને પ્રવૃત્ત થતી નથી. વ્યવહારમાં પણ કામી પુરુષ પોતાના પ્રિય વિષયના ચિંતનમાં ગળાબૂડ પડેલો હોય છે, અને તેથી સામે આવી પડેલી વસ્તુ જોઈ શકતો નથી, તેમ જ કાન મારફતે સાંભળી શકતો નથી. કામવાસનાથી ઘેરાયેલા માણસને સાંભળેલું નહિ સાંભળ્યા બરોબર હોય છે, માટે વૈરાગ્યબળથી કામદિવાસનાને જીતી લેવી જોઈએ. કામ, ક્રોધ વગેરે મુખ્ય વાસનાઓ અનેક પ્રકારે રહેલી છે, પણ કામ તેનું મૂળ છે એટલે કામનો નાશ થતાં કાંઈ પણ વાસના ટકતી નથી. તેથી વૈરાગ્યયોગે કરીને કામવાસનાનો નાશ કરવો જોઈએ. આશા એ જ કામ છે, અને 'આટલું મારે હોય' એ ભાવ તેનું સ્વરૂપ છે. પ્રાપ્ય પદાર્થોમાં તે સ્થૂળરૂપ હોય છે, અપ્રાપ્ય પદાર્થોમાં સૂક્ષ્મરૂપ રહેલ છે અને દૃઢ વૈરાગ્યના બળથી તે બધીનો નાશ કરવો જોઈએ. વૈરાગ્યનું મૂળ કામ્ય વિષયોના દોષોનો પ્રતિક્ષણે વિચાર કરવો અને વિષયોનો સંબંધ છોડી દેવો એ છે. બુદ્ધિનો ત્રીજો દોષ જે જડતા તે અભ્યાસથી દૂર થવો અશક્ય છે. આ 'જડતા'રૂપી દોષને લીધે તત્પરતાપૂર્વક કરેલું શ્રવણ પણ બુદ્ધિમાં ઊતરી શકતું નથી. પુરુષાર્થનો નાશ કરનાર આ મહાન દોષ છે. તે માટે આત્મદેવતા—પરમે-

શ્વર–ની સેવા કરવા સિવાય બીજો કોઈ ઉપાય નથી, તેની સેવાના પ્રમાણમાં તેની બુદ્ધિની જડતાને હું હરી લઉં છું. જડતાના વધારે ઓછા પ્રમાણમાં તરત જ કે બીજા જન્મમાં 'જડતા' દોષવાળા પુરુષને ફળપ્રાપ્તિ થાય છે. ૮૭–૯૯

હે ઋષિઓ ! સર્વ સાધન–સામગ્રી મારી કૃપાથી જ પ્રાપ્ત થાય છે. જે પુરુષ નિષ્કામ બુદ્ધિથી અને ભક્તિપૂર્વક મારી ઉપાસના કરે છે, તે સાધનની અડચણને દૂર કરીને જલદીથી કૃતાર્થ થાય છે. પણ બુદ્ધિનો વિકાસ કરનારી પરમેશ્વરી દેવીનો–મારો અનાદર કરીને જે મૂઢની માફક સાધન કર્યા કરે છે, તેની બુદ્ધિમંદતા દૂર થતી નથી; તે પગલે પગલે હતાશ થયા કરે છે, અને છતાં પણ તેને ફળ તો પ્રાપ્ત થાય ત્યારે ખરું. હે ઋષિઓ ! એટલા માટે મુખ્ય સાધન તો તત્પરતા જ છે. (ग) જેનામાં આવી તત્પરતા છે, તે જ મુખ્ય સાધક છે. તેમાં પણ મારી ભક્તિવાળો સાધક તો સર્વપૂજ્ય છે. (ह) 'હું દેહ નથી, આત્મા છું' એવો નિશ્ચય થવો તેનું નામ સિદ્ધિ. દેહમાં પ્રતીત થતી આત્મભાવના નષ્ટ થઈ નિર્મળ બને, એટલે 'સિદ્ધિ' થઈ એમ માનવું. આત્મા સંબંધી નિશ્ચય બધાને છે–'આપણે છીએ' એવો નિશ્ચય બધાને છે–પણ તે નિશ્ચય કેવલરૂપ નથી, દેહાદિરૂપે છે અને તેથી મહાન અનર્થોની પરંપરા ઉત્પન્ન થાય છે. 'દેહાદિકને ભાસમાન કરનાર જે કેવળ ચૈતન્ય તે જ આત્મા' એવો નિશ્ચય થઈ સર્વ સંશય નાશ પામે, તેને જ 'જ્ઞાનસિદ્ધિ' થઈ એમ કહે છે. બાકી આકાશગમન, અણિમા વગેરે સિદ્ધિઓ 'જ્ઞાન-સિદ્ધિ'ના સોળમા હિસ્સા બરોબર પણ નથી; કારણ કે તે બધી સિદ્ધિઓ તો દેશ અને કાળથી મર્યાદિત છે પણ શિવસ્વરૂપ આ આત્મસિદ્ધિ તો અમર્યાદિત છે. આત્મવિદ્યાના સાધનમાં અણિમાદિ સિદ્ધિઓ આપોઆપ આવી મળે છે; પણ તે સિદ્ધિઓ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં વિઘ્નરૂપ છે. જાદુગરના ખેલના જેવી આ સિદ્ધિઓથી કોનું હિત થયું છે? આ 'જ્ઞાનસિદ્ધિ' આગળ બ્રહ્મપદ પણ તૃણ

સમાન છે. એમાંની કેટલીએક સિદ્ધિઓ વ્યર્થ રીતે કાળનો ક્ષેપ કરનારી છે. માટે એક આત્મજ્ઞાન સિવાય બીજી કોઈ સિદ્ધિ નથી કે જેનાથી દુઃખનો નિત્ય માટે નાશ થાય અને આનંદથી ભરપૂર થઈ જવાય. મૃત્યુના પાશમાંથી છોડાવનાર જે સિદ્ધિ છે તે જ સાચી સિદ્ધિ છે. અને આ આત્મજ્ઞાનની સિદ્ધિ છે. વિવિધ અભ્યાસ-ભેદને લીધે, બુદ્ધિના ઓછાવત્તા નિર્મળપણાને લીધે અને જ્ઞાનની પરિપકવતાના ભેદને લીધે તે ત્રણ પ્રકારની છે–ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. વેદોનો અને બ્રાહ્મણોનો વેદપાઠ આવો જ હોય છે. તીવ્ર બુદ્ધિમત્તાને લીધે, મહાન અભ્યાસને લીધે અને બીજા કેટલાએક ઉદ્યોગને લીધે જેના અક્ષરો અસ્ખલિત રીતે ધારણ થાય છે તે શ્રુતિ ઉત્તમ છે; જેમાં બીજા કાર્યમાંથી પાઠમાં ચિત્તને લગાડવામાં આવે છે અને પહેલાંની માફક જ પાઠ કરવામાં આવે છે તે મધ્યમ પ્રકારે છે. અને જેમાં કેવળ પાઠમાં જ મન લગાડવામાં આવે છે–ઉદ્યોગ તરફ દુર્લક્ષ કરવામાં આવે છે–પણ ફક્ત અસ્ખલિત રીતે–ભૂલ વગર–બોલવામાં આવે છે તે કનિષ્ઠ પ્રકાર ગણવો. આ પ્રમાણે જ્ઞાનસિદ્ધિ-ના ત્રણ પ્રકારો છે. જે સ્વભાવથી જ રહેલી છે, ન્યૂનાધિક ભાવ-રહિત છે અને વ્યવહાર કરતાં પણ જેમાં સ્વરૂપાનુસંધાન છૂટતું નથી તે ઉત્તમ જ્ઞાનસિદ્ધિ સમજવી; જેમાં અનુસંધાન છૂટવા લાગે તે મધ્યમ જ્ઞાનસિદ્ધિ સમજવી; અને જે વ્યવહારમાં નહિ સરખી બની જઈ જેમાં સ્વરૂપાનુસંધાન કરવું પડે તે જ્ઞાનસિદ્ધિ કનિષ્ઠ સમજવી. વસ્તુતઃ તે ત્રણના સ્વરૂપમાં કાંઈ ભેદ નથી, તેમાં ઉત્તમ સિદ્ધિ એટલે સિદ્ધિની પરાકાષ્ઠા સમજવી. સ્વપ્ન વગેરે અવસ્થાઓમાં વાસ્તવિક વિચારના ઉદયની સાથોસાથ જ જેમાં પરમ સ્થિતિનો અનુભવ થાય છે તે જ જ્ઞાનસિદ્ધિ સર્વશ્રેષ્ઠ સમજવી. સર્વ વ્યવહાર-માં સર્વ સંસ્કારને લીધે આપોઆપ જ્યારે સ્વરૂપાનુસંધાનની પ્રવૃત્તિ થવા લાગે ત્યારે તે સિદ્ધિની પરાકાષ્ઠા સમજવી. પ્રયત્ન નહિ કરતાં જ્ઞાનરૂપ આત્મામાં અખંડ સ્થિતિ થવી એ જ સિદ્ધિની પરમ મર્યાદા

છે. વ્યવહારમાં મિથ્યા પદાર્થોનો અનુભવ લેતા છતાં પણ જેને દ્વૈત ભાસતું નથી, તેની સિદ્ધિ પૂર્ણાવસ્થાને પહોંચી ગઈ છે તેમ સમજવું. જાગ્રત અવસ્થામાં વ્યવહાર કરવા છતાં પણ નિદ્રાધીન માણસના જેવી જેના અંતઃકરણની સ્થિતિ વર્તે છે, તે સિદ્ધિ પૂર્ણતાને પામી છે એમ સમજવું. (ઈ) આવી સ્થિતિ જેને પ્રાપ્ત થઈ છે તે ઉત્તમ સિદ્ધ પુરુષ સમજવો. વ્યવહાર કરતાં છતાં પણ જેની સમાધિનો ભંગ થતો નથી, તે ઉત્તમ સિદ્ધ સમજવો. વિવિધ પ્રકારના જ્ઞાની-ઓની વિવિધ પ્રકારની સ્થિતિ સ્વાનુભાવથી જેના અંતરમાં સમજાઈ ગયેલી છે, તે ઉત્તમ સિદ્ધ પુરુષ છે એમ સમજવું. જેને તિલમાત્ર પણ સંશય કે ઇચ્છા નથી અને વ્યવહારમાં સંપૂર્ણપણે નિર્ભય છે, તે ઉત્તમ સિદ્ધ પુરુષ સમજવો. દુનિયાનાં સર્વ સુખદુઃખો અને જાગ્રત અવસ્થાના વ્યવહારને જે આત્મસ્વરૂપ સમજે છે, તે ઉત્તમ સિદ્ધ પુરુષ સમજવો. જેઓ અત્યંત બદ્ધ છે અને પૂર્ણ મુક્ત છે, તેઓ પણ પોતાનાં જ સ્વરૂપો છે, એમ જે સમજે છે તે ઉત્તમ સિદ્ધ સમજવો. જે બંધનની જાળને સ્પષ્ટપણે જુએ છે, છતાં પણ તેમાંથી છટકવાની ઇચ્છા કરતો નથી તેને શ્રેષ્ઠ સિદ્ધ સમજવો. (કારણ કે તેને તે બંધનથી પીડા થતી નથી.) હે ઋષિઓ, ઉત્તમ સિદ્ધ પુરુષ એટલે હું જ એમ સમજો. અમારા બે વચ્ચે કાંઈ પણ ભેદ નથી. આ પ્રમાણે મેં તમારા પ્રશ્નોનો સ્પષ્ટપણે તમને ઉત્તર આપ્યો. આ રહસ્ય બરોબર સમજાઈ જતાં કોઈનો પણ મોહ રહેતો નથી.'

આ પ્રમાણે સમજાવીને તે વિદ્યાદેવીએ પોતાનું બોલવું બંધ કર્યું, અને તે સાંભળીને બધા ઋષિઓએ પોતાના સંદેહને છોડી દીધો અને શિવ વગેરે દેવતાઓને પ્રણામ કરીને તેઓ પોતપોતાના સ્થાનકે ગયા. હે પરશુરામ! આ વિદ્યાગીતા મેં તને કહી સંભળાવી, તે પાપનો નાશ કરનારી છે, તેના ઉપર જો તું બરાબર વિચાર કરીશ, તો તને આત્મસામ્રાજ્ય પ્રાપ્ત થશે. આ વિદ્યાગીતા અતિ ઉત્તમ છે, કારણ કે તે સાક્ષાત્ વિદ્યાદેવીથી નિરૂપણ થયેલી છે. હમેશાં પાઠ

કરનારને તે દેવી સંતુષ્ટ થઈને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવી આપે છે. હે પરશુરામ! સંસારસાગરમાં ડૂબી રહેલા લોકોને આ એક ઉત્તમ નૌકા છે. ૧૦૦–૧૩૮

## અધ્યાય ૨૧ મો: રાક્ષસ ઉપાખ્યાન

દત્તાત્રેયનો આ પ્રમાણે ઉપદેશ સાંભળ્યા પછી પરશુરામ અવિદ્યાની ભ્રાંતિરૂપ જાળમાંથી જો કે ઘણે અંશે મુક્ત થઈ ગયા, છતાં તેમણે ફરીથી ભક્તિપૂર્વક પ્રણામ કરીને પૂછ્યું : 'હે ભગવન્, વિજ્ઞાનનું નિશ્ચિત સાધન મને કહો. તે સર્વ સાધનોના સારરૂપ સુલભ અને સાક્ષાત્ મોક્ષરૂપ ફળને ઉત્પન્ન કરનાર હોવું જોઈએ. વળી જ્ઞાની પુરુષોનાં લક્ષણો પણ મને કહો, જેથી હું તેમને એકદમ ઓળખી શકું. દેહના સંયોગવિયોગમાં જ્ઞાની પુરુષોની સ્થિતિ કેવી હોય છે, અને વ્યવહાર કરતાં છતાં તેમનું મન અનાસક્ત કેવી રીતે રહે છે, તે પણ આપ કૃપા કરીને મને સ્પષ્ટ રીતે સમજાવો.' આ પ્રમાણે પરશુરામે જ્યારે પૂછ્યું ત્યારે કરુણાળુ દત્તાત્રેય પ્રસન્ન થયા અને પરશુરામને કહેવા લાગ્યા, 'હે પરશુરામ! હું તને જ્ઞાનસાધનનું રહસ્ય કહું છું. ૧–૬

પરમેશ્વરની કૃપા એ જ્ઞાનપ્રાપ્તિનું મુખ્ય સાધન છે. જે સર્વ-ભાવથી આત્મદેવતારૂપ પરમેશ્વરને શરણે જાય છે, તેને સુલભ રીતે જ્ઞાન થાય છે એ નિશ્ચિત છે. આ સાધન સર્વોત્તમ છે, એ અન્યની અપેક્ષા રાખતું નથી અને ફળને આપવામાં સમર્થ છે. તેને છોડીને બીજું કોઈ સાધન ફળ આપનારું બનતું નથી. આમ થવું એ તદ્દન સ્વાભાવિક છે, કારણ કે પદાર્થોનો ભાસ કરનાર પરમ ચૈતન્ય ઉપર 'અજ્ઞાન'રૂપ જે કલ્પિત આવરણ આવેલું છે, તે વિચાર-બળથી જ્યારે દૂર થઈ જાય છે, ત્યારે જ સ્વરૂપનું જ્ઞાન થાય છે. તે સ્વરૂપનું જ્ઞાન બહિર્મુખ પુરુષોને અત્યંત દુર્લભ છે. ઈશ્વરભક્તોને

તો બાહ્ય પદાર્થોમાં આસક્તિ નહિ હોવાથી, અને તે તત્ત્વોમાં તત્પરતા હોવાને લીધે તેઓને સ્વરૂપનું જ્ઞાન અનાયાસે અને શીઘ્ર થાય છે એ નિશ્ચિત છે. ઈશ્વરભક્તિમાં તત્પર પુરુષ બીજાં સાધનો કદાચિત્ અલ્પ જાણતો હોય છે અને આત્મજ્ઞાન પણ તેને સાધારણ હોય છે, તોપણ બીજા ભક્ત આગળ તેનું નિરૂપણ કરે છે; તે નિરૂપણ કરતાં કરતાં તેનું ચિત્ત તદાકાર થવા માંડે છે. ૭–૧૪

આમ નિરૂપણ દૃઢ થતાં તેનું ચિત્ત અખંડ ઉપાસ્યના આકારનું બનવા લાગે છે અને હર્ષ અને ઉદ્વેગ તેને થતાં નથી. આમ ક્રમપૂર્વક ચિત્તશુદ્ધિ થતાં તેને ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને જે જે વસ્તુને તે જુએ છે, તે તે વસ્તુ તેને પોતાના ઉપાસ્યના સ્વરૂપ-ભૂત લાગે છે; આમ તે ઉત્તમ જ્ઞાની બની જીવન્મુક્તિપદનો લાભ પ્રાપ્ત કરે છે. માટે ઉત્કટ ભક્તિયુક્ત અંતઃકરણ રાખી ભક્તજનો આગળ ઈશ્વરના સ્વરૂપનું નિરૂપણ કરવું, એ જ ઉત્તમ સાધન છે. પ્રેમપૂર્વક ઈશ્વરના માહાત્મ્યનું વર્ણન કરવું, તેના જેવું બીજું કોઈ સાધન નથી. ભક્તિપૂર્વક કરેલા નિરૂપણ જેવું એક પણ સાધન નથી; આથી હે પરશુરામ ! જ્ઞાની પુરુષોનું લક્ષણ ઓળખાવું બહુ મુશ્કેલ છે. બધાનાં અંતઃકરણો નેત્ર, વાણી વગેરે ઇંદ્રિયોને અગોચર છે, તેમનો એ વિષય નથી, એટલા માટે બીજાઓથી તેનું લક્ષણ થવું અથવા નિરૂપણ થવું અશક્ય છે. જેવી રીતે કોણ કેટલો શાસ્ત્રજ્ઞ છે, એ કોઈ તેના શરીર કે વસ્ત્ર કે આભૂષણ ઉપરથી જાણી શકતો નથી, તેવી રીતે આ પણ ઓળખી શકાતું નથી. જેમ પોતે ચાખેલ રસને પોતે જ સમજી શકે છે, તેમ વિદ્વત્તા–જ્ઞાન એ સ્વસંવેદ્ય છે. જેમ કીડીઓનો માર્ગ કીડીઓ જ જાણે છે, તેમ ચતુર અને વિદ્વાન માણસ તેમને તેમના ભાષણ વગેરે ઉપરથી ઓળખી કાઢે છે. તેમનાં ઓળખવાનાં સ્થૂલ લક્ષણો ઘણાં છે; તેવી જ રીતે કેટલાંએક સૂક્ષ્મ લક્ષણો પણ છે, જે ઓળખવાં મુશ્કેલ છે. નિરૂપણ, ભાષણ અને સાધનોનો દેખાવ તો જ્ઞાની પુરુષોની માફક બીજા

લોકો પણ કરી બતાવી શકે છે, એ આપણા અનુભવની વાત છે. અંતઃકરણની શુદ્ધ અવસ્થા ન હોય, ત્યારે શુદ્ધિ અને જ્ઞાન માટે જે સાધન શરૂ કર્યું હોય છે, તે જ્ઞાનોત્તરકાળમાં પણ પૂર્વ અભ્યાસ-બળે સ્થિર થઈ રહે, આ એક જ્ઞાનીનું લક્ષણ છે. ૧૫–૨૫

માનાપમાન, લાભ કે નુકસાન, હાર કે જીત જેના સ્વરૂપમાં કાંઈ ફેરફાર કરી શકતાં નથી, તે જ્ઞાનીઓમાં ઉત્તમ સમજવો. આત્માનુભવ સંબંધી એકાદ ગૂઢ અર્થ પૂછવામાં આવતાં જે તત્કાળ અને સંશયરહિત ઉત્તર આપે છે, તે ઉત્તમ જ્ઞાની સમજવો. જેને જ્ઞાનવાર્તા કરવામાં અતિ ઉત્સાહ અને નિરૂપણમાં તત્પરતા છે, તે ઉત્તમ જ્ઞાની સમજવો. સ્વભાવથી જ કાર્યોમાં અનારંભપણું, સંતોષ, પવિત્રતા અને મોટી આપત્તિમાં પણ શાંતચિત્તતા જેને રહે છે, તે ઉત્તમ જ્ઞાની સમજવો. આવાં જ્ઞાની પુરુષોનાં લક્ષણો સાધકને પોતાને પોતાની પરીક્ષા કરવામાં માર્ગદર્શનરૂપ છે, એમાં સંશય નથી. ૨૬–૩૦

સાધકે હમેશાં પોતાની પરીક્ષા કરવામાં તત્પર રહેવું જોઈએ. બીજાના દોષો શોધી કાઢવામાં માણસ જેમ નિપુણ હોય છે, તેમ પોતાના દોષો શોધી કાઢવામાં નિપુણતા રાખ્યા વગર આત્મસિદ્ધિ કેવી રીતે પ્રાપ્ત થાય? જ્યારે માણસ બીજાની પરીક્ષા કરવી છોડી દઈને પોતાના ગુણદોષોનો વિચાર કરવા માંડે છે, ત્યારે તેને સર્વ સાધનો પ્રાપ્ત થાય છે અને તે સિદ્ધ બને છે. આ પ્રમાણે જ્ઞાની પુરુષો-નાં જે લક્ષણો મેં તને કહ્યાં, તે પોતાની પરીક્ષા કરવા માટે ઉપયોગી છે, બીજા માટે નથી. બીજાની પરીક્ષા કરવામાં 'આ લક્ષણો આમ જ હોવાં જોઈએ' એમ નિશ્ચિત કરી શકાતું નથી, કારણ કે હે પરશુરામ! જ્ઞાની પુરુષો તો અત્યંત શુદ્ધ અંતઃકરણવાળા હોય છે. તેઓને તો સહજ રીતે જ, પણ બાહ્યદૃષ્ટિથી સિદ્ધ એવાં સાધનોથી જ્ઞાનસિદ્ધિ હોય છે અને પૂર્વવાસના તથા સંસ્કારને વશ તેઓ વ્યવહાર કરતા હોય છે. ૩૧–૩૬

આમ સાધારણ માણસની માફક વ્યવહાર કરતા જ્ઞાનીને કેવી

રીતે ઓળખી શકાય? તેની પરીક્ષા તો જ્ઞાની પુરુષો પોતાના જ્ઞાન-બળથી જ કરી શકે છે. જેવી રીતે રત્નની પારખ કરનારા લોકો રત્નને જોતાં જ તેને પારખી જાય છે, તેવી જ રીતે જ્ઞાની જ્ઞાનીને ઓળખી લે છે. જેઓ મંદ જ્ઞાનવાળા છે, તેમની દેહસ્થિતિ મૂઢના જેવી હોય છે; કારણ કે તેમને સહજ સમાધિ પ્રાપ્ત થયેલ નથી; એટલે જ્યાં સુધી તેઓ વિચારતત્પર રહે છે, ત્યાં સુધી પૂર્ણરૂપે રહે છે. પણ જ્યાં વિચારવિમુખ થઈ જાય છે કે તરત જ દેહદૃષ્ટિવાળા થઈ જાય છે અને તેથી પશુની માફક સુખદુઃખ વગેરે ભાવો અનુભવે છે. તેમને વચ્ચે વચ્ચે પૂર્ણ સ્થિતિ પ્રાપ્ત થતી હોવાથી વિચારરહિત થતાં તેમની જે પશુ જેવી સ્થિતિ થતી હોય છે, તે બળી ગયેલી દોરીના માફક બંધનરૂપ થતી નથી. અળતાથી એક વાર વસ્ત્રના બંને છેડાઓ તેમ જ મધ્ય ભાગ રંગીએ એટલે જેમ આખું વસ્ત્ર રંગાઈ જાય છે, તેમ મંદ જ્ઞાનીનો વ્યવહાર જો કે સ્વરૂપાનુસંધાન વગરનો હોય છે, છતાં આગળ–પાછળ સ્વરૂપાનુસંધાન પ્રાપ્ત થતું હોવાથી તેનો મધ્યકાળનો વ્યવહાર તેને બંધનરૂપ થતો નથી; પણ મધ્યમ જ્ઞાની પુરુષોને તો દેહનો સંયોગ સર્વથા હોતો જ નથી. દેહમાં આત્મભાવ થવો એનું જ નામ દેહસંયોગ છે; અને એ દેહ-સંયોગ જેને વિજ્ઞાન મધ્યમ પ્રકારે પ્રાપ્ત થયેલું છે, તેને હોતો નથી. ૩૭–૪૫

સ્વરૂપાનુસંધાનના અતિશય અભ્યાસને લીધે તેનું મન લય પામી ગયેલું હોય છે; તેનું અંતઃકરણ હંમેશાં સમાહિત હોય છે અને વ્યવ-હાર સાથે તેને સંબંધ હોતો નથી. તેની દેહયાત્રા પણ કોઈ નિદ્રિત માણસની માફક ચાલતી હોય છે. જેવી રીતે સુષુપ્તિ અવસ્થાને પ્રાપ્ત થયેલ માણસ માત્ર સુષુપ્તિને લીધે કાંઈ બોલે કે કરે, પણ તેનું તેને ભાન હોતું નથી, અથવા જેમ મદ્યપાન કરેલો માણસ કાંઈ બોલે કે કરે તેનું તેને પોતાને ભાન હોતું નથી, તેમ આ મહાયોગી લોકયાત્રાની બહાર વર્તી રહેલો છતાં કાંઈ પણ કાર્ય કરે, તોપણ તેને તે જાણતો

હોતો નથી. તેનો દેહ ફક્ત પ્રારબ્ધ વાસનાબળથી ચાલી રહ્યો હોય છે. ઉત્તમ જ્ઞાની તો તે જ છે કે જેને દેહભાવ બિલકુલ હોતો નથી. તે તો રથના સારથિ પ્રમાણે સર્વ દેહવ્યવહાર કરતો હોય છે. જેમ રથ સાથે વ્યવહાર કરનાર સારથિ રથરૂપ બની જતો નથી, તેવી જ રીતે આ યોગી દેહ સાથે વ્યવહાર કરતાં છતાં દેહી કે કર્મકર્તા બની જતો નથી. તે તો માત્ર જ્ઞાનસ્વરૂપમાં સ્થિત હોય છે. તે યોગી અંદરથી અત્યંત નિર્મળ અને સ્વસ્થ રહીને વ્યવહાર કરતો હોય છે; જેવી રીતે સ્ત્રી બનેલા નટનું અંદર તેમ જ બહાર, એમ દ્વિવિધ વર્તન હોય છે; અથવા જેમ બાળકો સાથે ખેલતો પ્રૌઢ માણસ રમતના ભાવોથી યુક્ત લાગે છે પણ ખરેખર તેથી યુક્ત હોતો નથી, તેવી રીતે જગતવ્યવહારમાં તત્પર જ્ઞાની પુરુષ વ્યવહારકાળમાં પણ બહુ જ નિર્મળ હોય છે. મધ્યમ જ્ઞાની સમાધિના દૃઢ અભ્યાસને લીધે સ્વસ્થ રહે છે અને આ શાંતચિત્તતા તેને વિચારસામર્થ્યથી પ્રાપ્ત થયેલ હોય છે. આમ બુદ્ધિના પરિપાકભેદને લીધે જ ફક્ત ઉત્તમ અને મધ્યમ એવો ભેદ પડેલો છે. આ સંબંધમાં પૂર્વે બે જ્ઞાની પુરુષો વચ્ચે એક સંવાદ થયો હતો, તે હું તને કહું છું તો સાંભળ. ૪૬–૫૬

પૂર્વે પર્વત દેશમાં રત્નાંગદ નામનો એક રાજા થઈ ગયો. તે વિપાશા નદીને કાંઠે ‘ અમૃત ’ નામની નગરીમાં રહેતો હતો. તેના બન્ને પુત્રો–રુકમાંગદ અને હેમાંગદ અતિ બુદ્ધિમાન અને ઉદાર સ્વભાવના હતા અને તેમના પિતાને અત્યંત પ્રિય હતા. તેમાં રુકમાંગદ સર્વ શાસ્ત્રોમાં નિપુણ હતો જ્યારે હેમાંગદ ઉત્તમ જ્ઞાની–સ્વરૂપાનુભવી હતો. તે બન્ને શિકાર માટે એકવાર બધી સેના સાથે ઊપડ્યા અને ગહન વનમાં આવી પહોંચ્યા. તે વખતે વસંતઋતુ ચાલતી હતી. તેઓએ ત્યાં વાઘ, સસલાંઓ, હરણો, પાડાઓ વગેરે જંગલી પ્રાણીઓનો શિકાર કર્યો અને અત્યંત થાક્યા જતાં એક સરોવરને કાંઠે આશ્રય લીધો. તે સરોવરના કાંઠા ઉપર એક મોટું વડલાનું ઝાડ હતું. તેના ઉપર સર્વ શાસ્ત્રોને જાણનારો એક

બ્રહ્મરાક્ષસ રહેતો હતો, જે હંમેશાં પંડિતો સાથે વિવાદ ચલાવતો. જેઓ હારી જતા તેમનું તે ભક્ષણ કરી જતો. હે પરશુરામ! આ બધો વૃત્તાંત જાસૂસો મારફતે રુકમાંગદે સાંભળ્યો અને પોતાના ભાઈની સાથે ત્યાં જઈને તેની સાથે વાદવિવાદ કરવામાં તત્પર થયો; અંતે વાદમાં હારી જતાં બ્રહ્મરાક્ષસે તેને પકડી લીધો. રુકમાંગદને આવી સ્થિતિમાં આવી પડેલો જોઈને હેમાંગદે તેને કહ્યું: 'હે બ્રહ્મરાક્ષસ! તારે એનું ભક્ષણ કરવું જોઈએ નહિ. હું તેનો નાનો ભાઈ છું; એટલે મને તું જીતી લે. અને પછી અમને બન્નેને સાથે ભક્ષણ કર.' ૫૭–૬૫

આ પ્રમાણે હેમાંગદનાં વચનો સાંભળીને બ્રહ્મરાક્ષસ બોલ્યો: 'મને લાંબા વખતથી આહાર મળ્યો નથી અને ભૂખ ખૂબ બાધા કરે છે, માટે આને ખાઈને હું પારણું કરીશ અને પછી તારી સાથે વાદવિવાદ કરીશ; ત્યાર પછી તને પણ જીતીને હું તારું ભક્ષણ કરીશ અને અત્યંત તૃપ્ત થઈશ. હે રાજા! આવો મારો નિશ્ચય છે. મેં મહાત્મા વસિષ્ઠ ઋષિ પાસેથી આ પ્રકારનું વરદાન લાંબા વખત પહેલાં મેળવ્યું છે. કોઈવાર વસિષ્ઠના એકાદ શિષ્યનું હું ભક્ષણ કરી ગયો. તેનું નામ દેવરાત હતું; આથી તે વસિષ્ઠ ઋષિએ શાપ આપ્યો કે, હવે પછી મનુષ્યનું ભક્ષણ કરતાં તારું મોઢું બળી જશે. ત્યાર પછી મેં ફરીથી તેમને પ્રાર્થના કરી એટલે તેમણે મને એવા પ્રકારનું વરદાન આપ્યું કે, વાદમાં હારી ગયેલા માણસોનું તું સુખેથી ભક્ષણ કરજે. તેથી હવે હું વાદમાં જીતેલા માણસોનું ભક્ષણ કરું છું. ઘણા લાંબા વખતે આજે મને વધારેમાં વધારે ખોરાક મળ્યો છે, માટે ભક્ષણ કર્યા પછી હું તને વાદમાં જીતી લઈશ.' ૬૭–૭૩

એ પ્રમાણે કહીને જ્યારે તે બ્રહ્મરાક્ષસ ભક્ષણ કરવા માટે તૈયારી કરવા લાગ્યો, ત્યારે હેમાંગદે ફરીથી કહ્યું: 'હે બ્રહ્મરાક્ષસ! મારું વાકય સાંભળ. તને કાંઈક બીજું મળે તો મારા ભાઈને છોડી દઈશ? હું તે વસ્તુ આપીને મારા ભાઈને છોડાવવા ઇચ્છું છું.'

રાજાએ આ પ્રમાણે કહ્યું ત્યારે તે બ્રહ્મરાક્ષસ બોલ્યો : ' હે રાજન્ ! જે વસ્તુના યોગે હું તેને છોડી દઉં એવું કાંઈ નથી. યોગ્ય વખતે આવી મળેલા પ્રાણપ્રિય આહારને કોણ છોડી દે? પણ મારી એક પ્રતિજ્ઞા છે. મારા મનમાં પુષ્કળ પ્રશ્નો રહેલા છે, તેના જો તું ઉત્તર આપીશ તો હું તારા ભાઈને છોડી દઈશ.' એ સાંભળી હેમાંગદે કહ્યું. ' તું ખુશીથી પ્રશ્ન પૂછ, હું તેના ઉત્તર આપીશ. ' આ પ્રમાણે રાજાના પુત્રે કહેતાં બ્રહ્મરાક્ષસે જે જે ગૂઢ પ્રશ્નો ક્રમપૂર્વક પૂછ્યા, તે બધા હે પરશુરામ ! હું તને કહું છું તો સાંભળ. ૭૪–૭૯

બ્રહ્મરાક્ષસ બોલ્યો : ' હે રાજપુત્ર ! આકાશથી પણ વિસ્તૃત અને પરમાણુથી પણ સૂક્ષ્મ કોણ છે? તેનું સ્વરૂપ શું છે? અને તે ક્યાં રહેલ છે? ' રાજા કહે છે : ' હે બ્રહ્મરાક્ષસ ! સાંભળ. ચિતિ આકાશથી પણ વિસ્તૃત અને પરમાણુથી પણ સૂક્ષ્મ છે. સ્ફુરણ એ તેનું સ્વરૂપ છે અને આત્મા એ તેનું સ્થાનક છે.' બ્રહ્મરાક્ષસ : ' હે રાજપુત્ર ! એક જ ચિતિ અતિ વિસ્તૃત અને સાથેસાથે અતિ સૂક્ષ્મ કેમ હોઈ શકે? સ્ફુરણ એટલે શું? આત્મા એટલે શું? તે કહે. ' રાજા : ' હે બ્રહ્મરાક્ષસ ! સાંભળ. ચિતિ સર્વના કારણરૂપ હોવાથી બધા કરતાં વિસ્તૃત છે અને તેનું ગ્રહણ–આકલન થવું કઠણ હોવાથી તે સૂક્ષ્મ પણ છે. ચિતિ એ જ સ્ફુરણ છે અને ચિતિ એ જ આત્મા છે.' બ્રહ્મરાક્ષસ : ' હે રાજપુત્ર ! તેને પ્રાપ્ત કરવાનું સ્થાનક કયું છે? તે કેવી રીતે પ્રાપ્ત થાય છે અને તેની પ્રાપ્તિ થવાથી શું ફળ મળે છે તે કહે.' રાજા : ' હે બ્રહ્મરાક્ષસ ! તેને પ્રાપ્ત કરવાનું સ્થાનક બુદ્ધિ છે. એકાગ્રતાથી તે પ્રાપ્ત થાય છે. તેની પ્રાપ્તિ થવાથી ફરીથી જન્મ થતો નથી.' બ્રહ્મરાક્ષસ : ' હે રાજા ! બુદ્ધિ એ શું છે? એકાગ્રતા એટલે શું? અને જન્મ કેમ થાય છે તે કહે.' રાજા : ' હે બ્રહ્મરાક્ષસ ! સાંભળ. અવિદ્યાથી આવરણ પામેલી ચિતિને બુદ્ધિ કહે છે. આત્મા તરફ અભિમુખ થવું એનું જ નામ એકાગ્રતા. દેહમાં આત્મભાવ થવો તેનું જ નામ જન્મ.' બ્રહ્મરાક્ષસ : ' હે રાજપુત્ર !

ચિતિની ઉપલબ્ધિ કશાથી કેમ થતી નથી? અથવા એ કયા સાધનથી ઉપલબ્ધ થાય છે? તેને જન્મ કેમ પ્રાપ્ત થાય છે? તે કહે.' રાજા : ' અવિવેકથી ચિતિ પ્રાપ્ત થતી નથી. તે આપોઆપ જ પ્રાપ્ત થાય છે. કર્તૃત્વનું અભિમાન ધારણ કરવાથી જન્મ પ્રાપ્ત થાય છે.' બ્રહ્મરાક્ષસ : ' હે રાજા! અવિવેક એટલે શું? આત્મા–આપણે એટલે શું? અને કર્તૃત્વનું અભિમાન તે શું?' રાજા : ' હે બ્રહ્મરાક્ષસ! દેહથી આત્મા જુદો છે એમ ન ઓળખવું તે જ અવિવેક છે. આપણે કોણ તેનો ઉત્તર તું તારી જાતને જ પૂછી જો. હું કર્તા છું એવી ભાવના તે જ કર્તૃત્વનું અભિમાન છે.' બ્રહ્મરાક્ષસ : ' હે રાજા! અવિવેક કેવી રીતે નાશ પામે? તેનું કારણ શું? અને તેનું છેવટનું કારણ શું તે તું કહે.' રાજા : ' હે બ્રહ્મરાક્ષસ! વિચારથી અવિવેક નાશ પામે છે. વિચારનું મૂળ વૈરાગ્ય છે, તેનું પણ કારણ વિષયોમાં દોષદષ્ટિ છે.' બ્રહ્મરાક્ષસ : ' હે રાજા! વિચાર એટલે શું? વૈરાગ્ય એટલે શું? અને દોષદષ્ટિ કોને કહે છે તે મને કહે.' રાજા : ' હે બ્રહ્મરાક્ષસ! સાંભળ; દ્રષ્ટા અને દશ્યનું પરીક્ષણ કરવું તેનું નામ વિચાર. દશ્યમાં આસક્તિ ન હોવી તેનું નામ વૈરાગ્ય. આ દશ્ય દુઃખકારક છે એવી ભાવના તેનું જ નામ દોષદષ્ટિ.' બ્રહ્મરાક્ષસ : ' હે રાજા! એ બધું કેવી રીતે સાધ્ય થાય? તે શેમાંથી પ્રાપ્ત થાય? અને તેનું મૂળ કારણ શું તે કહે.' રાજા : ' હે બ્રહ્મરાક્ષસ! ઈશ્વરની કૃપા વડે તે સાધ્ય થાય છે. તે કૃપા ભક્તિથી પ્રાપ્ત થાય છે. ભક્તિનું મૂળ કારણ સત્સંગ છે.' બ્રહ્મરાક્ષસ : ' હે રાજા! ઈશ્વર કોણ છે? ભક્તિ એટલે શું? અને સંત પુરુષો કેવા હોય છે તે કહે.' રાજા : ' હે બ્રહ્મરાક્ષસ! જગતને જે ધારણ કરે છે તે પરમેશ્વર છે. પરમેશ્વરમાં મન લાગવું તે ભક્તિ છે. અને સંત પુરુષો હંમેશાં શાંત અને દયાળુ હોય છે.' બ્રહ્મરાક્ષસ : ' હે રાજપુત્ર! જગતમાં હમેશાં કોણ બીએ છે? સદા સુખી કોણ હોય છે? સદા દીનતાવાળો કોણ હોય છે?' રાજા : ' હે બ્રહ્મરાક્ષસ! અતિશય ધનવાન હંમેશાં બીએ છે; મોટા

કુટુંબવાળો હંમેશાં દુઃખી હોય છે; આશાથી ઘેરાયેલો માણસ હંમેશાં દીન હોય છે.' બ્રહ્મરાક્ષસ : 'હે રાજા ! જગતમાં નિર્ભય કોણ હોય છે? દુઃખ વગરનો કોણ છે? અને દીનતારહિત કોણ છે તે કહે.' રાજા : 'હે બ્રહ્મરાક્ષસ ! જેને કશો જ સંગ નથી તે નિર્ભય છે; જેનું મન જિતાયેલું છે તે દુઃખ વગરનો છે અને જે આત્મજ્ઞાની છે તે દીનતારહિત છે.' બ્રહ્મરાક્ષસ : 'હે રાજન્ ! જેનું લક્ષણ થઈ શકતું નથી તે કોણ? દેહરહિત કોણ? અને નિષ્ક્રિયને ક્રિયા કેમ સંભવે?' રાજા : 'હે બ્રહ્મરાક્ષસ ! જીવન્મુક્ત પુરુષનું લક્ષણ થઈ શકતું નથી; તે દેહી હોવા છતાં દેહરહિત છે અને તેની ક્રિયા નિષ્ક્રિય પુરુષની ક્રિયા જેવી છે.' બ્રહ્મરાક્ષસ : 'હે રાજપુત્ર ! જગતમાં છે અને નથી એવું શું છે? અત્યંત અસંભવ શું છે? એ તું જો મને કહીશ તો હું તારા મોટાભાઈને છોડી દઈશ.' રાજા 'હે બ્રહ્મરાક્ષસ ! છે અને નથી એવી એક દગ્ વસ્તુ છે, દશ્ય વ્યવહારનો અત્યંત અસંભવ છે. આમ જે જે તેં પૂછ્યું તે મેં કહ્યું, તો મારા ભાઈને હવે છોડી મૂક.' ૮૦–૧૦૭

આ પ્રમાણે ભૂલ વગરના ઉત્તરો સાંભળીને તે રાક્ષસને સંતોષ થયો અને તેણે રુકમાંગદને છોડી દીધો તેમ જ તેની સાથે તે પોતે પણ રાક્ષસરૂપ છોડી દઈને બ્રાહ્મણરૂપ થયો. તેજસ્વી અને તપની મૂર્તિ જેવા તે બ્રાહ્મણને જોઈને રાજપુત્રોને આશ્ચર્ય થયું અને આપ કોણ છો એમ તેને પૂછ્યું. તે બ્રાહ્મણે પોતાનું વૃત્તાંત જેવું હતું તેવું કહ્યું : 'હું પહેલાં મગધ દેશમાં વસુમાન નામનો વિખ્યાત અને સર્વ શાસ્ત્રોમાં કુશળ એવો બ્રાહ્મણ હતો. વિદ્યાના અભિમાની અસંખ્ય બ્રાહ્મણોને મેં સભામાં જીત્યા હતા. ઘણીવાર તો મેં હજારો વિદ્વાનોને જીત્યા હતા, આથી મને અત્યંત ગર્વ થયો. કોઈવાર મગધરાજાની સભામાં જઈને અષ્ટક મુનિની સાથે આ આત્મવિદ્યા સંબંધી વાદવિવાદ કરવાની શરૂઆત કરી. તે મુનિ આત્મસ્વરૂપને પૂર્ણપણે જાણનારા અને અત્યંત શાંત હતા, જ્યારે હું તો શુષ્ક તર્કો કરવામાં જ કુશળ

હતો; તેથી વેદના અર્થોથી ભરેલાં સુંદર વચનોનો મારા તર્કકૌશલ્યથી છળ કરીને અને તેમાં દોષ કાઢીને મેં તેમનો તિરસ્કાર કર્યો. તે મહાત્મા રાજસભામાં તો શાંત અને સ્વસ્થ જ રહ્યા, પણ તેનો શિષ્ય કાશ્યપ ગુરુના અપમાનને સહન કરી શકયો નહિ. તે પૂર્ણ ક્રોધાન્વિત થયો અને રાજાની સભામાં મને એવો શાપ આપ્યો કે, 'હે અધમ બ્રાહ્મણ! તું અયોગ્ય રીતે મારા ગુરુનું અપમાન કરે છે, માટે લાંબા વખત સુધી બ્રહ્મરાક્ષસ રહોશ.' આ પ્રમાણે મને શાપ પ્રાપ્ત થતાં હું ડરી ગયો અને ધ્રૂજતો ધ્રૂજતો અષ્ટક મુનિને શરણે ગયો. વિરોધી ઉપર પણ શાંતિ રાખનાર તે મુનિએ મારા પર દયા કરી અને શાપનો અંત કેમ આવશે, તેનું વરદાન આપ્યું, તે હું કહું છું તે સાંભળ. એમણે કહ્યું : 'હે બ્રાહ્મણ! તેં મને આ સભામાં જે પ્રશ્નો પૂછ્યા તેના મેં યોગ્ય ઉત્તર આપ્યા હતા; છતાં પણ તેં કેવળ તર્કવાદનો આશ્રય કરીને તેને ખોટા જેવા ઠરાવીને પોતાનો જ મત સ્થાપિત કર્યો. માટે જે કોઈ વિદ્વાન તારા આ પ્રશ્નોનો યોગ્ય ઉત્તર દેશે, તે તને આ શાપમાંથી મુક્ત કરશે.' તમે મારા બધા પ્રશ્નોના યથાર્થ ઉત્તર આપ્યા તેથી હું તમને બધા લોકોમાં ઉત્તમ આત્મજ્ઞાની અને મહાત્મા સમજું છું.' બ્રાહ્મણ આ પ્રમાણે બોલી રહ્યો એટલે હેમાંગદને મોટું આશ્ચર્ય થયું. પછી તે વસુમાન બ્રાહ્મણે રાજાની સાથે પુષ્કળ વાર્તાલાપ કર્યો. રાજાએ તેને બરાબર બોધ કર્યો અને તેના બધા સંશયોનું નિવારણ કર્યું. ત્યાર પછી તેઓ પોતાના શહેર તરફ ગયા. રાજા હેમાંગદ વસુમાનને પ્રણામ કરીને પોતાના ભાઈ અને સૈન્યની સાથે પોતાના શહેરમાં પાછો ફર્યો. આ પ્રમાણે હે પરશુરામ! તેં જે મને પૂછ્યું હતું, તે બધું મેં તને કહ્યું.' ૧૦૮–૧૨૪

## અધ્યાય ૨૨ : જ્ઞાની અને વ્યવહાર

આ પ્રમાણે બ્રહ્મરાક્ષસની કથા સાંભળીને પરશુરામે ફરીથી અવધૂતકુલશિરોમણિ દત્તાત્રેયને નમ્રપણે પૂછ્યું : 'હે ભગવન્! શાપથી મુક્ત થયા પછી તે બ્રાહ્મણે જે પૂછ્યું અને હેમાંગદે જે કહ્યું, તે મને કૃપા કરીને સમજાવો. આ બાબતમાં મને અત્યંત ઉત્સુકતા છે.' આ પ્રમાણે પરશુરામે પૂછતાં દત્તાત્રેયે કહ્યું : ૧–૩

'હે પરશુરામ! મહાન અર્થવાળું તેનું ભાષણ હું તને કહી સંભળાવું છું. વસુમાને હેમાંગદને પૂછ્યું : 'હે રાજપુત્ર! હું તમને થોડુંએક પૂછું છું તો સાંભળો. મેં અષ્ટક યોગી પાસેથી તે પરમ પદનું જ્ઞાન પ્રથમ મેળવ્યું હતું અને તે જ જ્ઞાન મને તમારા બોધથી ફરીથી સ્પષ્ટ સમજાયું છે; પણ શંકા એટલી જ છે કે તમે પરમતત્ત્વને જાણો છો, છતાં તમારી આ સ્થિતિ કેમ વર્તે છે? આત્મતત્ત્વને જાણનાર તમે વ્યવહાર કેવી રીતે કરી શકો છો? પ્રકાશ અને અંધકારની સ્થિતિ એકત્ર કેમ સંભવી શકે? માટે આ પ્રકાર જેમ છે તેમ મને સમજાવો.' આ પ્રમાણે તે બ્રાહ્મણે પૂછતાં હેમાંગદે કહ્યું:૪–૮

'હે બ્રાહ્મણ! તારી ભ્રાંતિ હજી પૂરેપૂરી નાશ પામી નથી. આત્મસ્વરૂપમાંથી ઉત્પન્ન થતા જ્ઞાનને વ્યવહારનો કેવી રીતે બાધ આવી શકે? વ્યવહારથી જો આત્મજ્ઞાનને બાધ થતો હોત, તો ઉત્થાનકાળમાં નાશ પામી જતા સ્વપ્નજ્ઞાન જેવા એ જ્ઞાનથી કયા પુરુષાર્થનો લાભ સિદ્ધ થઈ શકે? સર્વ વ્યવહાર જ્ઞાનના આશ્રયે જ ચાલે છે, તો તે જ જ્ઞાન વ્યવહારથી કેવી રીતે બાધ પામે તે મને કહે? જે સ્વરૂપમાં જગતનો ભાસ થાય છે, તે જ જ્ઞાન છે. તેમાં સંકલ્પાનુસાર વ્યવહાર ભાસમાન થાય છે. નિઃસંકલ્પ અવસ્થામાં એકવાર તે સ્વરૂપની ઓળખાણ થઈ, એટલે પુરુષ બંધનથી મુક્ત થઈ કૃતાર્થ બની રહે છે એમાં શંકા નથી. માટે હે વસુમાન! આ તારો પ્રશ્ન બુદ્ધિ-

માન પુરુષોને માન્ય થઈ શકે તેવો નથી.' એ સાંભળી વસુમાને ફરીથી રાજાને પૂછ્યું. ૯–૧૪

'એ બધું સાચું છે અને મને પણ તેવો જ નિશ્ચય થયો છે. સર્વ વિકલ્પરૂપી સંવેદન તેજ આત્મસ્વરૂપ છે, પણ સવિકલ્પ અવસ્થા પ્રાપ્ત થતાં નિવારણ કરેલ ભ્રમ જ્ઞાની પુરુષને શું ફરી પાછો થતો નથી? કારણ કે દોરીમાં જેમ સર્પની ભ્રાન્તિ છે, તેમ નિઃસંકલ્પ આત્મામાં વિકલ્પ એ જ ભ્રાન્તિ છે. તે ભ્રાન્તિ શું જ્ઞાની પુરુષને બાધ કરતી નથી?' ૧૫,૧૬

હેમાંગદ બોલ્યો: 'હે બ્રહ્મન્! ભ્રમ કોને કહેવો અને ભ્રમ કોને ન કહેવો, એ તું બરોબર જાણતો નથી. આકાશના સ્વરૂપને ઓળખનાર પુરુષને પણ આકાશમાં ભૂરાશ દેખાય છે. અને 'આકાશ ભૂરું છે' એમ કહીને વ્યવહાર પણ કરે છે, તોપણ તેઓનું એ જ્ઞાન ભ્રાન્તિરૂપ ગણાતું નથી; તેવું જ આમાં છે. કારણ કે તત્ત્વને નહિ જાણનારને તે ભ્રમરૂપ છે, પણ તત્ત્વ જાણનારને તે 'પ્રમા' છે. મર્મ જાણી લીધા પછી કેવળ દેખાવ પૂરતું જે દશ્ય રહે છે તેને પ્રમા કહે છે. સત્યતારૂપી જીવ જેમાંથી નીકળી ગયો છે, તે જ્ઞાન એકાદ મરી ગયેલા સર્પ જેવું નિરુપદ્રવ સમજવું. જ્ઞાની પુરુષનો વ્યવહાર દર્પણમાંના પ્રતિબિંબ જેવો સમજવો. જ્ઞાનીમાં અને અજ્ઞાનીમાં આટલો જ તફાવત રહેલો છે. જ્ઞાની પુરુષને આ વ્યવહારાત્મક જ્ઞાન પ્રમારૂપ છે, પણ અજ્ઞાનીને તે ભ્રમરૂપ છે. જ્ઞાની પુરુષોનો સર્વ વ્યવહાર જ્ઞાનરૂપ હોય છે. દર્પણમાંના પ્રતિબિંબ જેવા આ વ્યવહારથી જ્ઞાની પુરુષને ફરીથી ભ્રાંતિ કેવી રીતે ઉત્પન્ન થઈ શકે? (જ્ઞાન થતાં સર્વ દશ્યનો લોપ થઈ જાય છે એમ જો તું કહે તો) ફક્ત જે અજ્ઞાનથી ઉત્પન્ન થયું છે, તેની જ નિવૃત્તિ જ્ઞાનથી થાય છે; પણ બીજા કોઈ દોષથી ઉત્પન્ન થયેલ જે કાંઈ હોય, તેની નિવૃત્તિ જ્ઞાનમાત્રથી થતી નથી. નેત્રરોગથી ઘેરાયેલો માણસ એકીસાથે દેખાતી બન્ને વસ્તુઓમાં એક જ સાચી છે એમ જાણે છે, છતાં પણ

બન્ને ચીજોને તે જુએ છે; કારણુ કે બન્ને પદાર્થોને જોવા એ અજ્ઞાનને લીધે નહિ, પણુ નેત્રદોષને લીધે છે; એટલે જ્ઞાનમાત્રથી તે કેવી રીતે દૂર થાય? તેવી જ રીતે આ જગતનો ભાસ જીવોના કર્મદોષને લીધે ઉત્પન્ન થયેલ છે, એટલે કર્મનો નાશ થતાં સુધી વ્યવહાર બંધ થતો નથી; કર્મ લય પામતાં એક અદ્વય ચૈતન્ય જ રહે છે. એટલે જ્ઞાની પુરુષને વ્યવહારથી કદાપિ પણુ ભ્રાંતિ થતી નથી.' આમ સાંભળીને તે બ્રાહ્મણે ફરીથી રાજાને પૂછ્યું: ૧૭–૨૬

'હે રાજન્! જ્ઞાની પુરુષને કર્મ કેવી રીતે સંભવે? જ્ઞાનરૂપ અગ્નિનો સ્પર્શ થતાં કર્મરૂપી રૂ કેવી રીતે ટકી શકે?' ૨૭

એટલે હેમાંગદે તે બ્રાહ્મણને કહ્યું: 'હે બ્રહ્મન્! સાંભળો. જ્ઞાની પુરુષોનાં કર્મો ત્રણુ પ્રકારનાં છે અને બીજા લોકોમાં પણુ તે રહેલાં છે: પહેલું અપક્વ, બીજું પક્વ અને ત્રીજું હતોદિત. આમાં પક્વ કર્મ સિવાય બીજાં બે કર્મ જ્ઞાનથી નાશ પામી જાય છે. કર્મને પરિપક્વ કરનાર કાળ છે અને આ યોજના નિયતિથી નિશ્ચિત થયેલી છે. કાળથી લગભગ પરિપાક અવસ્થામાં આવેલું કર્મ પક્વ ગણાય છે. જેનો પરિપાક થયો નથી તે અપક્વ સમજવું; અને જ્ઞાનની ઉત્પત્તિ પછી કરવામાં આવેલાં કર્મો 'હતોદિત' સમજવાં; કારણુ કે કર્મનો ઉદય થતાં જ તે જ્ઞાનથી દગ્ધ થઈ જાય છે. તેમાં જે કર્મ પક્વ થયેલું છે, તે પ્રારબ્ધ કહેવાય છે. ધનુષ્યમાંથી છૂટેલા બાણુની પેઠે પોતાનું ફળ–સુખદુઃખાદિ આપીને જ પછી તે વિરમે છે. આ જગતના ભાસના મૂળમાં તે કર્મો જ રહેલાં છે. હવે જ્ઞાનમાં પણુ ન્યૂનાધિક ભાવ રહેલો છે. પ્રારબ્ધકર્મજન્ય જગદાભાસ જ્ઞાની પુરુષને સુખદુઃખાત્મક જુદાં જુદાં ફળો આપે છે, પણ ભ્રાંતિ ઉત્પન્ન કરી શકતો નથી, મંદ જ્ઞાનીઓને પ્રારબ્ધકર્મનું ફળ તત્કાળ સ્પષ્ટ અનુભવમાં આવે છે; મધ્યમ જ્ઞાની પુરુષને તેનું ફળ મધ્યમ ભાસે છે અને ઉત્તમ જ્ઞાની પુરુષને તેનું ફળ સ્પષ્ટ ભાસે છે, પણુ 'આ મિથ્યા છે' એવો તેનો નિશ્ચય હોવાથી, તે ફળ સસલાના શિંગડાના

જેવું મિથ્યા છે. અજ્ઞાની પુરુષોને કર્મફળ પુષ્ટ-સ્પષ્ટ અનુભવયુક્ત-હોય છે, કારણ કે કર્મના ફળમાં પણ તેમનું લક્ષ્ય પૂર્ણપણે લાગેલું હોય છે; અને પૂર્વાપર અનુસંધાનથી તે કર્મ વિશેષ પુષ્ટ થયેલું હોય છે. પણ જ્ઞાની પુરુષનું લક્ષ્ય આત્માનુસંધાનમાં રહેતું હોવાથી, ફળ તરફ તેમનું લક્ષ્ય રહેતું નથી; એટલે મંદ જ્ઞાનીને પણ કર્મફળ વિશેષ પુષ્ટ-સ્પષ્ટ અનુભવ દેવાને સમર્થ-હોતું નથી. સાધારણ ઝોકું આવતાં મચ્છરનો ડંખ થાય ત્યારે જેમ તે દુઃખ સૂક્ષ્મ લાગે છે, તેમ મધ્યમ જ્ઞાની પુરુષને પ્રારબ્ધકર્મજન્ય ફળ અત્યંત સૂક્ષ્મરૂપ લાગે છે. ઉત્તમ જ્ઞાની પુરુષને પોતાના આત્મજ્ઞાનના બળને લીધે, બળી ગયેલી દોરીની જેમ પૂર્ણપણે રહેલું પ્રારબ્ધજન્ય કર્મફળ પણ નકામું છે. જેવી રીતે નાટકમાં કોઈ પાત્રનો વેશ ભજવતો નટ આનંદ કરે છે, ખેદ કરે છે, પરંતુ તેથી તેના અંતઃકરણમાં વિકૃતિ થતી નથી; તેવી રીતે આ જ્ઞાની પુરુષ પૂર્ણપણે ફળના સંસર્ગમાં આવતો છતાં, તે તે ફળોથી તેના અંતઃકરણને જરા પણ સ્પર્શ થતો નથી; તેથી તેને પ્રારબ્ધફળ સસલાનાં શિંગડાંની માફક નિષ્ફળ થાય છે. અજ્ઞાની પુરુષોએ આત્મસ્વરૂપ ઓળખ્યું હોતું નથી, તેથી તેઓને દેહમાં આત્મબુદ્ધિ હોય છે અને દશ્યને સત્ય માની લે છે. મંદ જ્ઞાની તો આત્મા શુદ્ધ ચૈતન્યરૂપ છે અને જગત અસત્ય છે એમ જાણે છે; પણ અભ્યાસની મંદતાને લીધે પૂર્વવાસના તેમના જ્ઞાનનો વિરોધ કરે છે, તેથી તેમને વચ્ચે વચ્ચે દેહમાં આત્મબુદ્ધિ અને જગત સાચું છે, એમ લાગે છે. પછી જ્ઞાનબળથી પાછી ભ્રમાત્મક દૃષ્ટિ છૂટી જાય છે; આમ સત્ય અને મિથ્યા એવી બંને ભાવનાઓ મંદ જ્ઞાનીમાં એકત્ર રહેલ હોવાથી, તે ફળનો તેને સ્પષ્ટ અનુભવ થાય છે; પણ તેથી તે મિથ્યા તેમ જ સત્ય ભાવના સમાન બળવાળી છે એમ માનવું નહિ. સત્ય જ્ઞાનવાસનાથી-આત્મસ્વરૂપની ભાવનાથી-અસત્ પદાર્થની-જગતની ભાવના પરાભવ પામે છે, પણ અસત્ જગતની વાસનાથી જ્ઞાનનો કાંઈ પરાભવ થતો નથી. મિથ્યા ભાવનાના સંસર્ગ-

થી કેવળ આત્મસ્વરૂપનું વિસ્મરણ થાય છે, અને 'તે મિથ્યા વાસના ભ્રમાત્મક છે' એમ નિશ્ચય થતાં, પાછો તે સત્ય વાસનાનું અવલંબન કરે છે, એટલા માટે કહું છું કે સત્યવાસનાનો બાધ કોઈ પણ કાળે થતો નથી. ૨૮-૪૯

મધ્યમ જ્ઞાનીને તો સ્વરૂપની વિસ્મૃતિ અથવા જગતનો ભાસ, એમ બંને હોતાં નથી. કોઈ કોઈ વાર સ્વેચ્છાથી સ્વરૂપાનુસંધાન છોડી દઈને તે દેહાત્મભાવ ધારણ કરે છે. આ તો મેં તેની સિદ્ધાવસ્થા કહી બતાવી, પણ સાધક અવસ્થામાં મધ્યમ જ્ઞાની જેવો હોય છે, તે હું કહું છું તે સાંભળ; જેમ જેમ તે સાધક ક્રમપૂર્વક પોતાનો અભ્યાસ વધારે છે, તેમ તેમ તેને સ્વરૂપની વિસ્મૃતિ કમી થતી જાય છે અને પૂર્ણાવસ્થા પ્રાપ્ત થતાં પ્રયત્નપૂર્વક પણ તે દેહાકાર થઈ શકતો નથી. ઉત્તમ જ્ઞાની પુરુષને વ્યવહારમાં તેમ જ સમાધિદશામાં લેશમાત્ર ભેદ હોતો નથી; કારણ કે તેને સ્વરૂપાનુસંધાન અખંડ હોય છે. પણ સમાધિમાં રહેનાર મધ્યમ જ્ઞાનીનું તો કોઈ વાર વ્યવહારદશામાં સ્વરૂપાનુસંધાન મલિન થઈ જાય છે; પણ જે ઉત્તમ જ્ઞાની છે, તે સ્વચ્છંદપણે કે પ્રારબ્ધબળથી સમાધિ છોડીને વ્યવહાર શરૂ કરે છે, તોપણ તેનું સ્વરૂપાનુસંધાન સ્વરૂપથી બિલકુલ ચ્યુત થતું નથી. વસ્તુતઃ મધ્યમ અને ઉત્તમ પ્રકારના જ્ઞાનીપુરુષોને કર્મ રહેતાં જ નથી, કારણ કે તેઓ પૂર્ણાવસ્થાને પ્રાપ્ત થઈ ગયેલા છે; અને એટલા માટે ચૈતન્યસ્વરૂપ આત્માથી જે કાંઈ જુદું છે તે તેઓ કાંઈ પણ જોતા નથી, તેમને બધું જ આત્મરૂપ લાગે છે. જ્ઞાનાગ્નિથી સર્વ કર્મો બળી ગયાં હોવાથી કર્મ શેષ કેવી રીતે રહી શકે? તેમને કંઈ પણ કર્મો શેષ રહેતાં નથી. જાદુગરના ખેલની માફક તે ફક્ત બીજાને નજરે જ દેખાય છે. આ બાબતમાં હું તને એક રહસ્ય ટૂંકાણમાં કહું છું. શિવની દૃષ્ટિ તે જ જ્ઞાની પુરુષની દૃષ્ટિ; તેમાં જરા પણ ભેદ નથી, એ સત્ય અને નિઃસંશય વાત છે. માટે જ્ઞાની પુરુષ તો ખરેખર કંઈ પણ કર્મ કરતો હોતો નથી; તે જે કર્મ કરતો કે ન કરતો લાગે છે, તે

લોકદષ્ટિથી છે.' આ પ્રમાણે હેમાંગદનું નિરૂપણ સાંભળીને તે વસુમાન બ્રાહ્મણ સર્વસંદેહરહિત અને વિજ્ઞાનથી વિશુદ્ધ અંતઃકરણવાળો થયો અને રાજપુત્રોથી સત્કાર પામીને પછી સ્વસ્થાને ગયો. ત્યાર પછી રાજપુત્રો પણ પોતાના નગરમાં ગયા. આ પ્રમાણે આ કથાનક સાંભળીને પરશુરામે દત્તાત્રેયને ફરીથી પૂછ્યું. ૫૦-૬૨

'હે ગુરુશ્રી! આપના મુખથી શ્રવણ કરેલું વિજ્ઞાન મેં બરાબર સાંભળ્યું. મારો સંદેહ નાશ પામ્યો છે અને તે મહાન પદને હું જાણી શક્યો છું. માળાના દોરાની પેઠે સર્વમાં અનુસ્યૂત રહેનારું જે સંવેદનજ્ઞાન તે જ આત્મા; તે જ બધે ભાસે છે, તથાપિ તમે મને શરૂઆતથી બધું કહી સંભળાવ્યું છે. તો હવે ટૂંકાણમાં મને તે સારરૂપ જ્ઞાન કહી બતાવો, જેથી હું તેને બરોબર સમજણપૂર્વક ધારણ કરી શકું.'૬૩-૬૫

આ પ્રમાણે પરશુરામે પૂછતાં દત્તાત્રેય બોલ્યા: 'હે પરશુરામ! સર્વના સારરૂપ વાત હું તને કહું છું તે સાંભળ. પરમ સમર્થ અને પૂર્ણ અહંતાને ધારણ કરનારી ચિતિ દેવી પોતાની ઇચ્છાથી અથવા અઘટિત ઘટનાને પણ સાધ્ય કરી શકનાર માયાશક્તિના બળથી અરીસામાં પ્રતિબિંબની માફક, પોતાના સ્વરૂપમાં આખા જગતનો ભાસ કરે છે, તેનો ક્રમ સાંભળ. તે પૂર્ણસ્વરૂપ પરમ ચિતિ પૂર્ણ અહંતાથી વિસ્તાર પામે છે અને સ્વાતંત્ર્યબળથી જ પોતાના સ્વરૂપને બે રૂપથી પ્રગટ કરી બતાવે છે. તેના એક અંશમાં જેવો અપૂર્ણ અહંભાવ પ્રગટ થયો, તેવો જ તેનો બીજો ભાગ-અહંભાવથી બહારનો-અહંસ્ફૂર્તિરહિત-અચેતન થઈ જઈને પહેલા અંશની દષ્ટિથી બાહ્ય અને અવ્યક્ત થઈને રહે છે. હે પરશુરામ! અપૂર્ણ અહંભાવયુક્ત પ્રથમ અંશને 'સદાશિવ' એમ કહે છે. પછી અવ્યક્ત અને સત્ તત્ત્વને તે આપણાથી જુદું છે એમ જોતાં તે સદાશિવ 'હું તે છું' એવી એકતાનો અધ્યાસ સતત કરવા લાગ્યા. પછી ઇચ્છા ઉત્પન્ન થતાં વિવિધ પ્રકારના જગતને ઉત્પન્ન કરવાનો વિચાર કરવા

લાગ્યા. પછી અવ્યક્ત તત્ત્વરૂપી તેમના દેહમાં આ મારો દેહ નથી, 'તે હું જ છું" એમ સમજીને તેમણે તેવું જ ચિંત્વન દૃઢ કર્યું. આમ અવ્યક્તના અભિમાનથી-અવ્યક્ત તત્ત્વમાં પ્રવેશ થવાથી ઈશ્વર બ્રહ્મા, વિષ્ણુ અને શંકર એમ ત્રણ પ્રકારના થયા. દૃશ્ય અને દ્રષ્ટા એવા મોટા રાશિના સમુદાયરૂપ બ્રહ્માંડનો ભાસ કરનાર ઈશ્વર જ છે. આમ બ્રહ્માંડોનો ભાસ કરનાર ઘણા બ્રહ્મદેવો થયા; બ્રહ્માંડોનું રક્ષણ કરનાર ઘણા વિષ્ણુઓ થયા અને તેમનો સંહાર કરનાર ઘણા રુદ્રો થયા. આમ તે ઈશ્વર જ જગદાકારે થયેલા છે, અને હે પરશુરામ! આ જગત કેવળ અરીસામાંના પ્રતિબિંબ પ્રમાણે ભાસી રહ્યું છે, ખરી રીતે કાંઈ જ ઉત્પન્ન થયું નથી. પરમ ચિતિ તો પૂર્ણ અહંભાવથી યુક્ત સદા સ્થિત જ છે. તે અનેક અપૂર્ણ અહંકારના સ્વરૂપોમાં વિકાસ પામી છે. હે પરશુરામ! તું જેમ દેહમાં અહંભાવથી વ્યાપક હોવા છતાં, ફરી પાછો આંખ વગેરે જુદા જુદા અંશોમાં અહંકાર ધારણ કરીને તે તે ક્રિયા કરે છે, તે પ્રમાણે એક પરમ સંવિત્ પૂર્ણ અહંતારૂપ હોવા છતાં, બ્રહ્મદેવથી માંડી સૂકા તણખલા સુધી સર્વ ઠેકાણે અપૂર્ણ અહંકારથી સ્થિત છે. વસ્તુતઃ તે પરમ ચિતિ જ આ રીતે ભાસી રહી છે. તું દેહમાં અહંભાવથી વ્યાપી ગયેલો હોવા છતાં રૂપ, રસ વગેરે વિષયો ગ્રહણ કરવામાં સ્વતઃ સમર્થ થઈ શકતો નથી; પણ ઇંદ્રિયો સાથે તાદાત્મ્ય પામીને તેમને ગ્રહણ કરી શકે છે; તે પ્રમાણે આ સદાશિવ પોતે સર્વ ભેદરહિત છે, છતાં પણ બ્રહ્મદેવથી માંડીને ક્ષુદ્ર જંતુ સુધી સર્વ જીવરાશિમાં અંદરથી તાદાત્મ્ય પ્રાપ્ત કરીને જ્ઞાતા-જાણનાર અને કર્તા ક્રિયા કરનાર બને છે. જેવી રીતે તારું નિર્વિકલ્પ શુદ્ધ સ્વરૂપ સર્વના દેહ તથા ઇંદ્રિયોના આશ્રયરૂપ છે, છતાં તે કાંઈ જાણતું નથી અને ક્રિયા કરતું નથી. તે પ્રમાણે પરમ સંવિત્ સર્વ જગતના આશ્રયરૂપ છે, છતાં પણ જગતરૂપ ભેદને જાણતી નથી, તેમ જ ઉત્પન્ન પણ કરતી નથી! આ સર્વ જગત દર્પણમાં પ્રતિ-

બિંબની માફક તેની ઇચ્છાથી ભાસમાન થઈ રહ્યું છે. જેમ પ્રતિબિંબનો ભાસ એટલે જ અરીસાનો ભાસ, તેવી જ રીતે જગતનો ભાસ એટલે તેનો જ ભાસ છે. એટલે આમ ભાસનારું 'હું' કે તું કે બીજા બધા જ દ્રષ્ટાઓ કેવળ દૃગ્માત્ર-જ્ઞાનરૂપ, આત્મમાત્ર છે. દૃશ્યના સંબંધનો અભાવ થતાં ચિતિ શુદ્ધરૂપે જ રહે છે. ઘડા વગેરેના પ્રતિબિંબથી યુક્ત અરીસો ઘડા વગેરેનો સંબંધ ન હોય ત્યારે જેમ સ્વયંશુદ્ધ અને કેવલરૂપ હોય છે તેમ એ પણ છે. ભેદ માત્ર પ્રતિબિંબનો છે; એ જ પ્રમાણે વિકલ્પથી ઉત્પન્ન થયેલા દૃશ્યનું નિરસન થતાં જ પરમ સંવિત્ કેવલરૂપ અને એકાકી જ છે. ત્યાં આગળ દુઃખનો લેશ પણ ન હોવાથી તે મહા આનંદઘન છે. જેને લીધે બધા તેની પ્રાપ્તિની ઇચ્છા કરે છે, તે અર્થ જ-આનંદ જ તેનું સ્વરૂપ છે-સુખ જ તેનું સ્વરૂપ છે; અને તેટલા માટે જ બધા તેની આકાંક્ષા રાખે છે. જે અર્થે દેહાદિ ભાવની ઇચ્છા થાય છે, જે કોઈને પણ ગમતું ન હોય એવું નથી અને જેનો લેશમાત્ર અંશ વિષયાનંદ કહેવાય છે, તે આનંદ સુષુપ્તિમાં અને એકાદું સંકટ દૂર થતાં સર્વેને પ્રતીત થાય છે; અને એકાદ સુખોત્પાદક સાધન વગર નિમિત્તહીન જે આનંદ પ્રાપ્ત થાય, તે સ્વરૂપાનંદ સમજવો. આ ચિદ્-આત્મા સર્વેને અભીષ્ટ હોવાથી 'આનંદ' કહેવાય છે. આત્મસ્વરૂપમાં રહેલું મહાસુખ મૂઢ પુરુષો જાણતા નથી. બાહ્ય વિષય કારણોના નિમિત્તથી તે મહાસુખ વ્યક્ત થતાં અનેક ભિન્ન ભિન્ન રૂપે લાગે છે. જે પ્રમાણે કોઈ કારણથી અરીસામાં દેખાતાં પ્રતિબિંબો 'આ અરીસો છે' એવી રીતે ઓળખાતાં નથી, ત્યાં સુધી તે જુદા જુદા પદાર્થો જ છે એમ ભાસે છે, અને તેનું પ્રતિબિંબપણું ઓળખાઈ જતાં પણ પૂર્વવત્ તે ભાસમાન રહ્યા કરે છે, પરંતુ અરીસાથી ભિન્ન હોતાં નથી. અને અરીસો તો શુદ્ધ જ હોય છે; તે જ પ્રમાણે તત્ત્વજ્ઞાનીને જગત ભાસતાં છતાં તે સ્વરૂપભૂત જ હોય છે. સ્વરૂપથી જુદું હોતું નથી. જે પ્રમાણે માટીને

બદલે ઘડો, સોનાને બદલે ઘરેણાં અને પથ્થરને બદલે મૂર્તિ પ્રતીત થાય છે, તેમ ચૈતન્યને બદલે જગત પ્રતીત થાય છે. ૬૬-૯૯

હે પરશુરામ! જગત છેજ નહિ એવી દૃષ્ટિ અપૂર્ણ છે, 'જગત છેજ નહિ' એવો ભળતો જ સિદ્ધાંત સિદ્ધ થઈ શકતો નથી. સર્વ જગતનો નિરાસ કર્યા પછી નિરાસ કરનાર આત્મા તો રહે છેજ, અથવા જે સાધક જગતને આત્મારૂપે જુએ છે, તેને પણ તે જગત સ્પષ્ટરૂપે પ્રતીત થાય છે, માટે 'જગત છેજ નહિ' એમ શાપમાત્રથી કાંઈ જગતનો લય થશે નહિ. અરીસામાં રહેલું નગર વસ્તુતઃ છેજ નહિ, અરીસાના સ્વભાવરૂપજ તે છે, તેજ પ્રમાણે આ જગત જગદાકારે વસ્તુતઃ નથી, તે આત્માકાર જ–આત્મસ્વરૂપ જ છે, એ નિશ્ચય છે. ભાસમાન જગત નથી એવી ભાવના ધારણ કરીએ, તો સ્વરૂપનો જ સંકોચ થઈ જાય છે, માટે આ સંકોચ–અપૂર્ણ ભાવનાનો ત્યાગ એ જ પૂર્ણ જ્ઞાન છે. અરીસો જ જેમ નગરરૂપ બને છે, તેમ કેવળ દગ્–જ્ઞાનશક્તિ પોતાના સ્વરૂપભૂત માહાત્મ્યથી દૃશ્યરૂપ બને છે, આ જ સર્વ શાસ્ત્રોનો સાર છે. બંધ નથી તેમ જ મોક્ષ પણ નથી. સાધક પણ નથી તેમ જ સાધન પણ નથી. અખંડ, અદ્વય, ચિચ્છક્તિ ત્રિપુરા એક જ બધે ભાસે છે. તેજ અવિદ્યા અને તેજ વિદ્યા, તેજ બંધ અને તેજ મોક્ષ અને મોક્ષનું સાધન પણ તેજ છે. હે પરશુરામ! આ સિવાય બીજું કાંઈ જ્ઞેય નથી. આ પ્રમાણે આ વિજ્ઞાનનો ક્રમ મેં તને શરૂઆતથી કહી બતાવ્યો. એ સારી રીતે જાણ્યા પછી માણસને શોક કરવાપણું રહેતું નથી.' ૧૦૦–૧૦૬

હારિતાયન ઋષિ બોલ્યા: 'હે નારદ! આ દત્તાત્રેય અને પરશુરામનો સંવાદ સરળ અને શુદ્ધ તેમ જ યુક્તિઓ અને અનુભવથી ભરેલો છે. તે સાંભળવાથી કોનો અજ્ઞાનજન્ય મોહ નાશ ન પામે? અથવા આ બોધ સાંભળતાં છતાં પણ જો કોઈના મોહનું શમન કોઈવાર ન થાય, તો તે પુરુષને પથ્થર જેવો સમજવો; કારણ કે તો પછી તે માણસને બીજા શેનાથી જ્ઞાન પ્રાપ્ત થશે? આ જ્ઞાન

એકવાર પણ સાંભળવામાં આવે તો દૃઢ જ્ઞાનને ઉત્પન્ન કરી દે છે. કદાચ કોઈ મંદબુદ્ધિ હોય તો બે વાર કે ત્રણ વાર સાંભળવાથી તેને જ્ઞાન પ્રાપ્ત થાય, પણ છેવટે તો બોધશ્રવણ જ્ઞાનને ઉત્પન્ન કેમ ન કરે ? આનું શ્રવણ જ્ઞાનદાયક અને પુણ્યકારક છે. આ ગ્રંથનું આદરપૂર્વક અવલોકન કરવામાં આવે તો દૃષ્ટિનો દોષ મટાડે છે અને પૂજ્યભાવથી જોવામાં આવે તો ચિત્તની શુદ્ધિ કરે છે. જો આનું હંમેશાં પરિશીલન કરવામાં આવે તો બુદ્ધિની જડતાનો નાશ કરે છે. પછી તેને વિચાર ઉત્પન્ન થતાં અને અંતે અંતર્યામી આત્મામાંથી નિઃસંદેહ જ્ઞાન પ્રાપ્ત થતાં પુરુષ સર્વ બંધનમાંથી મુક્ત થઈ જાય છે. 'હ્રીમ્'સ્વરૂપ ત્રિપુરાને નમસ્કાર હો ! ૧૦૭-૧૧૨

★

'સસ્તુ' સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું' સાહિત્ય'

# ઉપયોગી પુસ્તકો

## ધર્મગ્રંથો

### રામાયણો

| | |
|---|---|
| તુલસીકૃત રામાયણ–૧,૨ | ૧૨–૦૦ |
| વાલ્મીકિ રામાયણ–૧,૨ | ૧૨–૦૦ |
| આત્મરામાયણ ... | ૧–૫૦ |
| ગિરધરકૃત રામાયણ | ૫–૦૦ |
| શ્રીરામચરિતમાનસ | ૬–૫૦ |
| શ્રીરામચરિતમાનસ (મૂળ પાઠ) ... | ૨–૫૦ |
| શ્રીરામચરિતમાનસકોશ | ૦–૫૦ |
| તુલસીરામાયણનાં મહાવાક્યો ... | ૦–૫૦ |

### ઉપનિષદો

| | |
|---|---|
| ઈશ ને કેન ઉપનિષદ | ૧–૨૫ |
| કઠોપનિષદ ... | ૧–૨૫ |
| પ્રશ્નોપનિષદ ... | ૧–૦૦ |
| મુણ્ડકોપનિષદ ... | ૧–૦૦ |
| માણ્ડૂક્ય ઉપનિષદ | ૩–૦૦ |
| બૃહદારણ્યક ઉપનિષદ | ૨–૦૦ |
| ઐતરેય ઉપનિષદ ... | ૦–૭૫ |
| તૈત્તિરીય ઉપનિષદ... | ૧–૫૦ |
| સો ઉપનિષદો ... | ૫–૦૦ |
| મહાવાક્યરત્નાવલી ... | ૧–૦૦ |

### પુરાણો

| | |
|---|---|
| મહાભારત–ભાષાંતર | ૬૪–૦૦ |
| શાંતિપર્વ–મહાભારતનું | ૧૦–૦૦ |
| વિષ્ણુપુરાણ ... | ૪–૫૦ |
| શ્રીશિવમહાપુરાણ–૧,૨ | ૧૨–૦૦ |
| શ્રીમદ્ ભાગવત–૧,૨ | ૧૦–૫૦ |
| એકાદશ સ્કંધ– (એકનાથી ટીકા) | ૬–૦૦ |
| એકાદશ સ્કંધ– (શ્રીમદ્ ભાગવતનો) | ૨–૫૦ |
| શ્રીમદ્ ભગવતી (દેવી) ભાગવત | ૭–૫૦ |

# ધાર્મિક-સામાજિક-નીતિવિષયક

| | | | |
|---|---|---|---|
| સુભાષિતરત્નભાંડાગાર | ૧૦-૦૦ | વાટના દીવડા ... | ૧-૫૦ |
| મનુસ્મૃતિ ... | ૪-૫૦ | વૃદ્ધચાણક્ય નીતિસમુચ્ચય | ૦-૪૦ |
| બાલવિલાસ ... | ૧-૫૦ | યક્ષ ને યુધિષ્ઠિર ... | ૦-૬૦ |
| હિંદુધર્મની બાળપોથી | ૦-૬૨ | આત્મચિંતન .. | ૦-૬૦ |
| વિદુરનીતિ ... | ૧-૦૦ | વ્યવહારમાળા ... | ૦-૫૦ |
| તુલસીસતસઇ ... | ૧-૫૦ | વિજ્ઞાનશતક ... | ૦-૫૦ |
| સંતોની અનુભવ-વાણી | ૧-૫૦ | નીતિશતક ... | ૦-૩૦ |
| આર્યધર્મનીતિ અને ચાણક્યનીતિસાર | ૦-૭૫ | વૈરાગ્યશતક ... | ૦-૩૭ |
| | | નવસંહિતા ... | ૦-૩૭ |
| સુભાષિત નીતિમંજરી | ૧-૫૦ | સંતોષસુરતરુ ... | ૦-૩૦ |
| નીતિશિક્ષણ ... | ૧-૫૦ | સ્ફુરણાવલી ... | ૦-૨૫ |
| અંતર-નિરીક્ષણ ... | ૧-૦૦ | સો મૂર્ખોનાં લક્ષણો | ૦-૨૦ |

# ગીતાવિષયક

| | | | |
|---|---|---|---|
| ભગવદ્ગીતા- પુરુષાર્થબોધિની ટીકા | ૧૨-૫૦ | પંચરત્નગીતા ... | ૧-૫૦ |
| ભગવદ્ગીતા શાંકરભાષ્ય | ૪-૦૦ | શ્રી રામગીતા ... | ૧-૭૫ |
| ભગવદ્ગીતા (નીલકંઠી) | ૩-૦૦ | જ્ઞાનસત્ર ગીતા ... | ૧-૨૫ |
| શ્રીજ્ઞાનેશ્વરી ગીતા ... | ૫-૦૦ | ઉત્તરગીતા ... | ૦-૩૭ |
| શ્રીમદ્ ભગવદ્ગીતા ... | ૧-૦૦ | ગીતાપોથી ... | ૦-૩૭ |
| ભગવદ્ગીતા (ગુટકો) | ૦-૪૦ | ગીતાસાર ... | ૦-૩૦ |
| ,, ,, (પાકું) | ૦-૭૫ | ગીતાસંકલન ... | ૦-૧૯ |
| શ્રીમદ્ ભગવદ્ગીતા (શ્લોકો ગુજરાતી લિપિ) | ૦-૫૦ | અવધૂતગીતા ... | ૧-૨૫ |
| | | અષ્ટાવક્રગીતા ... | ૦-૫૦ |
| ગીતામાં જીવનની કળા | ૩-૦૦ | પાંડવગીતા ... | ૦-૨૫ |

# જીવનચરિત્રો


| | |
|---|---|
| વીર દુર્ગાદાસ ... | ૧—૫૦ |
| સોરઠના સિદ્ધો ... | ૧—૫૦ |
| સૌરાષ્ટ્રના સંતો ... | ૧—૫૦ |
| સોરઠી સ્ત્રીસંતો ... | ૧—૨૫ |
| લક્ષ્મીબાઈ ... | ૦—૭૫ |
| શિવાજી છત્રપતિ ... | ૧—૫૦ |
| અકબર ... ... | ૧—૦૦ |
| બેન્જામિન ફ્રેંકલિન | ૧—૨૫ |
| બૂકર ટી. વૉશિંગ્ટન | ૧—૫૦ |
| જોન ઑફ આર્ક ... | ૦—૭૫ |
| પિતામહ ભીષ્મ ... | ૧—૦૦ |
| મહર્ષિ દયાનંદ ... | ૧—૫૦ |
| સ્વામી ભાસ્કરાનંદ | ૧—૨૫ |
| સ્વામી વિવેકાનંદ ... | ૧—૭૫ |
| સ્વામી સહજાનંદ ... | ૨—૦૦ |
| સંત તુકારામ ... | ૩—૦૦ |
| સાક્ષાત્કારને પંથે તુકારામ | ૨—૦૦ |
| સ્વામીશ્રી બ્રહ્માનંદ ને શિવાનંદ ... | ૧—૩૭ |
| મહર્ષિ દધીચિ અને બીજાં બે આખ્યાનો ... | ૦—૫૦ |
| સ્વામીશ્રી નિત્યાનંદ | ૦—૫૦ |
| ભક્તચરિત્ર ... | ૨—૦૦ |
| આદર્શ ચરિત્રસંગ્રહ (૨) | ૩—૦૦ |
| યોગીશ્વર યાજ્ઞવલ્કય | ૦—૬૦ |
| દત્ત શ્રીરામચંદ્ર અને નાગમહાશય ... | ૧—૦૦ |
| સંત જ્ઞાનેશ્વર અને મહાત્મા એકનાથ ... | ૦—૩૭ |
| ચૈતન્ય મહાપ્રભુ ... | ૧—૦૦ |
| મહાત્મા દાદૂ દયાળ | ૦—૫૦ |
| ગૌતમ બુદ્ધ ... | ૧—૫૦ |
| શ્રીમત્ શંકરાચાર્ય | ૧—૦૦ |
| મહાત્મા ટૉલ્સ્ટૉય ... | ૧—૨૫ |
| મીરાં દાસી જનમ જનમકી | ૦—૭૫ |
| સંતશિરોમણિ નામદેવ | ૦—૫૦ |
| ગુજરાતના ભક્તો ... | ૦—૭૫ |
| પરમભક્ત પ્રહ્‌લાદ ને બીજાં આખ્યાનો | ૦—૫૦ |
| શુકદેવજી અને બીજાં આખ્યાનો ... | ૦—૫૦ |
| મેકણ દાદા ... | ૦—૫૦ |
| દેવર્ષિ નારદ ... | ૦—૩૧ |
| ભક્ત પીપાજી ... | ૦—૪૦ |
| સંત મૂળદાસ ... | ૦—૩૭ |
| શ્રીશુકદેવજી ... | ૦—૩૫ |
| ગોસ્વામી તુલસીદાસ | ૦—૩૭ |
| ભક્ત પ્રહ્‌લાદ ... | ૦—૪૦ |
| શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૦—૪૦ |
| સુમુખ તથા નૃસિંહકુંવર (બે આખ્યાનો) | ૦—૩૭ |
| ધ્રુવાખ્યાન ... | ૦—૨૫ |
| શ્રીતૈલંગ સ્વામી ... | ૦—૨૫ |

| | |
|---|---|
| બાળકોના વિવેકાનંદ ૦—૨૫ | શ્રીરામકૃષ્ણ પરમહંસ—સંક્ષિપ્ત જીવન ૦—૨૫ |
| વિશ્વામિત્ર અને હરિશ્ચંદ્ર ૦—૨૫ | મહાત્મા મસ્તરામજી ૦—૪૦ |
| નાનભટ્ટ બાપા ... ૦—૨૫ | કબીર સાહેબ ... ૦—૩૭ |
| જડભરત ... ... ૦—૧૯ | નાનક ... ... ૦—૩૭ |
| સ્વામી રામતીર્થ ... ૦—૨૫ | સતી સાવિત્રી ... ૦—૨૫ |
| ભક્ત જલારામ ... ૦—૩૦ | સુદામાચરિત્ર ... ૦—૧૯ |
| ભક્ત રોહીદાસજી ... ૦—૧૯ | |

## સ્તોત્રો—પ્રાર્થના—માહાત્મ્ય

| | |
|---|---|
| મોહમુદ્દગર અને બીજાં દશ રત્નો ... ૧—૦૦ | શિવમહિમ્નઃસ્તોત્ર ... ૦—૫૦ |
| શતશ્લોકી અને બીજાં ચાર રત્નો ... ૦—૭૫ | નિત્યપાઠ ... ૧—૦૦ |
| સ્તોત્રસંગ્રહ ... ૧—૦૦ | ઈશ્વરપ્રાર્થનામાળા ૩—૦૦ |
| શ્રી દક્ષિણામૂર્તિસ્તોત્ર ૧—૫૦ | ભીષ્મસ્તવરાજ ... ૦—૧૫ |
| વિવેકચૂડામણિ ... ૧—૦૦ | ગજેન્દ્રમોક્ષ ... ૦—૩૭ |
| હસ્તામલકસ્તોત્ર ને વાક્યસુધા ... ૦—૧૨ | હરિપાઠ ... ... ૦—૧૫ |
| આત્મા—અનાત્માવિવેક ૦—૩૫ | પ્રાતઃ અને સાયંકાળની પ્રાર્થનાઓ ... ૦—૫૦ |
| પ્રશ્નોત્તરમાળા ને જીવન્મુક્ત-આનંદલહરી ... ૦—૧૯ | નારાયણકવચ ... ૦—૫૦ |
| મણિરત્નમાળા ... ૧—૫૦ | કણ્ઠાભરણમ્ ... ૦—૨૫ |
| સૌંદર્યલહરી ... ૦—૪૦ | હનુમાનચાલીસા ... ૦—૦૬ |
| શ્રીવિષ્ણુસહસ્રનામ... ૦—૨૫ | શ્રીચંડીપાઠ ... ૧—૫૦ |
| પ્રબોધસુધાકર ને તત્ત્વબોધ ૦—૫૦ | પુરુષોત્તમમાસમાહાત્મ્ય ૨—૫૦ |
| | શ્રી સત્યનારાયણની કથા ૦—૭૫ |
| | એકાદશીમાહાત્મ્ય ... ૧—૫૦ |
| | જપ અને નામસ્મરણ ૧—૨૫ |

## સ્વ૦ પઢિયારકૃત સ્વર્ગનાં પુસ્તકો

| | |
|---|---|
| સ્વર્ગનો પ્રકાશ ... ૨—૦૦ | સ્વર્ગનો આનંદ ... ૨—૦૦ |

## ભક્તિવિષયક

| | |
|---|---|
| વિવેકાનંદસાર ... | ૩–૦૦ |
| ધર્મજ્યોતિ ... | ૧–૫૦ |
| આપણો ધર્મ ... | ૨–૦૦ |
| સંતગુરુનો પરિચય | ૨–૦૦ |
| સ્વામીશ્રી રામદાસનો ઉપદેશ | ૧–૦૦ |
| સદ્‌બોધસરિતા ... | ૧–૫૦ |
| સંતની વાતો ... | ૧–૫૦ |
| સુગંધી પુષ્પો ... | ૧–૨૫ |
| બોધદાયક કથાઓ ... | ૧–૫૦ |
| ઉપદેશસારસંગ્રહ ... | ૧–૫૦ |
| મનોબોધ ( મનાચે શ્લોક ) | ૦–૫૦ |
| મેનાવતી અને ગોપીચંદ તથા ભર્તૃહરિ ને વિક્રમ | ૦–૨૫ |
| જેસલ–તોરલ તથા જાલંધર–ગોપીચંદ | ૦–૨૫ |
| રામકૃષ્ણ વાર્તાલાપ–પુ. ૧ | ૨–૫૦ |
| રામકૃષ્ણ વાર્તાલાપ–પુ. ૨ | ૨–૦૦ |
| પ્રભુમય જીવન ... | ૧–૦૦ |
| શ્રી રામકૃષ્ણ વાર્તાલાપ–૧ | ૦–૫૦ |
| ભક્તિયોગ– (સ્વામી વિવેકાનંદ) | ૨–૦૦ |
| હરિરેવ જગત ... | ૨–૫૦ |
| પરમહંસ શ્રીરામકૃષ્ણ દેવનાં વચનામૃતો ... | ૦–૩૭ |
| શ્રી રામકૃષ્ણ ઉપદેશ | ૦–૩૭ |
| સ્વામી વિવેકાનંદનાં વચનામૃતો ... | ૦–૫૦ |
| સ્વામી રામતીર્થનાં વચનામૃત ... | ૦–૬૨ |
| સત્સંગમાળા ... | ૦–૪૦ |
| પરવાળાં ... ... | ૦–૨૫ |
| બોધમાળા ... | ૦–૨૫ |
| ગીતાંજલિ ... | ૦–૩૭ |
| પુરોગામી ... | ૦–૨૫ |
| પ્રવાસી ... ... | ૦–૩૭ |
| જ્ઞાનેશ્વર ને ચાંગદેવ | ૦–૩૭ |
| તંત્રની સાધના ... | ૦–૨૫ |
| દત્તાત્રેય ( અવધૂત ) | ૦–૨૫ |
| જ્ઞાન ને કર્મ ... | ૦–૨૫ |

## પ્રકીર્ણ સાહિત્ય

### પ્રવાસ–માહિતી

| | |
|---|---|
| સ્થલચિત્રો ... | ૧–૦૦ |
| બ્રહ્મદેશદર્શન ... | ૧–૦૦ |
| મારો ભારતદેશ (સચિત્ર) | ૦–૭૫ |
| રશિયા ... ... | ૧–૫૦ |
| કાશ્મીરનો પ્રવાસ ... | ૦–૭૫ |
| જગન્નાથપુરી અને ઓરિસાના પુરાતન અવશેષો (સચિત્ર) | ૦–૬૨ |

### પ્રાણી–પંખી

| | |
|---|---|
| પ્રકૃતિનાં લાડકવાયાં પંખીઓ | ૨–૦૦ |
| વનવગડામાં વસનારાં | ૧–૦૦ |

## આરોગ્ય અને વૈદક

| | |
|---|---|
| ચરક–સંહિતા [ શ્લોક( સૂત્ર )સ્થાન ] | ૧૨–૦૦ |
| ભાવપ્રકાશ ભા. ૧–૨ | ૨૦–૦૦ |
| સુશ્રુત–આયુર્વેદ ૧–૨ | ૧૫–૦૦ |
| અષ્ટાંગહૃદય–વાગ્ભટ | ૧૨–૦૦ |
| માધવનિદાન ... | ૧૦–૦૦ |
| ભાવપ્રકાશ–નિઘંટુ... | ૫–૦૦ |
| શાર્ઙ્ગધરસંહિતા ... | ૬–૦૦ |
| આર્યભિષક્ ... | ૬–૫૦ |
| આયુર્વેદ યોગશતક | ૦–૭૫ |
| રસતંત્રસાર અને સિદ્ધપ્રયોગસંગ્રહ (૧) | ૧૦–૦૦ |
| ” ” ... (૨) | ૮–૦૦ |
| આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન | ૧–૦૦ |
| ઘરઘરનો વૈદ્ય ... | ૧–૫૦ |
| નીરોગી જીવન ... | ૧–૭૫ |
| મલમપટ્ટા ... | ૧–૦૦ |
| અકસ્માતના તાત્કાલિક ઉપાય ... | ૦–૭૫ |
| તક્રકલ્પ (છાશસેવનવિધિ) | ૦–૬૦ |
| ખોરાકના ગુણદોષ... | ૦–૭૫ |
| આરોગ્યની બારમાસી | ૧–૫૦ |
| માંદગીનાં કારણો ... | ૦–૫૦ |
| માંદાના આહારવિહાર | ૦–૩૦ |
| પ્રકીર્ણ–ઔષધિ ... | ૦–૩૧ |
| ચૂર્ણ–ઔષધિ ... | ૦–૩૦ |
| ક્વાથ–ઔષધિ ... | ૦–૪૦ |
| બાલબોધોદય (વૈદકના અકસીર ઉપાયો) | ૦–૩૭ |
| સોનેરી સૂચનો ... | ૦–૫૦ |
| જીવનચર્યા... ... | ૦–૪૦ |
| ખોરાકમાં ઝેર ... | ૦–૨૫ |
| હરડે (અને તેનો ઉપયોગ) | ૦–૪૦ |

## દૃષ્ટાંતકથાઓ

| | |
|---|---|
| આદર્શ દૃષ્ટાંતમાળા–ભા.૨ | ૨–૫૦ |
| શ્રી સુબોધરત્નાકર ... | ૧–૫૦ |
| સુબોધ કથાસાગર | ૨–૦૦ |
| ધર્મકથાઓ ... | ૧–૫૦ |
| સુબોધક કથાવાર્તાઓ | ૧–૫૦ |
| દૃષ્ટાંતશતક ... | ૧–૨૫ |
| બોધક વાર્તાઓ ... | ૧–૫૦ |
| મહાપુરુષોના પ્રેરક જીવનપ્રસંગો | ૧–૫૦ |
| સંતોની ફૂલવાડી ... | ૦–૫૦ |
| બોધદાયક કથાઓ... | ૧–૫૦ |

**સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય**

સ્વામી અખંડાનંદ માર્ગ, ભદ્ર પાસે, પો. બો. નં. ૫૦, અમદાવાદ
અને ૧૪૮, પ્રિન્સેસ સ્ટ્રીટ, હવાડા સામે, મુંબઈ–૨